શ્રી કુંદકુંદ-કહાન અક્ષરશઃ જૈન પ્રવચનમાળા પુષ્પ-૦૦૨

नमः समयसाराय

પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ શ્રી કાનજીસ્વામી વ્યાખ્યાચિત

# અમૃત-કલશ

## (ભાગ-૨)

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયસારની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત 'આત્મખ્યાતિ' ટીકાના કલશ-શ્લોક તથા તેના પર ઢૂંઢારી ભાષામાં અધ્યાત્મરસિક-પં. શ્રી રાજમલજી 'પાંડે'એ રચેલી 'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ટીકાના જીવ અધિકારના કળશ ૩૩ થી ૪૫ સુધીના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવ મુદ્રિત ૮ અક્ષરશઃ મંગલ પ્રવચનોના ભાષ્યરૂપ...

ઝરણાના પ્રવાહક

શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

卐

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

મો. નં. ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩

| | | |
|---|---|---|
| વિક્રમ સંવત<br>૨૦૭૫ | વીર સંવત<br>૨૫૪૫ | ઈ. સન<br>૨૦૧૯ |


**પ્રકાશન**

ધન્ય તેરસ દિન, તા. ૨૬-૧૦-૨૦૧૯

**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રીમતી રૂપલબહેનનો સંપર્ક કરવા વિનંતી.

મો. દુબઈ : ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩, અમદાવાદ : ૯૧ ૮૨૩૮૪૪૩૫૦૩

ટાઈપ સેટિંગ :

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧




# શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રાચાર્યદેવ



# અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

# અર્પણ

જેમનો આ પામર પર અકથ્ય અનંત અનંત ઉપકાર વર્તે છે,
જેમની પ્રત્યક્ષ સમાન પાવન છત્રછાયામાં રહીને
આ અમૃત-કલશને ગ્રંથાકાર કર્યો છે,
જેઓ સમયસાર કલશમાં ભરેલા પરમકલ્યાણકારી
આધ્યાત્મિકભાવોને ખોલીને સદુપદેશ દ્વારા
વીતરાગ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે અને
સમયસાર-કલશમાં ઠેકઠેકાણે ગાયેલી આત્માનુભૂતિથી વિભૂષિત
સહજ જેમનું જીવન છે,
તે પરમ પૂજ્ય પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના ભાષ્યરૂપ અક્ષરશઃ મંગલ પ્રવચનોરૂપ પુષ્પ
પવિત્ર ચરણકમળમાં
અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

શ્રીમતી કોકિલાબહેન ધીરૂભાઈ ગાંધી
શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

# સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હ્રદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



## પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન


શ્રી રાજમલ્લજી પાંડે

# પ્રકાશકીય

આ એક પરમ મંગલમય સુયોગ છે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા આ જ ભારતભૂમિને અલંકૃત કરવાવાળા પરમપૂજ્ય **આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવે ‘સમયસાર’ (—સમયપાહુડ)** નામક ગ્રંથાધિરાજની માંગલિક રચના કરીને ભવસમુદ્રમાં ડૂબતા જીવોને સ્વરૂપની સમજણ કરાવનાર લોકોત્તર ગ્રંથની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે, જેની તુલના કરવા માટે ભરતક્ષેત્રમાં આજે કોઈ ઉપમાન વિદ્યમાન નથી.

તત્પશ્ચાત્ એક હજાર વર્ષ બાદ મહાન જ્ઞાની તથા કુંદકુંદાચાર્યદેવના મર્મજ્ઞ **આચાર્ય અમૃતચંદ્ર સૂરિ** થયા, જેમણે કુંદકુંદાચાર્યદેવના પ્રમુખ પરમાગમો ઉપર જ વિવેકપૂર્ણ ભાષા-શૈલીમાં ગંભીર વ્યાખ્યારૂપ અતુલનીય ટીકાઓ લખી છે, જે વિશ્વના ટીકા-સાહિત્યમાં માન્ય છે. આમાં ‘સમયસાર’ ગ્રંથાધિરાજ પર ‘**આત્મખ્યાતિ**’ નામક ટીકા સર્વોત્કૃષ્ટ છે. આ ટીકા-ગ્રંથમાં જ્યાં જ્યાં તેઓ ભાવવિભોર થયા છે, ત્યાં તેમણે પદ્યબંધ સ્વરૂપે સંસ્કૃતમાં વિવિધ છંદોમાં અનુપમ કળશ લખ્યા છે, જેને ‘**સમયસાર-કલશ**’ના નામથી સ્વતંત્ર રચના સ્વરૂપે મહિમા મંડિત કરવામાં આવ્યા છે.

**અમૃતચંદ્રાચાર્યદેવ** પછી લગભગ પાંચસો વર્ષ બાદ ‘સમયસાર’ના આ કળશોની મૌલિકતાને પ્રમાણિત કરવાનો સર્વાધિક સશક્ત પ્રયોગાર્થ, મહાન-મનીષિ પાંડે રાજમલજીએ ‘**સમયસાર-કલશ-ટીકા**’ નામનો અદ્ભુત વ્યાખ્યાન ગ્રંથ લખ્યો છે. જેને જૈન અધ્યાત્મ તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ માનવામાં આવે છે. આનું મોટું પ્રમાણ એ છે કે પાંડે રાજમલજીના નિકટ કાલવર્તી હિન્દી સાહિત્યજગતના મહામનિષી **કવિવર પંડિત બનારસીદાસજીએ** ‘સમયસાર’ ગ્રંથાધિરાજ પર જે ‘**નાટક સમયસાર**’ નામની કાળજયી રચના લખી છે, તેમાં મુખ્ય શ્રેય કુંદકુંદાચાર્યદેવ કે અમૃતચંદ્રાચાર્યદેવને નહિ દેતા પાંડે રાજમલજીને આપવામાં અવ્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે ‘પાંડે રાજમલ જિનધર્મી, નાટક-સમયસારકે મર્મી’. આ ઉપરથી પાંડે રાજમલજી દ્વારા વિરચિત ‘સમયસાર-કલશ-ટીકા’ની મહત્તા સમજી શકાય છે.

પાંડે રાજમલજીએ આ ‘સમયસાર-કલશ-ટીકા’ નામક ગ્રંથમાં અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ દર્શાવ્યું છે, તેનો મર્મોદ્ઘાટન તેમના પછી લગભગ પાંચસો વર્ષ બાદ ભારતભૂમિ પર જૈન-અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અદ્વિતીય પ્રભાવક **આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામી થયા,** જેમણે આ ટીકા-ગ્રંથ પર સ્વયંના મંગલ પ્રવચનો દ્વારા અત્યંત સરલ પરંતુ પૂર્ણ પ્રમાણિક પ્રવચનો આપ્યા અને આ પ્રવચનો એક વાર નહિ પરંતુ **ચાર વાર** જાહેરમાં પૂર્ણ શાસ્ત્ર ઉપર આપ્યા છે તથા બાકીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો પણ છે.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કલશ-ટીકા સંબંધિત અનેક વખત પ્રમોદપૂર્ણ ઉદ્‌ગારો વ્યક્ત કરી તેમની ભાવના વ્યક્ત કરી છે કે આ એક અદ્‌ભુત શાસ્ત્ર કૃતિ મહાન સદ્‌ભાગ્યે ઉપલબ્ધ છે. જે પાઠક વર્ગને પ્રવચનો સાંભળતી વખતે ખ્યાલમાં આવી શકે તેમ છે. તેમાંથી પ્રથમ વાર ઈ.સ. ૧૯૬૫-૬૬માં તેમના મંગલમય પ્રવચનોને મંગલ પ્રવચનરૂપ ગ્રંથારૂઢ કરવાનો પાવન-ઉપક્રમ પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તદર્થ અમે પરમપૂજ્ય આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવને, અમૃતચંદ્રાચાર્યદેવને, પાંડે રાજમલજીને તથા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યે ચિર કૃતજ્ઞતા વ્યક્ત કરતાં, સર્વ પાઠક વર્ગને સવિનય વિનંતી કરીએ છીએ કે પ્રસ્તુત પ્રકાશનમાં જે કંઈ શ્રેય છે, તે આ ચાર મહાન વિભૂતિઓને જાય છે અને જે કંઈ ક્ષતિ રહી હોય તેનો દોષ અમારો છે. તેથી સંપૂર્ણ સાવધાની તથા ચીવટ રાખ્યા પછી પણ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ પાઠક વર્ગના અમે ક્ષમાપ્રાર્થી છીએ અને તે અમારા ધ્યાન ઉપર લાવે, જેથી કરીને ભવિષ્યમાં તેનું નિવારણ કરી પુનઃ પ્રકાશિત કરવામાં આવે.

વિનીત

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

ॐ

नमः सद्गुरवे।

# પ્રસ્તાવના

પ્રવર્તમાન શાસન શ્રી મહાવીર ભગવાનના નામથી પ્રસિદ્ધ જિનશાસન છે. પ્રવર્તમાન જિનશાસનમાં ભગવાન મહાવીર પછી ગૌતમ ગણધરથી માંડી અનેક આચાર્ય ભગવંતોની પરિપાટી થઈ, જેઓએ સ્વયંની પવિત્ર સાધના દ્વારા જિનશાસન ટકાવી રાખ્યું. જિનશાસનમાં પ્રસિદ્ધ મંગળાચરણમાં મહાવીર ભગવાન, ગૌતમ ગણધર અને ત્યારબાદ જેમના પવિત્ર નામનો ઉલ્લેખ અને સ્મરણ કરવામાં આવે છે એવા વીતરાગતાના પરમોપાસક શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ થયા. જેઓએ વર્તમાન જીવંત સ્વામી શ્રી સીમંધરસ્વામીની પ્રત્યક્ષ દેશના શ્રવણ કરી અને ભારતવર્ષના જીવોના ઉદ્ધાર અર્થે પવિત્ર પંચ પરમાગમોની રચના કરી. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સ્વયંની અંતરંગ અનુભવની પરિણતિમાં કલમ બોળીને અમૃતરસના ઝરણા પરમાગમોમાં વહાવ્યા છે. તેઓશ્રીની સશક્ત અધ્યાત્મ લેખની બાબત લખવું એ સૂર્યને દીપક બતાવવા સમાન બાળચેષ્ટાથી વિશેષ કંઈ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યની પરિપાટીમાં ત્યારબાદ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા, જેમણે ભગવાન કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલ ભાવોને સ્વયંની મૌલિક શૈલીમાં ટીકા તથા કલશો રચીને જિનશાસનને વિશેષ શોભાયમાન કર્યું. જ્ઞાન તથા સંયમની મૂર્તિ એવા આચાર્યદેવે અધ્યાત્મના ગૂઢ ભાવો ભરીને પરિભ્રમણમાં ભટકતા જીવોને મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરી બતાવ્યું છે. અનાદિ કાળથી જીવ પરિભ્રમણમાં સુખની ઝંખનામાં દોડતો ક્યારેય સુખ પ્રાપ્ત નથી કરી શક્યો અને નિત્ય દુઃખને જ ભોગવ્યું છે. એક સેકંડમાત્ર સુખનું વેદન થયું નહિ. જીવો આવી દુઃખમય પરિસ્થિતિમાંથી બહાર આવી અતીન્દ્રિય સુખને પ્રાપ્ત થાય અને સાદિઅનંત કાળ નિજાનંદ ભોગવે એવી નિષ્કારણ કરુણાથી આચાર્યદેવે સત્શાસ્ત્રોની રચના કરી.

જિનશાસનના અદ્વિતીય આભુષણ સમાન શ્રી સમયસાર પરમાગમની અર્થગંભીર ગાથાઓની 'આત્મખ્યાતિ' નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી. વિદ્વતાપૂર્ણ તથા અધ્યાત્મરસ ભરપૂર સંસ્કૃત ટીકાની સાથે તેમણે અનેક કલશો પણ રચ્યા, જે તેમના અધ્યાત્મરસપૂર્ણ કવિત્વની પ્રસિદ્ધિ કરે છે. પ્રસ્તુત અર્થગંભીર કલશોને પૃથકપણે લઈએ તો સ્વયં એક અધ્યાત્મ ગ્રંથ સમાન છે. તેથી તેને 'સમયસાર-કલશ' નામ આપવામાં આવેલ છે. તેના પર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ ટીકા લખી છે, જેને આ શાસ્ત્રમાં 'ખંડાન્વય સહિત અર્થ' એ નામથી આપવામાં આવી છે.

## પાંડે રાજમલજી સંબંધિત...

કલશ-ટીકાના રચયિતા પાંડે રાજમલજી વિક્રમ સંવતની ૧૭મી શતાબ્દિમાં થયા હોય તેમ વિદ્વાનોનું અનુમાન છે. તેમણે આ કલશટીકા રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી

ભાષામાં લખેલી છે. સાંપ્રત મુમુક્ષુજીવો અર્થગંભીર ટીકાના ભાવોને સાદી સરળ ભાષામાં સમજી શકે તેવી તેમની ટીકા છે. ટીકાકાર પંડિતજીએ પ્રત્યેક શ્લોકોની ટીકામાં પ્રાયઃ દરેક ખંડાન્વયનો અર્થ ખોલ્યા પછી સંક્ષેપમાં ભાવાર્થ લખીને, સંક્ષિપ્ત સાર ભરીને પ્રસ્તુત વિષયને આત્મસાત્ કરાવ્યો છે. શ્રી રાજમલજી વિષયક કોઈ પ્રસિદ્ધ ઈતિહાસ પ્રાપ્ત નથી.

ટીકાકારની કૃતિ અતિ રોચક શૈલીથી પૂર્ણ હોઈને અધ્યાત્મરસિક કવિવર પંડિત બનારસીદાસજીએ 'કલશ ટીકા'ના આધારે અધ્યાત્મ કવિત્વપૂર્ણ કૃતિની રચના કરી—'નાટક સમયસાર'. તેમાં તેઓ પાંડે રાજમલજીનો ઉલ્લેખ કરતાં લખે છે '**પાંડે રાજમલ્લ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી**'. સમયસાર કલશમાં સમાવિષ્ટ અધ્યાત્મના ગૂઢ તત્ત્વો વર્તમાનમાં સમજવા એટલા સહેલાં નથી.

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સંબંધિત...

પ્રવર્તમાન દુષમકાળના નામે પ્રસિદ્ધ હુંડાવસર્પિણી પંચમકાળમાં જ્યાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, તેવી ઘોર અજ્ઞાનતમ પરિસ્થિતિમાં જિનશાસનનો ફરીને ઉદ્યોત કરવા અર્થે મહાવિદેહમાં પ્રત્યક્ષ સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનું રસપાન કરી ભરતના જીવોના આત્મ કલ્યાણ અર્થે અધ્યાત્મનો યુગ સર્જ્યો, અનેકાનેક જીવોને મોક્ષમાર્ગ પ્રતિ પ્રેરિત કર્યા, ભવ્ય જીવોની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી, એવા દિવ્ય અધ્યાત્મચક્ષુ, જ્ઞાનદિવાકર, સ્વાનુભવ સંપન્ન ભગવતી પ્રજ્ઞાના ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક અધ્યાત્મરસ ભરપૂર ગ્રંથોનું સ્વયં રસપાન કર્યું અને ભવ્ય જીવોને પણ કરાવ્યું. વર્તમાન કાળના મુમુક્ષુ જીવો પર તેમનો અવિસ્મરણીય ઉપકાર છે. જેને કથનમાં કહી શકાય તેમ નથી. તેમના ઉપકારોને હૃદયગત કરી ભાવાન્વિત થઈને તેમના ચરણોમાં નમસ્કાર અને વંદના.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક વર્ષો સુધી સનાતન દિગંબર જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કર્યો અને મોક્ષમાર્ગનું નિહિત રહસ્ય સમાજ સમક્ષ સ્પષ્ટ કરી મૂક્યું. તેઓશ્રીની પ્રવચન-બંસરી દ્વારા આખાય હિન્દુસ્તાનમાં તથા વિદેશમાં પણ તેઓએ મોક્ષમાર્ગનું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું. સ્વાનુભવ નિધાનથી સંપન્ન અને સમ્યક્ શ્રુતલબ્ધિના ધારક પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના એક એક વાક્યોને અતિશય સૂક્ષ્મતાથી તથા સરળ ભાષામાં સમજાય તે રીતે પ્રવચનોમાં વ્યક્ત કરી મહાન મહાન ઉપકાર કર્યો છે.

તેઓશ્રીનો પ્રભાવના ઉદય આજે તો વર્તે છે પરંતુ પંચમકાળના અંત સુધી તેમનો પ્રભાવના ઉદય જયવંત વર્તશે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દીર્ઘદષ્ટિ યુક્ત અર્થગંભીર વાક્ય આ પ્રસંગે સ્મરણમાં આવ્યા વિના રહેતા નથી. પૂજ્ય બહેનશ્રીના વક્તવ્ય અનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીએ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન, કારણ-કાર્ય, મોક્ષમાર્ગનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, અરિહંત ભગવાનનું સ્વરૂપ, સાત તત્ત્વોનું સ્વરૂપ ઈત્યાદિ અનેકાનેક રત્નો તેમની પ્રવચન-ગંગામાં વહેતા કર્યા. આવા કળિકાળમાં જ્યાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો તેવી પરિસ્થિતિમાં જ્ઞાનપ્રકાશ કરી ભવ્ય જીવોના પથ પ્રકાશક બની અપૂર્વ કાર્ય કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દિવ્ય ગુણોનું કથન કરવા બેસીએ તો ગ્રંથો ભરાય એવા તેઓ ગુણોથી અલંકૃત

જિનશાસનનું એક પવિત્ર આભુષણ છે.

ભવ્ય જીવોના ઉદ્ધારક એવા પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશના આજે પ્રવચનસ્વરૂપે આપણી પાસે ઉપલબ્ધ છે. તેમના પ્રવચનો ગ્રંથારૂઢ કરવાનું કાર્ય તેઓશ્રીના પવિત્ર પ્રભાવના ઉદયે ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોથી ભીંજાયેલા હૃદયસંપન્ન મુમુક્ષુજીવોને સ્વાભાવિક જ એવા ભાવ આવ્યા વિના રહેતા નથી કે કઈ રીતે તેમના પ્રત્યે અર્પણતા કરીએ. તેમના ચરણોમાં શું અર્પણ કરીએ? તેમ છતાં ભક્તિથી પ્રેરાઈને બીજું કંઈ નહિ કરતાં તેમની સાતિશય દિવ્યવાણી શાશ્વત રહે તેવી ભાવનાથી પ્રેરાઈને શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલાને આ વિચાર ઉદ્‌ભવ્યો, સાથે સાથે તેમના માતુશ્રી કોકિલાબહેન ધીરૂભાઈ ગાંધી તથા પિતાશ્રી ધીરૂભાઈ ગાંધીની પણ ભાવના હોવાથી અને આ વિચારને કાર્યાન્વિત કરવામાં જેમનો સંપૂર્ણ સહયોગ તથા અનુમોદના પ્રાપ્ત થઈ એવા શ્રી સુનીલભાઈ ડેલીવાલા કે જેમના વિના આ કાર્ય શક્ય ન થઈ શક્યું હોત. તેમને ઉપકૃત હૃદયથી ભીંજાયેલ ભાવ આવતાં પ્રસ્તુત ગ્રંથ 'અમૃત-કલશ' પાઠક વર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત રોમાંચયુક્ત હર્ષ થાય છે.

પ્રસ્તુત ગ્રંથ શ્રી 'અમૃત-કલશ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯૬૫-૬૬ની સાલમાં 'સમયસાર કલશ' પર ચાલેલા શબ્દશઃ પ્રવચનો સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહ્યા છે. બીજા ભાગમાં અજીવ અધિકારના ૧૩ કલશો ઉપર ચાલેલા ૮ પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેમનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને લિપિબદ્ધ કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને સાંભળીને કંપ્યુટરમાં ટાઈપ કરવામાં આવે છે. ત્યારબાદ ફરીને તેમને સાંભળીને જ્યાં જે પ્રમાણે આવશ્યકતા અનુસાર વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અર્થગંભીર ભાવોને જાળવવાની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવી છે. પ્રવચનોને ફરીને બે વખત સાંભળીને તપાસવાનું કાર્ય શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા, દ્વારા કરવામાં આવેલ છે. તેઓએ પણ પૂર્ણ ચીવટથી તથા રસ લઈને પ્રવચનો તપાસેલ છે. પાઠકોની સુવિધા અર્થે અજીવ અધિકારની વિષયાનુક્રમણિકા પણ આપવામાં આવેલ છે. પ્રવચન પુસ્તકોની પી.ડી.એફ ફાઈલ www.vitragvani.com તથા www.atmadharma.com પર ઉપલબ્ધ છે.

અંતતઃ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના ચરણોમાં નતમસ્તક થઈ પવિત્ર વીતરાગ પ્રકાશન કાર્યમાં કોઈપણ પ્રકારની ત્રુટિ રહી જવા પામી હોય તો તેમના પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમાયાચના કરીએ છીએ. સર્વ જીવો પવિત્ર દેશનાને આત્મસાત કરી શાશ્વત આત્મકલ્યાણને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ.

સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઇન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦03ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન

પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે

પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અજીવ અધિકાર
## વિષયાનુક્રમણિકા


કલશ-૩૩ પૂર્ણ જ્ઞાનની વંદના.
કલશ-૩૪ શ્રી ગુરુની શુદ્ધસ્વરૂપ અનુભવની શિખામણ.
કલશ-૩૫ જીવ અજીવથી અત્યંત ભિન્ન લક્ષણે વિદ્યમાન છે.
કલશ-૩૬ આત્માનુભવથી કર્મક્ષય કર્તવ્ય.
કલશ-૩૭ જડ-ચેતનની ભિન્નતા.
કલશ-૩૮ દેહ અને જીવની ભિન્નતા પર તરવાર અને મ્યાનનું દૃષ્ટાંત.
કલશ-૩૯ ચૈતન્યલક્ષણે જીવદ્રવ્ય અને અચેતનલક્ષણે પુદ્‌ગલદ્રવ્યની ભિન્નતા.
કલશ-૪૦ વર્ણાદિમાન જીવ વ્યવહારમાત્ર છે તેનું દૃષ્ટાંત.
કલશ-૪૧ જીવનું ચૈતન્યસ્વરૂપ.
કલશ-૪૨ ચૈતન્યલક્ષણ જીવના અનુભવની વિધિ.
કલશ-૪૩ મૂઢ જીવના અજ્ઞાન વિષે જ્ઞાની જીવનો ખેદ.
કલશ-૪૪ જ્ઞાતાનો ચેતનાધાતુમાત્ર વસ્તુમાં વિલાસ.
કલશ-૪૫ ભેદબુદ્ધિરૂપી કરવતનું પરિણામ.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | કલશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૩૫ | ૧૦–૦૪–૧૯૬૫ | કલશ–૩૩–૩૪ | ૦૦૧ |
| ૩૬ | ૧૧–૦૪–૧૯૬૫ | કલશ–૩૪–૩૫ | ૦૨૦ |
| ૩૭ | ૧૨–૦૪–૧૯૬૫ | કલશ–૩૬ –૩૭ | ૦૩૪ |
| ૩૮ | ૧૩–૦૪–૧૯૬૫ | કલશ–૩૭ | ૦૪૯ |
| ૩૯ | ૧૪–૦૫–૧૯૬૫ | કલશ–૩૭થી૩૯ | ૦૬૨ |
| ૪૦ | ૧૫–૦૫–૧૯૬૫ | કલશ–૩૯થી૪૧ | ૦૭૮ |
| ૪૧ | ૧૬–૦૫–૧૯૬૫ | કલશ–૪૨થી૪૪ | ૦૯૩ |
| ૪૨ | ૧૭–૦૫–૧૯૬૫ | કલશ–૪૪–૪૫ | ૧૧૨ |

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રિડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

**—હિંમતલાલ જેઠાલાલ શાહ**

પંડિતપ્રવર શ્રી રાજમલજી કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત
શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત
પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર-કલશ ગ્રંથ ઉપરના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના
અક્ષરશઃ પ્રવચનો

# અમૃત–કલશ

(ભાગ–૨)

–૨–

## અજીવ અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदा-
नासंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।१-३३।।

ખંડાન્વય સહિત અર્થ :—''ज्ञानं विलसति'' (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય (विलसति) જેવું છે તેવું પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું, હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે. તેનું વિવરણ—શુદ્ધ જીવ છે, ટંકોત્કીર્ણ છે, ચિદ્રૂપ છે એમ કહેવું તે વિધિ કહેવાય છે; જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી, કર્મ-નોકર્મ જીવનાં નથી, ભાવકર્મ જીવનું નથી એમ કહેવું તે પ્રતિષેધ કહેવાય છે. કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? ''मनो ह्लादयत्'' (मनः) અંતઃકરણેન્દ્રિયને (ह्लादयत्) આનંદરૂપ કરતું થકું. વળી કેવું થતું

થકું? ''विशुद्धं'' આઠ કર્મોથી રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું થકું. વળી કેવું થતું થકું? ''स्फुटत्'' સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું. વળી કેવું થતું થકું? ''आत्मारामम्'' (आत्म) સ્વસ્વરૂપ જ છે (आरामम्) ક્રીડાવન જેનું એવું થતું થકું. વળી કેવું થતું થકું? ''अनन्तधाम'' (अनन्त) મર્યાદાથી રહિત છે (धाम) તેજઃપુંજ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? ''अध्यक्षेण महसा नित्योदितं'' (अध्यक्षेण) નિરાવરણ પ્રત્યક્ષ (महसा) ચૈતન્યશક્તિ વડે (नित्योदितं) ત્રિકાળ શાશ્વત છે પ્રતાપ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? ''धीरोदात्तम्'' (धीर) અડોલ અને (उदात्तम्) બધાથી મોટું એવું થતું થકું. વળી કેવું થતું થકું? 'अनाकुलं' ઇન્દ્રિયજનિત સુખદુઃખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું. આવો જીવ જે રીતે પ્રગટ થયો તે કહે છે—''आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्'' (आसंसार) અનાદિ કાળથી (निबद्ध) જીવ સાથે મળેલાં ચાલ્યાં આવતાં (बन्धनविधि) જ્ઞાનાવરણકર્મ, દર્શનાવરણકર્મ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય એવાં છે જે દ્રવ્યપિંડરૂપ આઠ કર્મ તથા ભાવકર્મરૂપ છે જે રાગ-દ્વેષ-મોહપરિણામ-ઇત્યાદિ છે જે બહુ વિકલ્પો, તેમના (ध्वंसात्) વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો કાદવ જળથી ભિન્ન છે, જળ પોતાના સ્વરૂપે છે, તેવી રીતે સંસાર-અવસ્થામાં જીવ-કર્મ બંધપર્યાયરૂપે એક ક્ષેત્રે મળેલાં છે તે જ અવસ્થામાં જો શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું છે તેવું છે. આવી બુદ્ધિ જે રીતે ઊપજી તે કહે છે—''यत्पार्षदान् प्रत्याययत्'' (यत्) જે કારણથી (पार्षदान्) ગણધર-મુનીશ્વરોને (प्रत्याययत्) પ્રતીતિ ઉપજાવીને. ક્યા કારણથી પ્રતીતિ ઊપજી તે જ કહે છે---''जीवाजीवविवेकपुष्कलदशा'' (जीव) ચેતનદ્રવ્ય અને (अजीव) જડ—કર્મ-નોકર્મ-ભાવકર્મ તેમના (विवेक) ભિન્નભિન્નપણારૂપ (पुष्कल) વિસ્તીર્ણ (दशा) જ્ઞાનદૃષ્ટિથી. જીવ અને કર્મનો ભિન્નભિન્ન અનુભવ કરતાં જીવ જેવો કહ્યો છે તેવો છે. ૧-૩૩.

## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ૯, શનિવાર,
## તા. ૧૦-૪-૧૯૬૫, કલશ-૩૩, ૩૪
## પ્રવચન નં. ૩૫

આ સમયસાર કળશટીકા. અજીવ અધિકારનો પહેલો કળશ ચાલે છે. આમ ૩૩. નીચે આવ્યું છે, જુઓ! છેલ્લી બે લીટી. ૩૫ પાનું. શું ચાલે છે આ? જેને સુખી થવું હોય અને ધર્મ કરવો હોય એને કેમ ધર્મ થાય અને ધર્મ થાય તો તે ક્ષણે એને આત્માનો ભાસ અનુભવ કેવો થાય એની વાત ચાલે છે. શું કીધું સમજાણું? આ આત્મામાં ધર્મ થાય ત્યારે એ ધર્મનું શું સ્વરૂપ છે? કઈ રીતે એને ધર્મ થાય?

**શ્રોતા :-** સુખી થવું કે ધર્મ કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ કહો કે સુખી થવું કહો. બીજો ક્યો રસ્તો હશે? ધૂળમાં ક્યાંય સુખ છે? સુખી થવાનું કહો, ધર્મ થવાનું કહો, મોક્ષમાર્ગ કહો કે જેવો આત્મા છે તેવો અનુભવમાં આવે તે કહો, બેય એક જ વાત છે. બરાબર છે? બાબુભાઈ! શું કહે છે? સુખી થવાનો રસ્તો આ બધો બહારમાં હશે ક્યાંક ધૂળમાં? ભાઈ! આ આત્મા જ આનંદમૂર્તિ છે. જેને સુખી થવું હોય એટલે કે ધર્મ કરવો હોય. ધર્મ એટલે સુખરૂપ થવું. ધર્મની વ્યાખ્યા એવી નથી કે હમણાં ધર્મ કરશું અને પછી સ્વર્ગમાં કાંઈક એનું ફળ મળશે. એને ધર્મ કહેવાય જ નહિ. ધર્મ તો રોકડિયો (હોય).

જે આત્મામાં નિત્યાનંદ પ્રભુ આત્મા છે એને પુણ્ય-પાપના રાગ અને વિકલ્પથી ભિન્ન કરીને આત્માના શુદ્ધ સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં ઝીલવો, ધર્મની દૃષ્ટિમાં આખા આત્માને ધારી રાખવો એ ધારતાં જે શુદ્ધતા અને શાંતિ પ્રગટે એને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અહીંયા કહે છે કે ભગવાન આત્મા-ધર્મ કરનારો આત્મા, ધર્મકાલે કેવો હોતો થકો પ્રગટ થાય છે? સમજાય છે કાંઈ? ધર્મીજીવને ધર્મ પ્રગટ કરવા કાળે આત્મા કેવો થયો થકો પ્રગટ થાય કે જેને ધર્મ થાય અને જેને અતીન્દ્રિય આનંદ અનુભવાય? એની વાત ચાલે છે.

**શ્રોતા :-** આનંદ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અતીન્દ્રિય આનંદ. બહારમાં આનંદ ક્યાં ધૂળમાં છે? બહારમાં તો ક્યાંય નથી. શરીર, લક્ષ્મી, પૈસા, આ દુનિયાના ભણતરો, વિદ્યાભ્યાસ, આ વકીલાતના અને આ મોટા બધા ડંફાસના ને આ લૌકિકના શું? બી.એ., એમ.એ.ના પૂંછડા વળગાડે છે ને? બી.એ. એમ.એ. ને એલ.એલ.બી ને. એ બધા ભણતર પણ દુઃખરૂપ છે.

**શ્રોતા :-** દુનિયા ભણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા રખડવા માટે ભણે. કહો, સમજાણું કાંઈ?

સંસારના કોઈપણ બાહ્ય પદાર્થમાં સુખ નથી. તેમ આત્મામાં થતા શુભ અને અશુભભાવ વિકાર એમાં સુખ નથી. તેમ આત્મા પરના જ્ઞાન અને જાણપણા કરે એમાં પણ સુખ નથી. આત્મા પોતાના અંતરમાં ચૈતન્યચમત્કાર વસ્તુ, એને રાગ અને વિકલ્પથી ભિન્ન પાડીને ચૈતન્યનું પોતે ગુપ્ત રહસ્ય જે છે તેને ખોલે. અંતરમાં આનંદનું રહસ્ય પડ્યું છે, ચિત્‌ચમત્કાર, ગુપ્ત ચમત્કાર રહસ્ય છે એને પુણ્ય અને પાપના વિકલ્પની લાગણી અને કર્મથી ભિન્ન અંતરમાં આત્માને અવલોકે અને અનુભવે એને શાંતિ અને ધર્મ થાય છે. એને સુખ થાય છે. વ્યાખ્યા ભારે આકરી, ભાઈ! તો કેમ હશે આમાં? પૈસા-બૈસાનું શું હશે આમાં? અમુલખભાઈ! પણ એણે પહેલું નક્કી તો કરવું પડશે એને. ઝાંવા સુખને માટે મારે છે. કોઈ પણ રીતે આપણે સુખી થઈએ. એના માટે કરે છે કે નહિ બધા?

હવે વાસ્તવિક સુખ શું અને ટકતું સુખ શું અને કેમાં નજર આપતાં સુખી થવાય એનો એણે નિર્ણય તો કરવો પડશે કે નહિ? સમજાણું કાંઈ? સુખ શબ્દે ધર્મ. આત્મા અખંડાનંદ પ્રભુ આત્મપદાર્થ છે આ. દેહના પરમાણુથી જુદી ચીજ. વાણીથી જુદી, કર્મના રજકણના હોવાપણાના સત્તાથી જુદી સત્તા એની છે. પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ-રાગ થાય એનાથી પણ એનું હોવાપણું ચૈતન્યચમત્કાર તદ્દન ભિન્ન છે. એક સમયનું જે પર સંબંધીનું જ્ઞાન, વીર્યનો વિકાસ આદિ એ પણ આત્માનું ખરું સ્વરૂપ નહિ. એ સુખ થવાનો રસ્તો નથી. પરના જ્ઞાનમાં અટકવું, રાગ-દ્વેષમાં અટકવું, પર મારામાં માની અટકવું એ સુખનો રસ્તો નથી. એ તો બધો દુઃખનો રસ્તો છે. દુઃખનો રસ્તો કહો કે અધર્મનો રસ્તો કહો, એક વાત છે. શેઠ!

ભગવાન આત્મા રહસ્ય છે અંતર. રહસ્ય નામ અનાદિ ગુપ્ત ચૈતન્ય પદાર્થ છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં એ ગુપ્ત ચમત્કાર રહસ્ય જેમાં અંતર આનંદાદિ ભરેલો પદાર્થ એને પુણ્ય-પાપના પ્રેમને છોડી, શરીરના પ્રેમને છોડી, રુચિ પૂરતો હોં! એના તરફનો ઝુકાવ છોડી સ્વભાવ આનંદસ્વરૂપ છે એને જ્ઞાનમાં પ્રત્યક્ષ જ્ઞાન કરી, રાગથી ભિન્ન પડી, મનથી ભિન્ન પડી સ્વભાવની અવસ્થાને સ્વભાવ સાથે અભિન્ન કરવી એનું નામ સુખ અને એનું નામ ધર્મ છે. કહો, ચીમનભાઈ! ક્યાં હશે સુખ આ? સંચામાં નહિ? શું કહેવાય તમારે? લોઢા. સ્ટેઈનલેસ સ્ટીલ.

**શ્રોતા :-** આપ ડાઘા વગરની જ વાત કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં ડાઘા વિનાનો ભગવાન મોટો ડાઘો આનંદઘન છે. ઓલો ડાઘો નહિ પણ આમ બાદશાહ છે. એક સમયની અંદર ચૈતન્યચમત્કારથી ભરેલો રહસ્ય છે. આ રહસ્યવાદ છે, ચમત્કારવાદ છે, સ્વભાવવાદ છે, શુદ્ધિનો વાદ આ આત્મતત્ત્વ છે. એવો ભગવાન આત્મા આ અજીવતત્ત્વના પ્રકારોથી અંતરમાં ભિન્ન પડી અને અંતરના આત્મસ્વભાવને અવલંબે,

અવલંબતા કેવો થતો થાય આ એની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અહીં સુધી આવ્યું છે. **'વળી કેવું થતું થકું?'** ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનું અંદર બીડેલું તત્ત્વ આખું ભરેલું. પર્યાયમાં રાગ અને પુણ્યના વિકલ્પોની એકત્વબુદ્ધિમાં ભગવાન અંતર રહસ્ય ચૈતન્યચમત્કાર રહસ્ય લઈને પડેલો છે. એને રાગ અને વિકલ્પની એકતાબુદ્ધિમાં એ હણાઈ ગયો છે. એના અસ્તિત્વની એને ખબર નથી. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદઘન ચૈતન્યસ્વરૂપ, એને પુણ્ય-પાપના ભાવ, શુભાશુભ વિકલ્પો, શરીર, વાણી, મન ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં એ આશ્રમમાં અને રાગમાં હું નથી. મારું આશ્રમધામ અંદર ગુણધામ એ મારું આશ્રમધામ છે. એમ અંતરમાં દૃષ્ટિ કરતાં આત્માને સમ્યગ્દર્શન થાય એટલે કે ધર્મ થાય એટલે કે સુખરૂપ થાય. એ કેવો થયો થતો થકો સુખરૂપ થાય? આ એની વ્યાખ્યા ચાલે છે. શેઠ!

**'धीरोदात्तम्'** 'અડોલ...' થતો એ પ્રગટ થાય છે. આહા..! શું કહે છે? ભગવાન આત્મા સ્થિર બિંબ છે એની દૃષ્ટિ આપતાં પુણ્ય-પાપના અને પર સંયોગનું અજીવતત્ત્વ અહીંથી ભિન્ન પાડવું છે ને. અજીવપણું. શુભાશુભ ભાવમાં જીવપણું નથી. એ અજીવ છે. કર્મ, શરીર. એટલે બે પ્રકારે અજીવ. એક જડ આદિ અજીવ અને એક પુણ્ય-પાપના ભાવ એમાં ચૈતન્યનું સ્વરૂપ નથી એવું અજીવ. એનાથી ભગવાન આત્મા ભિન્ન એવું ભેદજ્ઞાન કરવા કાળમાં કેવો થયો થકો આત્મા પરથી ભિન્ન પડ્યો પ્રગટ થાય? કેવો થયો થકો ભિન્ન પડ્યો પ્રગટ થાય? સમજાય છે કાંઈ? અડોલ થયો થકો પ્રગટ થાય. આમ પુણ્ય અને પાપના વિકલ્પમાં અનાદિથી ડોલી રહ્યો છે. એને ચૈતન્યધામ અનંત ગુણનું સ્વરૂપ એમાં અંતર્મુખ દૃષ્ટિ કરતાં એ અડોલપણે-સ્થિરપણે પ્રગટ થાય. આહા..! એની પર્યાય નિર્મળ એવી થાય કે સ્થિરબિંબ એકાકાર થાય. એવો થયો થકો પ્રગટ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. આહા..! વ્યાખ્યા ભારે આકરી ભાઈ! દુનિયા તો ક્યાંનું ક્યાં કલ્પીને બેઠા હોય. આ મેરુ... આ શું કહેવાય? જાત્રા કરો, ભાઈ! પૂજા કરો, ભક્તિ કરો. પાંચ-પચાસ લાખ ખર્ચો, લ્યો. રાજકોટમાં પણ ખર્ચે છે. આ શેઠે હમણાં બહુ ખર્ચ્યા. ક્યાં? મલ્હારગઢ. કાંઈ ખર્ચ્યા નથી. બહુ તો રાગના પૈસામાં એણે મંદતા ભાવ કર્યો હોય કે આટલો ભાવ, શુભભાવ (થયો હોય) તો એનું પુણ્ય થાય. એ લક્ષ્મીથી પુણ્ય થયું નથી, એ ખર્ચાણા...

**શ્રોતા :-** પરંપરા તો મોક્ષ થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરાથી મોક્ષ નથી. એઈ..! શેઠી! ઓલામાં લખાણમાં હતું, હોં! અંદર. આજ સવારમાં હતું, પરંપરા મોક્ષ. પરંપરાનો અર્થ શું? એને નિકાલ કરી, અત્યારે કરી શકતો નથી પછી નિકાલ કરશે માટે પરંપરાએ શુભભાવને મુક્તિનું કારણ કહ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો નિરાળો પેંડો મથુરાનો છે. ભગવાન! તારી સંપદા અને તારું માહાત્મ્ય તને દૃષ્ટિમાં આવ્યું નથી. ઓહોહો..! આખો પરમાત્મા. એક નહિ, એવા તો અનંત

પરમાત્માને પેટમાં રાખીને પડ્યો એવો આત્મા (છે). આહા..હા..! પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવું છે ને. ક્યાંથી થશે? એ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ જે પરમાત્મા અરિહંત અને સિદ્ધ પામ્યા એ ક્યાંથી લાવ્યા? ક્યાંય બહારથી આવ્યું છે? પ્રાપ્તની પ્રાપ્તિ (છે). અંદરમાં પડ્યું છે એમાંથી પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ?

એક સેકંડના અસંખ્યભાગમાં ચૈતન્યવાદ્ય, ચૈતન્યસ્વરૂપ રહસ્યમૂર્તિ એકલો પ્રગટ પર્યાયના રાગ સિવાયનું આખું તત્ત્વ ગુપ્ત ચમત્કારથી ભરેલો ભગવાન, એને રાગ અને પરના અજીવભાવથી ભિન્ન પાડતાં ભગવાન અડોલ થયો થકો પ્રગટ થાય છે. '**(उदात्तम्)**' '**બધાથી મોટું એવું થતું થકું...**' પ્રગટ થાય છે. આહા..હા..! '**उदात्तम्**' એ દયા, દાનના વિકલ્પથી પણ હું નહિ. અલ્પ એક સમયની પર્યાય જેટલો પણ નહિ. હું તો મોટો બધાથી મોટો છું. એક ક્ષણમાં મારો આત્મા પૂર્ણાનંદથી ભરેલો એવો પર્યાયમાં પ્રગટ થતાં હું બધાથી અધિક છું. એવી દૃષ્ટિમાં ધર્મની દૃષ્ટિમાં આત્મા આવો પ્રગટ થાય છે. પહેલું તો સમજવું કઠણ. એવી ઝંઝાળ ખોસી ઘાલી છે ને લોકોને બિચારાને કે જ્યાં તત્ત્વને, કેની કોર જતાં સુખ થાય અને ક્યાંથી હટતા શાંતિ મળે એની ખબરું ન મળે. સમજાય છે કાંઈ? હેરાન કરી કરીને મરી જાય. અપવાસ કરીને ને ઓળિયું કરીને ને જાત્રા કરી દાન (કરીને). ધૂળમાંય નથી એમાં દમ, સાંભળને!

**શ્રોતા** :- ગજરથ તો કાઢવા પડે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કાઢવા પડે?

**શ્રોતા** :- ગજરથ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગજરથમાં ધૂળમાંય નથી ગજરથ. એમાં વળી આ કાળે ગજરથ ને... કોણ જાણે વિવેક પણ નથી. અત્યારે આ કાળમાં એવા પોણોસો-પોણોસો મંદિરો અને એમાં ગજરથ (કાઢે), લાખોના ખર્ચ (કરે). હાથી કાઢવા. નામ ખાતર છે. બાપુ! વસ્તુ તો એવી છે. ભાવ હોય જ્યાં હોય જ્યાં મંદિર ન હોય. મંદિર જ્યાં એવું સ્થાન ન થાય એવા સ્થાનમાં ધર્મીને શુભભાવ આવે. એનો વિવેક હોય કે નહિ? નવનીતભાઈ! ઓહોહો..! અત્યારે તો જ્ઞાનરસની જરૂર છે. ચૈતન્યચમત્કાર શું છે? કેમ પામે? એમાં શું ચીજ છે? એની વિધિ શું? એનો નિષેધ શું? એ ક્યા ભાવથી પામે? કેવા ભાવ છે? એના જે સ્પષ્ટીકરણના શાસ્ત્રો અને તત્ત્વો હોય એ રથ જગતમાં ચલાવવો. બાપુ! આ સમજો. એનાથી સુખ મળે એવું છે. નવનીતભાઈ! મેં તો પહેલેથી કહ્યું હતું એ વખતે પણ. પણ એ લોકોને જરી ઉત્સાહ છે ને. ત્રણ હજાર ગામમાં ફરે. મેં કીધું, અત્યારે તો આ (જરૂર છે). સમજાણું? જરૂર પૂરતું જુદી વાત છે રાખે.

ભગવાન આત્મા, એની હજી એને ખ્યાલમાં મહિમા આવવી મુશ્કેલ છે. જગતના પદાર્થોની અધિકતા લક્ષમાં જ્યાં રહે ત્યાં આત્મા કોઈ મહાન પદાર્થ અંતર છે એની એને દૃષ્ટિમાં વિશ્વાસ

આવતો નથી. સમજાણું કાંઈ? ભગવાન સાક્ષાત્ પરમાત્મા સમવસરણમાં બિરાજમાન ઇન્દ્રોની સમક્ષમાં, એ ભગવાન કરતાં પણ મારું તત્ત્વ, મારું ભગવાન તત્ત્વ એનાથી જુદું છે. એ ભગવાનના લક્ષે મારો ભગવાન પ્રગટ થાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે પરલક્ષ કરે ત્યાં વિકલ્પ અને રાગ ઉઠે છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત અનંત જ્ઞાનનો દરિયો, જેના રહસ્યોને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તે રહસ્યમય મૂર્તિની ખબર ન પડે. (પડે જ) સમ્યગ્દર્શન અને જ્ઞાન પરથી ભિન્ન પાડ્યા વિના એ શું ચીજ છે, એમાં શું સામર્થ્ય છે, એનું શું રહસ્ય ભર્યો ભંડાર છે, એ પરથી પૃથક્ અને ભેદજ્ઞાન કર્યા વિના એનું ભાન થઈ શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? એની મહત્તા નથી આવતી લોકોને, આ નહિ.

કહે છે, ભગવાન એવો મોટો થઈને પ્રગટે. જે ચૈતન્ય પદાર્થ, ચૈતન્યજ્યોત વસ્તુ છે. એ ચૈતન્યધામ એને પુણ્ય-પાપને પાર અજીવ પદાર્થના પ્રેમની રુચિનું ગોઠવું છોડી દઈ અને ભગવાન આત્મા અંદર પરથી પૃથક્ થઈને આત્મધર્મ પ્રગટે ત્યારે તે મોટો થઈને પ્રગટે છે. એનાથી મોટી કોઈ ચીજ છે નહિ. કહો, ન્યાલભાઈ! ન્યાલ થવાનો આ રસ્તો છે.

**શ્રોતા** :- સાચી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ, ઠીક.

'**વળી કેવું થતું થકું? ઇન્દ્રિયજનિત સુખદુઃખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.**' આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મા અંદરમાં અતીન્દ્રિય રહસ્યની પૂતળી પોતે છે. આ તે કંઈ વાત! પણ બેસે શી રીતે? કોની સાથે ગજથી માપવું એને? સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ વસ્તુ વસ્તુ, જેમાં અનંત અનંત બેહદ અચિંત્ય આનંદ જેમાં પડ્યો છે. એ આનંદ એટલો છે આત્માની વસ્તુમાં કે જેની મર્યાદા નથી. એવો અતીન્દ્રિય આનંદ ભગવાન ઉપર એનો વિશ્વાસ અને અનુભવની દૃષ્ટિ કરતાં પરના પ્રેમને છોડી.. સમજાય છે કાંઈ? એ ઇન્દ્રિય જનિત સુખ-દુઃખની કલ્પના, એનાથી ભગવાન અંતરમાં ભિન્ન છે. ત્યારે છે અસ્તિ શું? અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન છે. એ તો આનંદની મૂર્તિ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનના પુરુષાર્થ દ્વારા જે દશા પ્રગટ થાય એ અતીન્દ્રિય આનંદથી બિરાજમાન આખું તત્ત્વ છે અને અતીન્દ્રિય આનંદની પર્યાયનો અનુભવ થાય એથી આખો આત્મા જ અતીન્દ્રિયથી બિરાજમાન છે એમ અનુભવની દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદ લેતો આત્મા પ્રગટ થાય છે. એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહેવાય છે. આ હજી ધર્મની પહેલી સીઢીની વાત છે. આરે..! આવો ધર્મ કેવો હશે આ? સમજાણું કાંઈ?

'**અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.**' અતીન્દ્રિય આનંદથી બિરાજમાન તૃપ્ત તૃપ્ત તૃપ્ત છું. મારા આનંદને માટે કોઈ જગતની અંદર ચીજ છે નહિ. સમજાણું કાંઈ? આ હજી સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનની વાત ચાલે છે.

**શ્રોતા :-** ચારિત્રની નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારિત્ર તો એમાં આવી ગયું, એટલો સ્થિરતાનો અંશ. વિશેષ જ્યારે સ્વરૂપ સ્થિરતા થાય, જે ભાનમાં ભાળ્યું છે કે આ ચૈતન્ય અંદર મહા સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. એકલો અચિંત્ય અપરિમિત અમર્યાદિત સ્વભાવની મૂર્તિ દરેક ગુણની, એવું ભાન થયા પછી એમાં વારંવાર ઠરે, વારંવાર એમાં અનુભવ કરે એનું નામ ચારિત્ર ને શાંતિ ને એનું નામ સાચા વ્રત કહેવાય છે. ભારે ભઈ જુદી. જગતથી વાત જુદી પડે.

ભગવાન! અહીં તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ વીતરાગ પરમેશ્વર, જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાનમાં જણાતાં જણાઈ ગયા. સમજાય છે કાંઈ? આમ જળને દેખતાં જેમ જળમાં તારા જણાય રાત્રે, એમ ભગવાન જ્ઞાનની પર્યાય જ્યાં અંદર પૂર્ણ પ્રગટ થઈ પરમાત્માને (તો) લોકાલોક એમાં જણાઈ ગયા. એવા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવની વાણી ઈચ્છા વિના નીકળી. એ ભગવાનની વાણીમાં આવ્યું એને રચ્યું એને શાસ્ત્ર કહેવામાં આવે છે. આ એનું આ શાસ્ત્ર સમયસાર કળશ શાસ્ત્ર છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી બિરાજમાન થતો પ્રગટ થાય. દુઃખરૂપે (નહિ). ઓલા કહે છે ને? ધર્મ બહુ દુઃખરૂપ. કષ્ટ બહુ સહન કરવા પડે. લોઢાના ચણા ચાવવા. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. અરે..! બાપા! તને ખબર નથી, પ્રભુ! ધર્મ એવો ન હોય. ધર્મ દુઃખરૂપ ન હોય. જેમાં કષ્ટ લાગે એ ધર્મ નહિ. આહા..હા..! જેમાં ખેદ લાગે કે અરેરે..! ઘણું સહન કરવું પડે ધર્મમાં. બાપા! સહન કરવું પડે એ તો આર્તધ્યાન થયું, એ તો કષાય છે, એ ધર્મ નહિ. ધર્મ તો અતીન્દ્રિય આનંદની લહેજત લેતો પ્રગટ થાય તેને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? રાડ્યું પાડે, બાપા! બહુ આકરી વાતું કરે. મૃગાપુત્રની વાત આવે છે ઉત્તરાધ્યયનમાં. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. અને વાયરાને કોથળામાં ભરવો અને ત્રાજવે મેરુ પર્વત તોળવો. નવનીતભાઈ! એવો દુઃખરૂપ ધર્મ છે. ધર્મ એવો દુઃખરૂપ છે. અરે..! ભગવાન! તને ખબર નથી. એ તું બધી વ્યાખ્યા દુઃખની અને વિકારની કરી રહ્યો છે. ધર્મ એવો ન હોય.

ધર્મ-આત્માના અતીન્દ્રિય આનંદમાંથી એકાકાર થતો (પ્રગટ થાય છે). આ અપવાસ-બપવાસ કરે બહુ. મહિના-મહિનાના કરે. આહાહા..! બાપા! બહુ (આકરું). ઓહોહો..! સૂંઠ ચોપડે પછી. મહિનાને છેડે એક અઠમ કરે. કરે કે નહિ? મણકો. માળાને માથે એક મણકો હોય ને? એક મણકો હોય છે ને મોટો આવો લાંબો. એમ બધું પૂરું થયા પછી એક મોટો અઠમ કરે. આહા..! દાંત બળી જાય ને આમ થાય. ધૂળેય નથી ધર્મ. તને ખબર નથી, સાંભળને! એ કષ્ટ થાય એ ધર્મ જ કહેવાય નહિ. સમજાણું કાંઈ? વર્ષીતપમાં કરે છે ને બિચારા. આ આવ્યા વૈશાખ સુદ-૩. અરે..! બાપા! ભાઈ! તને ધર્મ શું છે (એની ખબર નથી).

ધર્મ તો અતીન્દ્રિય આનંદ લેતો બિરાજમાન પ્રગટ થાય એને ધર્મ કહીએ. આહા..હા..!

પુણ્ય અને પાપની આકુળતાથી પ્રભુ ભિન્ન છે. એવા ભગવાનના અંતર પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈને જે પ્રગટ થયો પર્યાય એ અતીન્દ્રિય આનંદથી પ્રગટ થતો ભાવ, એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું?

**'એવો જીવ જે રીતે પ્રગટ થયો તે કહે છે...'** આવો ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાનમાં, ધર્મની દશામાં જે પ્રગટ થાય એ કેમ પ્રગટ્યો એ વાત હવે કહે છે. **'आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्'** '(आसंसार)' સમજાણું? **'અનાદિ કાળથી...'** આ સંસાર શબ્દ પડ્યો છે ને? અનાદિ. આ એટલે અનાદિથી. ઓહોહો..! નિગોદના જીવ છે. લોકોને ક્યાં એ તત્ત્વ શું છે, સર્વજ્ઞ ભગવાને શું જોયું, એ એના ખ્યાલમાં ક્યાં એને (છે). અનંત અનંત જીવો એક લીલ, ફૂગ ને આ કોર છે ને લીમડાના? જુઓને! ફૂલ. એ તો એક કટકીમાં તો અનંતા જીવ. એક શરીર અસંખ્ય. અને એક શરીરમાં અનંતા જીવ. એવા ઢગલા આત્માઓના પડ્યા છે, આખા ચૌદ બ્રહ્માંડમાં. એવા આત્માઓ અનાદિથી નિગોદની દશામાં દુઃખી થઈ રહ્યા છે. ખબર નથી એને. કાં તો એક આત્મા હું. કાં તો ભગવાનનો આત્મા તે એક આત્મા. હવે સાંભળને. તને ખબર નથી. ભગવાને તો અનંત આત્મા પોતાના જેવા છે તેવા જોયા છે. સમજાય છે કાંઈ? એવા અનંત આત્માઓ અનાદિથી **'જીવ સાથે મળેલાં ચાલ્યાં આવતાં...'** આઠ કર્મની પ્રકૃતિ આદિ. ભગવાન જે અનાદિથી, હોં! એ નિગોદથી માંડીને. ખાણમાં જેમ પત્થર અને સોનું એમ ને એમ અનાદિ છે, એમ ભગવાન આત્મા સોના સમાન ચૈતન્ય આનંદકંદ અને એની જોડે આઠ કર્મનું બંધન વ્યવહારે અનાદિથી ચાલ્યું આવે છે.

**'आसंसारनिबद्धबन्धन'** છે? **'बन्धनविधि'** એટલે. બંધન, કર્મની વિધિ બંધન. **'જ્ઞાનાવરણકર્મ,...'** એ જડરૂપે અંદર એક રજકણ છે. એની વ્યાખ્યા આખી બધી છે. એક જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિ છે. એ એક એક પ્રકૃતિમાં અનંત રજકણના સ્કંધ છે. એક એક રજકણમાં અનંતા પરમાણુના ગુણ છે.

**શ્રોતા :-** ક્યાં સમાયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધા સમાયા પદાર્થમાં. એને ખબર ક્યાં છે? આ વસ્તુનું સ્વરૂપ જ આવું અનાદિથી છે. ભગવાન આત્મા અનાદિ કાળથી પોતે **'बन्धनविधि'** એક તો જ્ઞાનાવરણીય કર્મ છે. પોતાનો જ્ઞાન પૂર્ણ જ્ઞાનસ્વભાવ એની પોતે જ આત્મા હિણી દશાને કરે છે. એમાં એક જ્ઞાનાવરણીય કર્મ જડ છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એવા નિમિત્તથી અનાદિથી બંધાયેલો છે.

એક **'દર્શનાવરણકર્મ,...'** છે. આત્માની જે ત્રિકાળ દર્શનશક્તિ (છે), એને આવરણ પોતે હિણી-ઓછી-કમી દશા કરે છે. એને દર્શનાવરણીય નામનું એક જડ કર્મ છે. **'વેદનીય,...'** એક કર્મ છે કે જેના ઉદયમાં આ બહારના અનુકૂળ-પ્રતિકૂળ, પૈસા મળે અને ગરીબાઈ મળે.

ગરીબાઈ કે તવંગર આદિ નિરોગ કે સરોગ એવું પૂર્વનું એક વેદનીય કર્મ છે એને લઈને (સંયોગ પ્રાપ્ત થાય છે). એ વેદનીયનો સંબંધ પણ જીવને અનાદિનો છે. '**મોહનીય,...**' મિથ્યા ભ્રમણામાં એક દર્શનમોહ કર્મ નિમિત્ત છે. પોતે પોતાના સ્વરૂપને ભૂલીને ભ્રમણા કરે. એ પછી કહેશે. એમાં એક મોહકર્મ જડ માટી છે. દર્શનમોહ એમાં નિમિત્ત છે. રાગ-દ્વેષ પોતે કરે ત્યારે એક ચારિત્રમોહ નિમિત્ત છે. એ બેય થઈને મોહનીય કર્મ કહેવામાં આવે છે.

'**આયુ,...**' દેહની સ્થિતિનું એક આયુષ્ય બંધાય છે. એ રજકણ ઝીણી માટી છે. આ દેહમાં કેટલું ટકવું, ક્યાં ક્યાં અનંત કાળથી ટક્યો એવું એક આયુષ્ય કર્મ છે. એ ભાવ જેવા હોય એવું આયુષ્ય બંધાય. એ આયુષ્ય કર્મ જડ માટી ધૂળ છે. એનું બંધન છે અનાદિનો સંબંધ (છે) એમ કહે છે. એક '**નામ,...**' કર્મ છે. અહીં બધી વ્યાખ્યા કરવા જઈએ તો લાંબી થાય. એક નામ પ્રકૃતિ છે, કર્મ છે. એમાં એની ૯૩ પ્રકૃતિ છે. એક કર્મની ૯૩ પ્રકૃતિ છે. એવું એક નામ કર્મ છે. એનો પણ અનાદિથી કેટલીક પ્રકૃતિનો સાથે સંબંધ છે. '**ગોત્ર,...**' કર્મ છે. ગોત્ર એટલે આ ઊંચ-નીચ અવતાર, સંતાન, કર્મે ઊચ્ચ આચારવાળામાં જન્મવું એવું ઉચ્ચ ગોત્ર. નીચ આચારવાળામાં જન્મવું એવું નીચ ગોત્ર. એવું પણ એક ગોત્ર કર્મ જડ છે. એનો અનાદિનો સંબંધ છે. અને '**અંતરાય...**' આત્મા પોતાના જ્ઞાન, દર્શન, વીર્યને ફોરવી શકતો નથી, ફોરવતો નથી એમાં એક વિઘ્ન નિમિત્તરૂપે એક અંતરાય કર્મ છે.

'**એવાં છે જે દ્રવ્યપિંડરૂપ આઠ કર્મ...**' અંદર પરમાણુ (છે). જેમ આ શરીર છે- આ માટી. જાડા પરમાણુ છે આ અને અંદર આઠ કર્મના ઝીણા પરમાણુ છે. સૂક્ષ્મ આઠ કર્મના પ્રકૃતિના ભેદરૂપે. આઠ છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ છે. આ સ્થૂળ છે-આ બહાર. એવા આઠ કર્મનો પિંડ એને આત્માને બંધનરૂપે નિમિત્ત અનાદિ સંબંધે પડ્યું છે. સમજાણું કાંઈ? '**તથા ભાવકર્મરૂપ...**' એ જડરૂપે એક નિમિત્ત સંબંધ છે. એ એને નુકસાન કરે છે કે એમ નથી. ફક્ત પોતાના કાર્યને ત્યાં કરતું એનું લક્ષ કરે ત્યારે આત્મા પોતે પોતાની હિણી દશાપણે પરિણમે છે. અને ભાવકર્મ. '**રાગ-દ્વેષ અને મોહપરિણામ...**' શુભ અને અશુભ વિકલ્પ, રાગ, દ્વેષ અને પરમાં સાવધાની. '**ઈત્યાદિ છે જે બહુ વિકલ્પો,...**' જોયું? એના પણ ઘણા ભેદ (છે). સમજાણું કાંઈ? વાત તો એટલી છે કે '**निबद्धबन्धन**' એટલું. એની વ્યાખ્યા કરી. કારણ કે કેટલી સમજાવે?

આ તો એનો અભ્યાસ વિશેષ કરે તો એને ખબર પડે. આઠ કર્મના પ્રકાર છે. એમાં પ્રકૃતિ ૧૪૮ છે. અનાદિમાંથી અમુક હોય છે. અનાદિની ૧૪૮ હોતી નથી. એની સાથે જીવ-ભગવાનને આમ અનાદિનો નિમિત્તરૂપે સંબંધ છે. અને અંદરમાં રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના પણ ઘણા ભેદ છે. શુભભાવ પણ અસંખ્ય પ્રકારના, અશુભભાવ પાપના પણ અસંખ્ય પ્રકારના. એ બધા '**તેમના વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે.**' જે ભગવાન

આત્મા એવા વિકારી પરિણામને આઠ કર્મનું નિમિત્ત એનાથી હઠીને ભગવાન પોતાનો ચિદાનંદ સ્વભાવની અંતર દૃષ્ટિના સંભાળમાં જાય છે ત્યારે કહે છે કે એનાથી રહિત તે પ્રગટ થાય છે. જેવું સ્વરૂપ એટલે કે વિકારના સંબંધ વિનાનું છે એવી અંતર દૃષ્ટિ થતાં ચૈતન્યગોળો તેવો પોતે છૂટો પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

**'ઈત્યાદિ છે જે બહુ વિકલ્પો,...'** વિકલ્પ એટલે ભેદો. કર્મના પણ ભેદ ઘણા છે, વિકારના પણ ઘણા ભેદ છે. અનાદિ બંધન સંબંધ સંસારનો વિનાશ કરી, સ્વભાવનો આશ્રય કરી, એનો વિનાશ કરી **'જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું...'** પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? પડદો તોડી અને પોતે બાહ્ય પ્રગટ થાય છે. આ હું. વિકારની એકતા અને કર્મનો સંબંધ, એને સ્વભાવની એકતાના સંબંધના અનુભવમાં એ પોતે જેવો છે તેવો પ્રગટ થાય છે. તેને આત્મા કહેવામાં આવે છે.

**શ્રોતા :-** આ મોકાણ શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ મોકાણ પોતે માંડી એની જ વાત છે, કહે છે.

**શ્રોતા :-** મોકાણને પડદો કહેતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને મોકાણને પડદો કહે છે. આ હું દુઃખી થઈ ગયું, આ મને શરીર નડે ને આ મને અનુકૂળ ને ફલાણાને પ્રતિકૂળ. એણે માંડી છે મોકાણ. જીવના સ્વભાવની મોકાણ માંડી છે એણે કે હું આવો નહિ. મરી ગયાને મોકાણ માંડે કે નહિ? એમ એક સમયમાં ભગવાન અનંત ચૈતન્ય જ્યોતિએ બિરાજમાન છે એવો ન માનતા હું પુણ્ય ને પાપ ને હું દુઃખી ને સુખી એવી કલ્પના (કરે છે) એણે આત્માની મોકાણ માંડી છે. શું કહ્યું એમાં સમજાણું નહિ.

**શ્રોતા :-** તમે અમારી પ્રશંસા કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની? તમારી ક્યાં કરી? આ તો આત્માની પ્રશંસા કરે છે. આ તો આત્મા આવો છે એની વાત છે. તમે આત્મા થયા છો ક્યાં? આ મને આ થઈ ગયું ને ઢીકણું થઈ ગયું ને ફીકણું થઈ ગયું એમ રાડ્યું પાડો છો હજી તો. શરીરને કાંઈક થાય ત્યાં... રાત્રે જ્યાં બાર કલાક થાય તો... હાય.. હાય..! બાયડી એક કોર બેઠી હોય. રાત્રે કોણ બધા આવે ભેગા? બાર કલાક નીકળવા (કઠણ પડે). હાય.. હાય..! મરી જાઉં. ક્યાં જાઈશ મરીને? ત્યાં છે માં? ક્યાં જાવું છે એને? એવી ભ્રમણાની મોકાણ માંડી છે.

**શ્રોતા :-** નથી સમજણ પડતી એટલે તો આપને પૂછીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની તો વાત ચાલે છે, બાપા! એની તો વાત ચાલે છે કે ભાઈ! તું આવા ભ્રમણામાં દુઃખી થઈ રહ્યો છો. એ ભ્રમણાથી રહિત તારું ચૈતન્ય (સ્વરૂપ) છે એની તું સમજણ કર, એની ઓળખાણ કર તો ભગવાન આવો દુઃખરૂપ છે નહિ. ભગવાન આત્મામાં ભ્રમણા નથી, રાગ-દ્વેષ નથી, વિકાર નથી. એવો આત્મા છે એને તું સમજ અને

ઓળખાણ કર. આ એની તો અહીં માંડી છે આ. કહો, સમજાણું આમાં? અનાદિનો મારો સ્વભાવ ઓઢીને રોવે છે. અમે દુઃખી થઈ ગયા, અમે આ થઈ ગયા, ઓલાને સુખ છે, ઓલાને સરખા છોકરા, ચાર-પાંચ છોકરાઓ સરખા રળે, મારા છોકરા સાધારણ. ઢીકણું... કોણ છોકરા હતા? તારો છોકરો જ કે દી' હતો આત્માનો? સમજાણું કાંઈ? ઓલાને સરખાઈ બહુ, હોં! ભાગીદાર સારો મળી ગયો. આ મોકાણ માંડી પાછી. જયંતિભાઈ! ઓલાને ભાગીદાર સારો મળી ગયો અને થોડે ઘણું રળાવી દ્યે. એ મોકાણ માંડી. પણ શેની માંડી તેં આ? એવો આત્મા છે નહિ.

**શ્રોતા :-** મોકાણ માંડે એવો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ચૈતન્યપ્રભુ. એવી ભ્રમણાની પારનું ચૈતન્યતત્ત્વ છે. વિકલ્પની રાગની વૃત્તિથી પાર છે. એવો ભગવાન આઠ કર્મનો સંબંધ અને વિકારના સંબંધનો નાશ કરી દૃષ્ટિમાં ચૈતન્યનું ચૈતન્યતત્ત્વ છે તેને પ્રગટ કરી પોતે પ્રગટ ઊભો થાય છે. એને આત્મા કહેવાય. નહિતર રોદણા રોવે એને આત્મા કહેતા નથી, એને હીજડા કહે છે. શાસ્ત્રમાં એમ છે, હોં! પાવૈયા છો, હીજડા. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો રહસ્યકંદ છે.

**શ્રોતા :-** ક્લિવ કહ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્લિવ કહ્યો છે, શાસ્ત્રમાં ક્લિવ કહ્યો છે. આ બધી શાસ્ત્રભાષા છે. જોરથી કહ્યું છે. પ્રવચનસારમાં છે. સાંભળ્યું છે કે નહિ? આ તો અવાજથી, આવું જોરથી. (કળશ-૨૨). '**આ રીતે (આ પરમાગમમાં)...**' પ્રવચનસાર છે આ. ભગવાનની વાણી નીકળી ત્રિલોકનાથ પરમાત્માની એની રચના થઈ. કહે છે કે આ રીતે અમે શાસ્ત્રમાં '**અમંદપણે...**' પાઠમાં અમંદ છે, જુઓ! એટલે કૌંસમાં '**(જોરથી, બળવાનપણે, મોટે અવાજે) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું,...**' છે. ભગવાન આત્મા આવો છે એની તને ખબર નથી એમ જોરદારથી અમે કહીએ છીએ, કહે છે. સમજાણું કાંઈ? જુઓ! 'અમંદ' શબ્દ પડ્યો છે. '**अनीचै**' બરાબર છે. '**अनीचै**' સમજાણું? નીચું નહિ, મંદપણે નહિ. અમંદપણે જોરદાર અવાજથી, જોરદાર પુરુષાર્થ અને જોરદારથી અમે વાત કરી છે. ભગવાન આત્મા આવો છે અને ભ્રમણા ને રાગ વિનાનો એ તને વાત કરી છે. કહો, તું આજ જ સમજ. એમ કહ્યું છે પાછું, હોં! ત્યાં. જુઓ! એવા '**તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો...**' જુઓ! શ્લોક છે. છેલ્લો શ્લોક છે પ્રવચનસારનો. હવે તો બહાર ઘણું બધું આવી ગયું ને, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ! ભગવાન બાદશાહ તારી બધી સંપદા દરબાર ચૈતન્ય દરબારમાં ભરી છે. એવા ચૈતન્ય દરબારનો સમાજ શું છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? દરબાર બારણું ઉઘાડે ત્યારે ખબર પડે કે નહિ? રોદણા રોવે એને શી ખબર પડે? કહે છે કે એકવાર તું આત્મા કેવો છો? જેવો છે એવો પરથી ભિન્ન પડીને જો તો અવલોકવામાં આવતાં તને

આ રીતે આત્મા પ્રગટ થશે. કહો, સમજાણું?

'**ભાવાર્થ આમ છે કે જેવી રીતે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે...**' જેમ પાણી અને કાદવ '**એકત્ર મળેલાં છે...**' એકત્ર મળેલાં દેખાય છે. '**તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે...**' પાણીનો (સ્વભાવ) '**તો કાદવ જળથી ભિન્ન છે,...**' તો એ કાદવ પાણીથી જુદો છે. '**જળ પોતાના સ્વરૂપે છે,...**' પાણી પાણીસ્વરૂપ છે. એ કાદવ કાદવસ્વરૂપે છે. કાદવસ્વરૂપે પાણી થયું નથી.

'**તેવી રીતે સંસાર-અવસ્થામાં...**' અનાદિ કાળની મલિન દશા અને શરીર, કર્મ આદિના સંયોગમાં '**જીવ-કર્મ બંધપર્યાયરૂપે એક ક્ષેત્રે મળેલાં છે...**' જીવ-કર્મ બંધની અવસ્થા રૂપે એક ક્ષેત્રમાં મળ્યો છે. સમજાણું? '**તે જ અવસ્થામાં જો શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે...**' સમજાય છે કાંઈ? ભગવાન-જળ અને કાદવ—બેય એક દેખાય છે. પણ જળનું સ્વરૂપ કાદવરૂપે કદી થયું નથી. એમ ભગવાન આત્મા કર્મનો કાદવ અને પુણ્ય-પાપનો મેલ એની સાથે ભેગો દેખાય છે. પણ ભગવાન આત્માને જુઓ તો મેલ અને કર્મરૂપે જીવનું સ્વરૂપ કોઈ દી થયું નથી. સમજાણું કાંઈ? '**સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે...**' જેમ કાદવ જળના સ્વરૂપથી જુદું છે. એમ કર્મ નામ પુણ્ય અને પાપના વિકલ્પો-ભાવવિકાર અને જડ કર્મ એ ચૈતન્યના સ્વરૂપથી તદ્દન જુદાં છે. કોઈ દી જળસ્વરૂપ કાદવ થયો નથી અને કાદવસ્વરૂપ જળ થયું નથી. એમ વિકાર અને કર્મ એ આત્મસ્વરૂપે થયા નથી. આત્મસ્વરૂપ  વિકાર અને કર્મસ્વરૂપે થયું નથી. આહા..! સમજાણું કાંઈ?

'**જેવું કહ્યું તેવું છે.**' સમજાણું? '**જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે.**' જેમ જળ પહેલું કહ્યું હતું ને માથે? જળ.. જળ. એ તો શુદ્ધ છે. એમ આત્મા જેવું દ્રવ્ય સ્વચ્છ ચૈતન્યજ્યોત પ્રકાશની મૂર્તિ ભગવાન '**સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે. આવી બુદ્ધિ જે રીતે ઊપજી...**' આવી બુદ્ધિ જે રીતે ઊપજી '**તે કહે છે...**' કહે છે, આવી બુદ્ધિ કેમ પ્રગટી? અને કઈ રીતે પ્રગટી? અને કોને પ્રગટી? કે '**જે કારણથી ગણધર-મુનીશ્વરોને પ્રતીતિ ઉપજાવીને,...**' શું કહે છે? ગણધરોને જે પ્રતીતિ ઉત્પન્ન થઈ એવી પુણ્ય અને પાપના મેલ વિનાની મારી ચીજ છે અને કર્મના સંબંધ વિનાની છે એમ પ્રતીત અને સમ્યગ્દર્શન થતાં ગણધરને જે પ્રતીત થઈ એવી પ્રતીતિ કરતું ઉત્પન્ન થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, અહીં તો ગણધર નાખ્યા ઠેઠ. આહા..! સભાના મોટા. '**पार्षदान्**' છે ને? '**पार्षदान्**' '**ગણધર-મુનીશ્વરોને...**' એટલે મોટી પદવીના મોટા નાયક. ગણધર ગણધર. તીર્થંકર પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય, ઈચ્છા વિના વાણી નીકળે ત્યારે ગણધરો હોય છે મોટા સંતોના નાયક. અનુભવી મહા ચાર જ્ઞાન (ધારક), ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરે. અહીંયા ભગવાન હતા ત્યારે બિરાજમાન હતા ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન ભગવાન પણ છે અને ગણધરો પણ છે. એવા ગણધરોને પ્રતીત જે થઈ એવી જ પ્રતીત અજીવથી જીવનો ભિન્ન

ભાસ થતાં એવું સમ્યગ્દર્શન પ્રતીત થતું પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'પ્રતીતિ ઉપજાવીને,...'** ગણધર જેવી પ્રતીતિ ઉપજાવીને. એમ કહે છે મૂળ તો. કહો, સમજાણું આમાં? સમ્યગ્દર્શનમાં ગણધરનું સમ્યગ્દર્શન અને એક પશુને સમ્યગ્દર્શન થાય, એ સમ્યગ્દર્શનમાં ફેર નથી. સમજાણું? **'જે કારણથી ગણધર-મુનીશ્વરોને પ્રતીત ઉપજાવીને. ક્યા કારણ પ્રતીતિ ઊપજી તે જ કહે છે-ચેતનદ્રવ્ય...'** ભગવાન આત્મા.. જેમ ગણધરદેવને જડ અને પુણ્ય-પાપના અસ્તિત્વો મેલ હોવા છતાં તેનાથી મારું શુદ્ધ નિર્મળ સ્વરૂપ ચૈતન્ય ભિન્ન છે એવું અનુભવમાં પ્રતીતિ ઉપજાવતું સમ્યગ્દર્શન પ્રગટ થયું. એવું જ બીજા બધા જીવને જીવપણું પ્રગટ થતાં **'ચેતનદ્રવ્ય અને જડડ-કર્મ, નોકર્મ-ભાવકર્મ તેમના ભિન્નભિન્નપણારૂપ...'** હું એક આત્મા. જડ શરીર, કર્મ જડ અને પુણ્ય-પાપના ભાવ અચેતન. એનાથી મારી ચૈતન્ય ચીજ જુદી છે. એમ અનુભવ કરતાં **'ભિન્નભિન્નપણારૂપ વિસ્તીર્ણ જ્ઞાનદૃષ્ટિથી.'** પુષ્કળ દૃષ્ટિ, વિશાળ દૃષ્ટિ. જેમાં આખા પૂર્ણાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ ફરી વળી. દૃષ્ટિની વિસ્તીર્ણતા કીધી. જે દૃષ્ટિ રાગ અને પુણ્ય, અજીવથી ભિન્ન પડીને દૃષ્ટિ વિસ્તાર આખો ભગવાન એમાં વિસ્તરી. એવી જ્ઞાનદૃષ્ટિ દ્વારા સમ્યગ્દર્શન પ્રગટ થયું.

**'જીવ અને કર્મનો ભિન્નભિન્ન અનુભવ કરતાં જીવ જેવો કહ્યો છે તેવો છે.'** આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન! જેમ જળ અને કાદવ એક દેખાય છે છતાં એક નથી, એક ક્ષેત્રે છે, ભાવે ભિન્ન છે. જળનું સ્વરૂપ તે કાદવરૂપે નથી અને કાદવનું સ્વરૂપ તે જળરૂપે નથી. એમ ભગવાન આત્મા એનું આનંદ અને જ્ઞાનસ્વરૂપ એ પુણ્ય-પાપના વિકલ્પ અને મેલરૂપે કદી થયું જ નથી. કર્મ તો જડ પદાર્થ છે એના રૂપે તો થયું નથી પણ વિકલ્પના પર્યાયનો મેલ અવસ્થારૂપે નિર્મળાનંદ પ્રભુ મેલરૂપે કોઈ દી થઈ નથી વસ્તુ. અરે..! સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ભગવાન એ જડ અને કર્મથી ભિન્ન દૃષ્ટિ કરતાં ભેદજ્ઞાન કરતાં. આવ્યું ને? ભિન્ન ભિન્નપણે. બિલકુલ રાગના અંશથી પણ ભગવાન ચૈતન્ય ભિન્ન છે. એવી ગણધરને જેમ પ્રતીતિ થાય એવી સમ્યગ્દર્શનની પ્રતીતિ લેતું આત્મદ્રવ્ય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? લ્યો, આ મંગળાચરણ કર્યું. અજીવ અધિકારનું મંગળાચરણ. પહેલો કળશ કહ્યો. આહાહા..! આ તો.. કહે છે ને? મોસાળ લગ્ન અને મા પીરસણે.

**શ્રોતા :-** પાટુડી આપે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. માલ માલ આપે. પાટુડી તો પછી. મોસાળ લગ્ન હોય ને મા હોય પીરસણે. ઈ બાકી રાખે? ખાનગીમાં સાટા-બાટા બધું આપે. નહોતો દાખલો આપ્યો? વર અને અણવર બધા ભેગા બેસે ને? એમાં એનો ભાણેજ હોય. ભાણે ખાવામાં પંચોળામાં. બધું આપે. એમ ભગવાન તીર્થંકરદેવને ઘરે આત્માને ઘરે લગ્ન માંડ્યા છે અહીંયા. સમજાય છે? એમાં કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય એ વાતના કહેનારા. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! ચૈતન્યપ્રભુ! તારી લગનીના લગન કોઈ જુદી જાતના છે, કહે છે. સમજાણું કાંઈ?

તેં માંડી લગનીના લગન પુણ્ય ને પાપ ને કામ ને ક્રોધ ને દયા ને દાનના વિકલ્પ સાથે. બાપા! એ તો તારા મરણ છે એમાં. એમાં જીવનું જીવપણું નથી.

**શ્રોતા :-** એટલા માટે તો આપ પધાર્યા છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એની ટીકા કેટલી સરસ કરી છે! જુઓને અહીં. ઈ ઉપરથી કહેવું છે અહીં. એક તો જાણે માલ ભર્યો છે અંદર અને એમાં વળી ટીકા કરનારા આવા મળ્યા. રાજમલ. સમયસાર નાટકના મર્મી. આહાહા..! એ આત્મા ગાયો છે એવો ઈ છે. છે એવો ગાયો છે. આ ગીતા છે આત્માની. સમજાણું કાંઈ? આ આત્માની સાચી ગીતા છે આ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા દેવ તીર્થંકર એણે જે આત્મા જોયો એના ગુણની આ ગીતા છે-કળશટીકા. સમજાણું કાંઈ? ફરીથી. કુદરતે થયું. નવનીતભાઈ વળી બોલ્યા ને થવા કાળે થયું. એમ જ છે ને બધું. એમાં નવનીતભાઈનો પહેલો અધિકાર છે. એમણે પૂછ્યું હતું. એમાં એ કુદરતે આવ્યું ન્યાં જંગલ જાતા. ભાઈને શાસ્ત્રનો બહુ ભાવ છે ને. ઘણો ભાવ, ઘણો ભાવ. એ નરમ માણસ છે. આમ શાસ્ત્ર અને તત્ત્વનો કેમ વિસ્તાર થાય.. એનું હૃદય જુદી જાતનું છે અને નરમ પાછા. દેખાવ-બેખાવ નહિ. એ તો ત્યાં જોયું હતું. એના શું કહેવાય આ? પાવર હાઉસ. ન્યાંના માણસો હું તો જોઈને દિંગ થઈ ગયો. એને શેઠ તરીકે નહોતા આદરતા, આમ બહુમાનથી આદરતા. પાવર હાઉસમાં જઈએ ને ત્યાં લોકો બિચારા આમ...

આ આત્માની વાતનો પ્રચાર, એના જ્ઞાન અને આનંદની ખાણ કોણ છે? આહાહા..! આ તો ગીતા વીતરાગની બહાર આવી છે અત્યારે. આમાં થોડામાં બધું ભરી દીધું છે. ગાગરમાં સાગર ભરે ને? એમ ૨૭૮ કળશમાં આચાર્યે તો ભર્યું હતું પણ ટીકાકાર રાજમલ અંદરથી નીકળ્યો. અંદરની દૃષ્ટિનો વિકાસ કેમ થાય અને થયો ત્યારે શું થાય, ખોલીને વાત મૂકી દીધી છે. આમ માને તો આમ થાય ને ઢીકણું માને તો (આમ થાય). જીવ, અજીવને માને, દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો સમકિત કહેવાય. અરે..! હાલ.. હાલ. શાસ્ત્રનો બહુ અભ્યાસ કરતાં કરતાં અભ્યાસ થાય માટે સમકિત થાય. ઈ તો ના પાડી. શાસ્ત્ર પર છે. એનો અભ્યાસ (નહિ), તારો અભ્યાસ કર અંદર. સમજાણું કાંઈ? અમુક ભાઈઓ ભેગા થઈને કરતા હતા. હવે બીજો કળશ એનો. પહેલો કળશ થઈ ગયો.

---

(માલિની)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः।।२-३४।।

ખંડાન્વય સહિત અર્થ :—“विरम अपरेण अकार्यकोलाहलेन किम्” (विरम) હે જીવ! વિરક્ત થા, હઠ ન કર. (अपरेण) મિથ્યાત્વરૂપ છે અને (अकार्य) કર્મબંધને કરે છે એવા (कोलाहलेन किम्) જે જૂઠા વિકલ્પો તેમનાથી શું? તેનું વિવરણ—કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ શરીરને જીવ કહે છે, કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ આઠ કર્મોને જીવ કહે છે, કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ રાગાદિ સૂક્ષ્મ અધ્યવસાયને જીવ કહે છે—ઇત્યાદિરૂપે અનેક પ્રકારના બહુ વિકલ્પો કરે છે. હે જીવ! તે બધાય વિકલ્પો છોડ, કેમ કે તે જૂઠા છે. “निभृतः सन् स्वयं एकम् पश्य” (निभृत्:) એકાગ્રરૂપ (सन्) થતો થકો (एकम्) શુદ્ધ ચિદ્રૂપમાત્રનો (स्वयम्) સ્વસંવેદનપ્રત્યક્ષપણે (पश्य) અનુભવ કર. “षण्मासम्” વિપરીતપણું જે રીતે છૂટે તે રીતે છોડીને. “अपि” વારંવાર બહુ શું કહેવું? આવો અનુભવ કરતાં સ્વરૂપપ્રાપ્તિ છે, તે જ કહે છે—“ननु हृदयसरसि पुंसः अनुपलब्धिः किम् भाति” (ननु) હે જીવ! (हृदयसरसि) મનરૂપી સરોવરમાં છે (पुंसः) જે જીવદ્રવ્ય તેની (अनुपलब्धिः) અપ્રાપ્તિ (किं भाति) શોભે છે શું? ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી; “च उपलब्धिः” (च) છે તો એમ જ છે કે (उपलब्धिः) અવશ્ય પ્રાપ્તિ થાય છે, કેવું છે જીવદ્રવ્ય? “पुद्गलात् भिन्नधाम्नः” (पुद्गलात्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (भिन्नधाम्नः) ભિન્ન છે—ચેતનરૂપ છે—તેજઃપુંજ જેનો એવું છે. ૨–૩૪.

## કલશ–૩૪ ઉપર પ્રવચન

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः।।२–३४।।

‘र्भाति किं’ના સાથે મૂક્યું છે શબ્દાર્થમાં. ‘र्भाति किं’ ભાસે, ભાસે ને ભાસે. ભાસે ન ભાસે એ પ્રશ્ન નથી એમ કહે છે. શું કહે છે? ‘विरम अपरेण अकार्यकोलाहलेन किम्’ ‘હે જીવ!’ ‘विरम विरम’ ‘વિરક્ત થા, હઠ ન કર,...’ હવે હઠ ન કર. એ.. હઠ ન કર હવે. અમે કહીએ છીએ કે આત્મા પુણ્ય-પાપ ને ભ્રાંતિ ને ભંગ ને શરીર, કર્મથી તદ્દન જુદો છે. હવે કોલાહલ (ન કર કે) આવો આત્મા હશે? રાગ કરનારો હશે? પુણ્ય કરનારો હશે? પાપ કરનારો હશે? કર્મ માનનારો હશે? આ રાગની મંદતા એ આત્મા હશે? તીવ્રતા એ આત્મા હશે? રાગનું ફરવું ચક્કર ફરે ઈ આત્મા હશે? એ આત્મા નથી. એવા

કોલાહલની ક્રિયાના ભાવથી હવે બંધ થઈ જા. વિરમ.. વિરમ.. વિરમ.

'**હે જીવ! વિરક્ત થા, હઠ ન કર,...**' ભાઈ! હઠ ન કર. અરે..! કંઈક આમથી પમાશે, હોં! કાંઈક રાગની મંદતા થતા થતા પમાશે (એવી) હઠ ન કર. એ આત્મા નથી. સમજાય છે કાંઈ? આવ્યું છે ને? ભાઈ! ઓલા આઠ બોલ, એની વાત કરે છે મૂળ. રાગની મંદતા તે આત્મા. એટલે? કેટલાક એમ માને છે કે રાગ અને કષાયની મંદતા થાય તો એનાથી આત્મા પમાય. એ આત્મા એવો છે જ નહિ. સમજાય છે કાંઈ? પહેલો શુભભાવ કરતાં કરતાં આત્મા સમજાય. કહે છે, હઠ ન કર. એવો આત્મા નથી. આહા..હા..! વિરમ, વિરમ, વિરમ. લાંછન ન દે ભગવાન આત્માને. એ તો સ્વલક્ષણે પ્રગટ થાય એવો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ચક્રવર્તીની તરવાર હોય છે એક હજાર દેવ સેવા કરે છે. ભરત ચક્રવર્તી આદિ. હજાર, હોં! પુણ્ય પણ ક્યાં જોયા છે એણે. પુણ્ય શું? આત્મા પવિત્ર શું છે એ જુદી (વાત) પણ એના પુણ્યના ફળ કેવા હોય (એ જોયા નથી). એક તરવાર, હજાર દેવ સેવા કરે. હીરાના થાંભલા હોય એના ઘરે. ચક્રવર્તીને હીરાના થાંભલા, હોં! અત્યારે છે ને એક? નહિ? કસોટીના થાંભલા. ક્યાં કીધું? મૂળબિદ્રી. કસોટીના. એક રાજા હતાં જગદેસાઈ છે. થાય છે. એ રાજા હતા પહેલા. અત્યારે દિગંબર છે ઈ રાજા છે. એક હજાર રૂપિયા વરખાસન મળે છે એને, રાજ તરફથી. એના ઘરે કસોટીના થાંભલા. અત્યારે બધું જીર્ણ થઈ ગયું. અમે ઉતર્યા હતા ત્યાં ઘરે જોવા લઈ ગયેલા. કસોટીના થાંભલા. ઓલાના હીરાના થાંભલા. એની એક તરવાર એવી હોય કે એક હજાર દેવ સેવા કરે. આમ મૂકે તો કાકડી કાપી નાખે એમ હીરાના થાંભલાને કાપી નાખે.

એમ આત્મામાં ભેદજ્ઞાનરૂપી તરવાર એવી છે, સજાવેલી એવી છે. પુણ્ય અને પાપ મારા એ માન્યતાને ભેદજ્ઞાનની તરવાર વડે ચીરી નાખ. વિરમ, વિરમ, વિરમ. આહા..હા..! ચીમનભાઈ! થોડું થોડું? શું કીધું હતું શેઠીએ? હળવે હળવે. કહે છે, એવી હઠ ન કર. રાગનો કષાયનો મંદ ભાવ પુણ્યનો એનાથી આત્મા પમાય એનો અર્થ કે એ આત્મામાં છે અને આત્માનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એને આત્મા કહે છે. હે જીવ! એમ આત્મા નથી. એ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ રાગની મંદતાથી પણ ભિન્ન છે.

'(अपरेण)' 'अपरेण' એટલે '**મિથ્યાત્વરૂપ...**' જોયું! 'अपरेण' એટલે તારા સ્વરૂપથી વિપરીત એવી મિથ્યાદૃષ્ટિ '**અને..**' '(अकार्य)' '**કર્મબંધને કરે છે...**' એ મિથ્યાત્વ અકાર્યને કરે છે. એ બંધનને કરે એ અકાર્ય છે, એ ખરું કાર્ય નથી. ઊંધી માન્યતાથી બંધનું કાર્ય કરે. '**એવા જે જૂઠા વિકલ્પો તેમનાથી શું?**' છોડી દે. શું કીધું? પુણ્ય-પાપના વિકલ્પે લાભ થાશે એમાં પડ્યો છો અને એનાથી અકાર્ય જે કર્મબંધન થાય છે.. સમજાય છે? એવા કોલાહલ. એવો કોલાહલ છોડી દે એકવાર, છોડી દે એકવાર. ભાઈ! કોલાહલ જૂઠા

વિકલ્પો છે. જૂઠા. આ વિકલ્પ, આ વિકલ્પ. આ ગુણી ને આ ગુણ ને આ ને આ. છે એવો છે પણ એના ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠાવે તો પણ કહે છે કે વિકલ્પ તે અકાર્યને ઉત્પન્ન કરે છે. અકાર્ય એટલે કર્મબંધન ઉત્પન્ન કરે છે. તે આત્માને ઉત્પન્ન કરતું નથી. આત્માનું કાર્ય એમાંથી ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ? ટીકા કેવી! અકાર્ય કોલાહલ. આહા..હા..! સમજાણું આમાં કાંઈ?

'**તેનું વિવરણ :—કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શરીરને જીવ કહે છે,...**' એટલે? કે આ શરીરની પર્યાય થાય એ આત્માથી થાય અને એનાથી આત્માને લાભ થાય. એ શરીરને જ આત્મા માને છે.

**શ્રોતા :-** જીવ હોય તો શરીર ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચાલે એની મેળાએ. જીવ હોય કે ન હોય, શરીર એની મેળાએ ચાલે છે. આ જડ છે આ તો. શું આત્માથી ચાલે છે આ? સમજાય છે કાંઈ? એ પરમાણુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિ છે રજકણમાં. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે કે એક એક પરમાણુમાં એક સમયના ત્રણ અંશ છે. એક એક પરમાણુનો પર્યાય એને કાળે ક્ષેત્રાંતર અને રૂપાંતર થાય. એને ઠેકાણે મારાથી થાય અને એના થવાથી મને લાભ થાય, એ શરીરને જ આત્મા માને છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** હઠ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હઠ રહેવા દે. આ શરીર કાંઈક સારૂં લોકો નથી કહેતા કાંઈક? પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે.. શું કહે છે? ઘેર ચાર દીકરા. ત્રીજું સુખ સુકુળની નાર અને ચોથું એની કોઠીએ જાર. જારે હોળી છે, સાંભળને. ન્યાં ક્યાં સુખ હતો? સમજાણું કાંઈ?

એમ અહીં તો કહે છે.. શરીરે સુખી તો સુખી સર્વ વાતે. એવું કાંઈક આવે છે ને? શરીરે દુઃખી તો સર્વ વાતે દુઃખી. ઓલું ગર્યું છે એટલે આવે છે અંદરથી. ઈ કહે છે કે, ભ્રમણા છે એમ કહે છે. જયચંદભાઈ! શરીરે સુખી તો સુખી સર્વ વાતે. એમ આવે છે કાંઈક. ધૂળમાંય નથી. એ મૂઢ જીવો શરીરને જ જીવ માની રહ્યા છે.

**શ્રોતા :-** એ તો એને બરાબર યાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ભેટે છે તો ખબર છે ને એને. ભ્રમણા કરી કરીને. હાય.. હાય..! અને દુઃખી થઈ ગયા, દુઃખી થઈ ગયા. શેને લઈને? આ રોગને લઈને. સારું (શરીર) હતું ત્યારે સુખી હતા? ધૂળમાંય નહોતા.

**શ્રોતા :-** લાગતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાગતા. લાગે એનો અર્થ શું? ભાન નથી તો લાગે કે અમે સુખી હતા. શરીર આમ સારું હોય, હરતું-ફરતું હોય. એ તો જડ ફરે, એમાં તને શું પણ?

સમજાણું કાંઈ? એ શરીરની અનુકૂળતાએ મને ઠીક પડે એમ માનનારા શરીરને જ આત્મા માને છે. સમજાણું કાંઈ?

**'કોઈ મિથ્યાદષ્ટિ જીવ આઠ કર્મને જીવ કહે છે,...'** આઠ કર્મ છે ને એ જ જીવ છે, બીજો વળી કર્મ વિનો બીજો જીવ કેવો? વળી કર્મથી છૂટો પડે ને ભિન્ન છે ને એમ નહિ. એ તો કર્મ સહિત હોય તે જ આત્મા. એનું નામ જીવ કહેવાય. કર્મ વિનાનો એકલો જીવ કહેવાતો હશે? ઈ કહે છે, અજ્ઞાની માને છે એને સમજાવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
જેને સુખી થવું હોય તેણે સુખ
સમૃદ્ધ એવો આત્મા કે જે સુખસ્વભાવનું
આલંબન જ પામે છે તેના આશ્રયથી સુખી
થવાય છે અને દુઃખનો નાશ થાય છે.
એવો સત્ય પ્રતીતમાં આવે છે
અને અસત્યની પ્રતીતનો નાશ થાય છે
આપા સત્યનું દેશથી ભાન થાય છે અને
અસત્યનો નાશ થાય છે. તેમજ સત્યમાં
સ્થિરતા થાય છે એમ અસ્થિરતાનો નાશ
થાય છે.

## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૧૦, રવિવાર, તા. ૧૧-૪-૧૯૬૫, કલશ-૩૪, ૩૫ પ્રવચન નં. ૩૬

સમયસાર કળશ ચાલે છે. એમાં આ અજીવ અધિકાર છે. જેને ધર્મ કરવો હોય એણે જીવ કેવો છે એવો જાણીને એની દૃષ્ટિ કરીને અનુભવ કરવો જોઈએ. જેને ધર્મ કરવો હોય, સુખી થવું હોય. અનાદિ કાળથી જીવનું વાસ્તવિક આત્માનું સ્વરૂપ શું છે એ જાણ્યું નથી. જાણ્યા વિના કોઈને કંઈ માનીને, કોઈને કંઈ માનીને અનાદિથી ચાલ્યો આવ્યો છે, મિથ્યાદૃષ્ટિમાં રખડી રહ્યો છે. તો કહે છે,... ત્યાંથી નીચે. ૩૪મો કળશ.

'**હે જીવ!**' ભો જીવ છે ને? કાલે શરૂ કર્યું ઈ. '**વિરક્ત થા,...**' હે આત્મા! હવે '**હઠ ન કર,...**' એ પુણ્ય-પાપના વિકલ્પો, શરીર, વાણી, કર્મ એ બધા મારા એવી માન્યતાથી જે અનાદિ કાળથી પડ્યો છો, એ હવે પક્કડ ન કર. એવો હઠ ન કર. ભગવાન ચૈતન્યસ્વરૂપ એક સમયમાં શુદ્ધપણે બિરાજમાન આત્મપદાર્થ, એમાં એ વિકલ્પના ભાગોનો ભાવ બિલકુલ એમાં છે નહિ. '**(अपरेण)**' એટલે મિથ્યાત્વરૂપ ભાવ એ આત્માના ધર્મસ્વભાવથી વિપરીત એવો જે મિથ્યાત્વભાવ એ '**(अकार्य)**' '**કર્મબંધને કરે છે...**' એ કાર્ય તારું નથી એવા કર્મબંધનને કરે છે.

'**એવા જે જૂઠા વિકલ્પો તેમનાથી શું?**' ભગવાન! એ આત્મા એક સમયમાં આનંદનું ધામ એનો અનુભવ કર્યા વિના આવા વિકલ્પની જાળથી તારે શું કામ છે? શું વિકલ્પની જાળ? કે '**કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શરીરને જીવ કહે છે,...**' કોઈ કહે છે કે આ શરીર-માટી એની ક્રિયા હું કરું છું આ બધી. અને આ જ શરીરની અવસ્થાથી મારું હળવે હળવે જીવપણું મને પ્રગટશે. એમ માનનારા મૂઢ...

**શ્રોતા :-** જીવતા શરીરથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! જીવતું શરીર ક્યાં? આ તો મડદું જડ છે.

એ પરમાણુનો પિંડ અજીવ એવા શરીરને જીવ કહે છે. એટલે કે એ શરીરની કોઈ પણ ક્રિયા એનાથી મારું કલ્યાણ થાય એમ માનનારા શરીરને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? એવા વિકલ્પની મિથ્યાશ્રદ્ધાથી બસ કર હવે. ભાઈ! તારું હિત અને તારા સ્વરૂપમાં એ શરીરની કોઈ ગંધમાત્ર નથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે બિરાજમાન પ્રભુ એના શરીરના સાધનથી કંઈ આત્માને લાભ થાય એવું છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ આઠ કર્મોને જીવ કહે છે,...**' એ આઠેય કર્મનું બંધન એ જ આત્મા. એટલે એનો અર્થ કે આઠ કર્મ વસ્તુ છે અને એ કંઈક ખસે, આઘા જાય તો

મને કંઈક લાભ થાય. એમ માનનારા આઠ કર્મને જ આત્મા માને છે. વસ્તુ છે, હોં! આઠ કર્મ. પણ એ ભગવાન ચૈતન્ય આનંદનું ધામ એમાં એ આઠ કર્મનો અભાવ છે. એને કારણે આત્મા અટક્યો છે એમ પણ નથી અને એ ખસે તો આત્માને લાભ થાય એમ છે નહિ. અહો..! એને દેહની ક્રિયા તો નહિ પણ આઠ કર્મની મંદતાનો અંદર ભાવ થાય અને એનાથી આઠ કર્મ મંદ પડે એનાથી પણ જીવને કંઈ પણ ધર્મ અને લાભ થાય એમ માનનારા આઠ કર્મને જ આત્મા માને છે. ઘણા કહે છે ને કેટલાક કે કંઈક કર્મનો ક્ષયોપશમ થાય, ઉઘાડ થાય તો અમે કંઈક ધર્મ કરીએ. હમણાં આવ્યું નહોતું? કોનું નહોતું લખાણ કાંઈક? કોને ઉપદેશ આપે? આવ્યું હતું ને આપણે? ઓલામાં આવ્યું હતું? વાંચનમાં નહિ? શું આવ્યું હતું? ઉપદેશ તો આત્માને કરે... શું હતું ઈ? કાંઈક અધિકાર હતો ખરો. એ આપણે વાંચનમાં આવ્યો હતો. કર્મને ઉપદેશ આપે છે કાંઈ? એ કાંઈક ન્યાય હતો અંદર. ભગવાન તો આત્માને (ઉપદેશ દે છે). કારણ કે આત્મા પોતે ભૂલ્યો છે. સમજાણું?

**શ્રોતા :-** નિમિત્ત કાર્ય કરતો હોય, શક્તિવાળો હોય, શક્તિ તો બધેય હોય, જેવા જેવા નિમિત્ત આવતા હોય એવું કરતા હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કંઈક છે.

આત્માને કર્મ છે એ કાંઈક શક્તિ આપતો હોય, સહાય આપતો હોય, મદદ કરતો હોય તો તો કર્મને કહેવું પડે કે ભાઈ! તું ખસ, એને શક્તિ મળે. અને છો ત્યાં સુધી તને એની ઊંઘાઈ છે. અથવા છે એનાથી તને કાંઈક લાભ થાય. તો તો એને કર્મને સમજાવવું પડે. પણ તારી શક્તિઓ જ પોતે સ્વભાવ છે એનું ભાન નથી અને તું તારી નબળી શક્તિની પર્યાયમાં તું પરિણમે છો. એ તારો પોતાનો વાંક છે. એને કહે છે કે ભાઈ! તારી સવળી શક્તિ અંદર પડી છે ને, બાપુ! બાદશાહ અનંત ગુણનો ધામ ચૈતન્ય છો ને. એની દૃષ્ટિ કર ને. તને ધર્મ થશે અને તને શાંતિ મળશે. કહો, સમજાણું કાંઈ?

'**કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ રાગાદિ સૂક્ષ્મ અધ્યવસાયને જીવ કહે છે...**' એટલે એ દયા, દાન, ભક્તિ આદિના પરિણામ થાય તો એમાંથી આત્માને કલ્યાણનો માર્ગ મળી જાય. આરામ મળે, વળી એક જણો એમ કહે છે. રાગનો શુભભાવ હોય તો વિશ્રામ મળે અને પછી થાકેલો ન્યાંથી થાક ઊતારીને અંદરમાં જાય. અરે..! ભાઈ! કષાયની મંદતા હો તે પણ વિકાર છે, એ રાગ છે. એ જીવના મૂળ સ્વરૂપમાં નથી. ભગવાન આત્મા ચૈતન્ય અને આનંદની જ્યોતસ્વરૂપ પ્રભુ, એમાં રાગની મંદતાથી કંઈ પણ કલ્યાણ અને આત્માની પ્રાપ્તિ થાય એવા માનનારા રાગને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? ભારે વાત. આહા..! કારણ કે જેમાં એની નજરનું અસ્તિત્વ છે કે આ રાગ કાંઈક મંદ પડે છે ને, કાંઈક એકત્વબુદ્ધિએ એમાં આ.. આ.. આ.. એનાથી મને કંઈક લાભ થશે. એમ માનનારા જીવના સ્વભાવને રાગમય માનનારા છે. એને ધર્મ અને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કાંઈક કારણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ કારણ-ફારણ જરીયે નથી. શેઠી કહેતા હતા ને? હળવે હળવે. શેઠી! અરે..! ભગવાન! એ તારી ચીજમાં ભાઈ! તને ખબર નથી. તારા અનંતા ગુણોના એક એક ગુણની શક્તિના સામર્થ્યને કેવળી પણ ક્રમે ક્રમે વાણીથી કહેવા માગે તો કહી શકે નહિ. આહા..હા..! એવું તારું ચૈતન્યધામ, એવો આત્મપદાર્થ છે એની નજર તેં કરી નથી. અને પરને લઈને મને લાભ થશે એમ અનાદિથી માન્યું છે. પરંપરા કંઈક કરશું. રાગને મંદ કરશું. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ કરશું. ક્રમે ક્રમે કાંઈક તો લાભ થાશે. એ માનનારા કહે છે કે એ કોલાહલ હવે બંધ કર, ભાઈ! એ રાગની મીઠાશના પ્રેમને લઈને તને આત્માની પ્રાપ્તિ થાય અને ધર્મ થાય એ હવે કોલાહલ છોડ. એ હઠ ન કર હવે. નવનીતભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાલભાઈ! કહે છે, હઠ ન કર હવે. હવે ન કર, બાપા! હઠ તો ઘણા કાળ કરી, હોં! આહા..હા..!

ભાઈ! શાસ્ત્રના અર્થમાંથી કાઢીને તેં આ વાતું કાઢી છે, હોં! કે ક્યાંક પણ શુભભાવ કરતાં કરતાં હળવો આત્મા થાય અને પછી સમ્યગ્દર્શન અને ભાન થાય, ભાઈ! તેં એવા હઠ તો અનંત વાર કર્યા છે. પણ એમાં કંઈ વળ્યું નથી. છોડ હઠને એકવાર. ભગવાન આત્મા એ રાગની મંદતાથી, વિકલ્પથી પાર અંદર છે. એવા ભગવાન ચૈતન્યની નજર કર અને રાગથી ભિન્ન પડીને શ્રદ્ધા કર તો તને આત્માનો અનુભવ થતાં શાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં મળશે. એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ઈત્યાદિરૂપે અનેક પ્રકારના બહુ વિકલ્પો કરે છે.**' અરે..! ભાઈ! ઈત્યાદિ ઘણા પ્રકારે. કોઈ પરંપરા કરશે. રાગ મંદ થશે પછી ભગવાન પાસે જાશું. રાગ મંદ કરીએ. પુણ્ય બંધાય (તો) સ્વર્ગમાં જાશું. સ્વર્ગમાં ગયા પછી ભગવાન પાસે જાશું. પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ન્યાં સમ્યગ્દર્શન પામશું. કેટલાક એમ કહે છે. ભાઈ! એ તારો મૂંઢનો આગ્રહ છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ હઠ છે. સમજાય છે? ભગવાન પાસે તો અનંત વાર ગયો. એવા શુભભાવ હતા. જેને કારણે પુણ્ય બંધાણા, એને કારણે ભગવાન જ્યાં બિરાજે છે, મહાવિદેહ ક્ષેત્રે ત્રણે કાળે ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા બિરાજે છે. અમુક મોક્ષ જાય તો બીજા નવા થાય. એવા અનાદિઅનંત ત્યાં તીર્થંકરો કેવળીઓ બિરાજે છે. એની પાસે અનંત વાર ત્યાં જન્મી આવ્યો. એ કંઈ ભગવાન પાસે ગયા માટે એને આત્મધર્મ થાય એમ છે નહિ. ઈ હઠ છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? એ પર પાસે-ભગવાન પાસે જાવું એ તો પુણ્યના ફળ છે. એ તો અનંત વાર ગયો. સમવસરણમાં અનંત વાર ગયો. ચાલે છે ને. જન્મ્યા પછી નવા લાકડાં ગૃહીત મિથ્યાત્વના કર્યા હોય એ ભગવાનના સમવસરણમાં ન

જઈ શકે. એ જ્યાં જાય ત્યાં ગૃહીત મિથ્યાત્વ એનું ટળી જાય પણ અગૃહીત અનાદિ કાળનું દયા, દાન વિકલ્પ શુભ કે દેહાદિ હું, એવી એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ લઈને ત્યાં સમવસરણમાં બેઠો હોય અને ભગવાનની વાણી સાંભળતો હોય પણ એને ભગવાન કહે છે કે તું રાગથી પર છો. એવા આત્માની અંદર નજર કર અને સંભાળ કર તો તને કલ્યાણ થાય. એ વાત એને બેઠી નહિ. સમજાણું કાંઈ?

**'ઈત્યાદિરૂપે અનેક પ્રકારના...'** ઘણા પ્રકારના. કોઈ કહે ને કરુણા કરીએ, કોમળતા કરીએ, પરમાર્થ કરીએ. જીવને પરમાર્થ કરીએ બીજાનો તો એનો આશીર્વાદ મળી જાય. ઘણાં જીવને આપણે મદદ કરીએ તો એના આશીર્વાદ મળે. બાલુભાઈ! શું થતું હશે? ધૂળમાંય આશીર્વાદ મળે નહિ. સાંભળને! આશીર્વાદ કઈ ચીજ હશે વળી? સમજાણું કાંઈ? કહે છે કે એવા વિકલ્પોની જાળું અનંત વાર એવા ભાવ કરીને એકત્વબુદ્ધિમાં પડ્યો છો. હવે તો હઠ છોડ, ભાઈ! આવા મનુષ્યપણા મળ્યા અને આ ટાણે કરવાના કાળ આવ્યા એ વખતે તું હઠ કરીને આ નહિ, આ નહિ, આ નહિ એમ પકડે છો તો **'હે જીવ! તે બધાય વિકલ્પો છોડ, કેમ કે તે જૂઠા છે.'** ભાઈ! તારી જાત અંદર આનંદ અને પરમાત્માની નાતની જાતવાળો તું અંદર છો. એવા ભગવાનમાં આવાં વિકલ્પ જૂઠા છે. એટલે કે એમાં નથી. અને એ વડે આત્માની પ્રાપ્તિ નથી. **'જૂઠા છે.'** આહા..હા..!

**'निभृतः सन् स्वयं एकम् पश्य'** હે આત્મા! **'(निभृतः)'** **'એકાગ્રરૂપ...'** થા. એ બધી ચિંતા છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ? ચિંતા છોડી દે. **'निभृतः'** એક વાર ચિદાનંદસ્વરૂપ ભગવાન, એને અંતર જોવા નિશ્ચિંત થા. એવા વિકલ્પોની જાળથી છૂટી જા. **'એકાગ્રરૂપ...'** **'सन्'** **'सन्'** એટલે **'થતો થકો...'** આત્માને પોતાના સ્વભાવ તરફની એકાગ્રતા હોતા થકા અને એવા વિકલ્પની જાળથી છૂટતો થકો **'(एकम्)'** **'શુદ્ધ ચિદ્રૂપમાત્રનો...'** એક ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન ચિદાનંદ આત્મા પોતે છે એવા **'શુદ્ધ ચિદ્રૂપમાત્ર...'** માત્ર શબ્દે રાગાદિ બિલકુલ એમાં નથી. એવો ભગવાન આત્મા અંદર તારું સ્વરૂપ છે. એને **'(स्वयम्)'** **'સ્વસંવેદનપ્રત્યક્ષપણે...'** આહા..! અરે..! એકવાર તું રાગ ને મનનું લક્ષ છોડ અને ચિદાનંદના પ્રત્યક્ષ જ્ઞાન વડે તેનો અનુભવ કર તો તને ખબર પડશે કે આત્મા કોણ ને ધર્મ કોણ ને ધર્મ કેમ થાય. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'(स्वयम्)'** **'સ્વસંવેદનપ્રત્યક્ષપણે...'** પરોક્ષથી ને શાસ્ત્રના ભણતરથી તને આત્મા પ્રાપ્ત થાય એમ છે નહિ. દુનિયાના અનેક ભણતરથી આત્માને કંઈ આગળ વધાય, આ દુનિયાના જાણપણાં નથી? લાયબ્રેરીઓ ખોલે છે વિદ્યાની, આ તે... કાલે કહેતા હતા, લાઈબ્રેરીના. મેં કીધું, અમારું કાંઈ... લાઈબ્રેરી ખોલો. હું શું કહું? અમારે તો આત્મધર્મ અને આત્મા સમજે એની વાત છે અહીં તો. નવનીતભાઈ! આત્મા વસ્તુનું જ્ઞાન એ ચીજ વિના જ્ઞાન જ્ઞાન કહેવાતું નથી. દુનિયાના ભણતર ને દુનિયાના ડહાપણ ને આ ફરવા જાય છે ને છોકરાઓ-

પર્યટન, પર્યટનમાં બહુ બુદ્ધિ મળે. ધૂળેય બુદ્ધો નથી, સાંભળને હવે. બધી મૂઢતા અને અજ્ઞાન છે. ચીમનભાઈ! બહુ ફરવા જાય કે નહિ? બધા સંચાનું જ્ઞાન લાવે, બુદ્ધિ લાવે. ન લાવે? બહુ ફરવા જાય તો છોકરો પાવરધો થાય. વિલાયત જોઈ આવે, જાપાન જોઈ આવે, બીજું શું હશે કીધું? અમેરિકા, આફ્રિકા. મોટા સંચા ક્યાં થાય છે મોટા મોટા? જોવા જાય. સ્વિટઝરલેન્ડ જોવા જાય. એઈ..! એના છોકરા ગયા છે. મલૂકચંદભાઈના. જોવા જાય, બહાર જોવા જાય. બધાના મગજ પાવરધા થાય, હુશિયાર.

**શ્રોતા :-** ઘડિયાળ બનાવવામાં હુશિયાર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય ઘડિયાળ કોણ બનાવી શકે છે? ત્રણ કાળમાં કોઈ બનાવતું નથી. અને એ સંબંધીનું જે જ્ઞાન એ તો મૂંઢ છે. આત્માને મૂઢ બનાવે તેવું એ જ્ઞાન છે. આહા..હા..! કહો, આ ડૉક્ટરને જ્ઞાન કેવું હશે?

**શ્રોતા :-** લોકોને ઉપકાર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ઉપકાર કરી શકતા નથી. કોણ ઉપકાર કરે પરનો? જગતની ચીજ એની છે એનાથી તેનું ટકવું ને બદલવું થઈ રહ્યું છે. બદલાવે કોણ અને ઉપકાર કોણ કરે? અજ્ઞાનીએ મૂઢે માની લીધેલી વાત છે. છોડ, છોડ આગ્રહ હવે તો. હું ઉપકાર કરી શકું છું ને પરનું કરી દઉં છું ને પરનું સારું કરી દઉં. છોડ રે છોડ, મહા પાખંડ દશા અને પરની ચિંતા છોડીને આત્મામાં આવી જા. જુઓને! આહા..!

**શ્રોતા :-** ડિગ્રી મળે અને મૂઢ કહો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડિગ્રા શેના? ડિગ્રીનો અર્થ ઉપાધિ થાય છે. ઓલા લખે ને? ઉપાધિ. નામ આવે છે. ડૉક્ટરને ફલાણી ઉપાધિ મળી. ઉપાધિ મળી. ન્યાં ક્યાં... ઉપાધિ. ભગવાનદાસ શેઠને બહુ ઉપાધિ મળે છે. સમાજ ભુષણ ને હમણાં કંઈક નવું પૂછડું આપ્યું. ન્યાં ઓલા ખર્ચ્યાને. કાંઈક આપ્યું ખરું, હોં! કાંઈક આપ્યું છે. છાપામાં આવ્યું હતું સામું. આપણે જૈનના છાપા વાંચીએ એમાંથી આવે. ધોઈ પીવા છે? કહો, સમજાણું કાંઈ? અહીંયા અભિનંદન આવ્યા છે, હોં! બતાવ્યું હતું તમારું અભિનંદન. છોકરાઓને બતાવ્યું, જુઓ! આ અભિનંદન. ધોઈ પીવાય આ? કીધું. ક્યાં ગયો જીતુ? કો'ક હતું ને? કોને બતાવ્યું હતું? આ આવ્યું છે ને? એક અહીં મૂક્યું છે. ચાંદીના પતરામાં. એમાં શું પણ? આત્માને લાભ શું આમાં? એ.. હિંમતભાઈ! આ અમારા હિંમતભાઈ હતા ત્યાં. અરે..! ભગવાન! બાપુ! તારી છાપ અને તારું અભિનંદન તો તારામાં છે. આહા..હા..! દુનિયા શું અભિનંદન આપે? એને તો ખબરેય નથી કે આત્મા કેવો છે. એ ખબરું વિનાના તને અભિનંદન શું આપતા હતા? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આત્માનું ભાન કરાવે તો અભિનંદન આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો શુભભાવ ભલે કરે પણ એમાં આત્માનું અભિનંદન તો

આત્મા કરે. એમ વાત છે. એ તો શુભભાવ છે. એમાં શું? સમજાય છે કાંઈ?

**'સ્વસંવેદનપ્રત્યક્ષપણે અનુભવ કર.'** આહા..હા..! અરે..! ભગવાન! તારામાં તો એકલો જ્ઞાનનો પ્રવાહ પડ્યો છે ને. ચૈતન્યના પૂરમાં પડ્યો તું આત્મા. એના ચૈતન્યનું પૂર તે આત્મા. એ પૂરના ઘોડાપૂર જ્યાં આવે ત્યાં માણસ જુઓને, માણસ ઊભો ન રહી શકે. આવે છે ને? ઘોડાપૂર એટલે સમજાણું? પાણીનું પાણીનું દળ આવે એમ ને એમ. આવું આટલું દળ આવે.

**શ્રોતા :-** ઘોડા જેમ દોડતા આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, દોડતો આવે એમ. કારણ કે અમારે કાળુભારમાં પાણી બહુ આવતું. બહુ છેટેથી વીસ ગાઉથી આવે. અહીં પાણીનો છાંટો પણ ન હોય વરસાદનો. છોકરાઓ રમતા હોય. આટલું દળ આવે પાણીનું. ભરતા ચારે કોરનું. ભરી ભરીને.. સમજ્યાને? શું કહેવાય? નેહરા. ઉપરનો વરસાદ, નેહરા ભરાય, ઓલા ભરાય. ઠેઠ આટલું ઊંચું પાણી, હોં! અહીં એક કાંકરો પણ ન હોય. અરે..! એથી આ તો ચૈતન્યના પૂર અનંત. કેવળજ્ઞાનના નૂર અને પૂર અંદર પડ્યા છે. આહા..હા..! આવડો આમ દેખાય ને! આવડો અને અરૂપી એટલે એને જાણે કે માહાત્મ્ય લાગતું નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર ચૈતન્યના નૂરના તેજના પૂર પડ્યા છે અંદર. કહે છે કે એકવાર તું એની સામું જો. અને રાગ ને વિકલ્પ ને મનને છોડીને એને પ્રત્યક્ષ જ્ઞાન વડે એનો અનુભવ કર. ત્યારે એણે આત્મા જાણ્યો અને આત્મા પ્રાપ્ત કર્યો અને ત્યારે એ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી થયો. કહો, જયંતિભાઈ! લ્યો, આવું સમકિત છે અહીંનું-આત્માનું. બહુ સમકિત સોંપી દે છે. ચોપડીમાં આપી દે, ચોપડી. સમકિત લીધું છે અમે ફલાણા મહારાજ પાસેથી. પણ મહારાજ પાસે સમકિત છે કે નહિ તને ખબર છે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ન હોય તોપણ આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આપે, ડાળિયા છે, ગોળ ભેલી છે તે કટકો આપે? મિથ્યાત્વના પોષણ છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં ચૈતન્યના પૂર જેમાં આનંદના કંદ ભગવાન આત્મા એની અંદરમાં જઈને રાગ વિના, મન વિના આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણ, એનું નામ સમ્યક્‌જ્ઞાન, એની પ્રતીતિ સમ્યગ્દર્શન, એમાં સ્થિરતા થઈ એ સમ્યક્‌ચારિત્ર. **'षण्मासम'** કહે છે, છ માસનો અર્થ તો છ માસ થાય છે. પણ શબ્દાર્થ ન લેતાં એનો આશય (લઈએ તો) છ માસ એટલે વિપરીતપણું છૂટે તેમ છોડ એનું નામ છ માસ. તમારા ભાઈ તર્ક કરતા હતા કે આમાં છ માસનું પહેલા છ માસ કરીને પછી આવો અર્થ કરવો હતો ને. એનો અર્થ કે છ માસ એટલે કે થોડો કાળ. થોડો કાળ એટલે કે જે તેં વિપરીત માન્યતા છોડી છે એને છોડીને આત્માના સ્વરૂપની દૃષ્ટિ કર અને અનુભવ કર તો તને સમ્યગ્દર્શન

થાય. ઈ વાત છે. છ માસની એક મુદ્દત આપી. સમજાણું?

'વિપરીતપણું જે રીતે છૂટે તે રીતે છોડીને.' 'अपि' 'વારંવાર બહુ શું કહેવું?' આહા..! **'આવો અનુભવ કરતાં સ્વરૂપપ્રાપ્તિ છે, તે જ કહે છે.'** સ્વરૂપપ્રાપ્તિ થાય ને થાય, એમ કહે છે. ભગવાન આત્મા અનાકુળ શાંત અને જ્ઞાનનો રસ એના સન્મુખની વારંવાર દૃષ્ટિ કરતાં અનુભવ થયા વિના ત્રણ કાળમાં રહે નહિ. થશે કે નહિ? હશે કે નહિ? થાશે કે નહિ? કહે છે કે એ સ્વરૂપના અનુભવની વારંવાર દૃષ્ટિ કર, એ પ્રશ્ન રહેતો નથી. સમજાય છે કાંઈ? કહે છે, **'વારંવાર બહુ શું કહેવું? આવો અનુભવ કરતાં...'** આત્મા ભગવાન એનું બહુમાન, બહુમાન સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, એના તરફનું જ્ઞાનની પર્યાયમાં વર્તમાનમાં જ્ઞાનમાં એ જ્ઞેયને પકડવા તરફનો ઝુકાવ અને એમાં ઠરવું, એવું કરતાં **'સ્વરૂપપ્રાપ્તિ છે,...'** સ્વરૂપપ્રાપ્તિ છે. સ્વરૂપપ્રાપ્તિ નથી એમ પ્રશ્ન નથી. જુઓ!

અહીં કહે છે, આ પ્રમાણે કરે એને પ્રાપ્ત થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? કહો, શેઠ! આ કાળલબ્ધિ ભેગી આવી ગઈ. કાળલબ્ધિ કાળલબ્ધિ કહેતા હતા ને? કહે છે કે પરમાત્માની નિજાનંદ સ્વરૂપનું પૂર એવા આત્મા તરફની વારંવાર દૃષ્ટિ કરતાં તારો અનુભવ થયા વિના રહેશે નહિ. તારો કાળ પાકી ગયો ધર્મ માટે. સમજાણું? ગોઠશે કેમ વારંવાર ન્યાં? એમ કહે છે. પુણ્ય ને પાપ ને બાહ્ય ચીજો ગોઠી છે તો અનંત વાર ત્યાં ને ત્યાં નજરું કર્યા કરે. આ આત્મા ગોઠે અને વારંવાર નજર કરે એને ધર્મ ન થાય એમ ત્રણ કાળમાં બને નહિ, એમ કહે છે. એમ માને કે પૈસા આપી દઈએ, લાવો ને દસ લાખમાંથી પાંચ લાખ એને ધર્મમાં આપી દઈએ. જો કાંઈક સમકિત ને ધર્મ થાતો હોય તો. પણ કોઈ એવો નીકળે કે દસ લાખમાં પાંચ લાખ છોકરાને રહે અને પાંચ લાખથી મારો મોક્ષ થાય. લાવ આપ. ધૂળમાંય થાય નહિ. સાંભળને! તારા પાંચ લાખ શું દસ લાખ તો જડ છે. પરજીવને હું આપું એવું અભિમાન તે મિથ્યાત્વ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ખબર નથી કે ક્યાં જાશું ને ક્યાં રહેશું? સમજાણું કાંઈ? આ આત્માની ચીજ સ્વતંત્ર સ્વયંસિદ્ધ વસ્તુ કોઈ કર્તા-હર્તા આત્માનો છે નહિ. કે કોઈ કર્તા થઈને એને આશ્રય આપે અને એની મહેરબાની થાય તો મુક્તિ થાય. એવું ત્રણ કાળમાં નથી. શું ઓશિયાળો આત્મા છે? એ તો સ્વતંત્ર સ્વયંસિદ્ધ તત્ત્વ છે. એવા અનંતા આત્માઓ સ્વયંસિદ્ધ તત્ત્વ છે. અણકૃત્રિમ અણકારાયેલા જગતના સ્વભાવસ્વરૂપ ભગવાન. એવો આત્મા...

કહે છે, **'આવો અનુભવ...'** વારંવાર આત્મા તરફ.. જગતની ટેવ કેવી પડી ગઈ છે કે રાગ કરવો. વગર ઓલે કેટલાક એમ પૂછે છે, વગર ઓલે અંદર રાગનો ભાવ આવ્યા કરે છે. વગર ઓલે ન આવે. અંદરમાં રાગમાં એકાગ્ર થયા વિના ને પરના પ્રેમ વિના વિકાર થાય નહિ. એની તને ટેવ પડી, જેની તને આદત પડી, તેનો તને અભ્યાસ થયો એટલે

એકદમ લાગે કે જાણે વિકાર તો એકદમ આવી જાય છે. એમ નથી. વિકાર પણ તું કરે તો થાય. નહિતર થાય નહિ. આત્મા તરફ ઢળતાં આત્મા કર્તા થઈને સ્વભાવનો અનુભવ કરે, સ્વભાવ તરફ ઢળે, અંતર વળે, વિકારની વિમુખતા કરે અને આત્માની પ્રાપ્તિ ન થાય એમ કોઈ દી બને નહિ.

'**ननु हृदयसरसि पुंसः अनुपलब्धिः भाति**' શું કહે છે? '**હે જીવ!**' '**ननु**'નો અર્થ કર્યો. '**हृदयसरसि**' '**મનરૂપી સરોવરમાં...**' અહીં મનમાં અંદર વિકલ્પ સાથે ઉઠતા હતા ને? કે આ ને આ. એવા '**મનરૂપી સરોવરમાં છે જે જીવદ્રવ્ય તેની અપ્રાપ્તિ શોભે છે શું?**' ભાષા જુઓને કરી છે. અરે..! ભગવાન! એ વિકલ્પાદિ પુણ્ય-પાપની રુચિ છોડીને ચિદાનંદ ભગવાન આત્મા એનો વારંવાર અભ્યાસ કર. શુદ્ધ સ્વરૂપની અપ્રાપ્તિ શોભે છે? બિલકુલ નહિ. પ્રાપ્તિ શોભે છે. સમજાણું કાંઈ? અંતરમાં ભગવાન અંદર મનથી વિચાર કરતાં, અંતરમાં જતાં એ હૃદયના જ્ઞાનસરોવરમાં પ્રભુ! અંતરમાં શું અપ્રાપ્તિ શોભે છે? શું અંતરમાં અનુભવ ને અંતરમાં બહુમાન કરતાં આત્માની શોભા અપ્રાપ્તિમાં ત્યાં રહે? બિલકુલ નહિ. પ્રાપ્તિની શોભા છે. મન નહિ, મનથી ખસીને મનની વાત કરી છે. મન પાસે જ્ઞાનસરોવર પડ્યું છે ને. ચિદાનંદ ભગવાન. એ જ્ઞાનસરોવરને અંતરમાં વાળતાં વારંવાર તેનો અભ્યાસ કરતાં શું અપ્રાપ્તિ છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા દેહના પરમાણુથી ભિન્ન, કર્મના આઠ રજકણથી જુદો અને શુભ અને અશુભ રાગની વિકૃત દશા, એનાથી જુદું તત્ત્વ એવા પરમાનંદ અને અનંત ગુણનો પિંડ પ્રભુ, એના ઉપર વારંવાર એની રુચિના વલણવાળો થાય અને એ અપ્રાપ્ત રહે એટલે મળે નહિ એમ કોઈ દી શોભે નહિ. કારણરૂપે આપવું નથી અને કાર્ય પછી થતું નથી એમ કહે છે. કહે છે કે ભગવાન આત્માના વારંવાર પ્રેમ અને પ્રીતિની રુચિથી અંતર વળતાં શું અપ્રાપ્તિ રહે? એ ન મળે એમ થાય? અને ન મેળે ઈ શોભા કહેવાય? મળે તે શોભા એની છે.

'**જીવદ્રવ્ય તેની અપ્રાપ્તિ...**' '(**अनुपलब्धिः**)'? એમ. '**अनुपलब्धिः**' મળે નહિ એમ? ઈ શોભે? મળે નહિ એમ શોભે? સમજાણું? સરોવર.. રાજા. એક હતા આરબ, આરબ. શું કહેવાય? વહીવટદાર. વહીવટદાર હતા. પછી નોકરી છૂટી ગઈ. બહુ રૂપાળા હતા અને હતા આરબ. ખાનદાન દેખાય. વ્યાખ્યાનમાં આવ્યા હતા ત્યાં એક ફેરી, બોટાદમાં. વ્યાખ્યાનમાં એ આવેલા, બોટાદમાં. નોકરી હતી ત્યારે. એના પહેલાની વાત છે. નોકરી છૂટી ગયેલી. પછી ગયા ભાવસિંહજી દરબાર પાસે. નોકરી નહિ એટલે ખાવું શું? ગયા. તો દરબાર કહે, કેમ આવ્યા છો? શું નામ કીધું? નામ. બાગજા. કેમ આવ્યા છો બાગજા? સાહેબ! દરબાર પણ ઓલાથી બોલાવે. બહુ રૂપાળો હતો. હતો આરબ પણ રૂપાળો બહુ. નાગર જેવો. લાંબુ શરીર. કેમ આવ્યા? સાહેબ! સરોવર હોય ત્યાં પંખી અને માણસ બેય જાય. એઈ..! શેઠ! દરબારે એમ પૂછ્યું કે કેમ આવ્યા? સાહેબ! સરોવર જ્યાં ભર્યા હોય ત્યાં પંખી અને

માણસ (જાય). શું છે? નોકરી છૂટી ગઈ છે. હુકમ કર્યો, જાઓ! વહીવટદારની પદવી આપો. સરોવરમાં ભર્યા હોય અને મળ્યા વિના રહે? પંખી ચાંચ નાખે અને સરોવરમાં પાણી ન મળે એમ બને? સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! ભાવસિંહજીની વાત હતી.

**'મનરૂપી સરોવરમાં...'** અહીંયા કહે છે. પરબારું લઈ લેવું છે. ભગવાન આત્મા અંતરના ચૈતન્યના સરોવરના ધામ પ્રભુ એના તરફના સમીપમાં આવે અને એ મળે નહિ એમ બને નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આપ પુણ્ય ને પાપ ને શરીર મારા ને આ મારા, પરમાં સુખબુદ્ધિ, રાગથી સુખ, મીઠાશ ને ધૂળમાં સુખ ને પૈસામાં.. એ તો આત્માથી વિમુખ થઈને પડ્યો છે. આત્માથી વિમુખ થઈને પડ્યો એને શી રીતે મળે એ? સમજાય છે કાંઈ? આ મજા ને પાપના પરિણામમાં મજા પડે છે અમને. ધૂળમાં લાભ? અજીવભાવ જીવથી વિરુદ્ધ ભાવમાં મજા પડે અને તને આની પ્રાપ્તિ થાય? પુણ્યભાવ થાય તો એને કલ્યાણ થાય. આહા..હા..! બહિર્બુદ્ધિમાં એમાં કલ્યાણ માન એને અંતર્મુખ થવાનો અવકાશ મળે? બિલકુલ ન મળે. એ **'શોભે છે શું?' 'અપ્રાપ્તિ શોભે છે શું?'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના અંતરમાં સ્વભાવની સમીપે અંતરમાં દૃષ્ટિને વાળતાં શું ન મળે તે શોભે? મળે, મળે ને મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

મોટે ઘરે જાય અને ના પાડે એમ બને? ન બને. અમે આશાથી આવ્યા. આવે. દાનનો એક આવ્યો હતો મોટો. મોટો ગૃહસ્થ. છાપામાં નામ એક ફેરી આવ્યું હતું. મોટો ગૃહસ્થ હશે. દાન લેવા આવ્યા. અને લેવા આવ્યા ત્યારે ઓલો બેઠો હતો, જરી બીડી પીતો હતો. બીડી પીતા ઓલું હોય ને? ઠુંઠુ નહિ પણ દિવાસળીનો થોડો ભાગ. એ પાછો નાખ્યો ખોખામાં. કટકો પડ્યો હતો એ નાખ્યો ઓલામાં. ઓલાને એમ થયું, આ શું આપશે? આ કટકો નાખ્યો. એટલે ઓલા કહે, સાહેબ! આપની આશા કરીને અમે આવ્યા છીએ. શું આશા છે? ભાઈ! શું આશા છે? કેટલું જોઈએ છે? શું જોઈએ છે? આપની ઇચ્છા પ્રમાણે. કારણ કે ઓલાને તો એમ હતું કે આ શું કરશે? કેટલા પૈસા જોઈએ છે? દસ હજાર જોઈએ છે? દસ હજારની હુંડી લખી દીધી. ઓલો કહે, આ! આ બનેલું છે, હોં! સમજાય છે કાંઈ? આપણને નામ-ઠામ કંઈ નહિ, ભાવ (યાદ રહે). લખાણમાં આવ્યું હતું. ઈ જાણે કે ૫૦૦-૧૦૦૦ આપશે માંડ. કેટલું આપણને (આપે)? આ બીડી પીવે ને અડધો ભાગ અહીં નાખે. માંગવું શું? માંગવામાં તો... કારણ કે આ સ્થિતિમાં જીભ વધારે ઉપડે પણ નહિ. સાહેબ! આપની ઇચ્છા હોય એ પ્રમાણે આપો. (ઓલાને થયું), આપણે ભૂલ્યા. આંકડો લાખનો બોલ્યા હોત તો લાખ આપત. ઈ ગયા ટાણા ગયા. લોભમાં ગયા. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા અંતર અનંત બળ, શાંત, જ્ઞાનાનંદ સ્વરૂપ એની પાસે જાય અને યાચના કરે ને મળ્યા વિના રહે નહિ. અઢળક મળે, કહે છે. આહા..હા..! સંપ્રદાન નામનો આત્મામાં ગુણ છે. દાન દેવાનો ગુણ આત્મામાં છે. કેવું દાન? અનંત શાંતિ અને આનંદથી

ભરેલું તત્ત્વ, એના પ્રેમમાં પડે એકાગ્રતામાં એને અનંત દાન દેવાનો આત્મામાં સ્વભાવ છે. આહા..હા..! આવો આત્મા! ધૂળ ને માટી ને બાયડી, છોકરા ને આ બધી હોળી બહારની. એ તો બધા અજીવ છે, સાંભળને! અંદરમાં શુભ અને અશુભ ભાવ થાય એ પણ અજીવ છે. એ ચૈતન્ય નહિ. એ તો વિકાર આંધળા ભાવ છે. ભગવાન એ પુણ્ય-પાપની પાછળ પડેલો પ્રભુ ચિદાનંદ જ્યોતિ (છે). કહે છે કે એના સમીપમાં, એના પ્રેમમાં એના આદરમાં, એના સત્કારમાં પરનો આદર છોડીને જા અને પ્રાપ્તિ ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહા..હા..!

શું આ શોભે છે? **'भाति'** એટલે શોભે છે શું? વળી એટલું કર્યું. **'શોભે છે શું?'** એમ. **'(किं भाति)'** કર્યું ને પાછું. **'(किं भाति)'** **'શોભે છે શું?'** એમ. **'(किं भाति)'**. **'किं'** નો અર્થ શું કર્યો. **'શોભે છે શું?'** ભગવાન ચિદાનંદ પ્રભુ મહાત્મ્યમાં જ્યાં સત્કારમાં અંતરમાં લીધો અને પ્રાપ્ત ન થાય એ શોભે છે શું? ભગવાન પાસે શોભે ઈ અશોભા? આહા..હા..! પણ એવી દૃષ્ટિ એણે અનંત કાળમાં કોઈ દી કરી નથી. મરી ગયો. સાધુ થયો ને આ વ્રત પાળ્યા ને ભક્તો કર્યો ને તપ કર્યો ને આ અપવાસ કર્યા ને ઓળી કરી, આ મહિનાના અપવાસ કર્યા. ધૂળેય નથી. સાંભળને હવે. એ તો બધી રાગની મંદતાની ક્રિયા પુણ્યબંધન થઈ જાય અને એને લઈને કોઈ ધૂળ મળે, આ પૈસા શેઠિયા, ધૂળના શેઠિયા કાં દેવ થાય.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ જ્યારે સમવસરણમાં દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ કરતાં હતા. એના શાસ્ત્રો રચ્યા એમાં આ ભણકાર ભગવાને કહ્યો છે એમ આવ્યું છે, એમ કહે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞપ્રભુ એની વાણીમાં ઈચ્છા વિના આવો ભાવ એમાં ભગવાનની વાણીમાં આવ્યો હતો. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી;...'** અપ્રાપ્તિ શબ્દ પડ્યો છે ને? **'अनुपलब्धिः'** એટલે આમ નકારથી લીધું. શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પવિત્ર આનંદકંદ ભગવાન, એના સન્મુખનો વારંવાર અભ્યાસ કરતાં એ **'શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી;...'** .. ઘૂંટ્યું છે. આવ્યું છે ને, ટાણે આવ્યું છે ને આ. કળશની ટીકા. **'च उपलब्धिः'** **'છે તો એમ જ છે કે અવશ્ય પ્રાપ્તિ થાય છે...'** **'છે તો એમ જ છે...'** કે જરૂર પ્રાપ્તિ થાય. ભગવાન પૂર્ણાનંદ પ્રભુના પ્રેમમાં જાય એકાગ્રતામાં અને વારંવાર એનો અભ્યાસ કરે અને પ્રાપ્તિ ન થાય (એમ બને નહિ). જરૂર પ્રાપ્તિ થાય. પહેલામાં નકાર કર્યો હતો. અપ્રાપ્તિ થાય? નહિ. પ્રાપ્તિ થાય. અનેકાંત કર્યું.

**'કેવું છે જીવદ્રવ્ય?'** ભગવાન કેવો છે આત્મા અંદર? **'पुद्गलात् भिन्नधाम्नः'** **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ભિન્ન છે...'** આ શરીરાદિ નોકર્મ માટી. અને જડ કર્મ આઠ. ભાવકર્મ-

દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધના ભાવ. એ ભાવકર્મ મેલ. એનાથી ભિન્ન ભગવાન છે અંદર. એને આત્મા કહીએ. ભિન્ન છે તો છે કેવો? **'ચેતનરૂપ છે...' 'धाम्नः' છે ને? 'ભિન્ન છે ચેતનરૂપ...'** એમ. ભિન્ન છે **'धाम्नः'**. ભગવાન આત્મા જુદો ચેતનરૂપ છે. **'તેજ:પુંજ જેનો, એવું છે.'** ચેતનનું રૂપ એટલે કે તેજનો પુંજ પ્રભુ, ચૈતન્યનો પુંજ એ તો છે. આરે..! રૂનું ધોકડું હોય ને આખું મોટું? એમ આ ચૈતન્યનું ધોકડું અંદર પુંજ છે. પણ કોઈ દી જોવાનો પ્રયત્ન કર્યો છે કે દી? બહાર ને બહાર, બહાર ને બહાર. આમ ને આમ ધર્મનું નામ આપે તો આ. મળી જશે ક્યાંકથી. સમજાણું કાંઈ? ભગવાન પાસે જાય તો (બોલે), 'હે શિવપદ અમને દેજો, દેજો રે મહારાજ' શેત્રુંજય જઈને. નિરુપદ્રવ આનંદકંદનું પદ તો તારી પાસે છે, એ તું જ છો. વળી પાસે શું? એવા પદની અંદર વારંવાર દૃષ્ટિ ને વિશ્વાસ, રુચિ ને પ્રેમ ને અનુભવ કરે તો તેજ:પુંજ એને લક્ષમાં, દૃષ્ટિમાં આવ્યા વિના રહે નહિ. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ કહેવાય છે.

---

(અનુષ્ટુપ)

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३-३५।।

**ખંડાન્વય સહિત અર્થ :—"अयम् जीवः इयान्"** (अयम्) વિદ્યમાન છે એવું (जीवः) ચેતનદ્રવ્ય (इयान्) આટલું જ છે. કેવું છે? **"चिच्छशक्तिव्याप्तसर्वस्वसारः"** (चित्-शक्ति) ચેતનામાત્ર સાથે (व्याप्त) મળેલા છે (सर्वस्वसारः) દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઈત્યાદિ અનંત ગુણો જેના એવું છે. **"अमी सर्वे अपि पौद्गलिकाः भावाः अतः अतिरिक्ताः"** (अमी) વિદ્યમાન છે એવા, (सर्वे अपि) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ જેટલા છે તે બધા, (पौद्गलिकाः) અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે એવા (भावाः) અશુદ્ધ રાગાદિરૂપ સમસ્ત વિભાવપરિણામો (अतः) શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુથી (अतिरिक्ताः) અત્યંત ભિન્ન છે. આવા જ્ઞાનનું નામ અનુભવ કહેવાય છે. ૩-૩૫.

---

## કલશ-૩૫ ઉપર પ્રવચન

૩૫. આ અજીવ અધિકારનો ત્રીજો અને સળંગનો ૩૫. એમ.

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३-३५।।

**ખંડાન્વય સહિત અર્થ :—'अयम् जीवः इयान्'** અરે..! આત્મા! તારી વિદ્યમાનતા

કેવી છે? **'વિદ્યમાન છે એવું ચેતનદ્રવ્ય...'** ભગવાન અંદર વિદ્યમાન હયાતી પદાર્થ મહા હોવાપણાંરૂપ ચૈતન્ય પદાર્થ. **'આટલું જ છે.'** કેટલો છે? કેટલો છે? **'चिच्छक्तिव्याप्तसर्वस्वसारः'** **'ચેતનામાત્ર સાથે મળેલા છે...'** એ તો જ્ઞાનસ્વરૂપથી એકાકાર છે. એટલો આત્મા છે. સમજાણું કાંઈ? **'ચેતનામાત્ર...'** ચેતવું.. ચેતવું. જાણવું-દેખવું, જાણવું-દેખવું એવી શક્તિમાત્ર એટલો તે આત્મા છે. પુણ્ય-પાપ વિકલ્પ, શરીર, વાણી-ફાણી એ આત્મા નથી. આહા..હા..! **'ચેતનામાત્ર...'** માત્ર શબ્દે શું છે? ચેતનામાત્ર એટલે જાણવા-દેખવાવાળો એકલો એમ નહિ. પણ ચેતનામાત્ર એટલે એનાથી જ્ઞાનને જાણવા-દેખવાથી વિરુદ્ધ એવો પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત એવું બતાવવા ચેતનામાત્ર કહેવામાં આવ્યું. બાકી ચેતના જાણવું-દેખવું આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા એવા અનંત ગુણનું ચેતવું એ સ્વરૂપે આત્મા છે. વિકાર પુણ્ય, દયા, દાન, વ્રત જેનાથી બંધન થાય એવો ભાવ એ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ આત્મા નહિ. .. હશે એવો ભાવ થાતો હશે? થયું નહિ? (સંવત) ૧૯૮૫માં વાત કરી. સભા મોટી સભા બોટાદમાં ૩૦૦-૩૫૦ ઘર તે દી હતા, અત્યારે વધી ગયા છે થોડા. આ તો ૮૫માં વ્યાખ્યાન ચાલતું હતું. મોટી સભા ત્યાં. એમાં કહ્યું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ધર્મ નહિ. રાડ નાખી ગયા. વેષધારીને ભારે આકરું પડે. મોઢું ભરાઈ જાય. તીર્થંકર થાય. એટલે એ તો ભાવ જાણે કેવો હશે? સાંભળને! એ તો શુભભાવ હોય એનું બંધન પડે છે. એ શુભભાવ છે. એ આત્મા નહિ. એ અનાત્મા (છે), વિકલ્પ છે એ અનાત્મા છે. અને એનાથી જડનું બંધન પડે છે. એ તીર્થંકરગોત્રનો ભાવ હોય જેને એને એ ભાવનો આદર હોતો નથી. આહા..હા..! 'સર્વ જીવ કરું શાસનરસિ' આવે છે કે નહિ? એમ ગડિયા ઘણાં બધા સાંભળ્યા હશે. નથી સાંભળ્યા? તમે તો જૂના માણસ. ન્યાં બહુ સાંભળવા જતા. 'સર્વ જીવ કરું શાસનરસિ' બધા આત્મધર્મ પામે અને 'એવી ભાવદયા મન ઉલ્લસી' ઓલો જાણે કે આહા..હા..! કહે છે કે એ ભાવદયા ઉલ્લસી એ વિકલ્પ છે, રાગ છે. લે.

આત્માને એવો વિકલ્પ હોય તે આત્મા નહિ. એટલે કે વિકલ્પ છે પણ એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આત્મા એનાથી રહિત સ્વરૂપ છે. એનો દૃષ્ટિ અને અનુભવ થાય તેટલો એને ધર્મ અને આત્મા કહેવાય છે.

**'ચેતનામાત્ર સાથે મળેલાં છે...'** **'व्याप्त'** કહ્યું ને? **'व्याप्त'** એટલે મળેલાં છે **'सर्वस्वसारः'**. **'सर्वस्वसारः'** **'દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઈત્યાદિ અનંત ગુણો જેના એવું છે.'** ભગવાન આત્મા જેમાં દર્શન-દૃષ્ટાપણું બેહદ પડ્યું છે. જ્ઞાન-જાણવું બેહદ અંદર પડ્યું છે. ચારિત્ર-સ્થિરતા-શાંતિ બેહદ પડી છે. સુખ-આનંદ-આહ્લાદ આત્મામાં આનંદ અંદર બેહદ અનંત પડ્યો છે. વીર્ય-આત્મબળ અનંત ગુણની રચના પર્યાયમાં કરે એવું બળ

પણ ભગવાન આત્મામાં અનંતુ અનંતુ બેહદ પડ્યું છે. '**ઇત્યાદિ અનંત ગુણો...**' અનંત ગુણ. ઓહો..હો..! સમજાણું કાંઈ? કેટલી સંખ્યાએ અનંત? એક જીવમાં એક આત્મામાં કેટલા અનંત? આકાશના અનંત અમાપ પ્રદેશથી અનંતગુણા ગુણો. સમજાણું? કોણ પ્રશ્ન કરતું હતું કે આમ ચારિત્ર..? તમે જ કરતાં હતા. દિશા.. દિશા. રાત્રે પ્રશ્ન શેઠ જ કરતાં હતા. ચારે બાજુ દિશા છે ને? ખાલી દસે દિશા. આ ચૌદ રાજ (લોક) બ્રહ્માંડ છે એ તો એક રાઈ જેટલો કટકો થોડો અસંખ્ય યોજનનો. ચૌદ બ્રહ્માંડ. ખાલી ભાગ, ખાલી ખાલી છે કે નહિ કાંઈક ખાલી? એમ પછી અમાપ અમાપ શું હશે પાછળ? વાડ વેલા હશે ક્યાંય બાંધેલા?

કહે છે, '**सर्वस्वसार:**' એમ શબ્દ લીધો ખરો ને? બધો સ્વ પોતાનો સાર. '**દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઇત્યાદિ...**' સ્વચ્છતા, અસ્તિત્વતા, પ્રભુતા એવી એક આત્મામાં અનંત શક્તિ અનંતી અનાદિથી પડી છે. એવા અનંતા ગુણો અનાદિથી આત્મામાં છે. એવા આત્માના અંતરમાં દૃષ્ટિ કરવી એને આત્માનું ભાન થાય, નહિતર થાય નહિ. કહો, સમજાણું કાંઈ? '**सर्वस्वसार:**' એનો સાર છે ઈ. '**अमी सर्वे अपि पौद्गलिकाः भावाः अतः अतिरिक्ताः**' '**अमी**' નામ '**વિદ્યમાન છે એવા,...**' વિદ્યમાન છે, હોં! હૈ. ઓલામાં છે હશે. છે. શું? પુણ્ય-પાપ વિકલ્પ છે. છે, નથી એમ નહિ. પણ એ પુદ્ગલ છે, આત્માના નહિ. પાછું કોઈ કહે કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. કાંઈ નથી. એમ નથી.

'**अमी**' ઓલું '**अमी**' પહેલા આવી ગયું હતું ને ક્યાંક બીજે? ક્યાંક આવ્યું હતું બીજે. '**વિદ્યમાન છે...**' સમજાણું? '**मज्जन्तु निर्भरममी**' (કળશ-૩૨). શબ્દ છે અંદર, જુઓ! ત્યાં પણ એ આવ્યું હતું. '**अमी**'. સમજાણું? '**निर्भरम**'. '**अमी**' બસ, ઈ જોઈએ. '**વિદ્યમાન છે એવા,...**' છે ને? '**अमी**' '**વિદ્યમાન છે એવા,...**' '**अमी**'નો અર્થ જ બતાવે છે કે આ. એમ. આ. એમ અહીંયા વિદ્યમાન છે. કોણ? પુણ્ય અને પાપના વિકલ્પ, શરીર, વાણી, મન, કર્મ. હો, હો. તે આત્મા નહિ. '**વિદ્યમાન છે એવા,...**' '**सर्वे**' અંદર જડ કર્મ છે આઠ. ઝીણાં કાર્માણશરીર. '**ભાવકર્મ...**' પુણ્ય-પાપના ભાવ. એ વિદ્યમાન છે. '**નોકર્મ...**' વાણી, શરીર વસ્તુ છે. '**જેટલા છે તે બધા, અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે...**' એ આત્માના નહિ, આત્માથી ઉત્પન્ન થયેલા નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અચેતન પુદ્ગલથી ઉત્પન્ન થયેલો ભાવ છે, એમ કહે છે. એઈ..! શેઠ! શેઠી! શું કહ્યું?

જે ભાવે તીર્થંકરબંધ પડે એ ભાવ પૌદ્ગલિકથી ઉત્પન્ન થયેલા છે. પુદ્ગલ નામ અચેતન છે. એમાં ચેતનનો પ્રકાશ નથી. એમ કહેવું છે ને અહીંયા? ચિત્શક્તિ વ્યાપ્ત છે કે નહિ? જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. વ્યાપ્ત એટલો આત્મા. એ રાગમાં જ્ઞાન વ્યાપ્ત નથી. જ્ઞાનમાં રાગ પેસતો નથી. રાગમાં જ્ઞાન પેસતું નથી. જ્ઞાન તો ભિન્ન રહે છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાન. એ અંધકાર જ છે. રાગમાં ચૈતન્યસ્વભાવનો પ્રકાશ ક્યાં વ્યાપ્ત છે? રાગમાં વ્યાપ્ત છે ચૈતન્યપ્રકાશ? કઠણ પડે શાસ્ત્રના ભણનારને. કોઈ દી સાંભળ્યું નથી શું છે. પણ એ ત્રણે ભાવ અચેતન

પરથી ઉત્પન્ન થયેલા એવા છે.

'**અશુદ્ધ રાગાદિરૂપ સમસ્ત વિભાવપરિણામો...**' એ તો કર્મના નિમિત્તે લક્ષ કરીને ઉત્પન્ન થયા એ બધા અચેતન જ છે. એ પરમાણુ નથી. પણ છે અચેતન. ચૈતન્યના-જ્ઞાનના પ્રકાશના અંશનું કિરણ એ રાગમાં નથી. સમજાણું કાંઈ? '**અશુદ્ધ રાગાદિરૂપ...**' રાગાદિરૂપ ઈ અશુદ્ધ છે એમ કહે છે. શુભ-અશુભ ભેળવવું છે ને બેય. શુભ-અશુભ એવા જે પુણ્ય-પાપના ભાવ એ બધા વિભાવ પરિણામ, એ અચેતન પુદ્‌ગલથી ઉત્પન્ન ભગવાન જ્ઞાનાનંદ ઘનથી ઉત્પન્ન થયેલા નહિ. એમ.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ છે એમાં બધું.

'(अतः)' એ '**શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુથી...**' એ બધા પુણ્ય-પાપ, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પો રાગ સમસ્ત અચેતન છે, ચેતન નહિ. શુદ્ધચેતનામાત્ર જીવ. ભગવાન આત્મા ચૈતન્યના નૂરથી ભરેલો ભગવાન એનાથી બધી ચીજ જુદી છે. પેલા તો કહે, ના, ના. હજી કર્મ સંબંધ છે, હજી આ છે ને ધૂળ છે. કેટલી રાડ્યું પાડે છે. શરીરનું નિમિત્ત સહકાર છે. નહિતર નિમિત્ત રહેતું નથી. હવે સાંભળને. શુભરાગનો સહકાર આત્મધર્મને માટે નથી. શુભભાવ છે માટે ચૈતન્ય નહિ. તો વળી શરીર-ફરીર તો ક્યાં રહ્યા તારા? એ ચૈતન્યના નૂર એવા જ્ઞાનથી '**અત્યંત ભિન્ન છે.**' જુઓ! '(अतिरिक्ताः)' '**અત્યંત ભિન્ન છે.**' કોણ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ આત્મા નહિ. અતિ જુદાં છે.

'**એવા જ્ઞાનનું નામ અનુભવ કહેવાય છે.**' લ્યો. આવા જ્ઞાનનું નામ, એવું જ્ઞાન અંતર થાય એને અનુભવ કહે છે અને તેને સમ્યક્‌જ્ઞાન અને ધર્મ કહે છે. એ સિવાય સમ્યક્‌જ્ઞાન અને ધર્મ હોતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૧૧, સોમવાર,**
**તા. ૧૨-૪-૧૯૬૫, કલશ-૩૬, ૩૭**
**પ્રવચન નં. ૩૭**

(માલિની)

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।४–३६।।

ખંડાન્વય સહિત અર્થ :—"आत्मा आत्मनि इमम् आत्मानम् कलयतु" (आत्मा) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય (आत्मनि) પોતામાં (इमम् आत्मानम्) પોતાને (कलयतु) નિરંતર અનુભવો. કેવો છે અનુભવયોગ્ય આત્મા? "विश्वस्य साक्षात् उपरि चरन्तं" (विश्वस्य) સમસ્ત ત્રૈલોક્યમાં (उपरि चरन्तं) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે—(साक्षात्) એવો જ છે, વધારીને નથી કહેતા. વળી કેવો છે? "चारु" સુખસ્વરૂપ છે. વળી કેવો છે? "परम्" શુદ્ધસ્વરૂપ છે. "अनन्तम्" શાશ્વત છે. હવે જે રીતે અનુભવ થાય છે તે જ કહે છે—"चिच्छशक्तिरिक्तं सकलम् अपि अह्नाय विहाय" (चित्-शक्तिरिक्तं) જ્ઞાનગુણથી શૂન્ય એવાં (सकलम् अपि) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મોને (अह्नाय) મૂળથી (विहाय) છોડીને. ભાવાર્થ આમ છે કે જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે, તેમાં કોઈ કર્મ ઉપાદેય નથી. વળી અનુભવ જે રીતે થાય છે તે કહે છે—"चिच्छशक्तिमात्रम् स्वं च स्फुटतरम् अवगाह्य" (चित्-शक्तिमात्रम्) જ્ઞાનગુણ તે જ છે સ્વરૂપ જેનું એવા (स्वं च) પોતાને (स्फुटतरम्) પ્રત્યક્ષપણે (अवगाह्य) આસ્વાદીને. ભાવાર્થ આમ છે કે જેટલા વિભાવપરિણામો છે તે બધાય જીવના નથી, શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ છે એવો અનુભવ કર્તવ્ય છે. ૪-૩૬.

---

સમયસાર કળશ છે. એનો અજીવ અધિકાર. એટલે કે આત્માના સ્વભાવમાં અજીવ નથી એમ અનુભવ કરવો એનું નામ ધર્મ છે. એ અધિકાર ચાલે છે. ચોથો કળશ છે, આમ સળંગ ૩૬મો છે.

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।४–३६।।

**ખંડાન્વય સહિત અર્થ** :—'**आत्मा आत्मनि इमम् आत्मान् कलयतु**' લ્યો, પહેલેથી આવ્યું. અરે..! આત્મા! તારે આત્માની પ્રાપ્તિ અને ધર્મ કરવો હોય એટલે કે અનંત કાળથી દુઃખની દશામાં રિબાયો, વેદાયો, ચાર ગતિમાં રખડે છો. એ દુઃખથી મુક્ત થવું હોય, ચાર ગતિમાં રિબાવાથી છૂટવું હોય તો આમ ધર્મ થાય એમ પહેલી સમજણ કરી લે. અને સમજણ કરીને પછી ધર્મ (કર). આત્મા વસ્તુ છે એનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. શી રીતે? કહે છે.

'**આત્મા અર્થાત્ જીવદ્રવ્ય...**' શબ્દાર્થ પહેલો. ભગવાન આત્મા એટલે જીવવસ્તુ. જે વસ્તુમાં અનંત અનંત જ્ઞાનાદિ અનંત ગુણ પડેલા છે. એવો આત્મા '**(आत्मनि)**' '**પોતામાં...**' એટલે શું? પુણ્ય-પાપના વિકલ્પ અને શરીરાદિ એ તો અજીવતત્ત્વ છે. એમાં નહિ. આત્મા જીવવસ્તુ છે ચૈતન્યપ્રકાશનું નૂર. આનંદનું ધામ ભગવાન આત્મા. એવો આત્મા પોતામાં એટલે કે અંતરનો શુદ્ધ સત્તા સ્વભાવ, એમાં. દયા, દાનાદિ વિકલ્પ એમાં નહિ. કારણ કે એ તો પુણ્યબંધનનું કારણ છે અને એ આત્મતત્ત્વ નથી. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ અને અનંત શાંત અને આનંદથી ભરેલો પદાર્થ, એને અહીંયા આત્મા કહે છે. એ આત્માએ પોતામાં પોતાની શુદ્ધ સત્તા પુણ્ય-પાપના રાગ વિનાની, એવી સત્તાના સ્વભાવમાં.

'**(इमम् आत्मान्)**' '**પોતાને...**' '**(कलयतु)**' '**નિરંતર અનુભવો.**' આહા..! ભગવાન! તારું સ્વરૂપ અંતર અતીન્દ્રિય આનંદ છે. એ આનંદને આત્મા કહીએ. પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર એ કંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને. આત્માને આત્મામાં અંતરના નિર્મળ નિર્વિકલ્પ શુદ્ધ વીતરાગી સ્વભાવ, એ દ્વારા આત્મામાં અનુભવ કરવો. '**નિરંતર અનુભવો.**' '**कलयतु**' છે ને? અભ્યાસવો. '**कलयतु**'નો અર્થ અનુભવવો. એનું નામ-અનુભવ કરવો-એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? ધર્મ કરવો પણ પહેલું શું કરવું ઈ શું? વજુભાઈ! પહેલું જ આ જાતની પહેલી સમજણ કરવી કે આ આત્મા જ પોતાના ચૈતન્યધામમાં જે વસ્તુ સ્વભાવ પડેલો છે, નિર્મળાનંદ પ્રભુ છે. એને અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા એટલે પોતામાં અંતરના સ્વભાવમાં અનુભવ નામ જેવો એનો સ્વભાવ છે એને અનુસરીને નિર્મળ અરાગી શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિએ પરિણમવું એનું નામ આત્માની શાંતિ અને ધર્મ છે. સમજાણું કાંઈ? પહેલામાં પહેલો અહીં ધર્મ છે, એમ હોં! અહીંથી પાછું. વળી બીજો કોઈ ધર્મ પહેલો અને પછી આ એમ નહિ.

**શ્રોતા** :- સમજણ કરવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજણ કરવી ઈ તો સમજણ કરવાનું કહ્યું. પણ ધર્મ એ નથી. આ શું છે આત્મા? વિકાર શું છે? પર્યાય શું? અવસ્થા જે ચાલે એ શું? એ અવસ્થાનું મૂળ શું? ગુણ. અને એ બધા ગુણનું મૂળ શું? દ્રવ્ય. એમ. અને રાગાદિ થાય છે દયા,

દાન, કામ, ક્રોધના એ આસ્રવતત્ત્વ વિકાર, દેહાદિ અજીવનું જ્ઞાન કરવું. પણ જ્ઞાન કરીને તેનું પ્રયોજન શું? ભગવાન આત્માને આત્મામાં આત્મા વડે પોતાને અનુભવવો. ઓહો..! પ્રથમ જ શરૂઆતમાં એ ચૈતન્યના સ્વભાવને અનંત બેહદ ભરેલું તત્ત્વ એનું માહાત્મ્ય કરીને અંતર્મુખ થઈને આત્માને અનુભવવો એટલે કે એવા આત્માના સ્વભાવમાં એકાગ્ર થાવું એનું નામ અનુભવ કહેવાય છે. સમજાય છે કાંઈ? અરે..!

**'કેવો છે અનુભવયોગ્ય આત્મા?'** એ ભગવાન આત્મા એને અનુભવવાયોગ્ય-લાયક, અનુભવવાને લાયક કેવો છે આત્મા? **''विश्वस्य साक्षात् उपरि चरन्तं''** **'કેવો છે અનુભવયોગ્ય આત્મા?'** **'(विश्वस्य)'** નામ **'સમસ્ત ત્રૈલોક્યમાં...'** **'(उपरि चरन्तं)'** એ તો બધા વિકલ્પ, શરીર, વાણી, મન એનાથી જુદો તરવરે છે એવો એ આત્મા છે. **'સર્વોત્કૃષ્ટ છે.'** એમ. રાગાદિ, વિકલ્પ આદિ, દેહાદિથી ભિન્ન ભિન્ન **'उपरि चरन्तं'** ભિન્ન રહેલું તત્ત્વ છે. એટલે કે રાગાદિ, પુણ્ય, દયા, દાન, શરીરાદિથી એ ભિન્નપણે, અધિકપણે, સર્વોત્કૃષ્ટપણે ઉપાદેય આત્મા છે. સમજાણું કાંઈ? વાત ભારે ઝીણી. હજી તો વાતું કરે કે દયા પાળવી, વ્રત પાળવા, ચોવિહાર કરવો, દાન કરવું સમજાય ઝટ દઈને. એ તો અનાદિનું અજ્ઞાન છે. સાંભળને હવે. આ કરું, આ કરું એ તો વિકલ્પ અને રાગ છે. એ તો કર્તાબુદ્ધિ ત્યાં મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. કહો, સમજાણું આમાં?

ભાઈ! તારે વાસ્તવિક યથાર્થ આત્માનો ધર્મ કરવો હોય, સત્ય સ્વરૂપે સત્યના પંથે જવું હોય, સત્ય સ્વરૂપે ભગવાન પૂર્ણાનંદની પર્યાય પ્રગટ કરી એવા ભગવાન સત્યના પંથે પડીને જે પૂર્ણાનંદ પ્રાપ્ત થયો એવો જ વાણી દ્વારા એવો સત્યનો પંથ આવ્યો. આ સત્યનો પંથ છે, ભાઈ! શુદ્ધ ચૈતન્યધાતુ જ્ઞાનાનંદ રસ આત્મા એની અંદરમાં એ પોતે કેવો છે? ત્રણ લોકમાં બધી ચીજથી જુદી ચીજ છે અને સર્વોત્કૃષ્ટ છે. ઓહો..! સમજાણું કાંઈ? બીજા આત્માઓથી પણ આ આત્મા ત્રણ લોકમાં સર્વોત્કૃષ્ટ છે. આહા..હા..! તારે માટે તો ભગવાન તું જ જ્ઞાનાનંદથી ભરેલો આત્મસ્વભાવ, એ તારે માટે તો સર્વોત્કૃષ્ટ છે. તારે માટે ત્રિલોકનાથ પરમાત્મા તારે માટે સર્વોત્કૃષ્ટ નહિ. સમજાણું કાંઈ? ઈ આ ભગવાન એમ કહે છે કે તારે માટે તું સર્વોત્કૃષ્ટ છો. તારે માટે હું નહિ, હોં! નવનીતભાઈ! આહા..હા..! કેમ કે જે કંઈ પૂર્ણ આનંદ અને શાંતિ એ તો ધામ તારું તત્ત્વ છે. હવે તારે સર્વોત્કૃષ્ટપણું પ્રગટ કરવું છે ક્યાંથી? એમાંથી. માટે તું જ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છો. એટલે શું કહ્યું?

પર્યાયમાં જે રાગ-દ્વેષ, દયા, દાન, પંચ મહાવ્રતાદિ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ વિકલ્પ ઉઠે એ ઉત્કૃષ્ટ વસ્તુ નથી. એ તો હિન વસ્તુ છે. એ આત્મા નહિ. એનાથી ખસીને ચૈતન્યમૂર્તિ એક સમયનો પૂર્ણ પ્રભુ એને આત્મા કહીએ અને એ ત્રણ લોકમાં સર્વોત્કૃષ્ટ એ જ એક ઉપાદેય છે. ઉપાદેય એટલે અંતરમાં તેનું ધ્યેય કરવા લાયક છે અને આશ્રય કરવા લાયક છે. આ ભાષા કઈ જાતની? ચીમનભાઈ! આવું ન્યાં સાંભળવા જાતા તમારા બાપ

ઈ આવું સાંભળવા જાતા હશે તે દી? નહોતું? એના બાપ હતા જરી ઓલા હતા-શોધક હતા. વાત સાચી. આહા..! પણ આ ક્યાં તત્ત્વ જ હતું? વાત જ આખી ફેરફાર, આખો ઉથલપાથલ માર્ગ.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે પરમસત્ય જે જોયું, જાણ્યું અને કહ્યું. આહા..હા..! વળી આજે એવું આવ્યું છે, રતનચંદજીનું. ભગવાને કહ્યું એમ કહીએ છીએ. એમ આવ્યું છે. ભગવાને દેખ્યું એમ કહીએ છીએ એમ ક્યાં આવ્યું છે? અરે..! ભગવાન! નિયત ઉથાપવા માટે. પણ એ તો ભગવાને દેખ્યું એ જ કહ્યું છે. જિનવરે દીઠું એ જ કહ્યું છે. આ કહે એમ નહિ. આહા..હા..! સર્વજ્ઞે કહ્યું એ જ હું કહીશ. આ પ્રતિજ્ઞા કેમ ન કરી કે સર્વજ્ઞે જે જોયું તે હું કહીશ? કહો, આ કઈ જાતનો પ્રશ્ન? આરે..! કાળ પણ આવ્યો છે ને એવો ઊંધો. સવળો પણ છે અને બધુંય છે. આહા..હા..!

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા, આત્માની પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ એવું જાણ્યું એવું વાણી દ્વારા આવ્યું. દીઠું એવું આવ્યું અને જેવું આવ્યું એવું છે. એને એમ કે ભગવાને દીઠું એવું કહું તો ભગવાન સર્વજ્ઞને (જોયું એ) નિયત થઈ જાય. ભગવાને અનેકાંત કહ્યું છે, એમ કહેવું છે મૂળ તો રતનચંદજીને. અનેકાંત એટલે કે નિયત પણ હોય, અનિયત પણ હોય. આઘુપાછું થાય તો એમ દેખે ભગવાન, સરખું થાય તો એમ દેખે. સરખું કોને કહેવું અને આઘુંપાછું કોને કહેવું? આહા..! એક બીજો કોઈક છે, એણે નાખ્યું છે. નિયત નહિ. બધા મંડ્યા છે. કાળનય. પણ વાંચ તો ખરો, અક્ષર તો ઉકેલ. અક્ષરમાં કઈ અપેક્ષા લખી છે? આહા..હા..!

કહે છે, આ ત્રણ લોકની અંદર તારો ચૈતન્યરસથી ભરેલો આત્મા. ચૈતન્ય એટલે ગુણ આદિ. એવો ભગવાન આત્મદ્રવ્ય વસ્તુ ત્રણ લોકને માટે તારે માટે તો સર્વોત્કૃષ્ટ એ ચીજ છે. બીજે ક્યાંય નજર કરવાની કે ધ્યેય કરવાની કે આશ્રય લેવાની જરૂર નથી. અને એ જ ઉપાદેય છે. એટલે કે ત્યાં નજર નાખવા જેવી છે, ત્યાં શ્રદ્ધા કરવા જેવી છે. એમાં જ આચરણ કરવા જેવું છે. સમજાણું કાંઈ?

'**(साक्षात्)**' છે. જુઓ! ભાષા કેવી કરી છે એણે? પ્રગટપણે આવે છે ખરું ને? '**स्फुटतरम्**' ત્યાં પ્રત્યક્ષ આવે છે એટલે અહીં જરી... '**साक्षात्**' એટલે? '**એવો જ છે,...**' એમ. સાક્ષાત્ એટલે એવો સર્વોત્કૃષ્ટ ઉપાદેય જ છે, એમ કહે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પછી વળી લેશે. આ તો એવો કેમ કીધું? સર્વોત્કૃષ્ટ વસ્તુ એક સમયમાં પૂર્ણાનંદ ભરેલો આત્મા એ જ ઉપાદેય છે અને એ એમ જ છે. એ બડાઈની વાત નથી પણ વસ્તુ જ એવી છે એમ કહે છે. આત્મા કહે તો આત્મા હજી એણે સાંભળ્યો નથી. કહો, સમજાણું આમાં?

કહે છે, **'विश्वस्य साक्षात् उपरि चरन्तं'** એનો અર્થ કર્યો કે આ ભગવાન આત્મા શરીર, વાણી, મન ને પુણ્ય-પાપ વિનાની ચીજ એને વસ્તુ સ્વરૂપે દ્રવ્ય કહીએ, પદાર્થ કહીએ એવો ભગવાન ત્રણ લોકની અંદર સમસ્ત ત્રણ લોક પાછું. વિશ્વ (એટલે) ત્રણ લોક. ત્રણ લોકમાં કોઈ બાકી (નહિ). આત્મા સિવાય બાકી બધું પર. એ આત્મા સર્વોત્કૃષ્ટ તત્ત્વ પોતે (છે). એ જ ઉપાદેય અને એ ઉપાદેય અને સર્વોત્કૃષ્ટ ઈ જ છે. **'એવો જ છે,...'** ઈ એમ જ છે. **'વધારીને નથી કહેતા.'** વાતને વિશેષપણે કહીને નથી કહેતા. કાંઈ હોય એને વધારે કહીને નથી કહેતા. આહા..હા..! ટીકા તે કેવી કરી છે, જુઓ તો ખરા! **'વધારીને નથી કહેતા.'** જેમ છે એનાથી થોડું વધારીને નથી કહી રહ્યા. અતિશય (કરીને નથી કહેતા). નહિ તો સ્તુતિમાં તો એમ હોય થોડું હોય એને વધારે કહીને કહે. આમ નથી, એમ નથી. એ ભગવાન જ એવો એક સમયમાં પ્રભુ ચિદાનંદ અનંત ગુણનો રાશિ પ્રભુ વસ્તુ એ ત્રણ લોકની અંદર તારે માટે સર્વોત્કૃષ્ટ ઉપાદેય એમ જ છે. એમ જ છે. અધિકપણે અને વિશેષપણે બીજું કાંઈ કહેતા નથી. સમજાણું કાંઈ? રતિભાઈ! આવું તો હજી કેટલાકે જિંદગીમાં સાંભળ્યું નહિ હોય. હવે સાંભળશે.

**'વધારીને નથી કહેતા.'** આહા..હા..! તને એમ લાગે.. આ કોઈ સાધારણ હીરો હોય અને પછી બહુ વખાણ કરે, બહુ વખાણ કરે.. ઓહો..! એમ નથી. આ તો વસ્તુ જ એક સમયમાં... આવવા દ્યો, આવવા દ્યો, રસ્તો કરી દ્યો. ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવે એમ એની વાણીમાં આવ્યું, હે આત્મા! તારી ચીજ જે છે એ સર્વોત્કૃષ્ટ દુનિયામાં તારે માટે છે, એ જ આદરણીય છે, એવું જ છે. એમાં અમે વિશેષ અને અધિક કાંઈ કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો આ ભગવાન આત્મા દેહના દેવળમાં પરમાણુના માટીથી જુદો. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે સાક્ષાત્ જોયો એવો જે અંતર આત્મા એ તારે માટે એ જ ઉપાદેય છે, એ જ સર્વોત્કૃષ્ટ છે, ત્રણ લોકમાં તું જ એકલો ઊંચો છો. આહા..હા..! સમજાણું કાંઈ? તારે માટે સિદ્ધ પણ સર્વોત્કૃષ્ટ નથી. સિદ્ધ તો પરદ્રવ્ય છે, પરવસ્તુ છે.

નિજ પરમાત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શક્તિ-સત્ત્વનો ભંડાર ભગવાન, જેમાંથી કેવળજ્ઞાન અને પરમાનંદની દશાઓ અનંત પ્રવહે, અનંત અનંત વહે એના અંદર સમુદ્રના દરિયામાં એવા પડેલા છે રત્નો કે એમાંથી સમયે સમયે કેવળજ્ઞાન, કેવળ આનંદ આદિ પ્રગટ્યા કરે એવો રત્નનો ભંડાર ભગવાન તું આત્મા (છો). તારે માટે ત્યાં ધ્યેય અને નજર કરવા જેવી છે. લાલુભાઈ! સાંભળ્યું પણ નહિ હોય આટલા વર્ષમાં કોઈ દી ક્યાંય ન્યાં. કરિયાણાના ધંધા... શું ધંધો છે? કાપડનો? કટલેરીનો. કટલેરી ને ફટલેરી બધી માથાકૂટ છે. એમ હશે કે નહિ? પ્રભુભાઈ! પ્રભુભાઈને લોઢાનો ધંધો છે. આહા..!

શું કહે છે? ભાઈ! તું શાંતિથી સાંભળ. અમે તારો આત્મા આવડો ને આવો ને સાક્ષાત્

ત્રણ લોકથી મોટો સર્વોત્કૃષ્ટ અને તે જ ઉપાદેય કહીએ છીએ એમાં જરીયે અધિક કહેતા નથી, બડાઈ કરીને કહેતા નથી, વિશેષપણે કહેતા નથી, અતિશયપણું નથી, વધારીને વાત કરતા નથી. નવનીતભાઈ! વધારીને વાત કરતા નથી. જેવું છે તેમ તને કહીએ છીએ. આહા..હા..! કેવો છે ભગવાન?

**'વળી કેવો છે?'** પાછી ભાષા લીધી છે ને? **''चारु'' 'સુખસ્વરૂપ છે.'** ચારુનો અર્થ તો મનોહર થાય છે. ચારુ એટલે મનોહર. મનોહર એટલે શું? એ તો **'સુખસ્વરૂપ છે.' 'चारु'** આનંદમૂર્તિ પ્રભુ છે. એના અંતર સ્વભાવમાં એકલો આનંદ અતીન્દ્રિય ભરેલો ભગવાન આનંદમૂર્તિ છે. આહા..! કેમ બેસે? એ આનંદ ગોતવા જાય ક્યાંક. સમજાય છે કાંઈ? ધર્મ ગોતવા જાય ક્યાંક કહો કે આનંદ ગોતવા જાય ક્યાંક કહો. આહા..! ભગવાન પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં આવ્યું, હે આત્મા! તું **'चारु'** છો, હોં! તું મનોહર છો, હોં! એટલે કે મનોહરનું કારણ વસ્તુ મનને હરે એ ચીજ શું? કે આનંદમૂર્તિ છો. આહા..હા..! ભાઈ! તારા સ્વરૂપમાં વર્તમાન તારી દૃષ્ટિ વિકાર પુણ્ય-પાપ અને પર ઉપર છે. એટલે એ વસ્તુ શું છે એવી તને દૃષ્ટિમાં આવતી નથી. પણ તું છો તો આનંદરૂપ, અતીન્દ્રિય આનંદ. અમને જે અતીન્દ્રિય આનંદ,... કેવળી પરમાત્મા કહે છે, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર, અમને જે અતીન્દ્રિય આનંદની પર્યાય અનુભવી અને પ્રગટ થઈ છે એવી એક પર્યાય નહિ, એવી તો પૂર્ણ અનંતી અનંતી પર્યાયનું સુખ આનંદરૂપ તું છો. આહા..હા..! સમજાણું કાંઈ? એવા આત્માનો અનુભવ કર તો તને ધર્મ થાય. બાકી ધર્મ-બર્મ ત્રણ કાળમાં વીતરાગ માર્ગમાં કોઈ રીતે થાય નહિ. બીજે તો છે નહિ. નવનીતભાઈ! બીજે તો મળે એવું નથી. એક વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજે ક્યાંય સત્ય માર્ગ છે નહિ. અંશેય સત્ય નથી. સમજાણું કાંઈ?

આ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં ધ્વનિ આવી દિવ્ય, મહા અર્ધલોકના સ્વામી ઈન્દ્રો બેઠા હતા સમવસરણમાં. હે આત્મા! તારે માટે તું અને તારે માટે મોટામાં મોટો પણ તું અને તારા માટે મનોહર અને આનંદરૂપ તે તું. તારામાં આનંદ ભર્યો છે, ભગવાન! તને ખબર નથી. તને ખબર નથી કે આ પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વિકલ્પમાં આનંદ છે એમ માને છો. ના, ના. એ શુભઉપયોગ થાય, દયા, દાન, કામ, ક્રોધ, શુભાશુભ પરિણામ થાય એ શુભભાવમાં આનંદ નથી. એ સર્વોત્કૃષ્ટ વસ્તુ નથી. એ ઉપાદેય વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન અંતર ચૈતન્યમૂર્તિનો કસ છે. એ આનંદનો ગાંઠડો આત્મા છે. અરે.. આ! અતીન્દ્રિય આનંદનો ગાંઠડો આત્મા છે. એકાકાર થઈને ગાંઠને ખોલ એટલે કે અનુભવ કર. આહા..! ભારે ધર્મની શરતું ભારે. મોંઘી એટલે લોકોને ઓલું જરી સોંઘુ પડી જાય ફટ દઈને. ધૂળમાંય હાથેય હલાવી શકતો નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! આ પરમાણુ માટી છે. જડ

છે, અજીવ છે. આ વાણીનો ધ્વનિ નીકળે ઈ આત્મામાંથી નહિ. આત્મા બોલે નહિ, આત્મા વાણીને બંધ કરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં એ શરીર આદિ (નથી). અહીં તો અજીવ નથી એમ સિદ્ધ કરવું છે ને. એ વાણી અને શરીર આત્મામાં નથી. અને પુણ્ય અને પાપનો વિકલ્પ ઉઠે એ આત્મામાં નથી. છે ત્યારે શું? અતીન્દ્રિય આનંદમૂર્તિ તું છો. સમજાણું કાંઈ?

ધર્મીનું ચિત્ત ક્યાંય લાગતું નથી. ભગવાન આત્માના આનંદ વિના ચિત્ત ક્યાંય ચોંટતું નથી. સમજાણું કાંઈ? ઉપરટપકે જરી વિકલ્પ આદિ આવે અને સંસારમાં રાજકુંવર આદિ રાજા હોય, આત્મજ્ઞાન થયું છે, ચિત્ત ક્યાંય ચોંટતું નથી. ચિત્ત ક્યાંય ઠરતું નથી, વિશ્રામ લેતું નથી. નવનીતભાઈ! ભગવાન આત્મા અતીન્દ્રિયની દૃષ્ટિ થઈ છે એટલે ચિત્ત ક્યાંય બહારમાં કામ કરતું નથી. એક કામ કરે તો વળી વળીને આ આત્મા, આ આત્મા અતીન્દ્રિય આનંદ એમાં એ કામ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! માણસ તો એમ પણ કહે કે આ ગાંડો થઈ ગયો કે શું? સમજાણું? ગાંડો છે. આમ સંસારમાં... આત્મજ્ઞાન, દૃષ્ટિ થઈ. આમ રાજા, રાણી બધા ખમા ખમા કરે. ઉપરટપકે આમ નજર કરે અને જોવે. ચિત્ત ઠરે નહિ ક્યાંય. કેમ છે આમ? બોઘા બાવલા જેવું કેમ છે? એવું લાગે, હોં!

મારો આનંદ મારી પાસે અતીન્દ્રિય છે. એમાં જ્યાં નજરું અને એકાગ્ર છે એને બહાર ક્યાંય એકાગ્ર થવાનું રહેતું નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિથી, હોં! ચોથા ગુણસ્થાનની અહીં વાત છે. સેઠી! આહા..હા..! રત્નોના મોટા હીરાના સિંહાસન હોય. શરીર પણ સુંદર ચક્રવર્તી આદિ બળદેવ આદિ રાજા હોય. મણિરત્નના પૂતળા દેખાય. ચિત્ત ક્યાંય ચોંટે નહિ. કેમ કે જેમાં જીવ નથી એમાં ચિત્ત કેમ જાય? આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એ ચીજો ચીજમાં છે, મારી વસ્તુમાં એ નથી. અને મારામાં છે એ એમાં નથી. એ ચિત્ત કેમ બહાર જાય અને ચોંટે કેમ? થાય અસ્થિરતા પણ એનું એકાગ્રપણું અંતરનું છૂટીને બહારમાં એકાગ્ર થાય એમ ધર્મીને બનતું નથી. આહા..હા..! ઈ એમ કહે છે. સમજાણું?

ઈ આનંદમૂર્તિ છે કહે છે. આહા..હા..! આનંદમૂર્તિ પ્રભુ ભગવાન, એની જ્યાં રુચિ ને દૃષ્ટિ ને સર્વોત્કૃષ્ટપણે જણાણો સમ્યગ્દર્શનમાં, સમ્યક્જ્ઞાનમાં એ ચિત્ત બીજે ક્યાંય કામ કરે નહિ. એ દુનિયાની દૃષ્ટિએ ગાંડો અને પાગલ જેવો લાગે. બુદ્ધિ-બુદ્ધિ કહેશે આ શું છે? ઈ બધા પાગલ દુનિયાના ધર્મીને પાગલ જેવા દેખાય. આમ બેઠા હોય. શું છે પણ? આખો ઉદાસ થઈને જાણે બેઠા છે. શોક છે ઘરે? મરી ગયું છે કોઈ? સાંભળને હવે. બાલુભાઈ! લહેર કરીએ અને ધડાકા-ફડાકા ઉડાવીએ. સાંભળ, બાપા સાંભળ, ભાઈ! એ તો તારું મૃત્યુ (છે). રાગ અને દ્વેષના ભાવમાં હોંશ અને હરખ એ તો તારું મૃત્યુ છે. એ તારા જીવન નહિ. સમજાય છે કાંઈ? એ શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો આવે એમાં એકાકાર (થાય) એ જીવનું મૃત્યુ છે. તને ખબર નથી. જીવ એમાં ન હોય. ન હોય એમાં હોંશુ

એ જીવનું મૃત્યુ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આવો પણ ધર્મ કઈ જાતનો હશે? ઓલા તો કહે, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય... તસ્સ મિચ્છામી દુક્કડમ. ... વોસરે. અરે..! સાંભળને! એ તો શુભરાગની વાતું છે. વિકલ્પ હોય એની વાત છે.

વસ્તુનું સ્વરૂપ જે છે એમાં એ વિકલ્પ પણ નથી અને વાણી પણ નથી. એવા ભગવાન આત્મામાં એકલું સુખ 'चारु' છે, 'चारु' છે. એ તો બહુ મનોહર છે, કહે છે. તારું ચિત્ત ચોંટે એવી એ ચીજ છે, કહે છે. આહા..હા..! સાકરમાં માખી જાય ને? ચોંટી જાય. ફટકડી ઉપર જાય. શેર ફટકડી હોય ત્યાં ચાખે તો સ્વાદ ન લાગે. સાકર નાનો ગાંગડો હોય પણ ચોંટે. છોકરાને આપ્યો હોય. એક ગાંગડો ખાધો હોય અને બીજા ગાંગડે હાથ અડ્યો એટલે જરી લીલો થઈ ગયો હોય. એટલે જરી એની પાંખ પણ ચોંટી ગઈ હોય. ઈ ગાંગડો લેવા જાય તો પાંખ પણ ભીંસાઈ. પણ ચોંટી છે ને (એટલે) ક્યાંય ચિત્ત ખસતું નથી.

એમ ધર્મીને આત્મા શુદ્ધ આનંદમૂર્તિ એવું ચિત્તમાં ભાસ્યું છે એટલે ધર્મીનું ચિત્ત જગતમાં ક્યાંય બીજે ચોંટતું નથી. આ પ્રતિકૂળતાની ભીંસ પડે તો પણ ત્યાં એનું ચિત્ત જાતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? દુનિયામાં નિંદા ચાલે, કોઈ એવા પ્રતિકૂળ થાય. હો, એ તો જગતની રમતું છે બધી. પૂર્વના પાપના ઉદયના બધા પ્રસંગના નાટકો છે. એમાં આત્મા નથી. આહા..હા..! જ્યાં નથી ત્યાં એની નજરું કેમ હોય? અમે તો સુખરૂપ આનંદ છીએ. અમારા આનંદમાં... અહીં આચાર્ય કહે છે, ભગવાન! તારે ક્યાંય મનને દેવા જેવું નથી. મનને દેવા જેવું એટલે ચોંટાડવા જેવું હોય તો તારામાં આનંદ છે ત્યાં છે. આહા..હા..!

**'વળી કેવો છે?'** ''**परम्**'' '**परम्**' છે. કેવો છે આનંદ પણ? એ '**શુદ્ધ સ્વરૂપ છે.**' '**परम्**' એટલે? પુણ્ય-પાપના વિકલ્પના આસ્રવતત્ત્વ જે અજીવભાવ, એનાથી '**परम्**' એ શુદ્ધ સ્વરૂપ છે. અશુદ્ધતાથી ભિન્ન શુદ્ધ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? હજી આત્મા એવો એને દૃષ્ટિમાં લઈને અનુભવ કરવો એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું છે. ભગવાનજીભાઈ! વાતું પણ બીજી નીકળી આ. બીજી નીકળી? ભગવાનજીભાઈ કહે છે. ઘણી રૂઢિથી સાંભળ્યું હોય વર્ષોના વર્ષો, એમાં આવી વાત આવે એટલે આ તે કઈ? ભગવાન! તને ખબર નથી. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગનો માર્ગ આ છે. સમજાણું? તેં વીતરાગ માર્ગને સાંભળ્યો નથી. અજ્ઞાનીના માર્ગને વીતરાગનો માર્ગ કલ્પીને ચાલી નીકળ્યો છે. વીતરાગ માર્ગ એટલે? રાગ અને ઈચ્છા વિનાની જે ચીજ વસ્તુ છે આત્મા એને ધ્યેય કરીને એકાગ્ર થવું એનું નામ વીતરાગ માર્ગ છે. બાલુભાઈ! આટલા વર્ષમાં સાંભળ્યું પણ ન હોય ત્યાં. કોણ ત્યાં કહે? ત્યાં તો કહે, આ કરો. પરની દયાઓ પાળો, આમ કરો, લીલોતરી ન ખાવો, ચોવિહાર કરો. હવે કોણ કરે? સાંભળને. એ તો જડની પરની ક્રિયા છે. તારો રાગ એમાં કદાચ મંદ હોય તો એ પુણ્યબંધનું કારણ છે. જ્યાં નજર નાખવી એ કોણ છે એની તો ખબર નથી. નિધાન તો તેં જોયા નથી અને નિધાનનું માહાત્મ્ય પણ તને આવતું નથી. ખોદવું ક્યાં?

પુણ્ય-પાપના પરિણામમાં ખોજવા જાય તો ત્યાં તો વિકાર અને મેલ છે. શરીર આ તો માટી જડ છે, ધૂળ છે. સમજાણું કાંઈ? હાય.. હાય આ?

આઠ આઠ વર્ષના રાજકુંવરો આવી વાત સાંભળીને ચાલી નીકળતા હતા, લ્યો. આહા..હા..! અરે..! અમે આનંદને ખોજવા નીકળ્યા છીએ.

**શ્રોતા :-** ગિલ્લી-દંડે રમતા રમતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગિલ્લી-દંડે રમતા રમતા. બાલુભાઈ! આવે છે ને એ? કોણ? રવિકુમાર કેવા? રવિકીર્તિ. ઋષભદેવ ભગવાનના ભરત ચક્રવર્તીના જે સેનાપતિ હતા, કેવા? જયકુમાર સેનાપતિ. ચરમ શરીરી, હોં! એની સ્ત્રી સુલોચના. સુલોચનાને? ઈ પૂર્વે ભવમાં બે ભેગા હતા. કાંઈક કબૂતર અને કબૂતરી હતા. પછી એને આ ભવમાં એમાંથી ભાન થઈ ગયું બેયને કે અહો..! અમે પૂર્વે કબુતરી અને કબુતર હતા. એમાંથી ભાન થઈને... પછી તો બહુ પુણ્યવંત હતા. ભરતના સેનાપતિ મોટા છન્નુ કરોડ પાયદળના સેનાપતિ. પણ વાણી સાંભળીને જ્યાં ચૈતન્યના નિધાન ભગવાને જણાવ્યા, અરે..! નાથ! તારું નિધાન તારી પાસે છે. આ સેનાપતિપણું નહિ. આહા..હા..! અંતરના ભાન થઈ અને નગ્ન દશા થઈ, આત્માને સાધવા નીકળી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ સાધુ. અંતરના ભાન થઈને પછી અંતરમાં સ્વરૂપમાં લીનતા આડે કંઈ સૂઝ પડે નહિ. સમજાણું? બહાર વિકલ્પ આવે તો ખેદ લાગે. પંચ મહાવ્રતના પરિણામ આવે એ ખેદ લાગે. ભીક્ષા માટે જાવું આહારને માટે વિકલ્પ એ દુઃખ લાગે. એવો ભગવાન આત્મા અતીન્દ્રિય એના પ્રેમમાં-પ્રીતિમાં-એકાગ્રતામાં એટલો આનંદરસ સંતોને હોય છે કે જેના ચિત્ત ક્યાંય ચોંટતા નથી. સમજાણું કાંઈ? એ નીકળી ગયા. રમતા હતા, પછી સાંભળ્યું. ભરતના પુત્રો ૧૦૮ હતા. ૧૦૮ને? આમ રમતા હતા. ગેડી-દડે. એ તો મણિ રત્નની ગેડીઓ અને રાજકુમાર અઢાર વર્ષના મણિરત્નની પૂતળી (જેવા). શું થયું? સેનાપતિએ દીક્ષા લીધી. ઓહો..! આ રમતું મેલ હવે. સમજાય છે? આવે છે ને તમારે ત્યાં?

'રાણા રમતું મેલ આ કટક આવ્યું કિનારે'. રાણપૂર છે ને? કિનારે છે, નાનું ગામ છે. રાજા હતો. પછી લશ્કર મોટું ચડી આવ્યું. આ તો રમે સોગઠે. એલા પણ ક્યાં સુધી હવે? 'રાણા રમતું મેલ આ કટક આવ્યું કિનારે'. આ જો આવ્યું, મારશે. પછી ઊભો થયો પણ પછી અંતે ત્યાં કીધું, જો ભાઈ! ન્યાં ઓલો પડે, ધજા હેઠે પડે તો હું મરી ગયો સમજજે. કો'કે ધજા હેઠે નાખી તો રાણીઓ પડી કૂવામાં. છે ને કૂવો? માથે કૂવો છે. ભમરીયો કૂવો, જે હોય ઈ. હડાક હડાક (પડી). કારણ કે મુસલમાનને વશ થઈ જશું.

એમ અહીં કહે છે કે હે રાણા બાદશાહ આત્મા! હવે રાગની રમતું મૂક, બાપા! સમજાણું કાંઈ? એ રાગની રમતુમાં ઝેરના અનુભવ છે, ભાઈ! તારા આનંદનો ગંજ પડ્યો છે ભગવાન. એને ચૂસવા એક વાર તો જો, ચૂસ તો ખરો. એ વળી શું હશે આત્માને ચૂસવો? આઈસક્રીમની

લગડી હોય મોટી, ચૂસે કુલ્ફી-બુલ્ફી. આ શું હશે? ભગવાન! એ આનંદનો કંદ છે. એને પુણ્ય-પાપની રુચિ છોડીને એમાં એકાગ્ર થાય એ આનંદનું ચૂસવું એટલે વેદવું છે. એ આનંદનું અનુભવ-વેદન-તેને ધર્મ કહેવામાં આવે છે. એમાં આનંદ છે, દુઃખ નથી. અરે..! આ મહાવ્રત પાળવા પડે, અમારે બ્રહ્મચર્ય પાળવું પડે, ઉઘાડે પગે ચાલવું પડે. અરે..! હાલ.. હાલ. તને ધર્મ શું છે એની ખબર નથી. સમજાણું કાંઈ? કહે છે, એ તો શુદ્ધ સ્વરૂપ ભગવાન અંદર છે. એની નજરું અને એમાં એકાગ્રતા થતાં તો આનંદ આવે. એને ધર્મ કહે છે.

'**વળી કેવો છે?**' ''**अनन्तम्**'' અનંત એટલે અંત નથી. અહીં બીજો (અર્થ કર્યો છે) શાશ્વતની અપેક્ષાએ એ તો શાશ્વત વસ્તુ છે. છે.. છે.. છે. સત્‌સ્વરૂપ છે. છે એ તો શાશ્વત છે. એમ ને એમ છે. આદિ અંત વિનાની ચીજ જ છે આખી. શાશ્વત ધ્રુવ તારો છે. '**શાશ્વત છે. હવે જે રીતે અનુભવ થાય છે તે જ કહે છે—**' એનો અનુભવ કરવો આવા આત્માનો. સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા એનો અનુભવ કરવો. એનું નામ મોક્ષનો માર્ગ છે. કેવી રીતે અનુભવ થાય છે? ''**चिच्छक्तिरिक्तं सकलम् अपि अह्नाय विहाय**'' '**જ્ઞાનગુણથી શૂન્ય...**' આ જ્ઞાન જ્ઞાન એટલે અંદર જાણપણું છે ને જ્ઞાન, એ ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય તે આત્મા. એનાથી '**શૂન્ય એવાં સમસ્ત દ્રવ્યકર્મ...**' આઠ કર્મ જડ માટી જ્ઞાનાવરણીય '**ભાવકર્મ...**' દયા, દાન, પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ. અને '**નોકર્મ...**' એટલે આ વાણી અને શરીર. એને '**(अह्नाय)**' '**મૂળથી છોડીને.**' એમાં છે નહિ. મૂળિયું ખેંચ. એ દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પો એ વિકાર એ ભગવાન આત્મામાં નથી. જડ કર્મ પ્રભુ આત્મામાં નથી. ઓલા રાડ પાડે. અત્યારથી કહે છે, કર્મ નથી, કર્મ નથી. હવે સાંભળને! એની ટીકાઓ કરે છે. સાંભળને! ટીકા તારી કરે છે. સાંભળને! ઊંધી. તને ખબર નથી એ શું ચીજ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ આઠ કર્મના રજકણોથી જુદી ચીજ, પુણ્ય-પાપના ભાવથી જુદું જ્ઞાનથી શૂન્ય એ બધી ચીજ છે અને પુણ્ય-પાપનો ભાવ પણ જ્ઞાનગુણથી શૂન્ય-ખાલી છે. શુભ અને અશુભ ભાવ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ. એ વિકલ્પ છે એમાં જ્ઞાનથી શૂન્યપણું છે. ચૈતન્યની જાતનું એમાં શૂન્યપણું છે. એ તો વિકાર છે, અંધકાર છે. સમજાણું કાંઈ? એને '**મૂળથી છોડીને.**' '**अह्नाय**'. એને છોડી અને ચૈતન્યમાં જો. શુદ્ધ ચૈતન્ય વસ્તુ એમાં આ અસ્તિત્વ નથી. આ અજીવ અધિકાર છે ને? એટલે એ એમાં નથી. એ ચૈતન્ય આનંદરૂપ છે તેનો આદર કર, એનો અનુભવ કર.

'**ભાવાર્થ આમ છે કે જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે,...**' જેટલો કોઈ જડ કર્મ, શરીર, પુણ્ય-પાપનો ભાવ એ બધી કર્મજાત છે, આત્મજાત નહિ. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્મા જોયો એ આત્મા એવો છે કે એમાં કર્મની જાતનો વિકલ્પ, રાગાદિ એમાં નથી. '**તે સમસ્ત હેય છે,...**' એ વિકલ્પ આદિ, વ્યવહાર વિકલ્પ

આવે એ પણ છોડવા લાયક છે, લક્ષ છોડવા લાયક છે, આશ્રય છોડવા લાયક છે. અહીં આત્મામાં લક્ષ કરીને તેને આદરવા લાયક છે. રીત પણ ઝીણી. કારણ કે મૂળ તત્ત્વની વાત જ ખોવાઈ ગઈ છે. નથી કહેનારને લક્ષમાં, નથી સાંભળનારે ખ્યાલમાં. એટલે કઈ રીતે વાતને ચડાવી દીધી ઊંધે અને માન્યું કે કાંઈક અમે (ધર્મ કરીએ છીએ). રતિભાઈ! એમ હશે કે નહિ?

**'જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે,...'** શું કહે છે? જે કોઈ કર્મ જડ અને એના ફળ શરીર, વાણી. આની કોરના ફળ વિકાર. શું કીધું? એ આઠ કર્મ જડ અને એના બાહ્ય ફળ શરીરાદિ અને અંતર ફળ રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ભાવ. ઘાતિ કર્મનો આ બાજુનો વિકારભાવ અને અઘાતિનો આ બાજુનો સંયોગ ભાવ. અને ઘાતિ ને અઘાતિ કર્મ. એ ત્રણેય કર્મજાત છે. એ ત્રણે આત્મજાત નથી. કહે છે, ભગવાન! તું સાંભળ! તારામાં કર્મજાત નથી. એટલે શું? કે આઠ કર્મ જે પરમાણુ ઝીણા રજકણ ધૂળ છે ને? ઘાતિ કર્મ અને અઘાતિ. ચાર ઘાતિ અને ચાર અઘાતિ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય એ ચાર ઘાતિ છે. બહુ વિસ્તાર કરવા અત્યારે (વખત ન હોય). અને ચાર અઘાતિ કર્મ છે. એ ઘાતિ કર્મના આ બાજુના સંબંધમાં પુણ્ય ને પાપ ને ભ્રાંતિ થાય. અને એ અઘાતિ કર્મના બહારના ફળમાં બાયડી, છોકરા, પૈસા અને ધૂળ આદિ મળે. એ અઘાતિમાં (આવે). આની કોરનો વિકાર, વચલું કર્મ અને આ બાજુનું ફળ, બધું કર્મની જાત છે. સમજાણું કાંઈ? એ આત્મા નહિ. એમાં આત્મા નહિ. એ અજીવની જાતમાં જીવ નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે સમસ્ત હેય છે,...'** બધું છોડવા લાયક છે. દૃષ્ટિમાં કાંઈ આદરવા લાયક ઉપાદેયપણે છે નહિ. કેમ કે એમાં દુઃખ છે. એ ઉપાદેય હોઈ શકે નહિ. **'એમાં કોઈ કર્મ ઉપાદેય નથી.'** એમાં કોઈ કર્મ ઉપાદેય નથી કે આ દયા, દાન, વ્રતનો ભાવ આવે ઈ તો ઠીક ને? ના. એ આદરણીય નથી. વળી રાડ પાડે કે ઈ આદરણીય તો ક્યારે નથી? પણ પહેલી શ્રદ્ધામાં તો લે, એની વાત છે. સમજાણું કાંઈ? પોકાર પોકાર. કજીયાળા છોકરા હોય ને, કોઈ રીતે માને નહિ મારા. કોઈ રીતે તકરાર જ કાઢ્યા કરે. ઓલો વહેંચી દે ને તરબુચ લાવીને દસ ચીર્યું (કરે) પણ કજીયાળો હોય તો (એમ કહે), મને લાંબી આવી અને ટૂંકી આવી. પણ આ તને કીધું હતું કે આ હેઠેથી ટૂંકી પણ આમ લાંબી છે અને આ તરબૂચની ચીર હેઠે પહોળી છે જાડી પણ આમ નાની છે. માટે બધી સરખી છે એમ તને પહેલું કહ્યું હતું. ઓલાને સારી જાડી આવી અને મારે લાંબી આવે, મારે હેઠે જાડી ન મળે. એમ અજ્ઞાનીઓ પુણ્ય ને દયા, દાન ને વ્રતમાં ધર્મ મનાવીને કજીયા જ કર્યા કરે છે મારા. અમારે માથે ભાગ આ છે. હવે સાંભળને. વજુભાઈ! એનો બાપ પણ કહે પછી, ગમે એ રીતે આ કજીયાળો જ છે. સાત-આઠ છોકરા હોય. અહીં કહે છે, બાપા! તને સાચી ચીજ

બતાવીએ છીએ ને. આ ખોટી ચીજને હેય બતાવીએ છીએ. તો કહે, નહિ, એમ નહિ. કર તકરાર ભગવાન સાથે. ભગવાન એટલે તારા આત્મા સાથે.

**'તેમાં કોઈ કર્મ ઉપાદેય નથી.'** કોઈ પુણ્ય દયા, દાન, વ્રતનો વિકલ્પ આવે એ પણ કર્મની જાત છે. એ ધર્મીને આદરણીય નથી. **'વળી અનુભવ જે રીતે થાય છે તે કહે છે—'** **'चिच्छक्तिमात्रम् स्वं च स्फुटतरम् अवगाह्य'** **'જ્ઞાનગુણ તે જ છે સ્વરૂપ જેનું...'** અસ્તિથી વાત લ્યે છે હવે. ઓલી નાસ્તિથી વાત લીધી, હવે **'જ્ઞાનગુણ તે જ છે સ્વરૂપ જેનું...'** જ્ઞાનગુણથી શૂન્ય કહ્યું હતું પેલા રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ. હવે આત્મા જ્ઞાનગુણ જ છે સ્વરૂપ જેનું. એ તો ચૈતન્ય જ્ઞાનપૂંજ. ચૈતન્યના પ્રકાશનો એ દીવડો છે આખો. સૂર્ય છે ભગવાન ચૈતન્ય. તે **'પોતાને...'** **'स्वं च'** એટલે **'પોતાને...'** **'स्फुटतरम्'** **'(स्फुटतरम्)'** **'પ્રત્યક્ષપણે આસ્વાદીને.'** એ પ્રત્યક્ષરૂપથી આનંદ લે આત્મામાંથી. આહા..હા..! આસ્વાદ બહુ આવે છે આમાં. **'अवगाह्य'** એટલે આસ્વાદ લે. **'अवगाह्य'** એટલે અંદર આનંદમાં જા. એમ. દરિયામાં અવગાહ કરીને મોતી લઈ આવે છે કે નહિ? આ જા ભગવાન આત્મામાં જા અંદરમાં. એ ચિદાનંદ મૂર્તિ ભગવાન છે. એની અંદરમાં એકાકાર થઈને પ્રત્યક્ષરૂપથી આસ્વાદ કર. આનંદ અતીન્દ્રિય આનંદનો અનુભવ કર. આ એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહા..! સમજાણું કાંઈ? આ અનુભવની વ્યાખ્યા.

**'પ્રત્યક્ષપણે...'** પેલામાં કહ્યું હતું ને? સાક્ષાત્‌માં. **'એવો જ છે,...'** એમ કહ્યું હતું. એટલે પછી પ્રત્યક્ષ ન નાખ્યું, અહીં નાખ્યું. પ્રગટપણે એટલે **'પ્રત્યક્ષપણે...'** ભગવાન આત્મા જેવો શક્તિરૂપે છે આનંદ એને વર્તમાન દશામાં એકાગ્ર થઈ અને પ્રગટરૂપે એ આનંદનો અનુભવ એમાં પ્રતીત, એનું જ્ઞાન અને એમાં રમણતા (કરવી) એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જેટલા વિભાવપરિણામો છે તે બધાય જીવના નથી,...'** પુણ્ય-પાપના વિકલ્પો જેટલા એ જીવના નહિ. **'શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ છે એવો અનુભવ કર્તવ્ય છે.'** આવો અનુભવ એ કરવા લાયક છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આવું બધું નવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવું એના ઘરનું છે, એમાં નવું ક્યાં? જ્યારે આવે ત્યારે નવું જ હોય ને. પહેલું જ હોય કે નહિ? ધર્મ કંઈ અનાદિનો કરેલો છે? કરે ત્યારે નવો જ છે એને.

**'શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ છે...'** ભગવાન આત્મા એ તો આનંદ અને શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ (છે). આ એની દૃષ્ટિ કર અને આ એનો અનુભવ કર. એને પ્રતીતમાં લઈ, જ્ઞાનમાં લઈને ઠર એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (છે). એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગ (છે). સમજાણું કાંઈ? એ ચાર શ્લોક થયા. અજીવ માહ્યલા હોં.

(શાલિની)

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्ना भावाः सर्व एवास्य पुंसः।
तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।।५-३७।।

ખંડાન્વય સહિત અર્થ :—‘‘अस्य पुंसः सर्वे एव भावाः भिन्नाः’’ (अस्य) વિદ્યમાન છે એવા (पुंसः) શુદ્ધ ચૈતન્યદ્રવ્યથી (सर्वे) જેટલો છે તે બધા (भावाः) ભાવ અર્થાત્ અશુદ્ધ વિભાવપરિણામ (एव) નિશ્ચયથી (भिन्नाः) ભિન્ન છે—જીવસ્વરૂપથી નિરાળા છે. તે ક્યા ભાવ? ‘‘वर्णाद्याः वा रागमोहादयः वा’’ (वर्णाद्या) એક કર્મ અચેતન શુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ છે તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે; (वा) એક તો એવા છે કે (रागमोहादयः) વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે, દેખતાં ચેતન જેવાં દેખાય છે, એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં, જીવસ્વરૂપથી ભિન્ન છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવપરિણામોને જીવસ્વરૂપથી ‘ભિન્ન’ કહ્યા, ત્યાં ‘ભિન્ન’નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ; ‘ભિન્ન’ કહેતાં, ‘ભિન્ન’ છે તે વસ્તુરૂપ છે કે ‘ભિન્ન’ છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. ‘‘तेन एव अन्तस्तत्त्वतः पश्यतः अमी दृष्टाः नो स्युः’’ (तेन एव) તે કારણે જ (अन्तःतत्त्वतः पश्यतः) શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને (अमी) વિભાવપરિણામો (दृष्टाः) દૃષ્ટિગોચર (नो स्युः) નથી થતા; ‘‘परं एकं दृष्टम् स्यात्’’ (परं) ઉત્કૃષ્ટ છે એવું (एकं) શુદ્ધ ચૈતન્યદ્રવ્ય (दृष्टम्) દૃષ્ટિગોચર (स्यात्) થાય છે. ભાવાર્થ આમ છે કે વર્ણાદિક અને રાગાદિક વિદ્યમાન દેખાય છે તોપણ સ્વરૂપ અનુભવતાં સ્વરૂપમાત્ર છે, તેથી વિભાવપરિણતિરૂપ વસ્તુ તો કાંઈ નથી. ૫-૩૭.

---

## કલશ-૩૭ ઉપર પ્રવચન

હવે ૩૭મો. આ ૩૭મું વ્યાખ્યાન છે આજે. અહીં આવ્યા આજ ૪૦ દિવસ થયા. ત્રણ દી વ્યાખ્યાન નહોતા. ૩૭મું આજે વ્યાખ્યાન છે. શ્લોક આવ્યો ૩૭મો.

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्ना भावाः सर्व एवास्य पुंसः।
तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।।५-३७।।

આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા!

**ખંડાન્વય સહિત અર્થ** :—'**अस्य पुंसः सर्वे एव भावाः भिन्नाः**' '**अस्य पुंसः**' '(अस्य)' એટલે આ '**વિદ્યમાન છે એવા...**' '(पुंसः)' નામ '**શુદ્ધ ચૈતન્ય...**' રૂપ. '**पुंसः**' એટલે પુરુષ, પુરુષ એટલે દ્રવ્ય. આ ભગવાન આત્મા '**पुंसः**' એટલે આત્મદ્રવ્ય. આ વિદ્યમાન એવું આત્મ ચૈતન્યપદાર્થ '**सर्वे**' '**જેટલા છે તે બધા ભાવ...**' અશુદ્ધ વિભાવ. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી ભાવ. એ બધા વિકારી ભાવ છે. બધા અશુદ્ધ વિભાવ છે. એ મલિન ભાવ છે.

'(एव)' નામ '**નિશ્ચયથી ભિન્ન છે---જીવસ્વરૂપથી નિરાળા છે.**' ભગવાન ચૈતન્યસ્વરૂપ જે વસ્તુ છે એનાથી એ બધા વિકલ્પો અને શરીર, વાણી બધા ભિન્ન છે. બેય એક છે નહિ. 'તે ક્યા ભાવ?' ''**वर्णाद्याः वा रागमोहादयः वा**'' બે. '**એક કર્મ અચેતન અશુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ છે...**' એક કર્મ અચેતન અશુદ્ધ પુદ્‌લગપિંડરૂપ છે. એ જડ જડ કર્મ. એ '**અચેતન અશુદ્ધ પુદ્‌ગલપિંડ...**' છે. અશુદ્ધ પુદ્‌ગલપિંડ વિભાવ. જડ કર્મ છે ને આઠ? એ અચેતન. 'અ' જોઈએ ત્યાં. સુધારવું. સુધાર્યું છે ને પાછળ? અશુદ્ધ પુદ્‌ગલપિંડ. એક આઠ કર્મની જાત છે જડ જોડે. જેમ સોનામાં માટી ખાણમાં જુદી હોય ને? માટી. એમ એક આઠ કર્મની જડની માટી છે અંદર. '**તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે;...**' એ તો ભગવાન આત્માના સ્વભાવથી જુદું છે. સુધાર્યું છે ઈ? નથી સુધાર્યું? તે દી તમે અશુદ્ધ કહેવરાવ્યું'તુ. એકલો બસ. એકલો, એકલો પુદ્‌ગલ લ્યો ને. એકલો પુદ્‌ગલ વિભાવભાવ પર્યાય છે. એકલી પુદ્‌ગલની વિભાવિક પર્યાય છે, આત્માની નહિ. ચોખ્ખે ચોખ્ખા નિરાળા રજકણ છે. આત્મામાં છે નહિ. એ તે દી પહેલું કર્યું હતું. પાછું સુધાર્યું હતું. 'અ' નાખ્યો હતો અંદર. '**તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે;...**' પાછળ નથી નાખ્યું ને?

'**એક તો એવા છે કે વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે,...**' ઓલા એકલા પરમાણુ જુદા એમ લેવા અત્યારે. ચોખ્ખે ચોખ્ખા જુદા રજકણ. અને એક પુણ્ય ને પાપ, દયા ને દાન. એ એકલા વિભાવ એ અશુદ્ધ. સમજાણું કાંઈ? '**દેખતાં ચેતન જેવા દેખાય છે,...**' કોણ? આ વિકાર. દેખવાથી ચેતન જેવા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ચેતનના હોય એમ દેખાય છે. '**એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો...**' જુઓ! અહીં લીધું પાછું, ઓલા બે નહિ. '**એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં, જીવસ્વરૂપથી ભિન્ન છે.**' સમજાણું કાંઈ? ઓલા તો જુદા છે, છે ને છે. એની વાત ન લ્યો હવે, કહે છે. એ તો નિરાળા છે. ભલે એ વિભાવપર્યાય છે. પણ તારાથી તો તદ્દન જુદી છે. હવે તારામાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ હિંસા, જૂઠું, ચોરીના થાય એ જીવસંબંધી પરિણામ જાણે જીવના હોય એમ લાગે. દેખે. એમ છે નહિ. '**તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં, જીવસ્વરૂપથી ભિન્ન છે.**' એ જીવના સ્વરૂપનો દૃષ્ટિ અને અનુભવ કરતાં એ વિભાવ પણ

ભિન્ન પડી જાય છે. માટે એના નથી. સમજાણું કાંઈ? શું કહ્યું?

અહીં શું કહ્યું છે? જીવસ્વરૂપ એટલે કે જ્ઞાનાનંદ નિર્મળાનંદ આનંદનો કંદ તેને જીવસ્વરૂપ કહીએ. અને આઠ કર્મના રજકણો છે એ તો તદ્દન જુદાં છે. પણ અંદર પુણ્ય અને પાપના શુભાશુભભાવ જે એની પર્યાયમાં આ ચૈતન્ય જેવા દેખાય, એમ કરીને લીધું છે. એ સ્વરૂપથી જુદી જાત છે. આસ્રવ છે, અજીવ છે, જીવસ્વરૂપ એમાં નથી. જીવસ્વરૂપ એમાં નથી. જેમ કર્મમાં જીવસ્વરૂપ નથી. એમ વ્યવહાર રત્નત્રયના દયા, દાન, ભક્તિ કે શ્રદ્ધામાં પણ જીવસ્વરૂપ નથી. આહા..હા..! ઓલા કહે કે વ્યવહાર રત્નત્રય જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? નહિ. ઓલી તો વાત જુદી રાખો એક કોર. આઠ કર્મ તો તદ્દન નિરાળું ક્ષેત્ર અને નિરાળી પર્યાય જુદી જાત છે. પણ તારામાં વિભાવપર્યાય જે ચેતન જેવી દેખાય છે એ પણ જીવના સ્વરૂપની દૃષ્ટિ કરતાં એ ભિન્ન છે. સમજાણું કાંઈ? ભિન્ન કહ્યું.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવપરિણામોને જીવસ્વરૂપથી ભિન્ન કહ્યા, તો ભિન્નનો ભાવાર્થ...**' શું? .. અવસ્તુરૂપ છે. એ તો મેં ઉપરથી વાત કરી. '**ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે.**' કઈ રીતે? '**તે કારણે જ શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવપરિણામો દૃષ્ટિગોચર નથી થતા;...**' આ અપેક્ષાએ અવસ્તુ કહી. સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન જ્ઞાન ચૈતન્યજ્યોત, એવા આત્માની અંતર દૃષ્ટિ અને અનુભવ કરતાં એ વસ્તુ અવસ્તુ છે. એ વસ્તુની પર્યાય દ્રવ્ય-ગુણમાં છે નહિ. પર્યાય દ્રવ્ય-ગુણમાં નથી. અનુભવ તો પર્યાય છે. અનુભવ કરતાં વસ્તુમાં તો નથી અને અનુભૂતિની પર્યાયમાં પણ એ વિભાવ નથી. માટે અવસ્તુ છે. આહા..હા..! સાંખ્યું જાય નહિ એવું છે. ઓલા કહે, હાય..હાય..! અર..ર..! આવો વ્યવહાર કહે છે? આવો વ્યવહાર કહે છે? નિશ્ચય એટલે સાચું.

'**શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવપરિણામો દૃષ્ટિગોચર નથી થતા;...**' લ્યો. '**ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.**' એકલો જ્ઞાયકભાવ સમ્યગ્દૃષ્ટિમાં દૃષ્ટિગોચર એકલો ચૈતન્યભાવ દેખાય છે. પુણ્ય-પાપ આદિ એના અભેદમાં વસ્તુમાં દેખાતા નથી. માટે અવસ્તુ છે. આ અપેક્ષાએ અવસ્તુ છે. વસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં નથી માટે તે અવસ્તુ છે. પર્યાયમાં નથી, હોં! '**ભાવાર્થ આમ છે કે વર્ણાદિક અને રાગાદિક વિદ્યમાન દેખાય છે...**' દેખાય છે ખરા. બેય ભેગા લીધા, હોં! '**તથાપિ સ્વરૂપ અનુભવતાં સ્વરૂપમાત્ર છે,...**' જ્ઞાનમૂર્તિ ચૈતન્ય એનો અનુભવ દૃષ્ટિ આસ્વાદ લેતાં '**વિભાવપરિણતિરૂપ વસ્તુ તો કાંઈ નથી.**' વિકાર-ફિકાર અંદર દયા, દાન, વ્યવહાર-ફ્યવહાર વસ્તુમાં છે જ નહિ, એમ કહે છે. આહા..! એવા આત્માનો અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ છે. લ્યો, ગાથા પૂરી કરી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત-૨૪૯૧, વૈશાખ સુદ ૧૩, ગુરુવાર,**
**તા. ૧૩-૪-૧૯૬૫, કલશ-૩૭**
**પ્રવચન નં. ૩૮**

આ સમયસાર કળશ. અજીવ અધિકાર છે. કોને કહેવો અજીવ? કે જે જીવમાં નથી. જે જીવમાં નથી એને અજીવ કહેવો. અને એ અજીવ જીવમાં નથી અને એ જીવ અજીવમાં નથી. એવો અધિકાર અહીંયા અજીવનો ચાલે છે. જુઓ! ૫મો કળશ. સળંગ-૩૭મો.

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्ना भावाः सर्व एवास्य पुंसः।
तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।।५-३७।।

૩૯ પાને એની ટીકા.

**ખંડાન્વય સહિત અર્થ** :—“**अस्य पुंसः सर्वे एव भावाः भिन्नाः**” ‘**વિદ્યમાન છે એવા શુદ્ધ ચૈતન્યદ્રવ્યથી...**’ આ ભગવાન આત્મા એને કહીએ કે શુદ્ધ ચૈતન્ય પદાર્થ નિર્મળાનંદ અખંડ આનંદ. એનાથી ‘**જેટલા છે તે બધા ભાવ અર્થાત્ અશુદ્ધ વિભાવપરિણામ...**’ એની વ્યાખ્યા કરશે. શરીરાદિ કે પુણ્ય-પાપ, દયા, દાન આદિ. એ બધાં જીવથી ભિન્ન અન્ય તત્ત્વ છે. અજીવતત્ત્વ છે. સમજાણું કાંઈ? ‘**અશુદ્ધ વિભાવપરિણામ નિશ્ચયથી ભિન્ન છે—જીવસ્વરૂપથી નિરાળા છે.**’ ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિ અને સમ્યક્‌જ્ઞાનથી દેખવામાં આવે તો એ શુદ્ધ ચૈતન્ય પદાર્થમાં એ રંગ, ગંધ, શરીર, વાણી, આ આકાર અને પુણ્ય-પાપ રાગ-દ્વેષ આદિ અશુદ્ધભાવ એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

‘**તે ક્યા ભાવ?**’ જે ભાવ આત્મપદાર્થમાં નથી અને અંતર દેખતા એ આત્માથી ભિન્ન જણાય છે. એ ક્યા ભાવ? “**वर्णाद्याः वा रागमोहादयः वा**” એક તો વર્ણાદિ એટલે કર્મરૂપી અચેતન ‘**શુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ...**’ એ (**वर्णाद्याः**) માં ગયું. ‘**તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે.**’ આ કર્મ જડ જે માટી છે એ તો ભગવાન આત્માથી જુદો છે, જુદું તત્ત્વ છે. બીજું, ‘**એક તો એવા છે કે વિભાવરૂપ-અશુદ્ધરૂપ...**’ દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ ઉઠે છે એ દેખાય છે જાણે જીવમાં, જાણે જીવના અસ્તિત્વમાં હોય. પણ એ વિભાવ પરિણામ ‘**દેખતાં ચેતન જેવા દેખાય છે, એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો...**’ જોયું! ‘**એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં...**’ ભિન્ન છે. અંતર

ચૈતન્ય ભગવાન... જુઓ! આ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન. સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનથી શુદ્ધ ચૈતન્યપદાર્થને દેખવાથી, એને જોવાથી એ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ પણ ભગવાન આત્માથી અનેરી અજીવ ચીજ છે. આહા..! સમજાય છે કાંઈ? આ ઝીણી વાત છે, ભાઈ! એનું ચૈતન્યતત્ત્વ... અહીં તો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અજીવ છે એમ સિદ્ધ કરવો છે. ઓલા કહે કે વ્યવહાર રત્નત્રય ચોથા ગુણસ્થાને મોક્ષનો માર્ગ છે. ઓલા એટલે કો'કે લ્યોને. કો'ક એટલું આપણે. ધન્નાલાલજી! ધન્નાલાલજીને તો ત્યાં બહુ સંભળાય છે.

કહે છે, ભગવાન! એક વાર સાંભળ તો ખરો, પ્રભુ! તું કેવડો અને ક્યાં છો? તું તો શુદ્ધ આનંદઘન જ્ઞાયક ચૈતન્યમૂર્તિ તે તું અને ત્યાં તું છો. સમજાય છે કાંઈ? ભાઈ! શરીર, કર્મ... શરીરની વાત તો અહીં સાધારણ વાત છે. જે કર્મ રજકણ છે અંદર-આઠ કર્મ, એ તો ચોખ્ખા ખુલ્લી રીતે જડ અને અજીવ છે. એ જીવના અંતરની ચીજ નથી. જેને આત્મદૃષ્ટિ કરવી છે અને ધર્મ કરવો છે એણે તો આત્મા અખંડ આનંદ અને જ્ઞાયક છે એ ઉપર દૃષ્ટિ કરવી જોઈએ. એ શરીર, કર્મ એ તો ભિન્ન-જુદાં છે પણ જીવના સંબંધમાં દેખાય. ભાષા એવી લીધી છે ને? ઓલો તો સંબંધ કાંઈ છે જ નહિ. એ તો જડ કર્મ માટી-ધૂળ (છે). પણ વિભાવ અશુદ્ધ પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ શુભાશુભ ભાવ એ રાગ-દ્વેષ-મોહ જીવસંબંધી પરિણામ-જીવસંબંધી પર્યાય. ભાષા આવી લીધી છે.

'**તેઓ પણ,...**' તેઓ પણ કેમ કહ્યું? કે કર્મ તો અચેતન છે જ અંદર જડ માટી. તો આ શરીર તો અચેતન માટી જડ મડદું છે. થોડું થોડું ગુજરાતીમાંથી સમજી લેવું. સમજો છો? સારું, ભાઈ બહુ સારું. સમજાય છે કાંઈ? અહીં આ અજીવતત્ત્વ આ તો ખુલ્લી રીતે અજીવતત્ત્વ છે અને કર્મ પણ ખુલ્લી રીતે અજીવ જડ પરમાણુ છે. એટલે એ આત્મા છે નહિ. જેને આત્મદૃષ્ટિ કરવી હોય, જેને ધર્મ કરવો હોય એણે આત્મામાં એ વિકાર નથી અને શરીર નથી અને કર્મ નથી, એ આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એમ અંતર દૃષ્ટિ કરી. એને સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે, '**એક તો એવા છે કે વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે, દેખતાં ચેતન જેવા દેખાય છે,...**' ચેતનાભાસ જેવી દશામાં વિકલ્પ (દેખાય છે). જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને અહીં તો અજીવ કહે છે. પંડિતજી! ક્યાં ગયા બીજા તમારા? બીજા પંડિતજી આવ્યા ને? સમજાય છે કાંઈ? આ વસ્તુ પ્રભુ જેનું વિદ્યમાનપણું ચૈતન્યવસ્તુ હયાતી જ્ઞાનાનંદ છે. એમાં ધર્મના અચેતનપણાની તો સ્પષ્ટતા ખુલ્લી છે પણ એના સંબંધમાં દેખાતાં જીવની અવસ્થામાં સંબંધમાં દેખાતાં એ શુભ-અશુભભાવ, દયા, દાનના પરિણામ એ બધા અચેતન અજીવ છે. ભાઈ! તારી ચીજમાંથી નીકળી જાય એ તારી ચીજ નહિ. જે નીકળી જાય તે આત્મા નહિ. આહાહા..!

'**જીવસંબંધી પરિણામો...**' ભાષા પાછી અહીં સુધી લીધી. આત્મા સંબંધીના એ દયા,

દાન, વ્રત, ભક્તિ, તપ, જપની વૃત્તિ ઉઠે, રાગ થાય એ **'જીવસંબંધી પરિણામો તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં,...'** સમ્યક્દૃષ્ટિ ધર્મી જીવ પોતાનો શુદ્ધ સ્વભાવ આનંદનો ભરેલો રસકંદ એમ અંતરમાં અનુભવ કરવાથી એ વિકાર પરિણામ પણ એનાથી અજીવપણે ભિન્ન છે. ધન્નાલાલજી! **'અનુભવતાં જીવસ્વરૂપથી ભિન્ન છે.'** એમ ભાષા લીધી છે. એમ ભિન્ન શી રીતે? એમ કહે છે. આમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યનો પ્રકાશનો પૂંજ આત્મા છે. એવી દૃષ્ટિ કરતાં એટલે કે એને અનુભવ કરતાં, એમ વજન દીધું છે. પાછી દૃષ્ટિને કોઈ સામાન્યપણે લઈ જાય. એવો ભગવાન અંતરમાં પૂર્ણાનંદ પ્રભુ એને અનુભવ. અંતરમાં ધર્મી પોતાના અનુભવ દ્વારા તેને અનુભવતાં, એ જોતાં આત્માની અંદર જે ભાવે ૧૪૮ પ્રકૃતિનો બંધ પડે એ ભાવ જીવમાં નથી. અજીવ છે. આનું નામ ભેદજ્ઞાન છે. એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવપરિણામોને જીવસ્વરૂપથી ભિન્ન કહ્યા,...'** જુદાં કહ્યા **'ત્યાં ભિન્નનો ભાવાર્થ તો હું સમજ્યો નહિ;...'** શું કહો છો? શું કહો છો આપ? આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ (ભાવ થાય એ) આત્માથી જુદા? સમજાણું? એ રાગ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, કોમળતા, પાંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે, રાગ થાય એ આત્માથી જુદા? એટલે કે એને અજીવ આપ કહો છો અને જીવસંબંધી પરિણામને આપ અચેતન કહો છો? એ ચેતનથી જુદા કહો છો? જુદા એટલે ભિન્ન. અરે..! આ પૈસા ને મકાન-બકાન તો ક્યાંય રહી ગયા. ધૂળ ને. આ પૈસાની ધૂળ. પોપટભાઈ! એ તો અજીવ છે. ધૂળ માટી છે. સીધા પુદ્‌ગલ છે. ક્યાંય રહી ગયા. આ શરીર પણ માટી છે. ધૂળ અજીવ છે, આ તો માટી છે. પુદ્‌ગલ જડ અજીવ અચેતન પ્રત્યક્ષ પ્રત્યક્ષ ભિન્ન છે. સમજાય છે?

પણ ભગવાન આત્મા એને કહીએ કે જેના સ્વરૂપની શુદ્ધતાનો અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનના કાળમાં અનુભવતાં એ આત્માના અનુભવમાં ચોથા ગુણસ્થાનમાં, ચોથા ગુણસ્થાનમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિના કાળમાં એ જીવને અનુભવતાં જીવસ્વરૂપથી તો ભગવાન આત્માથી તો એ પુણ્ય અને પાપના વિકલ્પ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ જીવના સ્વરૂપથી જુદો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણું બહુ પડે ને ઝીણું એટલે માણસ બીજે ચડી ગયા પછી. આ કરો ને આ કરો ને આ કરો. થઈ ગયો ધર્મ એને. માંડે તો છે બધા, આ વ્રત પાળીએ, તપ કરીએ, આ કરીએ, પડિમા ધારીએ. ..

**શ્રોતા :-** આ કર્યા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ થાય તો પણ શું? ઈ તો વિકલ્પ ઉઠે પછી. વિકલ્પ ઉઠે એ સ્વરૂપથી ભિન્ન છે. સમજાણું કાંઈ? વૃત્તિ ઉઠે રાગની. કહે છે, ભાઈ! આત્માના સ્વભાવનું ભાન સમ્યગ્દર્શન પ્રગટ કરતાં, સમ્યગ્દર્શન પ્રગટ કરતાં અને સમ્યક્ સ્વસંવેદન મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ કરતાં સમ્યક્દૃષ્ટિમાં, સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનમાં એ જીવસ્વરૂપનો અનુભવ કરતાં એ રાગ

ને દ્વેષ બધા અચેતન ભિન્ન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પ્રદેશ ભિન્નતા અને ભાવ ભિન્નતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ભાવ ભિન્નતા.. મલિન પરિણામ જ નિર્મળાનંદ ભગવાનથી ભિન્ન અન્ય છે. નિર્મળ અને મલિનની એકતા કોઈ દી હોઈ શકે નહિ. આહા..હા..! ત્યારે આ બધા રાડ પાડે છે ને? અરર..ર..! આ વ્યવહાર કરીએ એ અચેતન? હવે સાંભળને. તારો વ્યવહાર પણ નિશ્ચય વિના વ્યવહાર ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્ય આનંદ અનાકુળ રસ, આનંદ, અતીન્દ્રિય આનંદનો અમૃતનો પિંડ પ્રભુ છે. એની અંતરમાં શુદ્ધ ચૈતન્યની પ્રતીત અને અનુભવ કરતાં એ શુદ્ધ ચૈતન્યની વિદ્યમાનતાની પ્રતીત ને શ્રદ્ધા ને અનુભવ કરતાં એ વિકલ્પ દયા, દાન, વ્રતાદિ, ભક્તિ આદિ વ્યવહાર રત્નત્રય જેને કહીએ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રના ભણવાનો વિકલ્પનો રાગ એ બધું ભગવાન આત્માથી સમ્યગ્દૃષ્ટિમાં ભિન્ન છે. ચોખ્ખી વાત છે. ચોખામાં ચોખા જ હોય ને. ચોખામાં કાળા ક્યાંથી આવે? ચોખો વાવે ને અડદ થાય? અડદ અડદ કહે છે, સમજો છો? ઉડદ ઉડદ કાળા. ચોખામાંથી અડદ થાય? એમ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ દ્રવ્યસ્વભાવ-વસ્તુસ્વભાવ એમાંથી દયા, દાનના વિકલ્પ ક્યાંથી આવ્યા? સ્વભાવમાં છે નહિ. આહા..હા..!

કહે છે, એ જીવસંબંધી પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિ શુભાશુભ ભાવ એ તો જીવસંબંધી પરિણામ પણ શુદ્ધથી ભિન્ન? તો અમને શંકા થાય છે. એ છે જુદી કોઈ ચીજ છે કે નહિ? કે અવસ્તુ છે? ભગવાન ચૈતન્ય પદાર્થ શુદ્ધ આનંદ અનાકુળ વિદ્યમાન પદાર્થ, પદાર્થ (છે). એનાથી આ દયા, દાનના પરિણામ પુણ્ય—વ્યવહાર રત્નત્રયના વિકલ્પો રાગ, એ તે કોઈ જુદી ચીજ છે કે નથી? અવસ્તુ છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો એને હવે અવસ્તુ ઠરાવવી છે. આ વસ્તુમાં નથી માટે તે અવસ્તુ છે. એ અપેક્ષાએ. એ પરમાં ગયું. એટલે આમાં નથી. ધન્નાલાલજી! આમાં નથી માટે એ વસ્તુ નથી. એની વસ્તુ નથી માટે અવસ્તુ છે. અહીં તો એમ લેવું છે કે જીવ સંબંધી જે પાપ પરિણામ થાય એ કોઈ જીવ વસ્તુ છે કે નહિ? ના. એ જીવ વસ્તુ નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વસ્તુ કીધી. ચૈતન્ય વસ્તુ કીધી. ઓલા પરિણામની નહિ. એ પરિણામને તો અહીં લીધું કે જીવસંબંધી પરિણામ. એટલી વાત લીધી. એ વિદ્યમાનમાં તો જીવ પદાર્થ વિદ્યમાન લીધો છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એ વિદ્યમાન લીધું છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય. સમજાય છે? એનાથી (ભિન્ન) જે બધા. એમ. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્ય પદાર્થ ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે ને આત્મા. એ વિદ્યમાન પદાર્થમાં દૃષ્ટિ કરતાં, અનુભવ

કરતાં ધર્મીજીવ એવો શુદ્ધ આત્મા, એની ધર્મ દૃષ્ટિ અંતરમાં કરતાં ધર્મીને ધર્મની દૃષ્ટિ વડે આત્માનો અનુભવ કરતાં એ જીવસંબંધીના પરિણામ એ પણ અચેતન છે અને અજીવ છે. આત્મામાં એ વસ્તુ છે નહિ. સમજાય છે?

જે વસ્તુમાં નથી તેને માનવા એમાં એણે આત્મા જાણ્યો અને માન્યો નથી. સમજાણું કાંઈ? અહીં તો કહ્યું ને? વિદ્યમાન શુદ્ધ ચૈતન્યપ્રભુ. એને આત્મા કહીએ. એ આત્માના એવા આત્માની અંતર દૃષ્ટિ કરતાં એટલે કે એ પુણ્ય અને પાપના રાગની એકતા તોડતા સ્વભાવની શુદ્ધતાની અંતર અનુભવ દૃષ્ટિ સમ્યક્ કરતાં એ જીવ સંબંધી જે પરિણામ દેખવામાં આવે છે એ વસ્તુમાં નથી દેખાતા. સમજાણું કાંઈ? આહા..હા..! છે ને? પુસ્તક પડ્યા છે જુઓ. હજી ત્યાં થોડા પડ્યા છે. અહીં છે. પાનામાં જુઓ, મેળવો તો ખરા. આ સંસારના નામા બહુ મેળવે મારા. પૈસા પચાસ હજાર આપ્યા હોય તો બધા મેળવે. શું કહેવાય મેળવે એને? મીંઢવે. નામા સાથે (મીંઢવે). અમારે તમારે કેટલું લેણું-દેણું છે જુઓ ચોપડામાં. તો આ ચોપડા જુઓ તો ખરા કે શું છે આમાં.

કહે છે, ભાઈ! ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાનનો પર્યાય પ્રગટ્યો એમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણાં. એની વાણીમાં-દિવ્યધ્વનિમાં એ આવ્યું કે તારો ભગવાન શુદ્ધ ચૈતન્ય પદાર્થ છે. એમાં એ વિકાર એ વસ્તુમાં નથી એમ અમે દેખીએ છીએ અને તું એમ દેખ ને શ્રદ્ધ અને અનુભવ કર ત્યારે તને ધર્મ કહેવામાં આવે. આહા..હા..! સમજાય છે કાંઈ? કોઈ કહે આ તો બધી એલ.એલ.બી.ની ને એમ.એ.ની વાતું. કોઈ એમ કહે. તેથી આ ખળભળાટ થઈ ગયો છે ને સંપ્રદાયમાં. વલ્લભદાસભાઈ! ખળભળાટ.. ખળભળાટ. અરે..! વ્યવહારનો લોપ કરે છે. વ્યવહાર કરવો ઈ તો ના પાડે છે. પણ ના નો અર્થ એ વર્જનશીલ જ છે. આવે છે ને ભાઈ? એક ઠેકાણે આવે છે. એ પુણ્ય-પાપના અધિકારમાં એ આવે છે ને. જુઓ! પાનું ઉઘાડતા ઈ આવ્યું જુઓ. આટલા પાના આટલા પાનાને આંતરે.. ક્યાંક છે. આટલા પાનાને આંતરે, આટલા પાના છેટા પડ્યા છે. ત્યાં ઈ આવ્યું. સામું જુઓ પડ્યું. ૮૯ પાનું છે. ૯મો શ્લોક. છે નીચે? ૯મો શ્લોક. ૮૯, ૮૯ ભાઈ! ૮ અને ૯. ૯મો કળશ છે અને સળંગ ૧૦૮ કળશ છે.

'**અહીં કોઈ જાણશે...**' છે? '**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે...**' આચરણરૂપ ચારિત્ર, હોં! દેહની ક્રિયા નહિ. શુભાશુભ પરિણામ જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપના અથવા અશુભભાવ. અહીં તો '**ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ છે કે નહિ? કરવાયોગ્ય ભલે નહિ પણ વર્જવાયોગ્ય તો નથી ને? એઈ..! અરે..! પણ ટીકા કરી છે ને! શુભ-અશુભ ભાવ એ અચારિત્ર છે, ચારિત્ર નથી. એ આચરણ ભલે કરવાયોગ્ય

નથી પણ છોડવાયોગ્ય તો નથી ને? વર્જન કરવાયોગ્ય તો નથી ને? જુઓ!

'**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે,...**' જોયું? અમારે રામજીભાઈ ત્યાં કોર્ટમાં કાયદા બતાવે. અહીં તો કાયદા નીકળે છે. અહીં તો ભગવાનના કાયદા છે. કેમ વિમળચંદજી, આવ્યું કે નહિ ઈ? જુઓ! '**વર્જવાયોગ્ય પણ નથી.**' શિષ્યે પ્રશ્ન કર્યો. '**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' ભાષા આવી વળી, જુઓ! પંચ મહાવ્રતના પરિણામ ચારિત્ર તે દુષ્ટ છે. હાય.. હાય..! રાડ નાખે બિચારા, હોં! વલ્લભદાસભાઈ! એ તો ઊંટની ટેવ છે. સમજ્યાને? શું કહે છે? પલાંગ નાખ્યા. પલાંગ નાખે તો પણ ગાંગરે. ગાંગરે પલાંગ. ઊંટ હોય ને ઊંટ? ઊંટને શું કહે છે? એના ઉપર ગુણી નાખે ને, ગુણી તો ગાંગરે એ..એ.. કરે. પણ એને બેસવાનું પલાણ નાખે. બેસવાનું. તો પણ એં.. એં.. કરે. પણ એં..એં.. આમાં શું છે પલાણમાં? ગાંગરવાની ટેવ, એને બોલવાની ટેવ પડી ગઈ, કહે છે.

એમ અજ્ઞાનીઓને બોલવાની અને ગાંગરવાની ટેવ પડી ગઈ. રાડે રાડ પોકાર કરે. અરેરે..! અર.ર..ર..! આ વ્રતના પરિણામ, ભક્તિ, આચરણના પરિણામ એ કરવા લાયક નહિ? કરવા લાયક નહિ? અરે..! સાંભળને. આવે એ કરવાલાયક નહિ. કરવાલાયક નહિ તો વર્જન કરવાલાયક તો નહિ ને? કે વર્જન કરવાલાયક છે. નવનીતભાઈ! છે ભાઈ? જુઓ! પુસ્તક ન હોય તો લ્યો, પાછળ પુસ્તક પડ્યા છે. કેમ? શબ્દો ભાઈ એમ લીધા. જુઓ ખૂબી. પહેલું એમ લીધું કે '**શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર...**' ભાઈ! હિંમતભાઈ! શુભ-અશુભ. પણ કાઢ્યું પાછું શુભ. કહેવાનું તો આ છે, કહે છે. ઓલી તો વાત એક જણાવવા (કહી). શુભ-અશુભ..

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ વાત કહેવી છે. અશુભ પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ પાપના પરિણામ એ તો અચારિત્ર છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનું અમારે તો કહેવું છે. કે બે પરિણામ, એ ક્રિયા તો કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી? '**વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' આહા..હા..! ભાઈ! પવિત્ર ભગવાન આત્મા, એની શુદ્ધતા સિવાયનો જેટલો રાગ (આવે) એ બધો દુષ્ટ છે. સમજાય છે કાંઈ? સમરસેનજી! શું છે?

**શ્રોતા** :- પરમ સત્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ આ વિરોધ કરે છે ને. ભાઈ! વસ્તુ તો આવી છે. વસ્તુ આવી માન્યે છૂટકો છે. નહિતર તારી સમ્યક્શ્રદ્ધા થશે નહિ. બ્રહ્મચારીજી!

**શ્રોતા** :- બધાયને આવવું પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ માન્યે છૂટકો છે પ્રભુ. એ સત્ય વસ્તુ છે. અહીં તો એને

અજીવમાં નાખ્યું છે ત્યાં. અજીવ અધિકાર ચાલે છે ને. અને એ અજીવ જે વ્યવહાર ચારિત્ર છે, એ ચારિત્ર-'**વ્યવહાર ચારિત્ર હોતું થકું...**' પાછી એમ ભાષા છે. આવે ખરો, હોય ખરો અંદર. '**પણ હોતું થકું દુષ્ટ છે,...**' ભગવાન અનાકુળ આનંદથી પ્રભુ! એ રાગ તે દુષ્ટ છે. ભગવાન આત્માનો આનંદસ્વભાવ તે અદુષ્ટ છે. શુદ્ધ સ્વભાવ તે અદુષ્ટ છે. એ અશુદ્ધ વ્યવહાર ક્રિયાકાંડના શુભ મહાવ્રતના પરિણામ (દુષ્ટ છે). ભાષા શું છે? સમજાણું? ચારિત્ર હોતું થકું એમ કહ્યું? ચારિત્ર છે એટલી વાત ન લીધી. કેમ કે છઠ્ઠે ગુણસ્થાને મુનિને એવા વિકલ્પ હોતા થકા હોય છે. સમજાય છે કાંઈ? જીવના પરિણામનાં સંબંધ જેવો ભાસ અજ્ઞાનીને દેખાય છે. અને તે ઠીક છે માટે કરવા જેવું છે એમ અજ્ઞાની માને છે. તો કહે છે કે કરવાલાયક તો છે નહિ, વર્જવાલાયક છે. હોતું થકું. હોય છે એમ સિદ્ધ કર્યું છે પાછું. પણ દુષ્ટ છે. દુષ્ટનું શીખવવું પડતું હશે? દુષ્ટ એટલે શું? આ છોકરાઓને પૂછો ને. દુષ્ટ એટલે ખરાબ. દૂષિત કરતું થકું. દુષ્ટ માણસનો સંગ ન કરવો, એમ આ દુષ્ટનો સંગ નહિ કરવો એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેમ દુષ્ટ માણસનો સંગ કરવા જેવો નથી પણ દુષ્ટ માણસનો વર્જવાલાયક છે એમ સિદ્ધ કરવું છે. દુષ્ટ માણસનો સંગ કરવા જેવો નથી એટલે કરવા જેવો નથી પણ વર્જવા જેવો છે. કેમ? કે એ દુષ્ટ માણસ છે. એમ શુભ પરિણામના આચરણ એ કરવા લાયક તો નથી, વર્જવાલાયક છે. કેમ કે દુષ્ટ છે. ધન્નાલાલજી!

વીતરાગ વાણી સાંભળવી કઠણ માણસને. કાયરના કાળજા તો કંપી ઉઠે. હાય..હાય...! આ શું કહે છે? ભગવાન! તારી બડાઈ કહે છે. તારી મોટપ તો પવિત્રતામાં છે. શુદ્ધ ચિદાનંદ ભગવાન, એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એમાં તારી બડાઈ છે. એ શુભભાવમાં તારી બડાઈ નથી. રતિભાઈ! આહા..હા..! પણ ટીકા.. એણે તો જોવે એવી ટીકા કરી છે, હોં! સમજાય છે ભાઈ! ભગવાન! તારી પવિત્રતામાં... તું તો પ્રભુ! પવિત્રનું ધામ અને ખેતર છો ને. તારામાંથી પવિત્રતાના કણહલા-દાણાં પાકે. આવા પાક થાય એ તો દુષ્ટ છે. હોતું થકું એ શબ્દ વાપર્યો છે ને. સમજાણું?

'**અનિષ્ટ છે,...**' આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ હોતા થકા અનિષ્ટ છે. ભગવાન! એને સહન કરવું આકરું પડે. આ? એનો અર્થ ઈ કે તારી શુદ્ધતા ચિદાનંદ છે એની તને પ્રતીત નથી આવતી. એ રુચતું નથી કે હું શુદ્ધ છું. આ શુભ પરિણામ હો, હોતું થકું તો કહ્યું. ભાષા તો એવી વાપરી છે કે તોળી તોળીને છે. નથી એમ નહિ. કરવા યોગ્ય કહ્યું નહિ, વર્જન કરવાયોગ્ય કહ્યું પણ હોતું થકું. તે હોય છે. સમજાણું કાંઈ? ઝઘડા કરે. એઈ..! સોનગઢવાળા આમ કહે છે. ભાઈ! સોનગઢવાળા નહિ, આ તો ભગવાન આમ કહે છે. ભગવાન સાથે તું હવે વાંધો કાઢ. સમજાણું કાંઈ? અને તારી પવિત્રતામાં અપવિત્રતાના ભાવનું જ્યાં અનુમોદન આવે ત્યાં પવિત્રતાની એને પ્રતીત રહેતી નથી. સમજાણું કાંઈ?

એને પહેલું જ્ઞાન અને શ્રદ્ધામાં એવો નિર્ણય પાક્કો તો લાવે. મારા ભગવાનમાં પવિત્રતા સિવાય અપવિત્રતા હોઈ શકે નહિ. અને હોવા છતાં એ અપવિત્રતા દુષ્ટ અને અનિષ્ટ છે. ઈષ્ટ નથી. આહા..હા..! ધર્મીને પ્રિય કરવા લાયક નથી, એમ કહે છે. પોપટભાઈ! કેમ કે ભગવાન આખો ચિદાનંદ શુદ્ધ આનંદનો કંદ પદાર્થ પરમાત્માનો સ્વભાવ પડેલો આખો છે ને. એને આત્મા કહીએ, એને જીવ કહીએ. એવી દષ્ટિમાં જ્યાં આ આત્મા શુદ્ધ છે–પવિત્ર છે એવી દષ્ટિની આગળ જે શુભભાવ આચરણરૂપે આવે, હોય, કરવા લાયક નથી છતાં આવે. સ્વેચ્છા એવો શબ્દ છે ને ક્યાંક? ... વગર ... કર્તાકર્મ. કર્તાકર્મમાં નથી પેલું સ્વેચ્છા? સ્વેચ્છ ઉછલમ. સ્વેચ્છા છે ને? કર્તાકર્મ, કર્તાકર્મ (અધિકારનો) ૪૫મો કળશ પણ એનો અર્થ છે પાછળ. એ સ્વેચ્છા શબ્દ અહીં તો લેવો છે.

**'स्वेच्छा' 'વિના ઉપજાવ્યે જ ઊપજે છે એવી જે અતિ ઘણી નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના,...'** જુઓ હવે. એની શૈલી જુઓ. વસ્તુના, આચાર્યના પેટ ખોલ્યા છે. સ્વેચ્છા એટલે શું કહે છે? વગર ઉપજાવ્યા વિકલ્પની જાળું હોય, આવે ભલે. ઊપજવાનો ભાવ વસ્તુમાં ક્યાં છે? વિના... છે ને? **'વિના ઉપજાવ્યે જ...'** અહીં હોતા થકા એની સાથે મેળ મગજમાં આવ્યો વળી. ઊપજે છે, હોય છે. હોય છે, (કરતાં નથી) ઈ વાત છે. પણ સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે, **'વિના ઉપજાવ્યે જ...'** **'(समुच्छलत्)' 'ઊપજે છે એવી જે...' '(अनल्प)' 'अनल्प' 'અતિ ઘણી નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો...'** એવી જાળ. અનુભૂતિમાત્ર અતીન્દ્રિય સુખસ્વરૂપ છે એમાં છે જ નહિ. ભગવાન આત્મા.. આહા..! છે ને ભેદકલ્પના? કીધું હતું ને ન્યાં? ભેદકલ્પના શબ્દ છે. કલ્પના કલ્પના કરે છે ને? ફૂલચંદની સામે નાખે છે. હવે સાંભળને!

ભગવાન આત્મા એક સ્વરૂપે પ્રભુ અભેદ ચિદાનંદ અનંત ગુણનું એકરૂપ એમાં... કાલે તો એમ કહ્યું હતું, ભાઈ! ભેદકલ્પના પરદ્રવ્ય કીધું હતું ને? કાલે છેલ્લું બહુ ઝીણું આવી ગયું હતું. ભગવાન અભેદ વસ્તુ અખંડ એકરૂપ છે એની અપેક્ષાએ ભેદ તે પરદ્રવ્ય છે. અને પરદ્રવ્ય છે માટે વ્યવહાર છે માટે તે વસ્તુમાં અવસ્તુ છે એમ અહીં કહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! પદાર્થ એવો છે, ભાઈ! તું માન કે ન માન એટલે કંઈ વસ્તુ બીજી થઈ જાય? રાગવાળો ને પુણ્યવાળો ને વ્યવહારચારિત્રવાળો આત્મા એમ માન એટલે કંઈ એ વાળો થઈ જાય? સમજાણું આમાં કાંઈ? ભાઈ પૂછતા હતા વિમલચંદજી કે કારણે અહીં આવ્યું ઈ શું? કીધું, જુઓ! આવો બધો વિરોધ થયો છે ને. એટલે આ કાળે એની અહીં જરૂર હતી.

કહે છે.. સમજાણું? કરતો નથી પણ ઠીક નથી, દુષ્ટ છે, અનિષ્ટ છે. કરતા નથી પણ આવી જાય છે. સ્વભાવમાં નથી પણ આવી જાય છે તો ભિન્ન છે. દષ્ટિ એના ઉપર રાખવી નહિ. આવી જાય છે વિકલ્પ, કરતા નથી. એ તો ઝેર છે, દુષ્ટ છે, અનિષ્ટ છે. કરતા નથી,

આવી જાય છે. કરતા નથી, કરે તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ, પર ઉપર ગઈ.

**શ્રોતા :-** વિકલ્પને કરી શકે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર નથી શકતો. કરી શકતો જ નથી. વિકલ્પને કરી શકતો જ નથી, વસ્તુના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? પહેલું જ વ્યાખ્યાન આવ્યું આજ. ન્યાં પણ કાલે છેલ્લું બહુ સરસ આવ્યું હતું, હોં! પોણા ત્રણથી પોણા ચાર. કાલે તમે હતા? નહિ? રાજકોટમાં હતા કે નહિ? બહુ સારુ આવ્યું હતું. પોણા ત્રણથી પોણા ચાર. અમારા લાલચંદભાઈનું આજે હરખજમણ આવ્યું. છેલ્લું આવે ને. સમજાણું?

**'स्वेच्छा'** સમજાય છે? એવા નયભેદના વિકલ્પ એમ કહેવું છે અહીં. નયભેદનો વિકલ્પ વગર ઉપજાવ્યો ઊપજે છે. વસ્તુમાં ક્યાં છે? અહીં તો નયભેદનો વિકલ્પ વગર ઉપજાવ્યેમાં કહેવું છે. અને અહીં તો હજી વ્યવહાર ચારિત્રનું કહેવું છે. કહે છે, કે વ્યવહારચારિત્ર શું છે? સમજ્યા? '**દુષ્ટ છે,...**' સમજાણું કાંઈ? આવ્યું ને? '**અનિષ્ટ છે,...**' અરે..! '**ઘાતક છે;...**' ભગવાન આત્મા અનાકુળ શાંત આનંદકંદ એમાં એ શુભભાવનું ચારિત્ર એ આત્માની શાંતિનું ઘાતક છે. આહા..હા..! આને ઠરાવશે કેટલાક લોકો. નહિ. ઠરાવ ને ઠરાવ. વસ્તુ છે એવી વસ્તુ રહેશે. દુનિયાની કલ્પનાથી વસ્તુ કંઈ બદલાઈ જતી નથી. જમુભાઈ! આહા..હા..! છે? પછી કહેશે. પછી છઠ્ઠા શ્લોકમાં વિશેષ આવશે. આટલું આવ્યું ને અહીં. '**તેથી...**' ઘાતક (આદિ) ત્રણ બોલ શુભઆચરણના આવ્યા. '**તેથી વિષય-કષાયની માફક...**' ભાષા જુઓ. વિષય-કષાયના પરિણામ જે અશુભ છે એની પેઠે '**ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે...**' ધન્નાલાલજી! હોય છે, હો. પણ કરવાલાયક છે એમ નથી. કેમ કે એ તો દુષ્ટ, અનિષ્ટ અને ઘાતક છે.

મુમુક્ષુ :- સ્વામિત્વ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વામિત્વ છે જ નહિ, સ્વભાવ જ નથી, ઈ દ્રવ્યમાં જ નથી. અધ્ધરથી ઉત્પન્ન થાય છે, ઈ મારા સ્વભાવમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ઘાતક નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘાતક નથી? રાગ છે એ શાંતિનો ઘાતક છે કે શું છે વળી? દુષ્ટ ઘાત કરે કે દુષ્ટ પંપાળતો હશે? દુશ્મન આવીને પંપાળતો હશે કે આહાહા..! પંપાળેને શું (કહે છે)? માથું તોડી નાખે ફડાક દઈને. એમ કહે છે કે ભાઈ! ભગવાન આત્માના કંદમાં રસમાં તો એકલો શુદ્ધતાનો જ પિંડ પડ્યો છે. એમાં આવો શુભચારિત્રનો, આ ચારિત્રનો આચરણનો ભાવ એ દુષ્ટ છે, અનિષ્ટ છે. આ પુણ્ય-પાપનો અધિકાર છે. એટલે એમાં પુણ્યભાવને માટે આ વિશેષણો વાપર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' '**શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય છે અર્થાત્ ત્યજનીય છે.**' જુઓ! ઓલું વર્જવાયોગ્ય કહ્યું હતું ને?

કરવાયોગ્ય તો નથી પણ વર્જવાયોગ્ય પણ છે? વર્જવાયોગ્ય છે. સાંભળ! આચાર્ય મહારાજ કહે છે, એમ કહે છે. શુભ-અશુભ '**निषिध्यते**' વાત આચાર્ય પોતે (કહે છે). અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ સંત વનમાં વસતા. મહા ધર્મના ધુરંધર મુનિઓ, જે ૯૦૦ વર્ષ પહેલાં ચાલતાં સિદ્ધ જેવા મુનિ દિગંબર. નગ્ન દશા અને આત્માના ચારિત્રના રમણતામાં ઝુલતા કહે છે કે એ શુભ પરિણામ થાય છે પણ નિષિદ્ધ છે. મુનિ છે તો વિકલ્પ તો છે, કહે છે. વિમલચંદજી! વિમલમાં મળ કેવો? એમ કહે છે. ભાઈ! મળ અંદરમાં જ નથી. હો, નિષિદ્ધ છે, વર્જનીય છે, કરવાલાયક નથી. ત્યજનીય છે એમ કહ્યું ને? ઓલો કહે છે કે વર્જવાયોગ્ય છે? હા. નિષેધ છે. એ આચાર્યના પાઠમાંથી કાઢેલું છે. ઈ ઘરનું નથી. આચાર્યના હૃદય જે છે તે જ એવી ટીકા એના શબ્દોથી ભરી છે. ખુલ્લું સ્પષ્ટ કરી દીધું.

ભગવાન સંતો દિગંબર મુનિઓ જે અનાદિ થયાં અનંત સંતો, કુંદકુંદાચાર્ય મુનિ, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદ આદિ એમની વાણીમાં આ આવ્યું છે. આહા..હા..! દિગંબર નગ્ન મુનિ. જેને શરીરમાં વસ્ત્રનો તાણો નથી અને અંદરમાં વ્રતનો વિકલ્પ ઉઠ્યો એ હોય છે પણ દુષ્ટ, અનિષ્ટ અને સંગ કરવા લાયક નથી. અસંગ ભગવાનનો સંગ કરવા લાયક છે. એમ કહેવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? ત્યારે પેલા કહે, કુંદકુંદાચાર્યે પાંચ મહાવ્રત પાળ્યા હતા. હવે સાંભળને! પાળ્યા નહોતા, એને ત્યજ્યા હતા દૃષ્ટિમાંથી. પેલા પોકાર કરે છે લખાણમાં, જૈન હિતેચ્છુ ને જૈન.. શું? જૈન ગેજેટ, ગેજેટ. ભગવાન! બાપા! શાંત થા ભાઈ! એમ લખ્યે કાંઈ પાર આવે એવું નથી. સમજ્યે પાર આવે એવું છે. એને બેસે નહિ મગજમાં એટલે (વિરોધ કરે). એ પણ ભગવાન છે, અંદરમાં તો પરમાત્મા જ છે એ પોતે. એને આ અપવિત્રતા જરીક વહાલપ બતાવે તો એને ઠીક પડે છે. અહીં કહે છે કે અપવિત્રતાની વહાલપ નહિ. દુષ્ટ અને ઘાતક છે એમ જાણજે. પ્રેમ કરીશ નહિ, હોં! વહાલપ કરીશ નહિ એ રાગ સાથે. વહાલપ સમજો છો? પ્રેમ. ઓહો..!

'**तत् निषिध्यते**' '**શુભ-અશુભરૂપ** કરતૂત (કૃત્ય) **નિષેધ્ય અર્થાત્** ત્યજનીય છે. **કેવું હોવાથી નિષિદ્ધ છે?**' '**तिरोधानात्**' '**નિષ્કર્મ-અવસ્થા,** તેનું કારણ છે **જીવનું શુદ્ધરૂપ પરિણમન,** તેનું **ઘાતક** છે,...' એવું છે. ભગવાન શુદ્ધ પરિણમનનો એ ઘાતક છે. આ સિદ્ધ કર્યું. '**તેથી કરતૂત નિષિદ્ધ છે.**' લ્યો. આ વર્જનીયનો ખુલાસો કર્યો. ભગવાન આત્માના મોક્ષ નિષ્કર્મ અવસ્થા, એ તો કર્મ અવસ્થા થઈ, રાગ અવસ્થા છે. ભગવાન શુદ્ધ નિષ્કર્મ વસ્તુ રાગ વિનાની વસ્તુ એની નિષ્કર્મ દશા મોક્ષની પર્યાય મોક્ષના માર્ગરૂપ, એવી પર્યાયનો એ રાગ તે ઘાતક છે. માટે કરતૂત નિષિદ્ધ છે. કહો, સમજાણું કાંઈ? એનો વિશેષ ખુલાસો જ્યારે આવશે ત્યારે (થશે). આ તો આની સાથે જરી (મેળવ્યું). વજુભાઈ! આહા..હા..!

હવે અહીંયા પ્રશ્ન પૂછ્યો, મહારાજ! ચાલતો અધિકાર, ૩૯ પાનું. પ્રભુ! આ વસ્તુ વસ્તુમાં

રાગાદિ કોઈ વસ્તુ છે કે નહિ? વ્યવહાર રત્નત્રય કોઈ વસ્તુ છે કે નહિ વસ્તુ આત્મામાં? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રના ભણતરનો રાગ એ કોઈ આત્માની વસ્તુમાં વસ્તુ છે કે નહિ? આહા..હા..! એ.. ભગવાનભાઈ! ઈ બધા ન્યાં સલવાણા હતા ઓલામાં અંદર. તમારા વેવાઈ છે. આમ જ્યાં ક્રિયાકાંડ (કરે તો) આહા..હા..! શું મહાવ્રતધારી છે ને ભાઈ! ધૂળનોય નથી, સાંભળને! મહાવ્રતધારી. મહાવ્રત ધારવા હશે. અહીં તો મહાવ્રતના પરિણામને દુષ્ટ, અનિષ્ટ અને ઘાતક કહ્યા છે. એને શિષ્યએ પ્રશ્ન કર્યો છે, મહારાજ! આપ કહો છો એ અમને સમજાતું નથી, હોં! સમજ્યા નહિ. શું કહો છો તમે? હું સમજ્યો નથી, હોં! આવું શું કહેવા માગો છો? સમજાણું?

**'વિભાવપરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યા, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ, 'ભિન્ન' કહેતાં 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે.'** વસ્તુ સ્વરૂપમાં નથી. વસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે. વ્યવહાર રત્નત્રય અવસ્તુ છે. વસ્તુમાં છે જ નહિ. આહા..હા..! પોપટભાઈ! નહોતું સાંભળ્યું? આ તો પુસ્તક હવે બહાર પડ્યા. ખપી ગયા પણ. ૩૩૦૦ આવ્યા હતા બધા ખલાસ થઈ ગયા. થોડા ઘણા હશે કે નહિ? કેટલા છે? આ તો બધી લ્હાણી કરવા જેવી છે આની. લ્હાણી કરે છે ને પૈસાની ને પતાસાની ને સાકરની. ૩૩૦૦ થઈ રહ્યા. પાંત્રીસ રૂપિયાની કિંમતના બે. હવે શું થાય છે આ ફેરી જુઓને હવે. આ તો બધું સોંઘુ સોંઘુ કરીને સાંભળો, વાંચો. હિન્દુસ્તાનના માણસો ભગવાન વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં શું આવ્યું એકવાર એ સાંભળો, સાંભળો! સમજાય છે કાંઈ?

પરમેશ્વર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન સીમંધર પ્રભુ એ વાણી એમ જ કહી રહ્યા છે. સર્વજ્ઞ પરમાત્માના કથનમાં સંતોના, મુનિઓના કથનમાં કે સમ્યગ્દૃષ્ટિના કથનમાં ફેર હોય નહિ. એની ચારિત્રની રમણતામાં ફેર હોય. વસ્તુની દૃષ્ટિ અને વસ્તુના જ્ઞાનમાં એનો ફેર ન હોઈ શકે. સમજાણું કાંઈ?

કેમ અવસ્તુ છે? હવે એનો ખુલાસો કરે છે. અવસ્તુ કહીને પાછું સિદ્ધ કરવું છે ને. ''**तेन एव अन्तस्ततत्त्वतः पश्यतः अमी द्रष्टाः नो स्युः**'' માટે અવસ્તુ છે. આહા..હા..! શું કહે છે? ભગવાન આમ વસ્તુ '**अन्तस्ततत्त्वतः पश्यतः तेन एव**' તે જ કારણથી '**अन्तस्ततत्त्वतः पश्यतः**' '**શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ...**' ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય પ્રભુ એનો અંતર્મુખ અનુભવ સ્વભાવવાળો જે જીવ છે, તે જીવ '**તેને વિભાવપરિણામો...**' '**अमी**'. '**(अमी)**' કહ્યું. '**(द्रष्टाः)**' '**દૃષ્ટિગોચર નથી થતા;...**' એ વસ્તુમાં અનુભવદૃષ્ટિમાં એની દૃષ્ટિમાં વિભાવ આવતા નથી. દૃષ્ટિમાં ગોચર-દૃષ્ટિગમ્ય જ નથી એ વિભાવ. વસ્તુમાં નથી. આહા..હા..! રતિભાઈ!

જેમ આ રજકણો આત્મામાં નથી, એમ અંતરદૃષ્ટિના વિષયનો ભગવાન આત્મા એમાં

પુણ્યના પરિણામની ક્રિયા એનામાં છે જ નહિ. એમાં નથી. અવસ્તુ છે. આહા..હા..! ભગવાન! તારી મોટપ તને બેસે નહિ અને તું મોટપ દઈ દે, બડાઈ દઈ દે રાગને. રાગને બડાઈ દે, આ બડાઈ નહિ બેસે તને. બડાઈ સમજો છો? વિશેષતા. રાગને વિશેષતા દઈ દે તો સ્વભાવની વિશેષતા દૃષ્ટિમાં નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'(अन्तस्ततत्त्वतः पश्यतः)' **'જે શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ...'** સમ્યગ્દૃષ્ટિ **'જે જીવ તેને વિભાવપરિણામો...'** **'अमी दृष्टाः नो स्युः'** તે વિભાવપરિણામ **'(दृष्टाः)'** 'દૃષ્ટિગોચર...' વસ્તુની દૃષ્ટિમાં અનુભવાતા નથી. સમજાણું કાંઈ? છતાં રાગ થાય અને કહે છે કે વસ્તુની દૃષ્ટિમાં દેખાતા નથી. સાંભળને! વસ્તુમાં ક્યાં હતા એ રાગ? એ તો ભિન્ન છે, વિકલ્પ છે, અજીવ છે, અચેતન છે, આસ્રવ છે. ભગવાન ચિદાનંદ પ્રભુ વસ્તુનો સ્વભાવ દૃષ્ટિ કરતાં એ દૃષ્ટિ **'(नो स्युः)'** દૃષ્ટિમાં છે નહિ. એ વસ્તુમાં છે જ નહિ. વસ્તુમાં હોય તો દેખાય ને પણ. વસ્તુની દૃષ્ટિને અનુભવ કરતાં વસ્તુમાં નથી. ધર્મીજીવને આત્માની દૃષ્ટિ કરતાં, અનુભવ કરતાં વસ્તુમાં એ રાગ વિભાવ વ્યવહાર દેખાતો નથી. વ્યવહાર વસ્તુમાં દેખાતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો પહેલુંવહેલું વંચાય છે હોં! સભામાં. આપણે તો ત્યાં જે ચાલ્યું હતું એ અહીંનું પહેલું વંચાઈ ગયું હતું. અજીવ અધિકાર ચાલ્યો, પહેલો શરૂઆતમાં. અહીં તો આ કેટલુંક ચાલ્યું હતું. સમજાણું? આ તો પહેલેથી લેવું છે ને. કર્તાકર્મ અધિકાર, સવારમાં કર્તાકર્મ હતું. ૫૬-૫૬ ગાથાઓ થઈ ગઈ. ૫૬ ગાથા શું, ૫૬ વ્યાખ્યાન (થઈ ગયા). ભગવાનને ૫૬ કુમારિકા આવી હતી ને? આ ભગવાન પાસે નહોતી? આહા..હા..!

કહે છે, ભગવાન! 'તે કારણે જ...' ક્યા કારણે? અવસ્તુરૂપ છે તે કારણે એમ પછી છે. અવસ્તુરૂપ એ વિકાર વ્યવહાર જે વ્યવહાર ક્રિયાકાંડનો રાગ અવસ્તુરૂપ છે તે કારણે **'अन्तःतत्त्वतः'** અંતઃ શુદ્ધ સ્વરૂપના અનુભવશીલ જીવને **'વિભાવપરિણામ દૃષ્ટિગોચર નથી થતા;...'** કહો, સમજાણું કાંઈ? એ વસ્તુમાં નથી એટલે દૃષ્ટિના કરનારને વસ્તુમાં દેખાતા નથી. હોય ત્યારે દેખાય ને, એમાં ક્યાં હતા ઈ. કહો, જયંતિભાઈ!

હવે આવી વીતરાગ ઘરની વાતું એને જેને સમજવાની દરકાર નથી. ઉપરથી વાતું કરે, આવો આત્મા છે, આવો આત્મા છે. પણ આત્મા છે ઈ સર્વજ્ઞે કહેલો કેવો ઈ તો જો, કહે. અદ્ધરથી વાતું, આત્મા આવો છે. પણ આત્મા તો એની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણે એ વર્તમાન શ્રુતજ્ઞાનની પર્યાયમાં એટલી તો એની પર્યાયની તાકાત છે. એવી પર્યાયની કબુલાત કરીને પછી દ્રવ્યમાં વિકાર નથી એની કબુલાત થાય, અનુભવ ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. હજી છ દ્રવ્યને માને નહિ, છ દ્રવ્ય...

છ દ્રવ્ય છે, વસ્તુ છ દ્રવ્ય છે. જગતની અંદર છ પદાર્થ છે. એક એક દ્રવ્યના અનંતા ગુણો છે, વસ્તુ છે. એકલી આત્મા આત્માની વાતું કરે. હવે અહીંથી આત્માની વાતું થાય

એટલે હવે બધા આત્મા આત્મા કરવા મંડ્યા. સમજાણું કાંઈ? એમ નહિ. આત્માની એક જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જે અનંત ગુણવાળા છે, ત્રણ કાળમાં રહેલા. વસ્તુ એનો એક સમયમાં જ્ઞાન જાણે એવી તો એના એક સમયના જ્ઞાનની પર્યાયની તાકાત છે. એવી અનંતી પર્યાયનો પિંડ તે ગુણ અને એવા અનંતા ગુણનો પિંડ તે આત્મા. એવો આત્મા દૃષ્ટિમાં લેતાં વિભાવ-ફિભાવ દેખાતાં નથી. સમજાણું કાંઈ? હવે અહીંથી આત્માની વાત ચાલી છે ને એટલે હવે ઘણા જૈનના નામે અને બીજા વાતું કરવા મંડ્યા કે આવો આત્મા હોય. કેમ જયંતિભાઈ! જયંતિભાઈ પછી ભૂલમાં પડ્યા ન્યાં અંદરમાં. અહીં આત્માની વાત કરે છે. બૈરાંને એમ કીધું. આ તો મહારાજ જેવી વાત કરે છે. એ બાઈ કહે, મહારાજ પાસે કબુલ કરાવો પછી વાત તમારી. કેમ જયંતિભાઈ! ઈ જૈનનું જ કહે છે, હમણાં છાપમાં લખાણમાં આવ્યું હતું, હોં! ત્યાં ઘણા જૈનો જ હતા મહાબળેશ્વર. એમ લખ્યું હતું એમાં. ઘણા જૈનો જ હતા.

**શ્રોતા** :- પરમ દિ' છાપામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આવ્યું હતું ને, વાંચ્યું હતું ને. હજી જૈનની (ખબર ન મળે). જૈન એટલે વાડો નથી જૈન. જૈન વસ્તુનો સ્વભાવ છે તે જૈન છે. સંપ્રદાય જૈન છે કે અમારો સંપ્રદાય આમ અને તારો સંપ્રદાય આમ? એમ નથી. જૈન એટલે અનંત ગુણનો ધણી એક દ્રવ્ય, એવા અનંતા દ્રવ્યો એને એક સમયમાં પર્યાયમાં જાણે એવું જે પર્યાયનું સામર્થ્ય, એવી અનંતી પર્યાયના સામર્થ્યનો ગુણ અને અનંતા ગુણનો પિંડ તે આત્મા. એવી દૃષ્ટિ કરે તેને મિથ્યાત્વ ટળે એને જૈન કહેવામાં આવે. સમજાણું કાંઈ?

હવે, વિભાવપરિણામ નથી હોતા, ત્યારે શું હોય છે? એ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ સુદ ૧૪, શુક્રવાર, તા. ૧૪-૫-૧૯૬૫, કલશ-૩૭, ૩૮, ૩૯ પ્રવચન નં. ૩૯

આ સમયસાર કળશ ટીકા છે. હિન્દીમાં બનાવી છે. સમયસાર મૂળ શ્લોક તો કુંદકુંદાચાર્યના બનાવેલા છે, ૨૦૦૦ વર્ષ પહેલા. પછી અમૃતચંદ્રાચાર્ય થયા મહા દિગંબર સંત છે. ૯૦૦ વર્ષ પહેલા એમણે એની ટીકા કરી. એમાં કળશ બનાવ્યા. જેમ મંદિર ઉપર કળશ ચઢાવે એમ સંસ્કૃત ટીકાનો સાર લઈને શ્લોક બનાવ્યા છે. એ શ્લોકના અર્થ, રાજમલ પાંડે થયા છે ૩૫૦ વર્ષ પહેલા, બનારસીદાસ પહેલા એમણે આ ટીકા હિન્દીમાં બનાવી છે. ઢુંઢારી ભાષામાં. જયપૂરની આસપાસની ઢુંઢારી. આપણે હવે ચાલતી ભાષામાં થયું છે.

અહીંયા પાંચમો શ્લોક ચાલે છે. જુઓ! અજીવ અધિકાર. શું કહે છે જુઓ! '**વિભાવપરિણામો દૃષ્ટિગોચર નથી થતા;...**' ત્યાં આવ્યું છે. આવ્યું છે ભાઈ? જુઓ! બતાવો ક્યાં આવ્યું. શું કહે છે? આ અજીવ અધિકાર છે. તો જીવસ્વરૂપમાં શુદ્ધ ચિદાનંદ આત્મામાં અંતર સમ્યગ્દૃષ્ટિ કરવાથી અને આત્મા શુદ્ધ પરમાનંદનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શનમાં અને અંતર અનુભવના સમ્યક્જ્ઞાનમાં એ અજીવ નામ પુણ્ય-પાપના ભાવ, વિભાવ, વ્યવહાર રત્નત્રયના શુભભાવ એ પણ અંતરમાં દૃષ્ટિના વિષયમાં આત્મામાં દેખાતા નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવ સ્વભાવ છે. એક સમયમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાનંદ અને શુદ્ધ છે એમ અંતરમાં દૃષ્ટિ કરવાથી અને એ શુદ્ધ સ્વભાવનો અનુભવ કરવાથી આત્મામાં એ વ્યવહાર રત્નત્રય શુભરાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગાદિ એ અંતરની દૃષ્ટિમાં જીવસ્વભાવમાં દેખાતા નથી. સમજાય છે કાંઈ? એને આત્મા કહે છે. એને આત્મા કહે છે. આ અજીવનો અધિકાર છે તો આત્મામાં અજીવ નથી. સમજાય છે કાંઈ? ભાઈ! અનંતરાજજી! સમજાણું?

અહીંયા કહે છે, અજીવ અધિકાર છે તો અજીવ જીવમાં નથી. તો કેવા જીવમાં નથી? સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શનમાં અને સમ્યક્જ્ઞાનમાં અંતર સ્વભાવની દૃષ્ટિ કરવાથી આત્મામાં વ્યવહાર વિકલ્પ દેખાતા નથી. કેમ કે એ જીવસ્વભાવમાં નથી. અનંતરાજજી! એનું નામ આત્મા અને એ આત્માનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. સમજાય છે કાંઈ? તો કહે છે, એ '**દૃષ્ટિગોચર નથી થતા;...**' વસ્તુ સ્વભાવ જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યસૂર્ય અનાકુળ આનંદનો રસકંદ તે આત્મા. એવા આત્માને અંતર્મુખ દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવ

કરવાના કાળમાં અથવા દૃષ્ટિના વિષયમાં અંતરમાં જોવાથી જીવસ્વભાવમાં એ વ્યવહારનો, દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રયનો રાગ જે વિભાવ છે, વિકાર છે, અશુદ્ધ છે, અજીવ છે, આસ્રવ છે એ દૃષ્ટિના વિષયભૂત આત્મામાં દેખાતા નથી. ધરમચંદજી! સમજાય છે કે નહિ? આ એને આત્મા કહે છે. સ્વરૂપ શુદ્ધ છે એમાં વિકાર છે જ નહિ. એમ અંતરમાં દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આ વિના સમ્યગ્દર્શન થતું નથી.

કહે છે, શું દેખાય છે? એ તો નકાર કર્યો. '**વિભાવપરિણામ દૃષ્ટિગોચર નથી થતા;...**' એટલું કહ્યું, નાસ્તિથી કહ્યું. '**परं एकं दृष्टम् स्यात्**' '**ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.**' સમજાય છે કાંઈ? શું? ઉત્કૃષ્ટ ભગવાન ચૈતન્યપ્રભુ પૂર્ણ પ્રકાશ ચૈતન્યનો અને આનંદનો એવો શુદ્ધ સ્વભાવ, પરમ ઉત્કૃષ્ટ એવો શુદ્ધ. ઉત્કૃષ્ટ કેમ કહ્યું? વિભાવ, વિકલ્પ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એ અજીવભાવ છે. તેનાથી છૂટીને અંદર સમ્યગ્દર્શનમાં આત્મા જોવાથી અજીવ એમાં દેખાતા નથી. તો શું દેખાય છે? કે '**ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય...**' રાગથી, પુણ્યથી, વ્યવહારથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાનમૂર્તિ આઠ વર્ષની બાલિકાને પણ સમ્યગ્દર્શન થાય છે, તો સમ્યગ્દર્શનમાં આવું ચૈતન્યદ્રવ્ય પ્રતીતમાં આવે છે. સમજાય છે કાંઈ?

'**દૃષ્ટિગોચર થાય છે.**' શુદ્ધ ચૈતન્યપ્રભુ એકલો. વિકારના પરિણામથી ભિન્ન અંતર વસ્તુનો સ્વભાવ જોવાથી બધા રાગથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, કર્મથી ભિન્ન, શરીરથી ભિન્ન એવો ભગવાન આત્મા ચિદાનંદની જ્યોત એવી દૃષ્ટિમાં પરથી અધિક-ભિન્ન જોવામાં આવે છે. એનું નામ આત્મા કહે છે અને એવી દૃષ્ટિ, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? આવો, આવો. જગ્યા ખાલી છે. કેમ વાર લાગી? વૃદ્ધ માણસ છે ને. ધનકુમારના પિતા છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

ભગવાન..! અહીં જુઓ અનેકાંત કર્યું. અનેકાંતનો અર્થ કે સ્વરૂપ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું તો એ શુદ્ધ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ આવ્યું અને વિકાર-વિભાવ એમાં આવ્યા નહિ. એનું નામ અનેકાંતનું સમ્યગ્દર્શન કહે છે. અનંતરાજજી! હિન્દીમાં હવે તો સમજાય છે ને? થોડું થોડું હિન્દી આવડે છે. અમારી હિન્દી ભાષા નથી. અહીંયાની ભાષા કાઠિયાવાડી ગુજરાતી છે ને. અમે તો ગુજરાતમાં છીએ ને. શરીર ગુજરાતનું છે.

'**ભાવાર્થ આમ છે કે...**' ભાવાર્થ નામ એનો ભાવ અર્થ એવો છે કે '**વર્ણાદિક...**' રંગ, ગંધ, રસ, સ્પર્શ. વર્ણ.. વર્ણ. રંગ, ગંધ, સ્પર્શ અને પુણ્ય-પાપના '**રાગાદિક...**' ઈ રાગાદિ છે ને? શુભ-અશુભ રાગાદિ વિકલ્પ '**વિદ્યમાન દેખાય છે...**' વર્તમાન દશામાં-અવસ્થામાં પર્યાયદૃષ્ટિથી અંશમાં દેખાય છે '**તોપણ સ્વરૂપ અનુભવતાં સ્વરૂપમાત્ર છે,...**' પણ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી એમાં એ વિભાવ અંતરમાં દેખાતા નથી. સમજાય છે કાંઈ?

પર્યાયમાં વર્તમાન (દેખાય છે). અહીંયા કર્મની વાત નથી. વર્ણાદિક ભલે નિમિત્ત સંબંધ કહ્યો. રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ એ વર્તમાનમાં અવસ્થામાં હાલતમાં જુઓ તો દેખાય છે. પણ અંતર સ્વરૂપ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ ભગવાન ચિદાનંદનું ધ્યેય કરવાથી એમાં દેખાતા નથી. સમજાય છે કાંઈ?

'**વિભાવપરિણતિરૂપ વસ્તુ તો કાંઈ નથી.**' ભગવાન ચિદાનંદ સ્વરૂપ ચૈતન્યજ્યોતનો બિંબ આત્મા છે, એમ અંતરમાં સમ્યગ્દર્શનમાં વિભાવ પરિણતિ કોઈ વસ્તુ અંદરમાં નથી. આ તો પર્યાયમાં દેખાતા હતા. વસ્તુની દૃષ્ટિ કરવાથી એમાં દેખાતા નથી. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ જીવસ્વભાવમાં અજીવભાવ નથી અને જીવભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. કહો, પોપટભાઈ! હવે છઠ્ઠો શ્લોક. એ પાંચ (થયો).

---

(ઉપજાતિ)

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथंचनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथंचनासिम्।।६-३८।।

**ખંડાન્વય સહિત અર્થ** :—"अत्र येन यत् किञ्चित् निर्वर्त्यते तत् तत् एव स्यात्, कथञ्चन न अन्यत्" (अत्र) વસ્તુનું સ્વરૂપ વિચારતાં (येन) મૂળ કારણરૂપ વસ્તુથી (यत् किञ्चित्) જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનો પરિણામ (निर्वर्त्यते) પર્યાયરૂપ નીપજે છે, (तत्) જે નીપજ્યો છે તે પર્યાય (तत् एव स्यात्) નીપજ્યો થકો જે દ્રવ્યથી નીપજ્યો છે તે જ દ્રવ્ય છે, (कथञ्चन न अन्यत्) નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો. તે જ દૃષ્ટાંત દ્વારા કહે છે—"इह रुक्मेण असिकोशं निर्वृत्तम्" (इह) પ્રત્યક્ષ છે કે (रुक्मेण) ચાંદીધાતુથી (असिकोशं) તલવારનું મ્યાન (निर्वृत्तम्) ઘડીને મોજૂદ કર્યું ત્યાં "रुक्मं पश्यति, कथञ्चन न असिम्" (रुक्मं) જે મ્યાન મોજૂદ થયું તે વસ્તુ તો ચાંદી જ છે (पश्यन्ति) એમ પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે અને માને છે; (कथञ्चन) 'ચાંદીની તલવાર' એમ કથનમાં તો કહેવાય છે તથાપિ (न असिम्) ચાંદીની તલવાર નથી. ભાવાર્થ આમ છે કે ચાંદીના મ્યાનમાં તલવાર રહે છે તે કારણે 'ચાંદીની તલવાર' એમ કહેવામાં આવે છે તોપણ ચાંદીનું મ્યાન છે, તલવાર લોઢાની છે, ચાંદીની તલવાર નથી. ૬-૩૮.

## કલશ-૩૮ ઉપર પ્રવચન

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथंचनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथंचनासिम्।।६-३८।।

ખંડાન્વય સહિત અર્થ :—'**अत्र येन यत् किञ्चित् निर्वर्त्यते तत् तत् एव स्यात्, कथञ्चन न अन्यत्**' જરીક શાંતિથી સાંભળવું. જરી સૂક્ષ્મ વાત છે. '**વસ્તુનું સ્વરૂપ વિચારતાં...**' પદાર્થનો વાસ્તવિક વિચાર કરતાં. જેવી વસ્તુ પુદ્ગલ છે તેનો વાસ્તવિક વિચાર કરવામાં આવતા અને જેવું ચૈતન્યસ્વરૂપ છે તેનો વાસ્તવિક વિચાર કરતાં '**મૂળકારણરૂપ વસ્તુથી જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનો પરિણામ...**' અહીં પુદ્ગલની વાત લેવી છે. જરી સૂક્ષ્મ વાત છે. પુદ્ગલ એ મૂળ કારણ છે. મૂળકારણરૂપ વસ્તુ તેનાથી '**જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનો પરિણામ...**' દ્રવ્યથી જે પર્યાય ઉપજે છે એ દ્રવ્યનું કાર્ય અને દ્રવ્યસ્વરૂપ પરિણામ છે. સમજાય છે કાંઈ? મૂળ કારણરૂપ વસ્તુ જે કંઈ કાર્ય. વસ્તુનું જે '**કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનો પરિણામ પર્યાયરૂપ નીપજે છે, જે નીપજ્યો છે તે પર્યાય નીપજ્યો થકો જે દ્રવ્યથી નીપજ્યો છે તે જ દ્રવ્ય છે,...**' જુઓ! સિદ્ધાંત કહે છે પહેલા તો. શું કહ્યું?

અહીં પુદ્ગલની વાત કરવી છે, હોં! રાગાદિ તે પુદ્ગલથી ઉત્પન્ન થયો છે. પુદ્ગલદ્રવ્યનું કાર્ય, એ આત્માનું નહિ. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ ઉપર જે રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના વિકલ્પ આદિ દેખાય છે અને શરીરાદિ દેખાય છે એ મૂળ વસ્તુ પુદ્ગલદ્રવ્ય પદાર્થ. તો દ્રવ્ય તેનાથી જે કંઈ કાર્યનિષ્પત્તિ થઈ એ પદાર્થથી જે કાર્યની પ્રાપ્તિ થઈ તે વસ્તુના જ પરિણામ છે. એ પદાર્થના જ પરિણામ છે. જે વસ્તુ છે એનાથી જે કાર્ય થયું એ પદાર્થના જ પરિણામ છે. પદાર્થ કારણ છે અને વસ્તુની પર્યાય ઉત્પન્ન થઈ તેનું એ કાર્ય છે. કાર્યનો અર્થ એ વસ્તુના એ પરિણામ છે. પરિણામનો અર્થ વસ્તુની એ પર્યાય છે.

'**પર્યાયરૂપ નીપજે છે, જે નીપજ્યો છે તે પર્યાય...**' છે. '**નીપજ્યો થકો જે દ્રવ્યથી નીપજ્યો છે તે જ દ્રવ્ય છે,...**' '**कथञ्चन**' '**નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો.**' શું કહે છે? ભગવાન આત્મા એમાં જે રાગાદિ પુણ્ય-પાપના વિકલ્પ આદિ દેખાય છે એ પુદ્ગલદ્રવ્ય છે તેનું કાર્ય નીપજ્યું છે તો એ પુદ્ગલની પર્યાય છે, આત્માની નહિ. આહા..હા..! એઈ.. વજુભાઈ! અજીવ અધિકાર છે ને તો અજીવને સિદ્ધ કરે છે હવે. એ તો મૂળ ભગવાન ચૈતન્યપ્રભુ તો એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત આનંદ અને ચૈતન્યનો ગાંગડો છે. જેમ ખારમાં.. ખારને શું કહે છે? લવણ.. લવણ. મીઠાની ગાંગડીમાં ચારે બાજુ

ક્ષાર જ ભર્યો છે. એમ ભગવાન આત્મા ચારે કોરથી એમાં આનંદ અને જ્ઞાન જ ભર્યા છે. એમાં કોઈ બીજી વસ્તુ નથી. તો આ દેખાય છે ને? શરીર, વાણી, મન, કર્મ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્યવહાર રત્નત્રય. ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ, દયા, દાનના પરિણામ જે વિકલ્પ દેખાય છે એ મૂળ કારણ પદાર્થ-વસ્તુ છે તેનાથી કાર્ય નીપજ્યું એ પદાર્થની પર્યાય છે. પદાર્થના પરિણામ છે. એ પુદ્ગલ પદાર્થ છે તેનાથી નીપજેલું તે કાર્ય છે. આત્માથી એ કાર્ય નીપજ્યું નથી.

અહીંયા બધું પુદ્ગલ અને રાગાદિ એની પર્યાય એમ અહીંયા એમ કહેવું છે. અજીવ અધિકાર છે ને. બધું અજીવ. આસ્રવ અજીવ, શરીર અજીવ, બધું અજીવમાં જાય છે. સૂક્ષ્મ વાત છે. એ જીવ સ્વરૂપ નથી. આ તો અધ્યાત્મ વસ્તુ છે. કદી એણે ખ્યાલ કરીને સાંભળી જ નથી. ઉત્પન્ન થાય છે પર્યાયમાં. રાગ-દ્વેષ વિકાર કર્મથી નહિ. પણ એ વિકારની ઉત્પત્તિમાં કર્મના લક્ષે ઉત્પન્ન થયા તો અહીંયા એ જ સિદ્ધ કર્યું કે કર્મ, શરીર, રંગ, ગંધ, રસ, સ્પર્શ અને એની પર્યાય એનાથી નીપજ્યા પુણ્ય-પાપના પરિણામ તેની પર્યાય નીપજાવનાર પુદ્ગલ છે, નીપજેલી પર્યાય. ઊપજાવનાર દ્રવ્ય. તો એના પરિણામ એ પુદ્ગલના જ પરિણામ છે. અજીવના પરિણામ છે, જીવના પરિણામ નથી. આહા..હા..!

અહીંયા તો ભેદજ્ઞાન (કરાવે છે). પુણ્ય-પાપના ભાવ, શુભરાગ હોં! દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ જે વૃત્તિ રાગ ઉઠે છે એ રાગ છે, એ પંચ મહાવ્રત પણ રાગ છે. દયા, દાન, પૂજાનો, ભક્તિનો પણ ઉઠે છે એ રાગ છે. તો અહીંયા કહે છે કે ભગવાન! સાંભળ તો ખરો. ભગવાન આત્મદ્રવ્ય જે શુદ્ધ છે તેમાંથી તો શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે તો મૂળ કારણ દ્રવ્ય છે. અને એમાં તો શુદ્ધ પરિણામ ઉત્પન્ન થવા તે દ્રવ્યનો પર્યાય અને પરિણામ છે. એ વાત અહીંયા પહેલા નથી કહેવી. સમજાય છે કાંઈ? પણ એ આત્મામાં જે પુણ્ય-પાપ, શુભાશુભ રાગ અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, શરીર બધાને પુદ્ગલ કારણ દ્રવ્ય, નીપજેલું કાર્ય રાગાદિ વ્યવહાર રત્નત્રય પુદ્ગલનું નીપજેલું કાર્ય, એના એ પરિણામ અને એની એ પર્યાય. દ્રવ્ય સ્વભાવના પરિણામ અને દ્રવ્યસ્વભાવની પર્યાય આત્માની નથી. ધન્નાલાલજી! સમજાય છે કાંઈ? ધરમચંદજી! શું કહે છે? વાંચ્યું છે ને. પહેલા તો એ સિદ્ધ કર્યું. શું કહ્યું?

**'येन यत् किञ्चित् निर्वर्त्यते तत् तत् एव स्यात्'** એમ છે ને? જે કોઈ મૂળ કારણથી જે કંઈ કાર્યનિષ્પત્તિ પ્રાપ્તિરૂપ વસ્તુના પરિણામ-વસ્તુની દશા-એ પર્યાયરૂપ નીપજે છે. **'જે નીપજ્યો છે તે પર્યાય નીપજ્યો થકો...'** એ પર્યાય નીપજી થકી **'જે દ્રવ્યથી નીપજ્યો છે તે જ દ્રવ્ય છે,...' 'જે દ્રવ્યથી નીપજ્યો છે તે...'** દ્રવ્ય છે અને નીપજી છે તે પર્યાય છે. **'कथञ्चन न अन्यत्'** અનેરી નથી. એ દ્રવ્યની પર્યાય દ્રવ્યથી જ ઉત્પન્ન થઈ છે. એ પર્યાય અન્યની છે જ નહિ. અર્થાત્ કર્મ અને શરીરાદિ એક પુદ્ગલની

જાત છે અને એ મૂળ કારણથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના વિકલ્પનો રાગ એ (પુદ્‌ગલ) દ્રવ્યની પર્યાય છે. એ કર્મ ને જડ શરીરની એ પર્યાય છે. એ જડની પર્યાય છે તો જડ છે દ્રવ્ય, નીપજી પર્યાય તો એનાથી કાર્યનિષ્પત્તિ થઈ એ જડ જ છે. એ આત્મા નહિ. અન્ય કિંચિત્ નથી. '**નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો.**' એ આત્મદ્રવ્યરૂપ થયા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અંતર સમ્યગ્દર્શનનો વિષય આવી વસ્તુ છે. લોકો અંદરમાં માની બેઠા કે બહારથી આ થયું ને આ કર્યું. ધૂળેય નથી કર્યું, સાંભળ તો ખરો.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યજાત, આ એનો અનુભવ સમ્યગ્દર્શનમાં કરવો. એ શુદ્ધતાપરિણામ—શુદ્ધતાપર્યાય—એ દ્રવ્યથી (નીપજેલી પર્યાય)-આત્મદ્રવ્યથી નીપજેલી પર્યાય—આત્મદ્રવ્યથી નીપજેલું કાર્ય-આત્મદ્રવ્યથી નીપજેલી પર્યાય તે આત્મા જ છે, તે અન્ય નથી. અહીં કહેવું છે કે મૂળ કારણ વસ્તુ જડ છે, જડથી ઉપજેલા પરિણામ, દયા, દાન, વ્રતના પરિણામ પણ જડથી નીપજેલા (પરિણામ છે). ચૈતન્યદ્રવ્યથી નથી થયા તો જડથી ઉત્પન્ન થયા (એમ કહે છે). ભેદજ્ઞાન કરાવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**(कथञ्चन न अन्यत्)**' અર્થાત્ એ પુદ્‌ગલ ને માટી-શરીર અને કર્મ બેય અજીવ, અજીવ, જડ. તો એ જડથી પુણ્યના પરિણામ નીપજ્યા છે. એ પરિણામ નીપજ્યા એ જડ દ્રવ્યથી નીપજેલા છે. જડ દ્રવ્ય નીપજાવે છે. નીપજાવે છે તે દ્રવ્ય છે અને નીપજ્યા તે દ્રવ્યની પર્યાય છે. પુણ્ય-પાપના પરિણામ એ જડની પર્યાય-પરિણામ-કાર્ય છે અને જડ તેને નીપજાવનારું તેનું નામ દ્રવ્ય છે. આહા..હા..! અરે..! વિકાર કર્મ કરાવે છે, ઈ પ્રશ્ન અહીંયા નથી. વિકાર તો પોતાની પર્યાયમાં પોતાની નબળાઈથી પુણ્ય પરિણામ આદિ વ્યવહાર રત્નત્રયના થાય છે. પણ એ વ્યવહાર રત્નત્રયના (પરિણામ) ઉત્પન્ન થયા એ સ્વભાવની દૃષ્ટિથી અને સ્વભાવથી નથી થયા. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉપર છે. તો દ્રવ્યસ્વભાવથી ઉત્પન્ન થયેલો એ વિકાર નથી. દ્રવ્ય સ્વભાવથી ઉત્પન્ન થયેલો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્વિકલ્પ પર્યાય-વીતરાગી પર્યાય-વીતરાગી પરિણામ એ દ્રવ્યથી નીપજેલા-દ્રવ્ય નીપજાવતું-આત્મદ્રવ્ય નીપજાવે છે. નીપજે છે વીતરાગી પર્યાય. એ બતાવવા કહ્યું કે એમાં એ વિકાર દેખાય છે ને? સમજાય છે ભાઈ? પ્રોફેસરજી! ઝીણી પડે છે વાત? પ્રોફેસરમાં આવે નહિ ન્યાં નિશાળમાં આવું આવે નહિ. જુઓ ભાઈ અહીંયા.

એ આસ્રવ છે ને? પુણ્ય-પાપનો આસ્રવ. સાત તત્ત્વ છે કે નહિ? તો પુણ્ય-પાપના ભાવ એ આસ્રવતત્ત્વ છે. એમાં પુણ્ય-પાપ, શુભ-અશુભ આવી ગયા. કર્મ, શરીર અજીવ છે. અજીવ અને આસ્રવ થયા. એક બાજુ ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ છે. તો એ શુદ્ધ દ્રવ્યસ્વભાવ, જેની દૃષ્ટિ સમ્યક્ થઈ તો દૃષ્ટિમાં શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ. એ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ તો દ્રવ્યસ્વભાવ નીપજાવનાર અને નીપજ્યું શું? સંવર, નિર્જરા

શુદ્ધ વીતરાગી પર્યાય નીપજી. એટલે સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય થઈ. વસ્તુથી નીપજેલી. વસ્તુ નીપજાવનારી અને નીપજી એ સંવર વીતરાગી અલ્પ પર્યાય અને પૂર્ણ વીતરાગી પર્યાય એ કેવળ. તો પૂર્ણ વીતરાગી પર્યાય કેવળ અને અપૂર્ણ વીતરાગી પર્યાય સંવર, નિર્જરા એ દ્રવ્યથી નીપજેલું-આત્મદ્રવ્યથી નીપજેલું છે.

અને એમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ દેખાય છે એ પુદ્‌ગલ અજીવથી નીપજેલા એ અજીવદ્રવ્યનું કાર્ય અને પરિણામ-પર્યાય છે. બેયને ભિન્ન કરી નાખ્યા. આહા..! એનું નામ જ સમ્યક્‌જ્ઞાન છે. એવું ભેદજ્ઞાન જ જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન. 'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન, ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તૂ માન'. ધર્મદાસ ક્ષુલ્લક થયા છે ને? સમ્યક્‌જ્ઞાન દીપિકા અને સ્વાત્માનુભવ મનન બે ગ્રંથ બનાવ્યા છે. સમજાય છે કાંઈ? ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન. સમજાય છે? આ પ્રોફેસરપણાના અને વકીલાતપણાના ને ડૉક્ટરપણાના જ્ઞાન એ અજ્ઞાન છે. ધરમચંદજી! આ શાસ્ત્રનું ભણતર પણ અજ્ઞાન છે. સાંભળ તો ખરા. કેમ કે શાસ્ત્રના ભણતરમાં વિકલ્પ આવે છે એ પરલક્ષી છે. એ પુદ્‌ગલથી નીપજેલી પુદ્‌ગલની પર્યાય, ચૈતન્યની નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ તો ખરા!

**'અન્ય દ્રવ્યરૂપ નથી થયો.'** અન્ય દ્રવ્યરૂપ એટલે શું? કે આત્મદ્રવ્યરૂપ એ નથી થયા. કોણ? પુણ્ય અને પાપના આસ્રવભાવ જે થયા અને કર્મ, શરીર જે છે એ (પુદ્‌ગલ) દ્રવ્યથી ઉત્પન્ન થયેલી એ પર્યાય આત્મદ્રવ્યરૂપ નથી થઈ. વજુભાઈ! આહા..હા..! અંદર ચૈતન્ય કોણ છે? રાગ શું છે? (ખબર નથી). રાગને અચેતનમાં કેમ નાખ્યો? કે જે વ્યવહાર રત્નત્રયનો રાગ છે એમાં ચૈતન્યસૂર્યના પ્રકાશનો અભાવ છે. શું કહ્યું? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય ચૈતન્યપ્રકાશનો સૂર્ય બિંબ અને અનાકુળ આનંદથી ભરેલો રસ. એવો ભગવાન આત્મા એને આત્મા કહે છે. અને એવા આત્માની દૃષ્ટિ થઈ એવા અનુભવમાં એને સંવર, નિર્જરા અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. આવા આત્માના દૃષ્ટિ, જ્ઞાન થયા એ. અને એમાં જે બીજા પરિણામ દેખાય છે કે જે સ્વરૂપમાં નથી. એવા પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ અને કર્મ, શરીર એનું મૂળ કારણ તો દ્રવ્ય જડ છે. કેમ કે રાગ અચેતન છે. અચેતન કેમ કહ્યું? ચૈતન્યપ્રકાશનો, ચૈતન્યસૂર્યનો અંશ રાગમાં નથી આવતો. સમજાય છે કાંઈ? આહા..હા..!

ચૈતન્યસૂર્ય છે ને? ચૈતન્યનું કિરણ તો ચૈતન્યમય હોવું જોઈએ. ચૈતન્યનું કિરણ,... સૂર્યનું કિરણ સૂર્યના કિરણ જેવું જડ હોવું જોઈએ. એમ ચૈતન્યનું કિરણ નામ પર્યાય નામ દશા ચૈતન્યસૂર્ય ચિદાનંદ સ્વરૂપ છે, એની પર્યાયમાં ચૈતન્યનું કિરણ આવવું જોઈએ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી એ ચૈતન્યનું કિરણ છે. રાગ જે થયો એ ચૈતન્યના કિરણથી અભાવરૂપ રાગ છે. રાગમાં ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજ નથી. સમજાય છે? ભાઈ! આહા..હા..!

અહીં તો ભાઈ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનની, જીવ-અજીવ કોને કહેવા એની વાત છે. કહે છે, ભગવાન પ્રભુ ચૈતન્યના નૂરના તેજનો પિંડ પ્રભુ આત્મા, ચેતનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ ચેતન. એવી અંતર સમ્યક્દૃષ્ટિ કરવાથી એ દ્રવ્યનો સ્વભાવ તો ચૈતન્ય છે તો એની પર્યાયમાં પણ ચૈતન્ય જ્ઞાનની પરિણતિરૂપ જ્ઞાન, જ્ઞાનની પરિણતિરૂપ શ્રદ્ધા અને જ્ઞાનની પર્યાયરૂપ ચારિત્ર એ તો દ્રવ્યની પર્યાય દ્રવ્યથી નીપજેલી આત્મા છે. અને રાગાદિ ઉત્પન્ન થાય છે એમાં ચૈતન્યપ્રકાશનો અભાવ છે. તો અચેતન છે. તો જેમ શરીર અને કર્મ અચેતન છે એમ અચેતન જેમાં ચૈતન્યપ્રકાશ નથી તો એનાથી નીપજેલા રાગાદિ પરિણામ પણ અચેતન છે. તો અચેતન દ્રવ્ય મૂળ કારણ છે. એની નિષ્પત્તિ પર્યાય થઈ તેનું કાર્ય છે. તેનું કાર્ય ગણીને, તેના પરિણામ અચેતન ગણીને, તેની પર્યાય ગણીને અચેતનમાં નાખી દીધા. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે નહિ. એવું શું કરે? એમાં છે જ નહિ ને. અચેતને કઈ રીતે કર્યો? શું કહ્યું સમજાણું? ચિત્‌વિકાર થાય એ અચેતન મૂર્ત કહી દીધું. પણ કઈ અપેક્ષાએ મૂર્ત કહ્યું? અહીંયા આત્માનો ચૈતન્યસ્વભાવ આત્મા આનંદપ્રભુ આનંદધામ.. જેમ બરફની પાટ હોય, બરફ કહે છે ને? બરફની પાટ ઠંડી ઠંડી. આઈસ કહે છે ને? આઈસ, એકલો આઈસ, એકલો બરફ. ઠંડો.. ઠંડો.. ઠંડો. એમાંથી ઠંડકનો પ્રવાહ નીકળે છે. શું એમાંથી ઉષ્ણતાનો પ્રવાહ નીકળે છે? એમ ભગવાન આત્મા દેહથી ભિન્ન, રાગથી ભિન્ન એકલો ઠંડો અવિકારી વીતરાગ શાંતરસનો પિંડ આત્મા છે. સમજાય છે કાંઈ? એ જડ છે, આ ચૈતન્ય છે. એ વીતરાગ, રાગ વિના, પુણ્ય વિના એકલો વીતરાગ અકષાય સ્વભાવનો પિંડ પ્રભુ આત્મા છે. તો એ આત્મામાં કિરણ નીકળે તો અકષાય વીતરાગી પર્યાય (નીકળે). સમ્યગ્દર્શન પણ વીતરાગી છે, સમ્યક્જ્ઞાન-ભેદજ્ઞાન પણ વીતરાગી પર્યાય છે અને ચારિત્રની સ્થિરતા પણ વીતરાગી પર્યાય છે. ભગવાન આત્મામાં અંતર અનુભવ કરતાં, સમ્યગ્દર્શનની દૃષ્ટિ કરતાં એનું પરિણમન તો વીતરાગી પર્યાય થાય છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ વીતરાગી પર્યાય છે. વીતરાગ મૂળ કારણ છે દ્રવ્ય. એમાંથી નીપજેલી પર્યાય વીતરાગી પર્યાય છે.

રાગ છે તે અચેતન છે. અચેતન કર્મ અને શરીર અને આસ્રવ, અજીવ અને આસ્રવ એકમાં નાખીને અચેતન એના મૂળ દ્રવ્યથી નીપજેલું વિકારી પર્યાય પરિણામ એ જડનું કાર્ય છે. અન્ય કિંચિત્ નહિ, જીવની પર્યાય કિંચિત્ નહિ. આહા..હા..! ધન્નાલાલજી! સમજાય છે? છે ને? જુઓને! એમાં લખ્યું છે એનો તો અર્થ થાય છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ શું લખ્યું છે? શું કહે છે?

**'નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો. તે જ દૃષ્ટાંત દ્વારા કહે છે—'** જુઓ! 'તે જ દૃષ્ટાંત દ્વારા કહે છે...' **'इह रुक्मेण असिकोशं निर्वृत्तम्'** **'પ્રત્યક્ષ છે કે**

**ચાંદીધાતુથી તલવારનું મ્યાન ઘડીને મોજૂદ કર્યું...**’ શું કહે છે? ઉપરની વાત (કરે છે), જુઓ! ભગવાન અંદર ભિન્ન છે. મ્યાન સોનાની છે, મ્યાન સોનાની છે કે ચાંદીની. અંદર તલવાર ભિન્ન છે. તો જેમ મ્યાન ચાંદીથી ઉત્પન્ન થયેલું ચાંદી જ છે, તલવાર નહિ. તલવાર ભિન્ન છે. તલવારનું કાર્ય નહિ અને તલવારની પર્યાયનું કાર્ય આ એનું નહિ. ચાંદીનું મ્યાન છે ને? ચાંદી નામ સોનાનો મ્યાન આવે છે ને? એ તો સોનાનું છે. સોનામાંથી નીપજેલું, ચાંદીમાંથી નીપજેલું ચાંદીનું મ્યાન છે. એ તલવાર નથી.

એમ પુણ્ય-પાપ અને રાગ-દ્વેષની મ્યાન માથે છે. પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, વિકલ્પ આદિના પરિણામ એ જડથી નીપજેલા (છે). મ્યાન જેમ ચાંદીથી નીપજેલું છે, એમ અચેતન જડથી નીપજેલો વિકાર છે. પોતાથી નીપજેલું નથી. અને એ ચાંદીનો મ્યાન કિંચિત્ તલવારનું નથી. શું? ચાંદીનું મ્યાન કિંચિત્ લોઢાની તલવારનું છે જ નહિ. એમ કર્મ અને પુદ્ગલ અચેતન માટી જડ છે તેનાથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના વિકાર અચેતન છે. એ આત્માની પર્યાય બિલકુલ નથી. દૃષ્ટાંત પણ કેવો છે! કેવો દૃષ્ટાંત આપ્યો છે. ધન્નાલાલજી! તલવાર ભિન્ન છે, મ્યાન ભિન્ન છે. બોલવામાં આવે કે સોનાની તલવાર (છે). વ્યવહાર આત્માનો, શરીર આત્માનું બોલવામાં આવે છે. એમ છે જ નહિ. આહા..હા..! આત્મા વ્યવહાર કરે છે, રાગ કરે છે આત્મા, શરીર આત્માનું છે બધું મ્યાનને મ્યાન કહેવી પણ તલવારને ચાંદીની કહેવી એ ઉપચાર કથન છે, વાસ્તવિક નથી. સમજાય છે કાંઈ?

આ તો ભેદજ્ઞાન સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનની વાત છે. આ ભેદજ્ઞાન છે. આ શું કહે છે? જીવ, અજીવની વાત કરે છે. આ જીવ અને અજીવની. પ્રજ્ઞાછીણી તીક્ષ્ણ છે. કહે છે ને. આપણે આવ્યું હતું. બળાત્કારથી અજ્ઞાની રાગનો કર્તા થાય છે. સ્વરૂપમાં છે જ નહિ. એમ આવ્યું હતું. કર્તા-કર્મમાં આવ્યું હતું ને? બળાત્કાર. ક્યાંક આવ્યું હતું. કર્તા-કર્મમાં આવ્યું હતું કે નહિ? બળાત્કાર ક્યાંક હતું. બળાત્કાર. પાનું-૫૭. ચોથી લીટી. બળાત્કાર. ત્યાં વ્યાખ્યાનમાં આવી ગયું છે-રાજકોટ.

અરે..! ભગવાન! એમ કહે છે, ચોથી લીટી છે. ૫૭ પાનું. (કળશ-૫૮) ‘**મિથ્યા દૃષ્ટિને લીધે આકુલિત થતા થકા બળજોરીથી જ કર્તા થાય છે.**’ છે? શું કહ્યું? અરે..! ભગવાન! તું ચૈતન્ય પ્રભુ છે ને. તારામાં પ્રકાશનો, આનંદનો કંદ પડ્યો છે. તું બળાત્કારથી મિથ્યાદૃષ્ટિપણે રાગનો કર્તા થાય છે. મૂઢપણે બળજોરીથી રાગનો કર્તા થાય છે. બળાત્કારથી અજ્ઞાનથી તું બળાત્કારથી રાગનો, વ્યવહારનો કર્તા થાય છે. તારા સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ કર્તા-કર્મની ગાથા ત્યાં વંચાઈ ગઈ છે. ફરીને વાંચવી પડશે અહીં? .. ઝટ ઉતાવળમાં કહી દીધું હોય. કહો, સમજાણું આમાં? હિંમતભાઈ નહોતા ને. આહા..હા..! બે. એક ઘામાં બે કટકા. સમ્યક્જ્ઞાન જ્યાં સમ્યક્ થયું, બે કટકા. બે ટૂકડા સમજો છો? એમ સમ્યક્જ્ઞાન. તલવાર જેમ તીક્ષ્ણ છે. હું ચૈતન્યપ્રભુ જ્ઞાયકસ્વભાવ. મારા જ્ઞાયકસ્વભાવમાં રાગાદિ

ત્રિકાળમાં નથી. મારામાં જે છે હું શુદ્ધ ચૈતન્ય આનંદાદિ શુદ્ધ પદાર્થ છું. એવી દૃષ્ટિ થઈ તો રાગથી ભેદજ્ઞાન થયું. આત્મા તો પોતાની નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાયનો કર્તા થઈને પરિણમન કરે છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયનો કર્તા અને કાર્ય, એ પણ ઉપચાર. પરનો કર્તા-ફર્તા છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? જુઓ! ઈ હજી કર્તા-કર્મમાં આવશે.

કહે છે, **'પ્રત્યક્ષ છે કે ચાંદીધાતુથી...'** ... **'તલવારનું મ્યાન ઘડીને મોજૂદ કર્યું...'** ઉપરનું મ્યાન. **'रुक्मं पश्यन्ति, कथञ्चन न असिम्'** **'જે મ્યાન મોજૂદ થયું તે વસ્તુ તો ચાંદી જ છે એમ પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે અને માને છે. 'ચાંદીની તલવાર' એમ કથનમાં તો કહેવાય છે તથાપિ ચાંદીની તલવાર નથી.'** ચાંદીની તલવાર નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ ઘન ચૈતન્યપ્રભુ, એમાં રાગાદિ પુણ્ય આદિનો વિકલ્પ છે એ મ્યાન જેવા જડથી ઉત્પન્ન થયેલું કાર્ય છે. તો આત્માને કહેવામાં આવે છે કે વ્યવહાર આત્માએ કર્યો, વ્યવહાર આત્માનો છે, રાગ આત્માનો છે. જેમ મ્યાન તલવારની કહે છે એમ બોલવામાં આવે છે. છે નહિ. અધ્યાત્મ ચીજ એવી ચીજ છે, સૂક્ષ્મ સમ્યગ્દર્શન કે એણે અંદરમાં કદી શું ચીજ છે એ સાંભળવા મળી નથી. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન પ્રભુ કહે છે કે એ તલવારની ઉપર જેમ મ્યાન ચાંદીથી ઘડાયેલી દેખાય છે. એ ચાંદીથી ઘડાયેલો-રચાયેલો મ્યાન દેખાય છે. તેને તલવારનું કહેવું એ યથાર્થ નથી. એમ કર્મ અને શરીર જે અજીવ પદાર્થ છે, અજીવ અધિકાર ચાલે છે, અજીવ પદાર્થ છે. એ ચાંદીથી ઘડાયેલું મ્યાન દેખાય છે એ મ્યાન તલવારનું બિલકુલ નથી. એમ અજીવ પુદ્‌ગલ અચેતન શરીર, કર્મ એનાથી ઘડાયેલું, રચાયેલું, એનાથી બનેલું શરીર, કર્મ અને વિકાર તેનાથી બનેલા દેખાય છે. પ્રત્યક્ષ દેખાય છે. લોકો એમ કહે છે કે એ આત્માના બોલવામાં છે, વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? આવું પ્રોફેસરમાં પણ આવે નહિ. આવે ત્યાં? ભણવા-બણવામાં આવતું નથી. આહા..હા..! ભગવાન! આ તો છે એવી ચીજની કોલેજ છે. ન હોય તેને માનવું એ કોલેજ ભિન્ન છે.

ભગવાન પ્રભુ અંદર અનાકુળ આનંદને રચનાર આત્મા છે. એ અનાકુળ સ્વરૂપ ભગવાન આત્માનું છે. એ તો અનાકુળ પર્યાયને નીપજાવનારું અનાકુળ દ્રવ્ય છે. આકુળતાને ઉપજાવનારું ચૈતન્યદ્રવ્ય નથી. એ પુણ્ય-પાપનો રાગ છે એ આકુળતા છે. વ્યવહાર રત્નત્રયનો શુભઉપયોગ પણ આકુળતા છે. શુભઉપયોગ પણ આકુળતા છે. પંચ મહાવ્રતના પરિણામ પણ શુભઉપયોગ આકુળતા છે. એ આકુળતાને નીપજાવનારો (આત્મા નથી). જેમ ચાંદીથી ઘડાયેલું મ્યાન છે, એમ કર્મ અને અચેતન પુદ્‌ગલથી ઘડાયેલો વિભાવ છે. એ આત્માથી રચાયેલો ભાવ નથી. ભગવાન! તારી વસ્તુ કોઈ બીજી છે. તને એનું માહાત્મ્ય કદી આવ્યું નહિ. પછી બહારથી ઝઘડા (કરે).

'પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે...' એમ કહ્યું છે અહીં તો. અહીં તો કહે છે પ્રત્યક્ષપણે અચેતનથી અચેતન થયું એમ સર્વ લોક દેખે છે ને. ચાંદીથી ઘડાયેલું મ્યાન દેખાય છે. શું તલવાર એનાથી થઈ એમ દેખાય છે? ચાંદીથી તલવાર થઈ છે એમ દેખાય છે? ચાંદીથી મ્યાન થયું એમ દેખાય છે. એમ અચેતન જડ શરીર, કર્મ આદિથી વિકાર આકુળતા ઉત્પન્ન થઈ છે. અચેતનથી એ પર્યાય થઈ છે એમ પ્રત્યક્ષ દેખાય છે. આત્મામાં એ વિકારનું ઊપજવું છે નહિ. સમજાય છે કાંઈ? પુસ્તક તો ઘણા છે ભાઈ, હોં! હજી થોડા પડ્યા છે. ખબર તો પડે આ શું ચીજ છે. કદી વિચાર્યું નથી, મનન કર્યું નથી. ચૈતન્યમાં શું ચીજ છે એની સંભાળ કરી નહિ અને ગડબડ ગડબડ મચાવી. તોફાન.. તોફાન મચાવ્યા. આહા..હા..! આ તો વાણી સર્વજ્ઞના પેટ ખોલતી વાણી છે.

ત્રિલોકનાથ પરમાત્મા જેણે કેવળજ્ઞાન (પ્રગટ કર્યું). એવો પ્રભુ! તું તો કેવળજ્ઞાનની જ્યોત છે ને. તારા સમ્યગ્દર્શનમાં એની પ્રતીતિ અને અનુભવ થવો જોઈએ. એમાં આ રાગ મારો અને પુણ્ય મારું, જડની ક્રિયા મારી (માને છો). શું તું જડ થઈ ગયો છે? શું અચેતન થઈ ગયો છે? શું લોઢાની તલવાર ચાંદીરૂપ થઈ ગઈ? કે તું કહે છે હું રાગ કરું છું ને પુણ્ય કરું છું અને શરીરની ક્રિયા કરું છું. મૂઢ છો. આ શું ભ્રમણા થઈ તને?

**શ્રોતા :–** મગજ ચક્કર ખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મગજ ચક્કર ખાય છે. ક્યાં ગયા એના ભાઈ? આ બેઠા. એમ કે વળી આ વિકારમાં શું? એ કંઈ મેળ ખાતો નથી. એમ કહે છે. ભાઈ!

અહીં તો એમ કહેવું છે, પ્રભુ! આત્મા કોને કહેવો? આત્મા, શરીર આત્મા છે? કર્મ આત્મા છે? પુણ્ય-પાપના પરિણામ આત્મા છે? એ તો આસ્રવતત્ત્વ છે. શુભાશુભ ઉપયોગ અને અશુભઉપયોગ અશુદ્ધ છે, અશુદ્ધ છે. એ અશુદ્ધ ઉપયોગ એ આસ્રવ છે તે આત્મા છે? કર્મ, શરીર આત્મા છે? પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ બધાને અચેતનમાં નાખી દીધા. ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ ભિન્ન રહ્યો. તો એ ચૈતન્યની પર્યાયમાં આ જે રાગાદિ દેખાય છે એ શું ચૈતન્યની પર્યાય થઈ ગઈ? એમ કહે છે. ચાંદીનું મ્યાન થયું તો તલવાર થઈ ગઈ? લોઢાની તલવાર (ચાંદીની) થઈ ગઈ? એમ અચેતનથી નીપજેલું કાર્ય શું ચૈતન્યનું થઈ ગયું? '**कथञ्चन न**' એ આવી ગયું માથે. અન્યત્વ છે. બોલે, બોલવામાં તો કથનની એવી પદ્ધતિ છે. બોલે તો શું વસ્તુ એવી થઈ ગઈ? '**कथञ्चन न अन्यत्**' '**कथञ्चन न अन्यत्**' બે વાત કરી. કથંચિત્ નહિ. આત્મામાં રાગાદિ નથી. એ અચેતનના છે, ચૈતન્ય ભગવાનનો નહિ. '**अन्यत्**' છે. '**अन्यत्**' નામ અનેરા છે, ચૈતન્યના નથી. અથવા એ રાગ છે તે '**अन्यत्**' નામ જીવનો નથી. એમ. '**कथञ्चन न अन्यत्**'. એ રાગાદિ અચેતનના છે, ચૈતન્યના નહિ. મ્યાન ચાંદીથી નીપજી એ ચાંદીની છે, તલવારની નથી. સમજાય છે કાંઈ? સામે શબ્દ તો પડ્યા છે. વાણિયા તો વેપાર-ધંધામાં નામુ મેળવે કે નહિ? પાંચ-

પચાસ લાખનો ધંધો હોય તો નથી મેળવતા? મેળવેને શું કહે છે? મિલાન કરે છે. મેળવે છે કે નહિ? લાવો, દશેરા આવ્યા, દિવાળી આવી ગઈ. પચાસ લાખનો સોદો કર્યો છે તો એમાં પાંચ લાખ પેદા થયા છે. શું છે? લાવો મેળવો. સમજાય છે કાંઈ?

અમારે પણ એમ થાતું, હોં! વેપાર-ધંધો કરતા હતા. એક લોટિયાનો વેપારી હતો, મુંબઈ. વેપાર કરતા ને જ્યારે? નવ વર્ષ ધંધો કર્યો. નાની ઉંમરમાં, હોં! ૨૨ વર્ષની. પૈસા લેવા જાતા. એક લોટિયાનો વોરો હતો. બંગડી બજારમાં મોઢા આગળ દુકાન હતી. બંગડી બજાર. ૨૨ વર્ષની ઉંમર તે દી. ૨૨ વર્ષ સમજ્યાને? ૨૦ અને ૨. ૨૨. પછી ન્યાં મેળવતા મેં કહ્યું બરાબર મેળવો. આમાં પછી ભલે છૂટ આપશું થોડી. પણ પહેલા મેળવો. એ વિના નામુ ન ચાલે. દિવાળીનું નામુ કરવા જતા. નાની ઉંમરમાં દુકાનનો ધંધો હતો ને. મુંબઈ જતા. બંગડી બજારમાં પહેલી દુકાન હતી. ૨૨ વર્ષની ઉંમર હતી.

અહીં કહે છે કે, મેળવો. ભગવાનનું અને તારું કંઈ મળવું થાય છે? ઈ ખોટ ખાવાની વાત છે, તારી લાભની વાત બીજી છે. સમજાય છે કાંઈ? ખોટ ખાતે કહે છે ને? નુકસાન ખાતે. નુકસાન ખાતાની ચીજ તારી નથી, ભગવાન! શું કહે છે જુઓ.

'**પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે અને માને છે;...**' લ્યો, અહીં તો ત્યાં સુધી લીધું. એ તો લોકો તો ચાંદીનું મ્યાન જોવે છે અને ચાંદીનું મ્યાન કહે છે. '**ચાંદીની તલવાર એમ કથનમાં તો કહેવાય છે તથાપિ ચાંદીની તલવાર નથી. ભાવાર્થ આમ છે કે ચાંદીના મ્યાનમાં તલવાર રહે છે...**' ચાંદીના મ્યાનમાં તલવાર રહે છે. '**તે કારણે 'ચાંદીની તલવાર' એમ કહેવામાં આવે છે તોપણ ચાંદીનું મ્યાન છે, તલવાર લોઢાની છે, ચાંદીની તલવાર નથી.**' એમ ભગવાન આત્મા અચેતન પદાર્થથી ઉત્પન્ન થયેલો વિકાર એ ચૈતન્યનો બિલકુલ નથી. એ અચેતનને અચેતનમાં નાખી દીધા છે. સમજાય છે કાંઈ? જયંતિભાઈ! એ છઠ્ઠો શ્લોક પૂરો થયો. ભાવ સમજાણો કે નહિ?

જીવ અને જડ બે ભિન્ન છે. એક અંશ માત્ર પણ વિકારને ચૈતન્યમાં ભેળવવો એ ચૈતન્યની દૃષ્ટિનું ખુન છે. ઈ કહે છે ને? ચાંદીની તલવાર કહેવામાં આવી પણ ચાંદીના મ્યાનને લોઢાનું માને છે એ મૂઢ છે. એમ શુભ-અશુભઉપયોગ અને શરીર, કર્મ એને અંશમાત્ર પણ ચૈતન્યની દ્રવ્યદૃષ્ટિમાં અને પર્યાયમાં ભેળવે છે એ મિથ્યાદૃષ્ટિ છે, અસત્યદૃષ્ટિ છે, જૂઠ દૃષ્ટિ છે. જીવને અજીવ માને છે. એ જીવને અજીવ માને છે. અથવા અજીવને જ જીવ માને છે. પુણ્ય-પાપના પરિણામ એ મલિન આસ્રવ છે. શરીરાદિ અજીવ છે તેને આત્માના માનવા (એ મિથ્યા દૃષ્ટિ છે). કહેવું જુદી વાત છે. મ્યાન ચાંદીનું છે તો ચાંદીની તલવાર કહેવું એ બીજી વાત છે. વસ્તુ એમ નથી. આહા..હા..!

જીવે મહાવ્રત પાળ્યા, જીવે મહાવ્રત લીધા. અરે..! ભગવાન! એ તો નિમિત્તના કથન છે. મહાવ્રતના પરિણામ અચેતન એને શું આત્મા પાળે છે? એનું આત્મા રક્ષણ કરે છે?

આહા..હા..! આ તો અધ્યાત્મથી રજીસ્ટર થયેલો આત્મા કેવો છે. સમજાય છે કાંઈ? કાઢી નાખ .. વાત. ચેતનમાં અચેતન ક્યાંથી આવ્યું? પ્રત્યક્ષ ચાંદીનું મ્યાન દેખાય છે. પ્રત્યક્ષ અચેતન રાગાદિમાં ચૈતન્યનું નૂર નથી એને અચેતન પ્રત્યક્ષ દેખાય છે. સર્વ લોક કહે છે કે એ અચેતન છે. અને તું વળી ચેતનમાં ભેળવે છે એ ક્યાંથી આવ્યું? આવી મૂઢ દૃષ્ટિ તૂ ક્યાંથી લાવ્યો? કહો, સમજાય છે કાંઈ? છઠ્ઠો શ્લોક આવ્યો. છઠ્ઠીના લેખ હું કહેવાનો હતો ત્યાં તમે બોલ્યા. સાતમો. દૃષ્ટાંતને... આવું કોઈ દી સાંભળ્યું નથી. આ? બાપા આ તો ઉપરના ઘડેલા અચેતનના, બાપા! આ તો બધી અચેતનની પર્યાયો છે. માટી, કર્મ અને પુણ્ય-પાપનો વિકાર, શુભાશુભ અશુદ્ધ. એક કોર શુદ્ધ ભગવાન. શુદ્ધ આત્મા પરમાનંદની મૂર્તિ એને આત્મા કહીએ. એની દૃષ્ટિ કરતાં, એનો અનુભવ કરતાં શુદ્ધપણું, અરાગીપણું, વીતરાગીપણું, નિર્મળપણું, નિર્વિકલ્પપણું પર્યાય ઉપજે એને આત્મા કહીએ. અહીં તો સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય આત્મા સાથે અભેદ કરીને એને આત્મા કહ્યો છે. અને પુણ્ય-પાપના વિકલ્પને અચેતન સાથે અભેદ કરીને તેને અચેતન કહ્યા છે. કહો, સમજાય છે કે નહિ? પોપટભાઈ! ક્યાં ગયો મુકેશ? મુકેશ ક્યાં ગયો? છે ન્યાં? ઠીક. સમજાય છે કે નહિ આ? આ થોડું સમજીને ન્યાં જાવું, હોં!

**શ્રોતા :–** થોડુંક હોય, બધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ તો બાળક છે.

---

(ઉપજાતિ)

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।७-३९।।

**ખંડાન્વય સહિત અર્થ :—**“हि इदं वर्णादिसामग्र्यम् एकस्य पुद्गलस्य निर्माणम् विदन्तु” (हि) નિશ્ચયથી (इदं) વિદ્યમાન (वर्णादिसामग्र्यम्) ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય (एकस्य पुद्गलस्य) એકલા પુદ્ગલદ્રવ્યનું (निर्माणम्) કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ (विदन्तु) હે જીવો! નિઃસંદેહપણે જાણો. “ततः इदं पुद्गलः एव अस्तु, न आत्मा’ (ततः) તે કારણથી (इदं) શરીરાદિ સામગ્રી (पुद्गलः) જે પુદ્ગલદ્રવ્યથી થઈ છે તે જ પુદ્ગલદ્રવ્ય છે, (एव) નિશ્ચયથી (अस्तु) તે જ છે; (न आत्मा) આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી. “यत्: सः विज्ञानघनः” (यतः) જેથી (सः) જીવદ્રવ્ય (विज्ञानघनः) જ્ઞાનગુણનો સમૂહ છે, “ततः अन्यः” (ततः)

તેથી (अन्यः) જીવદ્રવ્ય ભિન્ન છે, શરીરાદિ પરદ્રવ્ય ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે લક્ષણભેદે વસ્તુનો ભેદ હોય છે, તેથી ચૈતન્યલક્ષણે જીવવસ્તુ ભિન્ન છે, અચેતનલક્ષણે શરીરાદિ ભિન્ન છે. અહીં કોઈ આશંકા કરે છે કે કહેવામાં તો એમ જ કહેવાય છે કે 'એકેન્દ્રિય જીવ, બે-ઈન્દ્રિય જીવ' ઈત્યાદિ; 'દેવ જીવ, મનુષ્ય જીવ' ઈત્યાદિ; 'રાગી જીવ, દ્વેષી જીવ' ઈત્યાદિ. ઉત્તર આમ છે કે કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે, નિશ્ચયથી એવું કહેવું જૂઠું છે. તે (હવે) કહે છે. ૭-૩૯.

## કલશ-૩૯ ઉપર પ્રવચન

૭મો શ્લોક.

वर्णादिसामग्र्यमिदं　　विदन्तु
निर्माणमेकस्य　हि　पुद्गलस्य।
ततोऽस्त्विदं　पुद्गल　एव　नात्मा
यतः　स　विज्ञानघनस्ततोऽन्यः।।७-३९।।

**ખંડાન્વય સહિત અર્થ** :—'हि इदं वर्णादिसामग्र्यम् एकस्य पुद्गलस्य निर्माणम् विदन्तु' '(हि)' એટલે **'નિશ્ચય...'** 'हि'નો અર્થ નિશ્ચય-ખરેખર. 'इदं' આ. 'इदं' એટલે આ **'વિદ્યમાન...'** **'वर्णादिसामग्र्यम्'** **'ગુણસ્થાન, માર્ગણાસ્થાન,...'** આહા..હા..! અચેતન પુદ્ગલથી નીપજેલા ગુણસ્થાન છે. ભગવાન તો વિજ્ઞાનઘન આત્મા એને આત્મા કહે છે. ગુણસ્થાન, ચૌદ ગુણસ્થાન. માર્ગણાસ્થાન. આવ્યું ને? ભવિ, ગતિ આદિ આવે છે ને ચૌદ બોલ? આહા...હા..! કહે છે, ભગવાન આત્મા તો ચિદાનંદ વિજ્ઞાનઘન છે ને. એ વિજ્ઞાનઘનમાં અનુભવ કરવાથી જ્ઞાનાનંદની શાંતિ આદિ, શ્રદ્ધા, જ્ઞાનાદિ વિજ્ઞાનઘનમાં અભેદ થાય છે. એને આત્મા કહે છે. આ ગુણસ્થાનના ભેદ. ચૌદ ગુણસ્થાન. ઓહો..! ચૌદમું ગુણસ્થાન પુદ્ગલથી નીપજેલો ભાવ છે, એમ કહે છે.

**શ્રોતા** :- એ તારું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચૌદમું ગુણસ્થાન તારું નહિ. ઈ અમારે તલકશીભાઈ બોલે છે ને. લાઠી. તેરમું નહિ, અહીં તો ચૌદમું પણ આત્માનું નહિ. એ તો કર્તાકર્મના તેર આવે. સમજાય છે? અહીં તો જીવ, અજીવની વાત છે ને. જીવપણું-આત્માપણું તો વિજ્ઞાનઘન ભગવાનમાં દૃષ્ટિ દેવાથી ગુણસ્થાન તો પુદ્ગલના પરિણામ છે. ભગવાન આત્માના એ પરિણામ નહિ. આહા..હા..! ગુણસ્થાન હોય છે જીવની પર્યાયમાં, પણ પર્યાયમાં ભંગરૂપ થયા ને? ભેદ (થયો). ભેદને પણ પુદ્ગલના પરિણામ કહી દીધા, આત્માના નહિ. આ ગુણસ્થાનને અહીંયા અજીવમાં નાખી દીધા છે. અજીવ અધિકાર ચાલે છે ને. અજીવ અધિકાર છે ને.

અનુભૂતિ ભગવાન આત્મા પોતાની પર્યાયમાં નિર્મળ દૃષ્ટિથી પોતાના સ્વભાવમાં એકત્વ થતાં એ ગુણસ્થાન તો પુદ્‌ગલના પરિણામ છે, અજીવ છે. તેનો પોતાના આત્માની સાથે મેળ નથી ખાતો. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત, વિરતાવિરત આદિ ચૌદ ગુણસ્થાન. પુદ્‌ગલકર્મથી ઉત્પન્ન થયા છે, પુદ્‌ગલના પરિણામ છે. કેમ? નિજ અભેદ સ્વભાવમાં ભેદ પડ્યા એ બધા પુદ્‌ગલપરિણામ છે. ઓહો..હો..!

**શ્રોતા :-** ગુણસ્થાન વર્તમાનમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વર્તમાન નહિ, દ્રવ્ય જીવપણું સિદ્ધ કર્યું. .. નહિ. એ જીવ જ્ઞાયકમૂર્તિ ભગવાન વિજ્ઞાન વર્તમાનની વાત ચાલે છે. વિજ્ઞાન, છેલ્લે આવશે ને? વિજ્ઞાનઘન '**विज्ञानघनस्ततोऽन्यः**' ચૈતન્યનો ઘન નામ પિંડ. જેમ શિયાળાના દિવસોમાં ઘી થાય ને ઘી? ઠંડું ઘન. એમાં આંગળીનો તો પ્રવેશ ન થાય પણ જેમાં લોઢાનો.. ઈ કહે છે ને? શું કહે છે? તાવેથો પણ એમાં ઘૂસે નહિ. પોષ મહિનાની ઠંડી. શિયાળાના દિવસોમાં ઘી એવું નિવડ થઈ જાય કે આંગળી નાખે તો ફાંસ વાગે અને લોહી નીકળે. તાવેથો લોઢાનો પણ ઘૂસે નહિ.

એમ ભગવાન આત્મા ઠંડો વીતરાગી વિજ્ઞાનઘન અનાદિથી જામેલો આત્મા છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ પ્રવેશ કરતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન! એને આત્મા કહે છે ભગવાન. માની લીધું કે અમે શરીરને આમ કર્યું, ફલાણું કર્યું, આમ કર્યું. એ તો અજીવની માન્યતા થઈ. પોપટભાઈ!

કહે છે, ગુણસ્થાન, માર્ગણાસ્થાન, ચાર ગતિ, પંચેન્દ્રિય એ પર્યાયભંગ એ બધા પુદ્‌ગલની પર્યાય છે. પુદ્‌ગલનું કાર્ય છે. '**एकस्य पुद्गलस्य निर्माणम्**' ભાષા શું છે? એ એક જ પુદ્‌ગલનું નિર્માણ છે. થોડું આનું અને થોડું આનું (એમ નહિ). થોડાને શું કહે છે? થોડું આત્માનું, થોડું કર્મનું એમ બેનું છે જ નહિ. આહા..હા..! છે જ નહિ, થોડું અજીવનું અને થોડું જીવનું એમ છે જ નહિ. નિશ્ચયથી એ '**માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ...**' જડ આઠ કર્મની માટી-ધૂળ અને '**ભાવકર્મ,...**' પુણ્ય-પાપના વિકલ્પ, વ્યવહાર રત્નત્રય અને '**નોકર્મ...**' શરીર અને વાણી '**ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય...**' જેટલી અશુદ્ધ પર્યાય છે '**તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે...**' ભાષા જુઓ. '**एकस्य पुद्गलस्य**'. એક જ પુદ્‌ગલ જડ અચેતનનો એ પર્યાય છે. આત્માનો બિલકુલ નહિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મસ્તી નહિ, વસ્તુ એવી છે. વસ્તુ આને કહે છે. ચિદાનંદઘન જ્ઞાયક દળ છે આત્મા. શરીર પ્રમાણે ભિન્ન મૂર્તિ. આનંદકંદની જ્ઞાન ચૈતન્યની જ્યોત છે એમાં આ ક્યાંથી આવ્યું? એ એકલા પુદ્‌ગલનું કાર્ય છે, આત્માનું નહિ. અજીવનું છે. એને અજીવ કહ્યું. આહા..હા..! છે કે નહિ ભાઈ એમાં? જુઓ! છે શ્લોક? '**એકલા પુદ્‌ગલદ્રવ્યનું...**'

આચાર્યનો પાઠ છે કે નહિ? અમૃતચંદ્રાચાર્ય.

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

સંસ્કૃત પાઠ છે કે નહિ? આદિ, હોં! બધા નોકર્મ. એમાં ભાવકર્મ આવી ગયા. ભાવકર્મનો અર્થ એ જ્ઞાનની હિણપ (દશા), બધા ગુણસ્થાન ભેદ આદિ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ વૃત્તિ ઉઠે છે એ બધી સમસ્ત અશુદ્ધ પર્યાય **'એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ...'** એ પુદ્‌ગલદ્રવ્યનું ચિતરામણ છે. ભગવાન જ્ઞાનનું ચિતરામણ નહિ. સમજાય છે કાંઈ? ભેદજ્ઞાન કર, ભેદજ્ઞાન કર. વિકલ્પથી, ભેદથી ભગવાન ભિન્ન છે. આવા આત્માની પ્રતીતિ અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. પછી સ્વરૂપમાં લીનતા થવી એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ બહારના ક્રિયાકાંડમાં ચારિત્ર રહેતું નથી. આહાહા..!

**'એકલા પુદ્‌ગલદ્રવ્યનું...'** **'निर्माणम्'** જુઓ! નિર્માણ એટલે કાર્ય. **'પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ...'** એટલે નીપજેલું. **'એમ હે જીવો!'** **'विदन्तु'** કહે છે ને? કોણ કહે છે? અમૃતચંદ્રાચાર્ય મહારાજ. ભગવાન તીર્થંકરો કહે છે એમ કુંદકુંદાચાર્યે કહ્યું, એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે. **'विदन्तु'** **'હે જીવો!'** **'विदन्तु'** કીધું ને? સામે કાંઈક બોધ કર્યો ને? જાણ. **'હે જીવો! નિઃસંદેહપણે જાણો.'** સંદેહ વિના ભગવાન આત્મા અખંડાનંદ વિજ્ઞાનઘન, એમાં રાગાદિનું ચિતરામણ પુદ્‌ગલનું છે એમ નિઃસંદેહપણે જાણો. ઓહો..હો..! નાગા બાવા છે ને. દિગંબર મુનિ છે. અંદર નગ્ન સત્ય પ્રભુ છે. બાહ્ય નગ્ન જડની અવસ્થા ક્યાં આત્મામાં છે. આત્મામાં છે ઈ? વિકલ્પ પણ આત્મામાં નથી ત્યાં નગ્ન અવસ્થા આત્મામાં ક્યાં આવી? એ તો બધું પુદ્‌ગલનું કાર્ય છે. આત્મા કરી શકે છે નગ્નપણું? કપડા ઉતારવા એ કાર્ય આત્માનું છે? બિલકુલ નહિ. અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ અચેતનને ચૈતન્ય માને છે. સમજાય છે? એની વિશેષ વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત-૨૪૯૧, વૈશાખ સુદ ૧૫, શનિવાર,**
**તા. ૧૫-૫-૧૯૬૫, કલશ-૩૯, ૪૦, ૪૧**
**પ્રવચન નં. ૪૦**

સમયસાર કળશ. અજીવ અધિકાર ચાલે છે. ૭મો કળશ છે. અહીં સુધી આવ્યું છે, જુઓ! '**પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો.**' છે? શું કહે છે? ભગવાન! તારા આત્માની વસ્તુ શુદ્ધ જ્ઞાન, આનંદઘન છે. એમ અંતરમાં દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન અને ધર્મ છે. અને એ આત્મા શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ ઉપર જે રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિનો જે રાગ ઉત્પન્ન થાય છે અને શરીર ને કર્મ જે દેખાય છે એ બધું પુદ્ગલદ્રવ્યનું ચિતરામણ છે. એ જડનું ચિતરામણ છે, આત્માનું નહિ.

**શ્રોતા** :- ચિતરામણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચિતરે છે ને? ચિત્ર કરે છે ને? ભીંત ઉપર ચિત્ર કરે તો ચિત્ર ભિન્ન છે, ભીંત ભિન્ન છે. સમજાય છે કાંઈ? ચિત્ર આમ તો હિન્દી શબ્દ છે. શું કહે છે? મરાઠી ભાષામાં નથી આવતું?

ભગવાન આત્મા દેહમાં ભિન્ન ચૈતન્ય સ્વરૂપ એ જ્ઞાનાનંદ વિજ્ઞાનઘન સ્વરૂપ છે. પછી આવશે. વિજ્ઞાનઘન સ્વરૂપ છે તે જ આત્મા છે. તેની દૃષ્ટિ કરવી અને એનો અનુભવ કરવો એનું જ નામ સમ્યગ્દર્શન અને એનું જ નામ ધર્મ છે. એ વિજ્ઞાનઘન ઉપર જેટલા શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના ભાવ દેખાય છે એ બધા પુદ્ગલ અજીવ દ્વારા કરાયેલું ચિતરામણ છે. આત્માનું નહિ. આહા..! સમજાય છે કાંઈ? આવ્યું ને? જુઓ!

'**એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ...**' કાર્યની વ્યાખ્યા કરી. એ બધું ચિત્ર ચિતરામણ-કાર્ય પુદ્ગલનું જ છે. ભગવાન આત્માનું નહિ. ભગવાન આત્મા જ્ઞાનઘન શુદ્ધ ચૈતન્યપ્રભુ એમાંથી એ રાગાદિ, પુણ્યાદિ, વ્યવહાર આદિ નીકળી જાય છે. તેથી તે આત્માનું ચિતરામણ નહિ અથવા આત્માનું કાર્ય નહિ. એ તો પુદ્ગલનું કાર્ય છે. એની દૃષ્ટિ છોડી દે. અને પોતાના વિજ્ઞાનઘન આત્મામાં દૃષ્ટિ લગાવી દે તો આત્માને આત્મજ્ઞાન થશે તો સમ્યગ્દર્શન થશે. સમજાય છે કાંઈ? પછી આવ્યું ને?

'**હે જીવો!**' આચાર્ય મહારાજ સંબોધન કરે છે. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ સંત. '**હે જીવો!**' '**विदन्तु**' '**विदन्तु**'. '**નિઃસંદેહપણે જાણો.**' સંદેહ છોડીને જાણ કે ભગવાન આત્મા ઉપર જેટલા વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ઉઠે છે અને કર્મ, શરીર એ બધું પુદ્ગલની ચિતરામણી છે. પુદ્ગલ જડનું કાર્ય છે, તારું નહિ એમ નિઃસંદેહપણે જાણ. નહિ

તો અજીવને જીવ માનવાનું થશે, મિથ્યા દૃષ્ટિ થશે. નહિ તો એને શું કહે છે? એમ ન માને. વરના. ઈ શબ્દ અમને બરાબર નથી આવડતા. અથવા. શું કહે છે? અથવા ઈ બરાબર એની સાથે.. એમ નથી માનતો, એમ શબ્દ છે અહીંયા. જે આત્મામાં પુણ્ય વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપનો રાગ (થાય છે) પોતાના સ્વરૂપમાં કાર્યગત છે અને પોતાનું કાર્ય માને છે કે પોતાના અસ્તિત્વમાં (માને છે), અહીંયા અસ્તિત્વની વાત છે, પોતાની મોજૂદગીમાં જે પુણ્ય-પાપ પરિણામ છે, પોતાની મોજૂદગીમાં માને છે એ અજીવને જીવ માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. બરાબર છે? સમજાય છે કાંઈ? ઓહો..હો..!

કહે છે, **'तत्'** '**તે કારણથી...**' **'(ततः)'** '**તે કારણથી...**' **'(इदं)'** '**શરીરાદિ સામગ્રી...**' શરીર, વાણી બધું જડથી બન્યું છે. જડનું કાર્ય છે. આદિમાં બધું લેવું. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, પુણ્ય-પાપના ભાવ '**જે પુદ્‌ગલદ્રવ્યથી થઈ છે તે જ પુદ્‌ગલદ્રવ્ય છે,...**' એ તો અજીવથી પર્યાય થઈ છે. તે અજીવ છે, આત્માની પર્યાય નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? એનું નામ અજીવથી જીવ ભિન્ન અને જીવથી અજીવ ભિન્ન. એમ અંતરમાં જ્ઞાન કરવું એનું નામ ભેદજ્ઞાન અથવા જીવ-અજીવનો વિવેક કહેવામાં આવે છે. આહા..હા..! **'(एव)'** '**નિશ્ચયથી તે જ છે;...**' ખરેખર વિકારની ઉત્પત્તિ અને કર્મ, શરીર પુદ્‌ગલ જ છે. તો પુદ્‌ગલ જ નિશ્ચયથી એ જ પુદ્‌ગલદ્રવ્ય છે. રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પુદ્‌ગલ જ છે, અજીવ જ છે, જડ જ છે, અજીવ અચેતન જ છે. ઓહો...હો..! સમજાય છે કાંઈ? એમ નિર્ણય કરીને અજીવનું લક્ષ છોડી દે અને સ્વરૂપ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ પ્રભુ પોતાનો વિજ્ઞાનઘન સ્વભાવ રાખે છે (તેનું લક્ષ કર). ઈ કહે છે, જુઓ!

**'(न आत्मा)'** '**આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી.**' શું કહે છે? ભગવાન આત્મા શરીરરૂપ થયો નથી, કર્મરૂપ થયો નથી, ગુણસ્થાનરૂપ થયો નથી, માર્ગણાસ્થાનરૂપ થયો નથી, પુણ્ય-પાપના રાગરૂપ થયો નથી. ઓહો..! સમજાય છે કાંઈ? એવો આત્મા તુ સમજ, અંતર દૃષ્ટિ કર. કહે છે, **'(न आत्मा)'** '**અજીવદ્રવ્યરૂપ થયો નથી.**' ત્યારે છે શું ઈ? ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ ચૈતન્યપ્રભુ એ વ્યવહાર રત્નત્રયનો જે રાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ વિકલ્પ છે, વ્રતનો વિકલ્પ છે, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ છે... સમજાય છે કાંઈ? અને નવ તત્ત્વના ભેદરૂપ વિકલ્પની શ્રદ્ધા છે એ રાગરૂપ ભગવાન આત્મા થયો જ નથી. ત્યાં સાંભળ્યું હતું? પહેલા સાંભળ્યું હતું. તમે તો મોટા અગ્રેસર છો. ઘણા પૈસાવાળા છે. દસ તો છોકરા છે. દસ છોકરા હોય તો શું થયું? ભગવાન આત્મા... સાંભળવામાં પણ અત્યારે તો ગડબડ થઈ ગઈ છે. આમ કરો, દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, આમ કરો. પણ એ દયા, વ્રતનો રાગ તો અજીવ છે. કેમ કે આત્માના વિજ્ઞાનઘનમાંથી એ નીકળી જાય છે, છૂટી જાય છે. એ જીવની વસ્તુ નહિ. એમ ખબરેય નથી, એવું જ્ઞાન પણ નથી અને સ્વરૂપમાં સ્થિરતારૂપ ચારિત્ર થઈ જાય એમ ત્રણ કાળમાં કદી બનતું નથી. સમજાય છે કાંઈ?

છે ભાઈ? જુઓ!

**'નિશ્ચયથી તે જ છે; આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી.'** એકલું અજીવ શરીર, વાણી, કર્મરૂપ નહિ. પણ ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભેદ પડે ને ભેદ? ભેદરૂપ ભગવાન નથી થયો, એમ કહે છે ભાઈ! આહા..હા..! ભગવાન ચિદ્દઘન પ્રભુ જ્ઞાયકમૂર્તિ અનંત ગુણ રાશિ પ્રભુ પોતાનું નિજ સ્વરૂપ એ ગુણસ્થાન, માર્ગણાસ્થાનમાં, કર્મના નિમિત્તમાં ભંગ ભેદ ભેદ દેખાય છે, આ પહેલું ગુણસ્થાન, આ ચોથું ગુણસ્થાન, આ પાંચમું ગુણસ્થાન, આ છઠ્ઠું ગુણસ્થાન, સાતમું ગુણસ્થાન, તેરમું ગુણસ્થાન એવા ભેદરૂપ આત્મા નથી થયો. વજુભાઈ! ભારે ભાઈ.

**'જેથી જીવદ્રવ્ય જ્ઞાનગુણનો સમૂહ છે,...'** એ તો વિજ્ઞાનઘન છે. શબ્દ છે? '**(विज्ञानघनः)**' છે. ચૈતન્યપ્રકાશનો પુંજ છે. એ પુંજમાં ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દયા, દાનનો, ભક્તિ, વ્રતનો રાગ અંતરમાં પ્રવેશતા જ નથી. જીવની સ્થિતિમાં એનો પ્રવેશ છે જ નહિ. એમ જડથી ચૈતન્યનો વિવેક-ભિન્ન કરવો એનું નામ પ્રથમમાં પ્રથમ ભેદજ્ઞાન છે અને એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** શુદ્ધ ચૈતન્ય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ ચૈતન્ય સમૂહ છે. એમાં એ બધા ગુણસ્થાન આદિ ભેદ થયા. ભેદરૂપ થાય તો આત્મા કદી અભેદ ન થઈ શકે. ભેદરૂપ થયો જ નથી, ભગવાન વિજ્ઞાનઘન છે. ચૈતન્ય સૂર્ય પ્રભુ અનાદિઅનંત જ્ઞાનઘન પુંજ, જ્ઞાનગુણનો પુંજ છે. જ્ઞાનની સાથે અનંત ગુણ શુદ્ધ છે. જ્ઞાનની પ્રધાનતા છે, અસાધારણ સ્વભાવ જ્ઞાન છે, જે સ્વપરપ્રકાશક શક્તિ રાખે છે તો જ્ઞાનગુણનો સમૂહ એમ કહેવામાં આવ્યું છે.

'**ततः अन्यः**' **'તેથી જીવદ્રવ્ય ભિન્ન છે,...'** ભગવાન આત્મપદાર્થ તો વિજ્ઞાન ચૈતન્યનો પુંજ તે જ પદાર્થ આત્મા છે. **'શરીરાદિ પરદ્રવ્ય ભિન્ન છે.'** શરીર, કર્મ, રાગ-દ્વેષ, દયા, દાન, વિકલ્પ જે શુભાશુભ પરિણામ એ પણ ભગવાન આત્માથી ભિન્ન છે. એમ બે વચ્ચે ભેદ કરીને પોતાની દૃષ્ટિ આત્મા ઉપર રાખીને આત્માનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. સમજાય છે કાંઈ? **'ભાવાર્થ આમ છે કે લક્ષણભેદે વસ્તુનો ભેદ હોય છે,...'** જુઓ! **'તેથી ચૈતન્યલક્ષણે જીવવસ્તુ ભિન્ન છે,...'** ભગવાન આત્મા તો જાણકલક્ષણથી આત્મા જણાય છે. શું કહે છે? જાણક-જાણવું એ લક્ષણથી ચૈતન્ય લક્ષમાં આવે છે. ભેદ, રાગ, દયા, દાનથી લક્ષમાં નથી આવતો. કેમ કે એ એનું લક્ષણ જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન ચિદાનંદ પ્રભુ ચૈતન્યસૂર્ય એ તો જ્ઞાન-જાણન-જાણન ચિહ્ન-જાણન ચિહ્ન-જાણન લક્ષણ-જાણન એંધાણ.. એંધાણ અમારી ગુજરાતી ભાષા છે. તમારે નહિ હોય. ચિહ્ન-લક્ષણથી લક્ષિત. જ્ઞાન-જાણપણાનો ભાવ તેનાથી ભગવાન લક્ષમાં આવે છે. એ ચૈતન્યલક્ષણથી ભગવાન આત્મા લક્ષિત છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી આત્મા લક્ષમાં-ધ્યેયમાં કદી

આવતો નથી. કેમ કે તે એનું લક્ષણ છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'ચૈતન્યલક્ષણે જીવવસ્તુ ભિન્ન છે, અચેતનલક્ષણે શરીરાદિ ભિન્ન છે.'** ભગવાન આત્માથી શરીર અચેતન લક્ષણ, પુણ્ય-પાપનું અચેતન લક્ષણ, ગુણસ્થાન, માર્ગણાના ભેદરૂપ ભંગ પડે છે એ અચેતન લક્ષણ છે. સમજાય છે કાંઈ? એવા અચેતનલક્ષણથી શરીરાદિ, રાગાદિ, પુણ્ય આદિ, વ્રતાદિ, વ્રતાદિના ભાવ તો જડ છે, અચેતન છે. તેનું લક્ષણ અચેતન છે. વ્યવહાર વ્રત જે કહેવાય છે કે હું દયા પાળું છું ને હું વ્રત પાળું છે, એ વિકલ્પ જે છે એ અચેતન છે. અનંતરાજજી! શું છે? અચેતન છે. પૂછો ને. તમને કહીએ છીએ, અનંતરાજજી! વ્રતનો વિકલ્પ ઉઠે છે, દયા, દાનનો, અહિંસાનો એ અચેતન છે એમ કહે છે. ચેતન નહિ. કેમ કે એના લક્ષણમાં જ્ઞાન નથી. ભગવાન આત્મા જ્ઞાનલક્ષણથી લક્ષિત થાય છે. બેના લક્ષણભેદ છે. અજ્ઞાની માને છે કે વ્રતાદિ, તપાદિના જે વિકલ્પ થયા એ મારા આત્માનો છે અને આત્મામાં કંઈક લાભ થયો. મિથ્યાદૃષ્ટિ મૂઢ અજીવને જીવ માને છે. સમજાય છે કાંઈ?

**'અહીં કોઈ આશંકા કરે છે...'** આશંકા હોં! શંકા નહિ. આશંકા કેમ લીધું છે? મહારાજ! આપ કહો છો એ વાત સાચી હશે પણ મને સમજાતું નથી. એવી શંકા કરે તેને આશંકા કહે છે. પણ તમે કહો છો એ બરાબર નથી એમ કરીને પૂછે તો એ શંકા છે. આશંકા કરે છે. આપ કહો છો તે વાત સાચી હશે, પણ મને સમજાતું નથી. એનું નામ આશંકા છે. જિજ્ઞાસુ જીવ આશંકા કરે છે. આશંકા શબ્દ વાપર્યો છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ઈ નહિ. અહીં તો શંકા એટલે તમે કહો છો એમ છે જ નહિ. તમે કહો છો એમ નથી, એમ પૂછે એનું નામ શંકા.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશંકા. તમે કહો છો એ જૂઠ છે, એમ કરીને શંકા કરવી એ મિથ્યાત્વની શંકા છે. અને મને સમજાતું નથી, સમજવા માટે આશંકા, જિજ્ઞાસા કરવી એનું નામ આશંકા છે. શંકાની વ્યાખ્યા મોટી છે. શંકાની વ્યાખ્યા મોટી છે. નિયમસારમાં તો શંકાને તો મોહ ને રાગ-દ્વેષ આદિ ભાવને શંકા કહ્યું છે. શંકાનો અર્થ એ મોહ, રાગ-દ્વેષ આદિ ભાવ. તેનાથી રહિત જે છે તે પરમાત્મા સર્વજ્ઞ છે.

અહીંયા તો આશંકા કહે છે. મહારાજ! આપ કહો છો અમારા જ્ઞાનમાં એ વાત રુચતી નથી. બરાબર સમજાતી નથી. કહે છે કે **'કહેવામાં તો એમ જ કહેવાય છે...'** કહેવામાં તો એમ જ કહેવાય. તમે કહો છો કે એ આત્મા નહિ, આત્મા નહિ. કહેવામાં તો એમ જ આવે છે મહારાજ. શું? એકેન્દ્રિય જીવ. શાસ્ત્ર પણ નથી કહેતા? એકેન્દ્રિય જીવ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એકેન્દ્રિય જીવ, દ્વિન્દ્રિય જીવ, પંચેન્દ્રિય જીવ, દેવ જીવ.

મહારાજ! આમ કહેવામાં આવે છે કે નહિ? મનુષ્ય જીવ, ઘોડા જીવ, ગાય જીવ, બકરા જીવ, રાગી જીવ. મહારાજ! કહેવામાં તો એમ આવે છે ને. રાગ કરે તે જીવ, રાગી જીવ, આ ક્રોધી જીવ, દ્વેષી જીવ, માની જીવ, કપટી જીવ, લોભી જીવ, ઇચ્છાવાન જીવ. એમ તો કહેવાય છે કે નહિ? શિષ્ય આશંકા કરે છે.

'**ઉત્તર આમ છે કે કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે,...**' કહેવામાં તો વ્યવહારથી એમ કથનમાં કહેવાય છે. '**નિશ્ચયથી એમ કહેવું જૂઠું છે.**' બોલવામાં નિમિત્તનું જ્ઞાન કરાવવામાં આવી કથન પદ્ધતિ આવે છે. પણ વસ્તુની સ્વરૂપદષ્ટિથી જોવામાં આવે તો એકેન્દ્રિય જીવ, ક્રોધી જીવ, રાગી જીવ છે જ નહિ. એ બધું કહેવું તે જૂઠું છે. પરમાર્થ દષ્ટિએ જોવાથી રાગી જીવ, ક્રોધી જીવ, વ્યવહારી જીવ, વ્યવહારી જીવ, એકેન્દ્રિય જીવ, પંચેન્દ્રિય જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ. પરમાર્થ દષ્ટિએ આત્માને જોવામાં આવે તો તે જૂઠું છે. સમજાય છે કાંઈ? '**કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે,...**' ભગવાન! બોલવામાં તો શું બોલે? કથનશૈલીમાં એમ આવે છે. '**નિશ્ચયથી એમ કહેવું જૂઠું છે.**' ભગવાન આત્માને રાગી કહેવો, વ્યવહાર વિકલ્પ દયા, દાન, વ્રતના વિકલ્પના અસ્તિત્વવાળો કહેવો એ પુણ્યપરિણામની મોજૂદગીવાળો આત્માને કહેવો એ વ્યવહારથી નિમિત્તનું કરાવવા માટે એવું કથન કહેવાય છે. વસ્તુમાં એમ નથી. પરમાર્થથી એમ કહેવું એ જૂઠું છે. 'તે (હવે) કહે છે.' એ દષ્ટાંતથી વાત કરે છે.

---

(અનુષ્ટુપ)

**ઘૃતકુમ્ભાભિધાનેऽपि कुम्भो घृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीवो जल्पनेऽपि न तन्मयः।।८-४०।।**

**ખંડાન્વય સહિત અર્થ** :— દષ્ટાંત કહે છે—"चेत् कुम्भः घृतमयः न" (चेत्) જો એમ છે કે (कुम्भः) ઘડો (घृतमयः न) ઘીનો તો નથી, માટીનો છે, "घृतकुम्भाभिधाने अपि" (घृतकुम्भ) 'ઘીનો ઘડો' (अभिधाने अपि) એમ કહેવાય છે તથાપિ ઘડો માટીનો છે, [ભાવાર્થ આમ છે—જે ઘડામાં ઘી રાખવામાં આવે છે તે ઘડાને જોકે 'ઘીનો ઘડો' એમ કહેવાય છે તોપણ ઘડો માટીનો છે, ઘી ભિન્ન છે,] તો તેવી રીતે "वर्णादिमज्जीवः जल्पने अपि जीवः तन्मयः न" (वर्णादिमज्जीवः जल्पने अपि) જોકે 'શરીર-સુખ-દુઃખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ (जीवः तन्मयः न) ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી; જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ ઘણા પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ કેવો છે? ઉત્તર-જેવો છે તેવો હવે કહે છે. ૮-૪૦.

## કલશ-૪૦ ઉપર પ્રવચન

घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीवो जल्पनेऽपि न तन्मयः।।८-४०।।

**ખંડાન્વય સહિત અર્થ :—'દૃષ્ટાંત કહે છે-'** આશંકા કરી હતી તેનો જવાબ તો આપ્યો. પણ દૃષ્ટાંતથી એને વાત સમજાવે છે. **'દૃષ્ટાંત કહે છે—' 'चेत् कुम्भः घृतमयः न' '(चेत्)' 'જો એમ છે...'** એ શંકાકારનો પ્રશ્ન છે. **'ઘડો ઘીનો તો નથી,...'** ઘીનો ઘડો કહેવાય છે ને? દવાની શીશી. ઘીનો ઘડો નથી, **'માટીનો છે,...'** ઘડો તો માટીનો છે. ઘીનો છે? ઘીનો ઘડો હોય? ઘીનો ઘડો હોય? ઘીથી ઘડો થયો છે? ઘીમાંથી ઘડતર કરીને ઘડો થયો છે? એ તો માટીનો છે. ઘીનો ઘડો, દવાની શીશી, માટીનું વાસણ... આ લોટ નાખે ને? આ બાયું દાળ, ભાત, શાક નાખે. ઘઉંનો લોટ. આ લોટની આ માટલી છે. તો માટલી લોટની છે? પાણીનો લોટો. તો શું પાણીનો લોટો છે? પાણીનો લોટો કોઈએ જોયો છે? કહે છે કે ઘડો ઘીનો તો નથી. પાણીનો લોટો તો પાણીનો નથી. દવાની શીશી તો દવાની શીશી નથી. **'માટીનો છે,...'** ઘડો તો માટીનો છે. ઓહો..! **'घृतकुम्भाभिधाने अपि' 'ઘીનો ઘડો...' 'अभिधाने'** છે ને? **'એમ કહેવાય છે તથાપિ ઘડો માટીનો છે,...'** બોલવામાં આવે છે બીજો ઘડો પાણી આદિથી ભિન્ન બતાવવા માટે ઘીનો ઘડો એમ કહેવાય છે. ઘડો ઘીનો નથી, ઘડો તો માટીનો જ છે.

**'ભાવાર્થ આમ છે—જે ઘડામાં ઘી રાખવામાં આવે છે...'** જુઓ! જે ઘડામાં ઘી રાખવામાં આવે છે. ઈ પણ વ્યવહારથી કથન છે, હોં! **'તે ઘડાને જોકે 'ઘીનો ઘડો' એમ કહેવાય છે તોપણ ઘડો માટીનો છે,...'** ઘડો તો માટીનો છે. ઘી ભિન્ન છે. બરાબર છે? **'वर्णादिमज्जीवः जल्पने अपि जीवः तन्मयः न'** ભગવાન આત્માને જોકે **'શરીર-સુખદુઃખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ'** એમ કહેવાય છે. જુઓ ભાષા. જેમ ઘીનો ઘડો કહેવામાં આવે છે, છતાં ઘીનો ઘડો છે જ નહિ. ઘડો તો માટીનો જ છે. એમ ભગવાન આત્માને આ કાળા શરીરવાળો, આ ધોળા શરીરવાળો, આવા શરીરવાળો, સુખ-દુઃખના સંયોગવાળો, સુખ-દુઃખની કલ્પનાવાળો, રાગ-દ્વેષના ભાવ, પુણ્ય-પાપ, દયા, દાનના ભાવવાળો એવો જીવ કહેવાય છે.

**'તોપણ ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી,...'** એનો અર્થ તન્મય નથી. જીવ રાગ સાથે તન્મય થયો નથી. વ્યવહાર પુણ્યપરિણામ જે દયા, દાન, ભક્તિના છે તેનાથી ભગવાન આત્મા તન્મય-તે રૂપ થયો નથી. ઘડો માટીરૂપ થયો નથી. એમ આત્મા રાગરૂપ, પુણ્યરૂપ થયો નથી. ઓહોહો..! ખબર નથી હજી જીવ-અજીવની અને એને ધર્મ કરવો છે.

સમજાય છે કાંઈ? બંધ તો જોયો છે, આ પણ બંધ જુદો નથી ખબર એને કે આ જડ માટી છે, આ છૂટી જાય છે. રાગાદિ બદલાઈ જાય છે. હું તો ચિદ્‌ઘન જ્ઞાનઘન ભિન્ન છું. રાગ પણ ક્ષણે ક્ષણે નવો નવો ઉત્પન્ન થાય છે, વિધ્વંસ થાય છે. ઉત્પન્ન થઈને વિધ્વંસ થાય છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ ઉત્પન્ન થઈને વિધ્વંસ થાય છે? રાગાદિ દયાનું જ્ઞાન પોતામાં થયું તે જ્ઞાન પણ પોતાના સ્વરૂપ સાથે અભિન્ન છે. રાગ અભિન્ન નથી. રાગ ભિન્ન છે. આહા..હા...! સમજાય છે કાંઈ?

કહે છે, રાગ સંયુક્ત જીવ. દયા જીવે પાળી, આ દયાનો ભાવ જીવનો છે, ભક્તિનો ભાવ જીવ છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ઘીનો ઘડો છે, જેમાં ઘી રાખ્યું છે. એમ આત્માની પર્યાયમાં રાગાદિ દેખાય છે એ નિમિત્તથી કહેવામાં આવે છે કે રાગયુક્ત જીવ, દ્વેષયુક્ત જીવ, દયા પાળવાનો ભાવ (એ જીવ). પરની દયા પાળવી એ તો છે જ નહિ. પણ દયાના ભાવયુક્ત જીવ (એમ કહેવું તે) વ્યવહાર છે. દયાભાવયુક્ત જીવ છે જ નહિ. ભગવાન તો જ્ઞાનાનંદ સંપન્ન જીવ છે. સમજાય છે કાંઈ? એમ જડથી અચેતનથી ચેતનને અંતરમાં ભિન્ન સમજવો અને અંતરમાં દૃષ્ટિ અનુભવ કરીને આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ કરવો તેનું નામ આત્મા માન્યો અને આત્માનું સમ્યગ્દર્શન થયું એને કહે છે. સમજાય છે કાંઈ?

**'જીવ એમ કહેવાય છે તોપણ ચેતનદ્રવ્ય એવો...'** 'तन्मयः न' એટલે કે આત્મા **'શરીર નથી,...'** આત્મા મનુષ્ય નથી, આત્મા રાગ નથી, આત્મા દયા, દાન પરિણામરૂપ નથી, આત્મા ગુણસ્થાન, માર્ગણાસ્થાન ભેદરૂપ નથી. ઓહો..હો..! **'જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે.'** ભગવાન ચેતન જાણક, ચેતનસૂર્ય ચૈતન્યસૂર્ય પ્રકાશ, ચૈતન્યનો પુંજ એ રાગ ભિન્ન, તે બધાથી ભિન્ન પદાર્થ છે. **'ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે...'** જુઓ! શાસ્ત્રમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ આદિ ગુણસ્થાનના ચૌદ ભેદ છે ને? **'ત્યાં, દેવ જીવ...'** આગમમાં કહ્યું છે. ભાષા એ લીધી છે. આગમમાં કહ્યું છે એ તો વ્યવહારથી કથન છે, પરમાર્થ નહિ. આ આગમમાં લખ્યું, એમ પ્રશ્ન કરે. આગમમાં તો બધું લખ્યું છે. વ્યવહારથી લખ્યું છે, પરમાર્થથી લખ્યું છે. બેય રીતે લખ્યું છે. વ્યવહારથી લખ્યું છે તે પરમાર્થસ્વરૂપ નથી. આગમમાં ગુણસ્થાનનું સ્વરૂપ કહ્યું છે. મિથ્યાત્વી જીવ, અવ્રતી જીવ, વ્રતી જીવ, પ્રમાદી જીવ, અપ્રમાદી જીવ. ગુણસ્થાનમાં આવા કથન આવે કે નહિ? સયોગી કેવળી જીવ, અયોગી કેવળી જીવ. એ તો નિમિત્તના વ્યવહારના ઉપચારનું કથન છે. વસ્તુ સ્વરૂપમાં એમ નથી. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને આવા ભેદ રહિત પોતાના આત્માને જાણે છે અને માને છે. આવા ભેદરૂપ પોતાને માનતો નથી કે હું તે રૂપે છું. હું એ નથી. હું તો ચિદ્‌ઘન, વિજ્ઞાનઘન, આનંદકંદ છું. આવા આત્માને જાણવો, માનવો એને આત્મા જાણ્યો, માન્યો કહેવામાં આવે છે. આમ આત્મા આત્મા તો બહુ કહે છે, અન્ય પણ કહે છે. આસ્તિક

જેટલા આત્માને માનવાવાળા હોય એ બધા આત્મા આત્મા કરે છે. એવો આત્મા નથી.

અહીંયા તો આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પોતાની જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં એ છ દ્રવ્યનું જ્ઞાન કર્યું એટલી તાકાત, પણ એ પરનું જ્ઞાન કર્યું એટલી તાકાતવાળી પણ પર્યાય નથી. સમજાય છે કાંઈ? એક સમયની જ્ઞાન-શ્રુતજ્ઞાનની પર્યાયમાં ષટ્ દ્રવ્ય, અનંત સિદ્ધ, અનંત નિગોદ આદિ અનંત પરમાણુની, અનંતગણી બીજી વસ્તુ, ત્રણ કાળ સમય વગેરે તેનું એક સમયમાં પરલક્ષી જ્ઞાન થયું તેટલી પણ પર્યાય નથી. એ પર્યાયમાં બધાં દ્રવ્ય-ગુણ-પર્યાય નિજ આદિ આવે છે તો એની એક સમયની પર્યાયમાં જણાયા, એ પર્યાય એવી અનંતી પર્યાયનો પિંડ તે ગુણ છે અને એવા અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય છે. એટલું એનું સામર્થ્ય ચૈતન્યપદાર્થનું છે. આવા ચૈતન્યને ચૈતન્ય જાણવો, માનવો એણે આત્મા જાણ્યો, માન્યો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

કહે છે, આગમમાં **'દેવ જીવ, મનુષ્ય જીવ,...'** કસાઈ જીવ, ઘોડા જીવ, **'રાગી જીવ, દ્વેષી જીવ...'** વ્યવહારી જીવ છે, ભાઈ! વ્યવહારી જીવ છે એમ નથી કહેતા? અમે તો હજી વ્યવહારી જીવ છીએ. શુભભાવને કરવાવાળા વ્યવહારી જીવ છીએ. તો કહે છે, નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, જેના એક સમયના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાય જાણવામાં આવતાં જણાઈ ગયા. એ ભગવાનની વાણીમાં આવ્યું કે આત્મા વ્યવહારી જીવ. અમે તો વ્યવહારી છીએ. ભગવાન કહે છે કે વ્યવહારી જીવ છે જ નહિ. જીવ તો વ્યવહારથી ભિન્ન જ્ઞાનઘન છે. સમજાય છે કાંઈ?

**'તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે;...'** 'ઈત્યાદિ ઘણા પ્રકારે કહ્યું છે, પણ **તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે;...'** તો શું વ્યવહાર જૂઠો છે? પરમાર્થે જૂઠો છે. કથનમાત્રથી જાણવાની વસ્તુ છે. વસ્તુ ભગવાન જ્ઞાયકમૂર્તિ ચિદ્ઘન વિજ્ઞાનનો પિંડ પ્રભુને આત્મા કહે છે. એ વિજ્ઞાનઘન આત્માની અંતરમાં દૃષ્ટિ કરી સમ્યક્ અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? શુભ રાગાદિ ઊઠે છે એમાં રમવું નથી. એ તો ભિન્ન છે. ઈ શુભરાગ હો, એમાં એકત્વબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે અને શુભરાગ, શુભઉપયોગ એ જ મારી વસ્તુ છે એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? આહા..હા..! **'સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે;...'** રાડ નાખે અરેરે..! ભગવાન! પોકાર કર તો કર, વસ્તુ તો છે એવી છે. તું પોકાર કરે કે અમે તો અત્યાર સુધી આમ સાંભળ્યું છે, માન્યું છે અને આ શું નીકળ્યું? ઈ આમ જ છે.

**'દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે.'** જુઓ! એ તો પર્યાયના ભંગ ભેદના વિકલ્પનું વ્યવહારુ જ્ઞાન કરાવ્યું છે. વસ્તુદૃષ્ટિ વસ્તુ ભગવાન ચિદ્ઘન અનાદિઅનંત મહા સંત મહંતની પર્યાય પ્રગટ થવાનું કારણ વસ્તુ. મહા ભગવાન કેવળજ્ઞાન આદિ પર્યાય પ્રગટ થવાનું કારણ. અરે..! ભગવાન દ્રવ્ય એક સેકંડના અસંખ્ય ભાગમાં જે પરમાત્મા થાય છે કેવળજ્ઞાન, કેવળજ્ઞાન,

કેવળદર્શન, પરમ આનંદ અનંત ચતુષ્ટય જે પ્રગટ થાય છે એ કેવળજ્ઞાન તો એક સમય રહે છે. પરમાત્માની દશા પર્યાય છે તે એક સમય રહે છે. શું કહ્યું અનંતરાજજી? શું કહ્યું? સિદ્ધપદ જે આત્મામાં પ્રગટ થાય છે એ એક સમય જ રહે છે. કેમ કે એ અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ એક સમયની પર્યાય છે, ગુણ નહિ. તો પરમાત્મપદ જે આત્મામાં થયું એક સમયની અનંત ગુણની પૂર્ણ શુદ્ધિ તે એક સમયમાં ઉત્પાદ થયો, બીજા સમયે તેનો વ્યય થાય છે. બીજા સમયે બીજા પરમાત્માની પર્યાય આત્મામાં ઉત્પન્ન થાય છે. એવી એવી સાદિઅનંત પરમાત્મા અનંત પરમાત્માનો પિંડ જે પડ્યો છે તેને દ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ? ન સમજાણું?

**શ્રોતા :-** એક સમયમાં ખતમ થઈ જાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયનો ઉત્પાદ-વ્યય છે ને. કેવળજ્ઞાન પર્યાય છે. એક સમય રહે, બીજા સમયે બીજી સર્વજ્ઞની પર્યાય થાય. પર્યાય છે, ઈ ગુણ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છે ને. કેવળજ્ઞાન ગુણ નથી, ગુણ તો ત્રિકાળ છે. પર્યાય તો પ્રગટ થાય છે એ પર્યાય છે.

મુમુક્ષુ :- પર્યાય એવી અખંડ.. અખંડ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય એવી ને એવી થાય છે. એવી ને એવી થાય છે પણ ઈ નહિ. એવી ને એવી થાય છે બીજા સમયે પણ ઈ નહિ. ઈ નહિ.

અહીં તો બીજું કહેવું છે કે ભગવાન આત્મા દ્રવ્ય એને કહે છે, '**દ્રવ્યસ્વરૂપ જોતાં...**' ભગવાન આત્મા એક સમયમાં એ જ્યારે પરમાત્મા થાય છે તો એક સમય પરમાત્માની પર્યાય રહે છે. બીજા સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી, ચોથા સમયે ચોથી. એવી ને એવી એમ અનંત કાળ (રહે છે). જ્યારથી પરમાત્મદશા થઈ તો અનંત અનંત કાળ જેટલી પરમાત્મદશા પ્રગટ થાય એ બધી પરમાત્મપર્યાયનો પિંડ આત્મા દ્રવ્ય છે. એ દ્રવ્યમાંથી પરમાત્માની પર્યાય આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** વિશ્વની જે પર્યાય થાય છે તે આમાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, વિશ્વની પર્યાય નહિ, કેવળજ્ઞાનની પર્યાય.

**શ્રોતા :-** જગતમાં જે પ્રત્યેક પર્યાય થાય છે એ જાણક તત્ત્વમાં થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રતિબિંબ નહિ. પોતાની પર્યાય પોતાથી થાય છે. એ પ્રતિબિંબ પણ પરનું છે. અહીંયા તો પોતાની કેવળજ્ઞાન દશા પૂર્ણ પ્રગટ થઈ, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદ અને અનંતવીર્ય એવી અનંતી પર્યાય એક સમયમાં પરમાત્મા સિદ્ધને શુદ્ધ પ્રગટ થઈ. એ અનંત પર્યાય એક સમય જ રહે છે. બીજા સમયે વ્યય થઈને બીજી થાય છે. બીજા સમયની વ્યય થઈને ત્રીજા સમયે ત્રીજી થાય છે. એમ સાદિઅનંત પોતાની નિર્મળ કેવળજ્ઞાન પૂર્ણ પર્યાય પરમાત્મદશા, એવા અનંતા પરમાત્મા આત્મદ્રવ્યમાં પડ્યા છે. એવા

દ્રવ્યને આત્મા કહે છે. આહા..હા..! રાડી નાખી જાય. ત્યાં પણ કહ્યું હતું ને? ભાઈ! મલ્હારગઢ. મલ્હારગઢ ગયા હતા ત્યાં દસ હજાર માણસ આવ્યા હતા. ત્યાં પંડિત-બંડિત બધા ભેગા થયા હતા. આ વસ્તુ શું છે એની ખબર નહિ. જ્યાં એમ કહ્યું.. દસ હજાર માણસ. ભગવાનદાસ છે ને સાગરવાળા? બીડીવાળા. લાખ, સવા લાખનું મકાન બનાવ્યું છે. ગૃહસ્થ છે. એના ગુરુ તારણસ્વામી. એનું સમાધિ સ્થાન હતું. દસ હજાર માણસ. અમે બે દિવસ રહ્યા હતા. આ વાત કરી કે આત્મદ્રવ્ય કોને કહેવું? શું રાગવાળું દ્રવ્ય? દ્વેષવાળું દ્રવ્ય? વ્યવહારવાળું દ્રવ્ય? અરે..! કેવળજ્ઞાનની એક સમયની પર્યાયવાળું પણ દ્રવ્ય નહિ.

ભગવાન આત્મા અનંતા પરમાત્માને આત્માએ પેટમાં રાખ્યા છે. જેના ગર્ભમાં, જેના ધ્રુવમાં ભગવાન ધ્રુવ ચિદાનંદ પ્રભુ ધ્રુવ, જેના ગર્ભમાં-જેના પેટમાં-જેની શક્તિમાં-અનંત પરમાત્મા પેટમાં પડ્યા છે એવા એકરૂપને દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભગવાન! તારું દ્રવ્ય શું છે? કેવડું છે? એની તને ખબર નથી. રાગવાળો તો છે જ નહિ, પુણ્યવાળો તો છે જ નહિ, શરીરવાળો તો છે જ નહિ, કર્મવાળો તો છે જ નહિ. એક સમયની પૂર્ણ કેવળજ્ઞાનની પર્યાય જેવડો પણ નથી. અપૂર્ણ વ્યવહારજ્ઞાન, અપૂર્ણ જે મોક્ષમાર્ગ છે એવડો પણ નથી. પૂર્ણ મોક્ષનું કાર્ય થયું એક સમયમાં એવડું પણ આત્મદ્રવ્ય નથી. સમજાય છે કાંઈ? હજી ચૈતન્યનો સ્વભાવ કેટલો માહાત્મ્યવાળો છે અને કેવડો છે એની ખબર નથી અને કહે કે અમે ધર્મ કરીએ છીએ, વ્રત પાળીએ છીએ. ધૂળમાં વ્રત આવ્યા? ક્યાંથી આવ્યા? જૂઠા વ્રત ને જૂઠા નામ, જૂઠો ધર્મ ને જૂઠા ફળ. સમજાય છે કાંઈ? કહે છે, શું કહ્યું?

'**દ્રવ્યસ્વરૂપ જોતાં...**' શું કહે છે? દ્રવ્યસ્વરૂપ, સ્વરૂપ. વસ્તુ ચિદ્‌ઘન ધ્રુવ સ્વરૂપ જોતાં '**એવું કહેવું જૂઠું છે.**' અહીંયા તો કહે છે કે શરીર, વાણી, કર્મ સહિત કહેવું એ તો જૂઠું છે, આત્માને વ્યવહાર રત્નત્રયવાળો કહેવો એ પણ જૂઠું, આ એક સમયનું કેવળજ્ઞાન... આ ગુણસ્થાનમાં આવ્યું ને? ભાઈ! ગુણસ્થાનના ભેદ કેવળજ્ઞાન પર્યાય તેરમા ગુણસ્થાનની. એક સમયની પર્યાય તેરમા ગુણસ્થાનની છે. આત્માને એવો કહેવો એ પણ જૂઠ છે, એમ કહે છે. ..! સમજાય છે કે નહિ? થોડું થોડું. સાદી વાત તો કહીએ છીએ. સમજ્યા?

ગુણસ્થાન પણ આત્માનું નહિ એમ કહ્યું. તો ગુણસ્થાનમાં તેરમી ભૂમિકા-ગુણસ્થાન ઉત્પન્ન થાય છે. તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન, કેવળદર્શન (થાય) એ તો પર્યાય છે, એક સમયની દશા છે. દ્રવ્ય એવડું નથી. એવડું દ્રવ્ય હોય તો એક સમયની પર્યાયનો વ્યય થાય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય. આહા..! લોજીકથી તો વાત થાય છે. પ્રોફેસરજી! કેમ ધરમચંદજી! ન્યાય છે તો એમાં નિ ધાતુ છે. નિમાં જ્ઞાનને લઈ જવું, દોરી જવું. વસ્તુ સ્વરૂપ છે એમાં જ્ઞાનને અંદર લઈ જવું એનું નામ ન્યાય કહે છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ અનંત સર્વજ્ઞોએ કહ્યું, એમ સંતોએ જાણ્યું, તે જ સંતોએ કહ્યું, તે જ અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ ધર્મધુરંધર સંત છે. કહે છે, ભગવાન!

એક વાર સાંભળ તો ખરો. તારો જીવ કેવળજ્ઞાની જીવ વ્યવહારમાત્રથી કહેવામાં આવે છે. આહા..હા..! અનંત ચતુષ્ટય સંપન્ન જીવ વ્યવહારમાત્રથી (કહેવાય છે). એક સમયની પર્યાય છે. સમજાય છે કાંઈ? ભગવાન દ્રવ્ય વસ્તુ જોતાં એ શરીર, વાણીનું કહેવું જૂઠું છે, રાગવાળો કહેવું જૂઠું છે. વ્યવહાર રત્નત્રય એ સ્વરૂપમાં નથી એ જૂઠા છે, એક સમયની અપૂર્ણ પર્યાય પણ એમાં નથી, એ તો પૂર્ણ છે અને પૂર્ણ પર્યાય પ્રગટ થઈ એવડો પણ આત્મા નથી.

**'દ્રવ્યસ્વરૂપ જોતાં...'** અનંતરાજજી! ભગવાન ચૈતન્ય એક જ પદાર્થ. એક જ પોતાનો, હોં! નિજ. એવા અનંત આત્મા ભિન્ન છે. એક જ આત્મા નથી, બધા થઈને એક છે એમ નથી. એક ભગવાન પોતાનું નિજ સ્વરૂપ એક સેકંડના અસંખ્ય ભાગમાં દ્રવ્ય દ્રવ્ય દ્રવતિ ઈતિ દ્રવ્યં. જેમાં ગુણની પર્યાય દ્રવે, દ્રવે, દ્રવે-વહે તેને દ્રવ્ય (કહે છે). તો કહે છે કે અનંત અનંત કેવળજ્ઞાન, કેવળદર્શનની પર્યાય જેમાંથી દ્રવે એવી અનંત કેવળજ્ઞાનની પર્યાય જેમાંથી દ્રવે એવા અખંડ દ્રવ્યને દ્રવ્ય કહે છે. ભેદ-બેદ એમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન પણ વ્યવહાર, ચૌદમું ગુણસ્થાન પણ વ્યવહાર. કેવળજ્ઞાનની પર્યાય પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. શું કહ્યું? નિશ્ચયનો નહિ. ભેદ છે, અંશ છે. કેવળજ્ઞાન ભગવાન આત્માને કહેવું એ સદ્ભુત વ્યવહારનય છે. નિશ્ચય નહિ. ભાઈ! એ વ્યવહારથી નિષેધ કરે છે, આમ કહે છે. આહા..હા..! હજી તો અહીં એને વ્રતનો વિકલ્પ ને દયા, દાનનો વિકલ્પ અને એનાથી ધર્મ માનવો છે. મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે, પાપી છે. તારા દ્રવ્યની ખબર નથી. સ્પષ્ટ થયા વિના સમજે નહિ. પદમલાલજી! પદ્મ-કમળ ખીલે છે તો અંદરમાં ખીલવાની શક્તિ છે તો ખીલે છે, એમ કહે છે.

**શ્રોતા :-** સાંભળ્યા પછી થોડું મનન કરવું પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... બાળક નથી, એ યુવાન પણ નથી. એ તો આધેડ થઈ ગયો છે-કેવળ થઈ ગયું છે. લોજીકથી ન્યાયથી તો કહેવામાં આવે છે યુક્તિથી. ઘચડપચડ કરીને નહિ.

ભગવાન આત્મા એને આત્મા દ્રવ્યસ્વરૂપ કહે છે. વસ્તુ **'દ્રવ્યસ્વરૂપ જોતાં...'** તેને રાગી કહેવો, વ્યવહારવાળો કહેવો, કેવળજ્ઞાનની પર્યાયવાળો કહેવો એ પણ જૂઠું છે. આહા..હા..! ધનરાજજી! ભગવાન! ગંભીર છે. તત્ત્વ મહાન ચૈતન્યચમત્કાર પ્રભુ એક સેકંડના અસંખ્ય ભાગમાં ધ્રુવ વસ્તુ ધ્રુવ સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ અને સત્ દ્રવ્યં લક્ષણં. એમ આવ્યું ને? તત્ત્વાર્થ સૂત્ર. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. ભગવાન આત્મા અનંત ગુણ જે છે એની નવી પર્યાય કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવી, જૂની પર્યાયનો વ્યય થવો, ગુણપણે ધ્રુવ રહેવું. તો એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં. એવું દ્રવ્યનું લક્ષણ છે. હવે અહીંયા તો ઉત્પાદ જે કેવળજ્ઞાનનો થાય છે, એવો આત્માને કહેવો એ પણ વ્યવહાર છે. પરમાર્થ નથી. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એ વ્યવહારનું લક્ષ છોડીને, **'દ્રવ્યસ્વરૂપ જોતાં એમ કહેવું જૂઠું છે.'** ઓહો..!

**શ્રોતા :-** મુંઝવણમાં નાખ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુંઝવણમાંથી કાઢી નાખ્યો. મુંઝવણમાં ક્યાં નાખ્યો છે? જયચંદભાઈ! એને મુંઝવણ કાઢી (નાખી). મુંઝવણ સમજો છો? શું કહે છે? ચક્કરમેં. ચક્કરમેં કહે છે હિન્દીમાં? મુંઝવણમાં પડી જાય છે. આ તો ચક્કરમાંથી કાઢવાની વાત છે. ચક્કરમાં તો અનાદિથી પડ્યો જ છે. શું છે? ચક્કરમાંથી કાઢવાની વાત છે.

ભગવાન આત્મા દ્રવ્ય એને કહે છે.. આહા..હા..! પેલો માણસ હતો ને? ગાંડો નહિ? સવારમાં નીકળતી વખતે બોલે તમારી દુકાનની બહાર. પછી બોલે બહુ. બોલ્યા પછી બોલ્યો, નારાયણ પરમાત્મા જય હો. મગજ ખસી ગયું. બોલે ઘણું બોલે. અહીં જૈનનું પણ બોલે. કાનજીસ્વામી આત્માની વાત કરે છે, આત્માની વાત કરે છે. આત્મા સમજ્યા વિના કાંઈ નથી. આવે, વ્યાખ્યાનમાં આવે. પણ છેવટે બોલીને પછી બોલે, નારાયણ પરમાત્મા જય હો. એમ બોલે. પછી હું નીકળ્યો મેં કીધું, સર્વજ્ઞ પરમાત્માની જય હો, એમ બોલો. નારાયણ પરમાત્મા કોઈ નથી. ભગવાન આત્મા, એમાં કેવળજ્ઞાનની પર્યાય એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાય. જ્યારથી કેવળજ્ઞાન થયું, અનંત કાળ રહેશે સિદ્ધ ત્યારે સમયે સમયે કેવળજ્ઞાન નવું નવું ઉત્પન્ન થાય છે. એવું સર્વજ્ઞપદ સમયે સમયે નવું (ઉત્પન્ન થાય છે). એવી સર્વજ્ઞની પર્યાય એક સમયની છે, એવી સાદિઅનંત પર્યાય ભવિષ્ય કાળ જેટલો કાળ છે ત્યાં સુધી સર્વજ્ઞપણું સિદ્ધમાં ઉત્પન્ન થશે. એવી સર્વજ્ઞપર્યાય પોતાની એક સમયની છે એ પણ વ્યવહાર છે. એવી અનંતી સર્વજ્ઞપર્યાયનો પિંડ પ્રભુ આત્મા, એને દ્રવ્ય કહેવામાં આવે છે. એ દ્રવ્યદૃષ્ટિથી જોતાં એ વ્યવહાર વ્યવહાર જેવડો આત્મા નથી, માટે તે અપેક્ષાથી જૂઠો છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

એક બ્રાહ્મણ છે. હિંમતભાઈ! કાંઈક ભણેલો લાગે છે. પણ ચસકી ગયું જરી થોડું. મગજ ચસકી ગયું. પછી બોલાબોલ કરે. સવારમાં આવે, દૂધ દેવા નીકળે. દૂધ લેવા નીકળે. બોલે આ બધું. આમ છે. ત્યાં આમ લખ્યું છે, ફલાણું લખ્યું છે. બીજાનું બોલે. કંઈક બોલે એ તો. છેવટે બોલે એને ટેવ પડી. નારાયણ પરમાત્માકી જય હો. આને બિચારાને ચસકી ગઈ છે. અહીં તો આત્મદ્રવ્યકી જય હો. સર્વજ્ઞપર્યાય એક સમયની છે. તેને ધરનારું દ્રવ્ય છે. એવી અનંતી અનંતી પર્યાયને ધરવાવાળું દ્રવ્ય છે. એની જય હો. સમજાય છે કાંઈ? એમ દ્રવ્યદૃષ્ટિથી જોવું આમ કહેવું તે જૂઠું છે. આહા..હા..! ...ભાઈ! સમજાય છે કે નહિ આમાં થોડું? થોડું. શેઠિયા માણસ છે ને. ત્યાં મુકેશ બેઠો છે ઓઠીકણે. એને રસ છે થોડો થોડો.

‘**દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ કેવો છે?**’ આ તો જૂઠા જૂઠા પણ હવે સાચું કોને કહે છે? સમજાય છે કાંઈ? ‘**કોઈ પ્રશ્ન કરે છે કે જીવ કેવો છે? ઉત્તર-જેવો છે તેવો હવે કહે છે.**’ જેવો છે તેવો હવે કહે છે. હવે પછીના શ્લોકમાં કહે છે.

(અનુષ્ટુપ)

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमबाधितम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।९-४१।।

ખંડાન્વય સહિત અર્થ :—"तु जीवः चैतन्यम् स्वयं उच्चैः चकचकायते" (तु) દ્રવ્યનું સ્વરૂપ વિચારતાં (जीवः) આત્મા (चैतन्यम्) ચૈતન્યસ્વરૂપ છે, (स्वयं) પોતાના સામર્થ્યથી (उच्चैः) અતિશયપણે (चकचकायते) ઘણો જ પ્રકાશે છે. કેવું છે ચૈતન્ય? "अनाद्यनन्तम्" (अनादि) જેનો આદિ નથી (अनन्तम्) જેનો અંત-વિનાશ નથી, એવું છે. વળી કેવું છે ચૈતન્ય? "अचलम्" જેને ચળતા-પ્રદેશકંપ નથી એવું છે. વળી કેવું છે? "स्वसंवेद्यं" પોતાથી જ પોતે જણાય છે. વળી કેવું છે? "अबाधितम्" અમીટ (મટે નહિ એવું) છે. જીવનું સ્વરૂપ આવું છે. ૯-૪૧.

## કળશ-૪૧ ઉપર પ્રવચન

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमबाधितम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।९-४१।।

જુઓ! કેવળજ્ઞાનની પર્યાય જેવડો નથી. ભગવાન એક સમયમાં પ્રભુ પોતાનું નિજ સ્વરૂપ... રાત્રે ચક ચક થાતું હશે આ? કાચ ચકચકે એવું હશે? ચૈતન્યના તેજના નૂરથી ચકચકાટમાન ભગવાન આત્મા છે. એકલા... સમજાય છે કાંઈ? લસલસતું, ભાષા આવે છે ને? લસલસતું આપણે આવે છે. સંસ્કૃતમાં હશે. કળશમાં આવે છે ને પાછળ? લસલસતો. જેમ સૂર્ય પ્રગટે ને, એમ ચૈતન્યના તેજ સમ્યગ્દર્શનમાં સમ્યક્ ચૈતન્યમૂર્તિ એવું ભાન થયું, (તો) ક્રમે ક્રમે કેવળજ્ઞાનસૂર્ય ચમકતો પ્રગટ થાય છે. લસલસતો શબ્દ છે ને? લસત. લસત છે. અંદર સંસ્કૃતમાં છે. લસત... લસત. આ તો મહાટીકા છે. આખા ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ ૯૦૦ વર્ષ પહેલા થયા. ૨૦૦૦ વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય (થયા). એ કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં ગયા એની શંકા (કરે છે). આવા ને આવા. પછી એને બતાવવું પડે. શાસ્ત્રમાં જો આ લખ્યું. પંચાસ્તિકાયમાંથી બતાવ્યું. પંચાસ્તિકાયમાં લખ્યું છે ને? ભાઈ! પંચાસ્તિકાય છે ને? એમાં લખ્યું છે. સંસ્કૃત જયસેનાચાર્યની ટીકા. કુંદકુંદાચાર્ય મહારાજ મહાવિદેહમાં ગયા હતા.

**શ્રોતા** :- એ તો ક્યાં ઈ માને છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને ક્યાં ખબર છે. અહીંયા છે પંચાસ્તિકાય? એમાં લખ્યું છે, હોં! જુઓ (પંચાસ્તિકાયસંગ્રહ આચાર્ય જયસેનની (તાત્પર્યવૃત્તિ નામની) સંસ્કૃત ટીકાનો

મંગલાચરણ શ્લોક. સંસ્કૃત. 'श्री कुमारनन्दि सिद्दान्त देव शिष्यैः' જયસેનાચાર્યની ટીકા છે, ૯૦૦ વર્ષ પછી. સંસ્કૃત. 'प्रसिद्धकथान्यायेन पूर्वविदेहं गत्वा' ભગવાન કુંદકુંદાચાર્ય પૂર્વ વિદેહમાં ગયા હતા. પૂર્વ વિદેહમાં. 'वीतरागसर्वज्ञसीमंधरस्वामितीर्थंकरपरमदेवं दृष्टवा' ત્યાં ભગવાનના દર્શન કર્યા. 'तन्मुख कमल विनिर्गत दिव्यवाणी श्रवणावधारित' ભગવાનના મુખમાંથી નીકળી દિવ્ય વાણી શ્રવણ અવધારી, નક્કી કર્યું, નિર્ણય કર્યો. 'अवधारित' એટલે? 'पदार्थाच्छुद्धात्मतत्त्वादिसारार्थं गृहीत्वा पुनरप्यागतैः' ભગવાન પાસે સાંભળ્યું, પછી અહીં આવ્યા, પછી બનાવ્યું. જુઓ! 'श्रीमत्कुन्दकुन्दाचार्यदेवैः पद्मनन्द्याद्यपराभिधेयैरन्तस्तत्व-बहिस्तत्त्वगौणमुख्यप्रतिपत्त्यर्थं।' અંતઃતત્ત્વની મુખ્યતા અને ક્યાંક બીજાની ગૌણતા, કોઈ ઠેકાણે મુખ્યની ગૌણતા સમજાવી અને આની ગૌણતા અંતરની. એ રીતે શાસ્ત્ર સમયસારાદિ બનાવ્યા. સમજાય છે કાંઈ?

જીવ કેવો છે? 'तु जीवः चैतन्यम् स्वयं उच्चेः चकचकायते' '**દ્રવ્યનું સ્વરૂપ વિચારતાં...**' ભગવાન આત્મા વસ્તુ ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ એવા સ્વરૂપને વિચારતાં '**આત્મા ચૈતન્યસ્વરૂપ છે,...**' રાગરૂપ નહિ, વ્યવહારરૂપ નહિ, ભેદરૂપ નહિ. શરીરરૂપ નહિ, કર્મરૂપ નહિ, રાગરૂપ નહિ, ભેદરૂપ નહિ. ગુણસ્થાન, માર્ગણાના ભેદરૂપે પણ નહિ. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જાણકસ્વરૂપ (છે). '**પોતાના સામર્થ્યથી...**' જુઓ! '**પોતાના સામર્થ્યથી અતિશયપણે ઘણો જ પ્રકાશે છે.**' નિમિત્તથી નહિ, લોકાલોક છે તો પ્રકાશે છે એમ નહિ. નિમિત્ત છે તો પ્રકાશે છે એમ નહિ, શાસ્ત્ર છે તો પ્રકાશે છે એમ નહિ. ભગવાન ચૈતન્ય પ્રભુ, ચૈતન્યથી લસલસતો ભરેલો સૂર્ય '**પોતાના સામર્થ્યથી અતિશયપણે...**' 'उच्चेः' વિશેષપણાથી વિશેષપણે ખાસ પોતાની વિશેષતા રાખીને '**ઘણો જ પ્રકાશે છે.**' ચકચકાટ ચૈતન્યસ્વભાવ પ્રકાશે છે. બસ! એ તો ચૈતન્ય ચૈતન્યરૂપ પ્રકાશે છે એ જ આત્મા. કોઈ ભેદ, રાગ-દ્વેષ, નિમિત્ત-ફિમિત્ત આત્મા નહિ. એવા આત્માનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? '(उच्चेः)'.

**શ્રોતા** :- પોતાની સામર્થ્યથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતાની શક્તિથી. પોતાથી જાણે છે. શું નિમિત્ત છે તો જાણે છે? ઇન્દ્રિયો છે તો જાણે છે? રાગ છે તો જાણે છે? બિલકુલ નહિ. પોતાનો જ્ઞાનસ્વરૂપ પ્રકાશ સ્વભાવ અંતરમાં અનંત શક્તિનું સત્ત્વ પોતાના ચૈતન્યપ્રકાશથી એ પ્રકાશે છે.

'**કેવું છે ચૈતન્ય?**' એ ચૈતન્યસ્વરૂપ કહ્યું પણ કેવું છે? 'अनाद्यनन्तम्' એક સમયની પર્યાય જેવડો નહિ, રાગ જેવડો નહિ, શરીર જેવડો નહિ, એક સમયની પર્યાય જેવડો નહિ. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે એવડો પણ આત્મા નહિ. આહા..હા..! સમ્યગ્દર્શન શું છે અને આત્મા શું છે એ વાત એણે કદી સાંભળી નથી. રુચિ નથી કદી. આહા..! કહે છે, '**જેનો આદિ નથી,...**' જુઓ! કેવળજ્ઞાન તો આદિ છે. કેવળજ્ઞાન તો આદિ-ઉત્પન્ન

થાય છે ને. પર્યાય છે ને, પર્યાય છે એટલે આદિ છે. આ આદિ વિનાનો અનાદિઅનંત ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? અને અનાદિઅનંત **'જેનો અંત-વિનાશ નથી,...'** કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. બીજા સમયે વ્યય થાય છે. બીજા સમયે કેવળજ્ઞાનનો વ્યય થાય છે. એવું ને એવું કેવળજ્ઞાન હો, પણ એ પહેલાનું કેવળજ્ઞાન બીજા સમયે નથી રહેતું. કેમ કે એ ઉત્પાદ-વ્યય છે. ભગવાન દ્રવ્યસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ છે. ધ્રુવ અનાદિઅનંત છે. આહા..! સમજાય છે કાંઈ?

**'જેનો અંત-વિનાશ નથી, એવું છે. વળી કેવું છે ચૈતન્ય?' 'अचलं' 'જેને ચળતા-પ્રદેશકંપ નથી એવું છે.'** આત્મા એને કહે છે. પ્રદેશનું કંપન એ આત્મા નહિ. આ જોગનું કંપન થાય છે ને પ્રદેશમાં? એ આત્મા નહિ. જોગ કંપન થાય છે કે નહિ? જોગ કંપન એ આત્મા નહિ. **'જેને ચળતા-પ્રદેશકંપ નથી...'** એકરૂપ અકંપ વસ્તુ. ભાવથી પણ અનાદિઅનંત અને ક્ષેત્રમાં કંપન રહિત એવું સ્થિરબિંબ તેને આત્મા કહે છે.

**શ્રોતા :-** સ્વરૂપ એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ સ્વરૂપ એવું સ્વરૂપ છે. કંપન-ફંપન એ વિકાર એક સમયની પર્યાય છે. એ આત્મા નહિ. આહા..હા..! અત્યારની વાત ચાલે છે, હોં! આહા..હા..! **'વળી કેવું છે? પોતાથી જ પોતે જણાય છે.'** એ તો જ્ઞાનથી જ જણાય છે. વિકલ્પથી, વ્યવહારથી, નિમિત્તથી જણાતો નથી. એવો આત્મા છે. આત્મા જ એવો છે કે પોતાના જ્ઞાન અને આનંદથી જણાય છે. સ્વસંવેદનથી જણાય એવો આત્મા છે. એની વ્યાખ્યા વિશેષ છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ ૧, રવિવાર, તા. ૧૬-૫-૧૯૬૫, કલશ-૪૨, ૪૩, ૪૪ પ્રવચન નં. ૪૧

.. એમાં અજીવ અધિકાર ચાલે છે, એમાં જીવ કોણ છે એની વાત ચાલે છે. છેલ્લા ૯મા કળશમાં. કેવો છે ભગવાન આત્મા? કે જેની અંતર દૃષ્ટિ અનુભવ કરવાથી આત્મા અનુભવમાં આવે છે અને જેને ધર્મ સમ્યગ્દર્શન થાય છે. કહે છે, **'स्वसंवेद्यं' 'પોતાથી જ પોતે જણાય છે.'** છે છેલ્લી લીટી? ૪૩ પાનું. એ ચૈતન્યમૂર્તિ આત્મા અજીવ અધિકારમાં એમ કેમ લીધું? અધિકાર તો અજીવ ચાલે છે. તો કહે છે કે આ આત્મા, એનું સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મ અજીવ આદિ વિકલ્પ દ્વારા કદી થતો નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ! શરીરની ક્રિયા દ્વારા કે રાગ દ્વારા કે મન દ્વારા કે વ્યવહાર રાગની મંદતા દ્વારા આત્માનું સમ્યગ્દર્શન થતું નથી. તેથી અજીવ અધિકારમાં લીધું છે.

**'પોતાથી જ પોતે જણાય છે.'** એ તો જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યપ્રકાશના લક્ષણ દ્વારા જ અનુભવમાં આવે છે. એના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આ લક્ષણથી જ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. સમજાય છે કાંઈ? **'વળી કેવું છે?' 'अबाधितम्' 'અમીટ (મટે નહિ એવું) છે.'** એ વસ્તુ કોઈ દી નાશ પામે છે એવું નથી. અને તેને કોઈ વિઘ્ન કરે તો અભાવ થઈ જાય એવી ચીજ નથી. ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પુંજ પ્રભુ એનો અંતરમાં જ્ઞાનલક્ષણથી અનુભવ કરવાથી જ્ઞાનનું વેદન કરવાથી રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પનું લક્ષ છોડીને પોતાનો નિજ સ્વભાવ પોતાથી અંતરમાં વેદન થાય છે. એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાય છે કાંઈ? એ ૯મો કળશ પૂરો થયો.

---

(શાર્દૂલવિક્રીડિત)

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।१०-४२।।

**ખંડાન્વય સહિત અર્થ** :—"विवेचकैः इति आलोच्य चैतन्यम् आलम्ब्यातम्" (विवेचकैः) જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો (इति) જે પ્રકારે કહેવાશે તે પ્રકારે (आलोच्य) વિચારીને (चैतन्यम्) ચૈતન્યનો-ચેતનમાત્રનો (आलम्बयताम्) અનુભવ

કરો. કેવું છે ચૈતન્ય? ''समुचितं'' અનુભવ કરવાયોગ્ય છે. વળી કેવું છે? ''अव्यापि न'' જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી, (अतिव्यापि वा) જીવથી અન્ય છે જે પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે. વળી કેવું છે? 'व्यक्तं' પ્રગટ છે. વળી કેવું છે? ''व्यञ्जितजीवतत्त्वम्'' (व्यञ्जित) પ્રગટ કર્યું છે (जीवतत्त्वम्) જીવનું સ્વરૂપ જેણે, એવું છે. વળી કેવું છે? ''अचलं'' પ્રદેશકંપથી રહિત છે. ''ततः जगत् जीवस्य तत्त्वं अमूर्तत्वं उपास्य न पश्यति'' (ततः) તે કારણથી (जगत्) સર્વ જીવરાશિ (जीवस्य तत्त्वं) જીવના નિજ સ્વરૂપને (अमूर्तत्वम्) સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી રહિતપણું (उपास्य) માનીને (न पश्यति) અનુભવતો નથી. [ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે 'જીવ અમૂર્ત' એમ જાણીને અનુભવ કરવામાં આવે છે પણ એ રીતે તો અનુભવ નથી. જીવ અમૂર્ત તો છે પરંતુ અનુભવકાળમાં એમ અનુભવે છે કે 'જીવ ચૈતન્યલક્ષણ;'] ''यतः अजीवः द्वेधा अस्ति'' (यतः) કારણ કે (अजीवः) અચેતન દ્રવ્ય (द्वेधा अस्ति) બે પ્રકારનાં છે. તે બે પ્રકાર ક્યા છે? ''वर्णाद्यैः सहितः तथा विरहितः'' (वर्णाद्यैः) વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી (सहितः) સંયુક્ત છે, કેમ કે એક પુદ્‌ગલદ્રવ્ય એવું પણ છે; (तथा विरहितः) તથા વર્ણ, રસ, ગંધ, અને સ્પર્શથી રહિત પણ છે, કેમ કે ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય અને આકાશદ્રવ્ય એ ચાર દ્રવ્યો બીજાં પણ છે, તે અમૂર્તદ્રવ્યો કહેવાય છે. તે અમૂર્તપણું અચેતનદ્રવ્યોને પણ છે; તેથી અમૂર્તપણું જાણીને જીવનો અનુભવ નથી કરાતો, ચેતન જાણીને જીવનો અનુભવ કરાય છે. ૧૦-૪૨.

---

## કલશ-૪૨ ઉપર પ્રવચન

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।१०-४२।।

ખંડાન્વય સહિત અર્થ :—'विवेचकैः इति आलोच्य चैतन्यम् आलम्ब्यताम्' 'જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો...' જેને આત્મજ્ઞાન અને ધર્મ કરવો છે એવા પુરુષો ભેદજ્ઞાન '(विवेचकैः)' શુભ-અશુભરાગનો ભેદ કરીને પોતાના ચૈતન્યનો અનુભવ કરવો જોઈએ. સમજાય છે કાંઈ? ભેદ વિવેચક એટલે વિવેક કરવાવાળા ભેદજ્ઞાની જીવ 'જે પ્રકારે કહેવાશે તે પ્રકારે વિચારીને ચૈતન્યનો-ચૈતન્યમાત્રનો અનુભવ કરો.' '(आलम्ब्यताम्)'નો અર્થ કર્યો. અરે..! આત્મા! ચૈતન્ય ભગવાન એ જાણક જાણન... જાણન.. રાગાદિ વિકલ્પ, પુણ્ય,

દયા, મન, વાણી, દેહ નહિ. એ જાણન સ્વભાવ, એ જાણનસ્વભાવ તે આત્મા. જાણનસ્વભાવ દ્વારા આત્માનો અનુભવ કરો. બહુ સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ. ઈ શબ્દ આવે છે આગળ-અતિ સૂક્ષ્મ.

ભાઈ! એણે આત્મા એક સમયમાત્ર પણ કેવો છે એવો એનો કદી અનુભવ કર્યો નથી, માન્યો નથી. એ તો દેહની ક્રિયા આત્મા કરે, રાગ આત્મા કરે, પુણ્ય આત્મા કરે એ આત્મા. તો અહીં ભગવાન કહે છે, એ આત્મા જ નથી. સમજાય છે કાંઈ? આત્મા એને કહે છે, ભગવાન જ્ઞાનસૂર્ય અનાકુળ આનંદનું ધામ, એ પોતાના જ્ઞાન દ્વારા રાગથી ભિન્ન કરી ચૈતન્ય દ્વારા અનુભવ કરવા લાયક છે.

‘**વિચારીને ચૈતન્યનો-ચેતનમાત્રનો અનુભવ** કરો.’ તો આત્માની પ્રાપ્તિ થશે. તો સમ્યગ્દર્શન થશે. બીજા કોઈ કારણથી ઉપાયથી થશે નહિ. ‘**કેવું છે ચૈતન્ય?**’ ‘**समुचितं**’ એ જ ‘**અનુભવ કરવાયોગ્ય છે.**’ વચ્ચે રાગાદિ શુભ આદિ ભાવ આવે એ અનુભવ કરવા લાયક નથી. જુઓ! સમજાય છે કાંઈ? કષાયની મંદતાનો ભાવ, કલ્પનાનો વિકલ્પ ઉઠે છે દયા, દાનાદિ એ અનુભવ કરવા લાયક નથી. કેમ કે એ રાગ છે, મેલ છે. ચૈતન્ય ‘**सम-उचितं**’ ‘**समुचित्तं**’ એ જ્ઞાનાનંદ પ્રભુ એ જ અનુભવ કરવાને માટે લાયક છે. અનુભવ કરવાયોગ્ય જ એ વસ્તુ છે. રાગાદિ, પુણ્યાદિ, વ્યવહાર આદિ, વિકલ્પ કે શરીરાદિનો અનુભવ આત્માને થતો નથી. એ અનુભવ આત્માનો છે જ નહિ. કહો, ધરમચંદજી! શું કરવો ધર્મ ઈ કહે છે. આ કહે, રાગ ઘટાડો, આ ક્રિયા કરો, ક્રિયા કરો, આ કરો. અહીં કહે છે, એને અમે આત્મા જ નથી કહેતા. આહા..હા..!

અહીંયા તો ભગવાન આત્મા ચૈતન્યબિંબ ચૈતન્ય જાણન-દેખન શક્તિનો પિંડ પ્રભુ, એ જાણનશક્તિ દ્વારા આત્માનો અનુભવ કરો. એના દ્વારા જ સમ્યગ્દર્શન થશે, એના દ્વારા જ સમ્યક્ચારિત્ર થશે. બીજા દ્વારા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થશે નહિ. ‘**વળી કેવું છે?**’ ‘**अव्यापि न**’ ‘**अव्यापि न**’ શું ‘**अव्यापि न**’? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ છે એ ‘**अव्यापि न**’ એટલે ચૈતન્યથી રહિત કોઈ દી નથી. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના રાગથી તો રહિત થઈ શકે છે પણ ચૈતન્યથી રહિત થઈ શકતો નથી. ‘**જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી,...**’ કોણ? ચૈતન્ય. માથે કહ્યું ને? ‘**ચેતનમાત્ર**’. ચૈતન્યસ્વરૂપ જાણક જાણક સ્વભાવ. જાણકધામ ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ. એ જાણક સ્વભાવથી રહિત આત્મા ક્યારેય હોતા નથી.

‘**अतिव्यापि न**’ અને એ જાણક સ્વભાવ આત્મા સિવાય રાગ, પુણ્ય, દયા, દાન અને શરીરાદિમાં રહેતો નથી. સમજાય છે કાંઈ? ‘**अतिव्याप्ति न**’ ‘**જીવથી અન્ય છે જે પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે.**’ અહીંયા તો દ્રવ્ય કહ્યું પણ શુભ-અશુભભાવ જે છે એમાં પણ ચેતન વ્યાપ્ત નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રકાશનો પુંજ પ્રભુ એનો ચૈતન્ય દ્વારા, લક્ષણ દ્વારા અંતર આત્માની પ્રતીતિ કરો, અનુભવ કરો.

રાગથી ભેદજ્ઞાન કરો. કેમ કે એ ચૈતન્યસ્વભાવ આત્માનો અવ્યાપ્તિ નામ આત્મા સિવાય, આત્મા ચૈતન્ય સિવાય રહી શકતો નથી. અને ચૈતન્ય પરમાં ક્યારેય નથી. પોતાના સ્વભાવમાં ચૈતન્યનો અભાવ નહિ અને રાગાદિમાં ચૈતન્યનો સદ્‌ભાવ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ તે આત્મા. તો એ ચૈતન્ય સિવાય આત્મા રહેતો નથી અને ચૈતન્યપણું દયા, દાન, વ્રત, ભક્તિ રાગાદિ, શરીરાદિની ક્રિયામાં એ ચૈતન્યપણું હોતું નથી. આત્મા ચૈતન્યપણા વિના રહેતો નથી અને વ્યવહાર વિકલ્પ આદિ, શરીરાદિ ચૈતન્યપણા રહિત છે. એમાં ચૈતન્યપણું રહેતું નથી. સમજાય છે કાંઈ? તો કહે છે, **'પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે.'** વળી કેવો છે ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા? **'व्यक्तं'** **'પ્રગટ છે.'** વસ્તુ છે, વસ્તુ છે. ધામ. અનંત ગુણ. એવો પ્રગટ પદાર્થ છે, પદાર્થ છે, સત્‌ છે. મહાન પદાર્થ છે. એવા ચૈતન્ય પદાર્થથી મહાન પદાર્થ ભગવાન, એની અંતરમાં દૃષ્ટિ લગાવો અને એનો આશ્રય કરો તો આત્માને લાભ થાય. આત્માનો આત્માને લાભ થશે. એટલે કે આત્માને ધર્મનો લાભ થશે. બીજી રીતે ધર્મનો લાભ નથી.

**'व्यञ्जितजीवतत्त्वम्'** **'વળી કેવું છે? પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ જેણે,...'** કોણે? એ ચૈતન્યે. ભગવાન આત્મા ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જાણન-દેખન એણે જીવતત્ત્વને પ્રગટ કર્યું છે કે આ જીવ છે. જાણન-દેખને જીવતત્ત્વને પ્રગટ કર્યું છે. પુણ્ય-પાપ વિકલ્પથી આત્મા પ્રગટ કર્યો છે એમ નથી. ઓહો..હો..! **'व्यञ्जितजीवतत्त्वम्'** **'પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ જેણે,...'** ચૈતન્યમૂર્તિ જ્ઞાનથી આત્માનું તત્ત્વ પ્રગટ કર્યું છે. પુણ્ય-પાપ, વ્યવહાર વિકલ્પ આદિથી આત્મતત્ત્વ પ્રગટ થતું નથી. કેમ કે એમાં ચૈતન્યભાવ નથી. રાગાદિ વ્યવહાર, વિકલ્પ દયા, દાન, જેટલા વ્યવહાર રત્નત્રય કહેવાય એમાં એ ચૈતન્યભાવ નથી. તો એનાથી જીવતત્ત્વ પ્રગટ થતું નથી. એમ કહે છે. ધન્નાલાલજી! ભારે વાત. અહીં તો એકલો વ્યવહાર જ ધર્મ થઈ પડ્યો છે. વ્યવહાર પણ ક્યાં છે? નિશ્ચય વિના-આવા ભાન વિના વ્યવહાર કોને કહેવો? આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ રાગનો અંશ પોતામાં ભેળવવો નહિ અને જ્ઞાનનો અંશ રાગમાં નહિ ભેળવવો. પરનો અંશ તો જડમાં ગયો. અહીં તો રાગ આવે છે દયા, દાન, વ્રત, ભક્તિ, કષાયની મંદતા, એમાં ચૈતન્યની વ્યાપકતા નથી અને આત્મા ચૈતન્યની વ્યાપકતા રહિત નહિ.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એની અંતર દૃષ્ટિ કરવી. ન્યાં વ્યાપવું નહિ. રાગનું લક્ષ કરવાથી આત્માનું સમ્યગ્દર્શન થાય છે એમ ત્રણ કાળમાં કોઈ દી નથી. સમજાય છે કાંઈ?

**'વળી કેવું છે?'** **'अचलं'** **'પ્રદેશકંપથી રહિત છે.'** ભગવાન તો અકંપસ્વરૂપ છે.

શુદ્ધ જ્ઞાનઘન દેહ પ્રમાણે અરૂપી આનંદઘનનો પિંડ પ્રભુ કંપ રહિત છે. કંપ છે તે અજીવ છે. સ્વભાવ અકંપ છે તેને જીવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? **'ततः जगत् जीवस्य तत्त्वं अमूर्तत्वं उपास्य न पश्यति'** 'તે કારણથી...' 'ततः' એટલે તે કારણથી **'जगत्'** નામ **'સર્વ જીવરાશિ જીવના નિજ સ્વરૂપને...'** જીવના નિજ સ્વરૂપને **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી રહિતપણું માનીને અનુભવતો નથી;...'** શું કહે છે? ભગવાન આત્માનો, હું અમૂર્ત છું, હું અરૂપી છું, હું રંગ, ગંધ, રસ, સ્પર્શ રહિત છું. તેનાથી આત્માનો અનુભવ સમ્યગ્દર્શન નથી થતું. કેમ કે અમૂર્તપણું તો ધર્માસ્તિકાય આદિમાં પણ અમૂર્તપણું છે. એ અતિવ્યાપ્તિ દોષ થઈ ગયો. અમૂર્તપણું પરમાં વ્યાપે છે. પોતામાં પણ છે અને પરમાં પણ છે. માટે એ અમૂર્ત દ્વારા આત્માનો અનુભવ થતો નથી. આત્માનું સમ્યગ્દર્શન નથી થતું.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવી ગયું. **'अचलं' 'પ્રદેશકંપથી રહિત છે.'** અકંપ-કંપ રહિત છે. એકલો પિંડ છે. કંપ નાખ્યો અજીવમાં. પ્રદેશકંપન છે તે અજીવમાં (નાખ્યું). સ્થિર છે એનું નામ આત્મા છે. એ પહેલા કહ્યું.

**શ્રોતા :-** આગલામાં આવ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યું હતું, ઓલામાં આવ્યું હતું. અસંખ્ય પ્રદેશ છે એ સ્થિર છે, સ્થિર.

**શ્રોતા :-** આ કંપન જે થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. કંપ થાય છે એ જીવ નહિ. કંપ થાય છે એ અજીવમાં ગયો. પુદ્ગલમાં ગયો. સમજાય છે કાંઈ? જોગમાં કંપન છે એ પુદ્ગલમાં ગયો, આત્મામાં નથી. અકંપ અસંખ્ય પ્રદેશ સ્થિર શુદ્ધ છે એનું નામ જ આત્મા અને એનો અનુભવ કરવો તેનું નામ સમકિત છે. કંપ તો વિકાર પુદ્ગલ છે. જોગમાં કંપન છે એ તો પુદ્ગલના પરિણામ અહીંયા ગણવામાં આવ્યા છે. રાગના પણ પુદ્ગલના પરિણામ ગણવામાં આવ્યા છે. એ તો પહેલેથી કહ્યું ને? સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશ છે એ આત્મા પણ એમાં કંપન છે એ (આત્મા) નહિ. એ પુદ્ગલ છે. કેમ કે પુદ્ગલના સંયોગથી કંપન થાય છે તો એ પુદ્ગલનું કાર્ય છે. પોતાનો યોગ. કંપન. યોગ છે એ કંપન છે. કંપન છે એ અશુદ્ધ છે અને અશુદ્ધ છે એ આત્માના પરિણામ નહિ, આત્માની જાત નહિ. આહા..હા..!

**શ્રોતા :-** યોગથી રહિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** યોગથી રહિત છે. એ સ્વરૂપ આત્મા છે. યોગ સહિત હોય તો યોગ કદી છૂટે નહિ. સદા કંપ રહે. સમજાય છે કાંઈ?

**'સર્વ જીવરાશિ જીવના નિજ સ્વરૂપને...'** મૂર્તપણાથી રહિતપણાથી અનુભવ ન કરી

શકે. કારણ કે આત્મા અમૂર્ત છે. અમૂર્ત છે અને બીજા પણ અમૂર્ત છે. તો અતિવ્યાપ્તિ દોષ થઈ ગયો. **'ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જીવ અમૂર્ત એમ જાણીને અનુભવ કરવામાં આવે છે...'** આત્મા અરૂપી છે, અરૂપી છે એમ (કરવાથી) અનુભવ નહિ થાય. કેમ કે અરૂપીપણું તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશમાં પણ છે. તો અતિવ્યાપ્તિ દોષ થયો. ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરવાથી ચૈતન્યમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ દોષ રહિત એ ચૈતન્યલક્ષણ છે. **'પણ એ રીતે તો અનુભવ નથી. જીવ અમૂર્ત તો છે પરંતુ અનુભવકાળમાં એમ અનુભવે છે કે જીવ ચૈતન્યલક્ષણ...'** જુઓ! અમૂર્ત છે. જ્ઞાન જાણન જાણનાર જાણનાર જાણનાર એ આત્મા. એવા લક્ષણથી લક્ષિત આત્માની પ્રતીત, અનુભવ શ્રદ્ધામાં થાય છે. ચૈતન્ય લક્ષણ વિના અનુભવ, પ્રતીતમાં આત્મા આવતો નથી. સમજાય છે કાંઈ?

**'यतः अजीवः द्वेधा अस्ति' 'કારણ કે અચેતનદ્રવ્ય બે પ્રકારનાં છે.'** અચેતન દ્રવ્ય છે ને? આત્મા સિવાય અચેતન પાંચ છે એ બે પ્રકારના છે. **'તે બે પ્રકાર ક્યા છે?'** એક વર્ણાદિ સહિત, એક વર્ણાદિ રહિત. **'વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી સંયુક્ત છે.'** એ તો પુદ્‌ગલદ્રવ્ય છે. અને વર્ણ, રસ આદિથી રહિત પણ છે. કેમ કે ધર્મ, અધર્મ દ્રવ્ય, કાળ, આકાશ એ બીજા ચાર દ્રવ્યો પણ છે. એ તો અમૂર્ત છે. **'તે અમૂર્તપણું અચેતનદ્રવ્યોને પણ છે; તેથી અમૂર્તપણું જાણીને જીવનો અનુભવ નથી કરાતો,...'** ભગવાન આત્મા અરૂપી છે એમ કરીને અનુભવ નથી થતો. સમજાય છે કાંઈ? જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ દોષ. **'ચેતન જાણીને જીવનો અનુભવ કરાય છે.'** એ તો જાણક જાણક ચૈતન્ય. એનું ત્રિકાળમાં વ્યાપકપણું રહે એવા જાણક સ્વભાવથી આત્માનો અનુભવ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જ્ઞાનથી અનુભવ કરવાથી થાય છે. સમજાય છે કાંઈ?

---

(વસંતતિલકા)

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।११-४३।।

**ખંડાન્વય સહિત અર્થ :—''ज्ञानी जनः लक्षणतः जीवात् अजीवम् विभिन्नं इति स्वयं अनुभवति''** (ज्ञानी जनः) સમ્યગ્દ્રષ્ટિ જીવ, (लक्षणतः) જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે તેથી (जीवात्) જીવદ્રવ્યથી (अजीवम्) અજીવદ્રવ્ય-પુદ્‌ગલ આદિ (विभिन्नं) સહજ જ ભિન્ન છે, (इति) આ

પ્રકારે (स्वयं) સ્વાનુભવપ્રત્યક્ષપણે (अनुभवति) આસ્વાદ કરે છે. કેવું છે જીવદ્રવ્ય? ''उल्लसन्तम्'' પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે. ''तत् तु अज्ञानिनः अयं मोहः कथम् अहो नानटीति बत'' (तत् तु) આમ છે તો પછી (अज्ञानिनः) મિથ્યાદષ્ટિ જીવને (अयं) જે પ્રગટ છે એવો (मोहः) જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર (कथम् नानटीति) કેમ પ્રવર્તી રહ્યો છે (बत अहो) એ આશ્ચર્ય છે! ભાવાર્થ આમ છે કે સહજ જ જીવ-અજીવ ભિન્ન છે એવું અનુભવતાં તો બરાબર છે, સત્ય છે; મિથ્યાદષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે. કેવો છે મોહ? ''निरवधिप्रविजृम्भितः'' (निरवधि) અનાદિ કાળથી (प्रविजृम्भितः) સંતાનરૂપે પ્રસરી રહ્યો છે. ૧૧-૪૩.

## કલશ-૪૩ ઉપર પ્રવચન

૧૧ શ્લોક. બહુ સાધારણ હતો એટલે એકદમ લઈ લીધો.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।११-४३।।

૧૧મો શ્લોક. આ અજીવ (અધિકારમાં) ૧૩ શ્લોક છે. જીવમાં ૩૨ છે. કુલ ૪૫. પછી કર્તાકર્મ આવશે.

**ખંડાન્વય સહિત અર્થ :—'ज्ञानी जनः' 'સમ્યગ્દષ્ટિ જીવ,...'** જુઓ! ધર્મીજીવ-ધર્મ કરવાવાળો જીવ. જ્ઞાની નામ સમ્યગ્દષ્ટિ જીવ. **'(लक्षणतः)' 'જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું** લક્ષણ જડ...' જુઓ! **'એવો મોટો ભેદ છે...'** સવારે પ્રશ્ન થયો હતો. વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો પ્રશ્ન કોનો હતો? અહીં જડ લીધું છે. સમજાય છે કાંઈ? સાથે કોણ હતું? રસ્તામાં નહિ..? વર્ણ, ગંધ, રસ એ પેટા ભેદ છે. ખરું લક્ષણ જડનું અચેતન અથવા જડ છે. **'તેથી જીવદ્રવ્યથી અજીવદ્રવ્ય-પુદ્‌ગલ આદિ સહજ જ ભિન્ન છે,...'** ભગવાન આત્માથી પુણ્ય-પાપના વિકલ્પ-રાગ, શરીર, કર્મ સહજ જ ભિન્ન છે. આત્માની સાથે એનો સંબંધ નથી.

**'આ પ્રકારે સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.'** ધર્મી સમ્યગ્દષ્ટિ જીવ પહેલા દરજ્જાનો ચોથા ગુણસ્થાનવાળો ધર્મી, પ્રથમ દરજ્જાનો, હું જ્ઞાનાનંદ છું એમ આત્માના આનંદનો સ્વાદ અનુભવે છે. તેને સમ્યગ્દષ્ટિ અને ભેદજ્ઞાની કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

શું કહે છે? 'આ પ્રકારે...' '(स्वयं)' 'स्वानुभवप्रत्यक्षपणे...' જુઓ! 'स्वयं' સ્વાનુભપ્રત્યક્ષ. રાગનું અવલંબન, વિકલ્પનું, મનનું અવલંબન બિલકુલ નહિ. જ્યાં પ્રથમ સમ્યગ્દૃષ્ટિ ધર્મદૃષ્ટિ જ્યાં આત્માની થઈ ત્યાં પહેલા દરજ્જામાં સ્વાનુભપ્રત્યક્ષ (પણે આત્માને અનુભવે છે). જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એનું રાગનું અવલંબન છૂટી ગયું, બુદ્ધિપૂર્વક મનનું લક્ષ છૂટી ગયું. ચૈતન્ય ભગવાન આત્મા, એ પણ ચેતન આત્મા એટલો પણ ભેદ છે, એ ભેદ પણ છૂટી ગયો. ચૈતન્ય તે જ અખંડ આત્મા, તેના લક્ષણથી લક્ષ કરીને પ્રત્યક્ષ અનુભવે છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો. આત્મામાં અનાદિથી પુણ્ય અને પાપ અશુદ્ધ કર્મચેતનાનો સ્વાદ આવે છે એ અજ્ઞાન છે. શું કહ્યું? અનાદિથી શુભરાગ અને અશુભઉપયોગ કે શુભઉપયોગ, એનો જે સ્વાદ છે તે મલિન છે, અજ્ઞાન છે. તેના સ્વાદનો અનુભવ કરવો એ મિથ્યાદૃષ્ટિનો અજ્ઞાન સ્વાદ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અનાદિથી પોતાનો શુદ્ધ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એના અતીન્દ્રય આનંદ સ્વરૂપ એના જ્ઞાનનો અનુભવ કરવાથી અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. બહુ ઝીણું. પદ્મરાજજી! અનંતરાજજી! આ તો અનંત આત્માની વાત ચાલે છે. ભગવાન આત્મા...

**શ્રોતા** :- ચેતન રાજા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચેતન રાજા. અનંત ચેતનરાજ પ્રભુ. જેમાં અનાદિ કાળથી પોતાના ચૈતન્યસ્વભાવથી લક્ષિત થઈને અનુભવ કરવો એ અનાદિથી ભૂલી ગયો છે. અનાદિથી રાગની તીવ્રતા, મંદતા, રાગની તીવ્રતા, મંદતા, અવ્રત પરિણામ તીવ્ર રાગ, વ્રત વિકલ્પ સમ્યગ્દર્શન વિનાના મંદ રાગ, એ તીવ્ર-મંદ રાગનો અનુભવ એ જ સંસાર, એ જ મિથ્યાત્વ, એ જ દુઃખ (છે). સમજાય છે કાંઈ? કર્મ અને કર્મફળચેતનાનો એકાંત અનુભવ એ જ મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ એનાથી વિરુદ્ધ ભાવ શુભ અને અશુભઉપયોગ, તેનો અનુભવ એ કર્મચેતના, કર્મફળચેતના-વિકારનો અનુભવ છે. એ અનાદિથી નરકથી, નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક જૈન સાધુ નામ ધરાવીને, દિગંબર થઈને અઠ્યાવીસ મૂળગુણ જે પાળ્યા એ પણ કર્મચેતનાનો દુઃખરૂપ ભાવ છે.

ભગવાન આત્મામાં તો રાગ જ નથી ને. તો રાગનો અનુભવ છે તો અશુદ્ધ અને મિથ્યાદૃષ્ટિ છે. એકલા રાગનો સ્વાદ આવવો, એકલા શુભાશુભ રાગનો અનુભવ કરવો એ તો મિથ્યાદૃષ્ટિમાં છે. એ અનાદિથી કરતો આવ્યો છે. જૈન સાધુ નામ ધરાવીને "મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો" ઈ આવે છે ને? ભાઈ! છ ઢાળામાં આવે છે. "આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો". ઈ વાત ચાલે છે. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, રાગ મંદ પરિણામ એ કર્મચેતના છે. કર્મચેતના દુઃખરૂપ છે. એ દુઃખનો અનુભવ મિથ્યાદૃષ્ટિપણામાં થાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અંતર જ્ઞાનાનંદમાં એકાકાર થઈને જે સ્વ અનુભવ સ્વયં '**સ્વાનુભવપ્રત્યક્ષપણે...**' '**(अनुभवति)**' '**આસ્વાદ કરે છે.**' અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. એનું નામ આત્મા કહે છે. શુભભાવ એ અનાત્મા છે, દુઃખરૂપ છે. એનો અનુભવ એ અનાત્માનો અનુભવ છે, આત્માનો અનુભવ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી વાત છે, ભાઈ! અત્યારે ચાલતી નથી. અત્યારે તો આ બહારથી આ ન ખાવું, આ ન પીવું, આવા જોડા ન પહેરવા, આમ ખાવું ને ઊના પાણી પીવા. ભગવાન! પ્રભુ! કર્મચેતના. લ્યો, ભાઈ કહે છે. પદ્મરાજજી કહે છે, કર્મચેતના. શુભરાગ છે. પણ પ્રભુ! એ શુભરાગ છે એ આત્માની જાત નહિ. અહીંયા તો એને અજીવ કહેવામાં આવ્યું છે. અને એ અજીવનો અનુભવ, જીવના અનુભવ રહિત એનો અનુભવ કરે છે તો મિથ્યાદષ્ટિપણું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રાડ પાડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાડ પાડી જાય? રાડ નહિ, ભગવાન! બાપા! તારી જાત એવી છે, પ્રભુ! તને આત્મા શું છે એની ખબર નથી. એ આત્મા રાગનો અનુભવ કરે એ આત્મા? એ તો અનાદિથી અનુભવ કરે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જઈ આવ્યો છે. શુભાશુભ ઉપયોગનો અનુભવ કરીને અનાદિથી કર્મફળચેતનાનો, કર્મફળ નામ કર્મ જડ નહિ, વિકારના પરિણામ એને અનુભવવા એ જ કર્મફળચેતના. સમજાય છે કાંઈ? એ આત્માનો અનુભવ નહિ. અને એને આત્મા માનવો એ મિથ્યાદષ્ટિ અનાત્માને આત્મા માને છે. બહુ ભાઈ! ગડબડ. ગડબડ એવી થઈ ગઈ છે ધર્મને નામે કે છે અધર્મ અને માને છે ધર્મ. છે અનાત્મા અને માને છે આત્મા.

અહીં કહે છે ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો સનાતન કેવળજ્ઞાની પરમાત્મા અનાદિથી ચાલ્યા આવ્યા છે અને અનાદિથી ભાવલિંગી મુનિપણું પણ ચાલ્યું આવે છે. એ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય અહીંયા કળશમાં કહે છે, ભગવાન! સ્વયં '**સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.**' એનું નામ આત્મા કહે છે. પુણ્ય-પાપના સ્વાદને છોડીને આત્માના આનંદનો સ્વાદ કરે એને આત્મા કહે છે. એ પુણ્ય-પાપ તો અનાત્મા છે તેનાથી ભિન્ન પડીને આત્માના આનંદનો સ્વાદ લે એને આત્મા કહે છે. ભગવાન એને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? કોઈએ તો કોઈ દી સાંભળ્યું પણ ન હોય. આ શું? વ્રત પાળવા, દયા કરવી, રાગ કરવો, પૂજા કરવી, ભગવાનની પૂજા (કરો). માથે ભગવાનને નાખો દહીં ને દૂધ ચડાવવું.

**શ્રોતા** :- પીવો ભગવાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પીવો ભગવાન. અરે..! ભગવાન! દહીં ને દૂધ. નીચે કીડીઓ કેટલી મરે, કેટલા.. આ વીતરાગ માર્ગ છે, બાપા! વીતરાગ માર્ગમાં એવું હોય નહિ. જેમાં

હિંસા થાય. ભગવાનના અભિષેકમાં તો જળ હોય. એક સાફ કરવા માટે. સમજ્યા? આ તો ભગવાનને નામે આમ (કરે). જુવાન બ્રહ્મચારી એક જોયો હતો અમે. આમ કરતો હતો. આમ શ્લોક બોલે. મેં કીધું, આ બિચારાને કંઈ ખબરેય નથી. વીતરાગમૂર્તિ પરમાત્મા એ તો શુભભાવમાં નિમિત્ત છે. શુભભાવ થાય છે ત્યારે નિમિત્ત છે. પણ એમાં ચડાવીને. નીચે કીડીઓ, કંથવા, જીવાત, ત્રસ (મરે). આ તે કંઈ વીતરાગમાર્ગ આવો હોય? ભાઈ!

**શ્રોતા** :- પહેલેથી ચાલ્યું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ જ ચાલ્યું આવે છે. લાકડાની હતી ને? પહેલા કાષ્ટની મૂર્તિ હતી. એમાંથી એ લાકડી ન ફરી જાય એમ પછી ચાલ્યું આવ્યું. કોઈ વિચાર કરતા નથી. જો પકડ્યું એને છોડતા નથી. અભિપ્રાય જેણે પકડ્યો, જન્મ લીધો (એ છોડે નહિ). નહિ, અમારો માર્ગ છે. તકરાર કરો. ભગવાન! તકરાર ન હોય, બાપુ!

**શ્રોતા** :- છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ પણ સ્નાન કરતા નથી અને આ તો ભગવાનને દૂધ નાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દૂધ નાખે, દહીં નાખે છે, સાકર નાખે. અરે..! ભગવાન!

અહીંયા તો કહે છે, પ્રભુ! એમાં જે શુભરાગ થયો એ શુભરાગનો અનુભવ એ મિથ્યાદૃષ્ટિ કરે છે. આહા..હા..! અરે..! પ્રભુ! તારી દૃષ્ટિ આત્મા શું છે એની ખબર નથી. આ તો વીતરાગ માર્ગ, પ્રભુ સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ. એ કોઈ આલીદુઆલી... આલીદુઆલીને શું કહે છે તમારે? સાધારણ જનતાની આ વાત નથી. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર (એનો આ માર્ગ છે). જેમાં આવી ત્રસની હિંસા થાય એવા પરિણામ ન હોય. અહીંયા તો એકેન્દ્રિયનો જળ અભિષેક કરે એમાં શુભ પરિણામની વિશેષતા હોય તો પુણ્ય છે. શુભભાવ છે. અશુભથી બચવા માટે. પણ એકલા શુભભાવનો અનુભવ કરવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો '**સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.**' એનું નામ સમ્યગ્દૃષ્ટિ જીવ છે. છે? પુસ્તક છે? રાખો ને એક પુસ્તક. પુસ્તક આપો, ભાઈ! એ શબ્દનો અર્થ (સમજવામાં) ઠીક પડે. શબ્દાર્થ છે ને. જરી શબ્દને જોઈ લેવું પછી સાંભળવું. સ્વયં. આ તો શબ્દનો એ જ અર્થ પડ્યો છે એ કરે છે. કોનો અર્થ ચાલે છે ખ્યાલમાં આવે ને. '**કેવું છે જીવદ્રવ્ય? પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે.**' જુઓ! શું કહે છે જરી? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ જ્યારે રાગ અને પુણ્યથી ભિન્ન પડીને પોતાના ગુણની પર્યાય નિર્મળ પ્રગટ થાય એવા ગુણ અને નિર્મળ પર્યાય સહિતને આત્મા કહે છે.

ફરીથી. '**કેવું છે જીવદ્રવ્ય?**' '**उल्लसन्तम्**'. ભગવાન જ્ઞાન, આનંદનો પિંડ પ્રભુ એની અંતરમાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને પોતાના આનંદકંદમાં એકાગ્ર થાય છે ત્યારે પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે. ભગવાન તો પોતાની શક્તિ જે જ્ઞાન, આનંદ તેની પર્યાયથી

પ્રગટ પર્યાય પ્રકાશમાન છે. રાગની પર્યાયથી પ્રકાશમાન છે એવો આત્મા નથી. આહા..!

ફરીથી. કેવો છે પ્રભુ? જીવસ્વરૂપ જ્ઞાનાનંદ ધ્રુવ અનાકુળ આનંદરસ કંદ ચૈતન્યલક્ષણથી લક્ષિત એવો વિવેક કરવાવાળો જીવ રાગ અને પુણ્યથી ભિન્ન થઈને પોતાનો અનુભવ કરવાવાળો જીવ **'उल्लसन्तम्'** ચૈતન્યમાં જે અનંત ગુણ છે એ નિર્મળ પર્યાયપણે ઉલ્લસે છે, પ્રગટ થાય છે. નિર્મળ પર્યાયપણે પ્રગટ થાય છે તેને આત્મા કહે છે. રાગપણે, વ્યવહારપણે ઉત્પન્ન થાય છે તેને આત્મા કહેતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! પુસ્તક છે કે નહિ? જુઓ! **'उल्लसन्तम्'** ભગવાન આત્મા, જેની ખાણમાં. ખાણ કહે છે ને? નિધિ. અનંત આનંદ અને બેહદ અનંત જ્ઞાન પડ્યા છે. ધ્રુવ. બેહદ સ્વભાવ છે એની મર્યાદા શું? સ્વભાવ છે જ્ઞાન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર. સ્વભાવ, હોં! સ્વભાવ. શાંતિ, આનંદ અને જ્ઞાન એવા અનંત વીર્ય આદિ શુદ્ધ ધ્રુવ સ્વભાવ પડ્યા છે, એવો રાગ પુણ્ય-પાપ વિકલ્પથી રહિત અંતર દૃષ્ટિનો અનુભવ કરવાથી ગુણ જે શાંતિ અંદર પડી છે એ પર્યાયપણે ઉલ્લસિત થાય છે. નિર્મળ નિર્વિકારી અવસ્થા ઉત્પન્ન થાય છે એનું નામ આત્મા કહે છે. અહીંયા તો સંવર, નિર્જરા જે ઉત્પન્ન થાય એ જ આત્મા છે. જેમાં રાગ ઉત્પન્ન થાય એ આત્મા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? રીતની ખબર નહિ, પ્રકારની ખબર નહિ. સમજાણું કે નહિ?

અમે શીરાનો દૃષ્ટાંત આપીએ છીએ. શીરો નથી બનાવતા? શીરો. હલવા.. હલવા. શીરો કહે છે ને. પહેલા ઘીમાં લોટ શેકે. ઘીમાં લોટ શેકે ને? પછી ગોળ અને સાકરનું પાણી નાખે. કોઈ એવી ડાઈ દીકરી નીકળે કે આ તો લોટ ઘી પી જાય છે. ગોળનું પાણી અને સાકરનું પાણી એમાં પછી નાખવું છે તો પહેલા ગોળના પાણીમાં લોટને શેકી નાખો. પછી નાખો ઘી.

**શ્રોતા** :- ન બને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન બને? શીરો તો નહિ થાય, લુપરી પણ નહિ થાય. લુપરી સમજ્યા? લુપરી, લુપરી. પોટિસ.. પોટિસ. પોટિસ પણ નહિ થાય. કેમ કે પોટિસમાં તો ઘી જાતુંવળતું.. અમારી ભાષામાં છે. તમારી હિન્દીમાં કંઈક હશે. ઉપરછલ્લું. ઘી નાખે તો થોડું રહે, બહુ રહે નહિ અને ઘી વિના પણ રહે નહિ. એને ઉપરછલ્લું જાતુંવળતું કહે છે. બૈરાઓ એવી વાતું કરે કાઠિયાવાડમાં. જાતુંવળતું ઘી નાખવું. તદ્દન રહેવું ન જોઈએ અને તદ્દન અભાવ પણ ન હોય એવું ઘી (નાખવું). અહીં તો ગોળના પાણીમાં લોટને શેકીને ગોળનું પાણી નાખે તો પોટિસ પણ નહિ થાય. તારો લોટ, ગોળ અને ઘી ત્રણે ખતમ થઈ જશે. સમજાય છે કાંઈ?

એમ આત્મા શું છે? સમ્યગ્દર્શનમાં આત્માને શેક્યા વિના પાક્કો અનુભવ, નક્કી કર્યા વિના તારી ક્રિયાકાંડ (કોઈ કામના નથી). પહેલા ક્રિયાકાંડ કરી લ્યો. વ્રત લઈ લ્યો, વ્રત લઈ લ્યો. એ તો ગોળમાં લોટને શેકવા જેવી વાત છે. અનંતરાજજી! શિરો નહિ થાય,

લુપરી પણ નહિ થાય, પોટિસ પણ નહિ થાય. ભાન નથી કે હું આત્મા કોણ છું? રાગ પુણ્યની ક્રિયાથી પણ મારી ચીજ રહિત છે. દેહની ક્રિયાથી તો તદ્દન ભિન્ન જ છે. એમ સમ્યગ્દર્શનમાં રાગથી ભિન્ન થઈને આત્માને પાક્કો કર્યા વિના, લોટને શેકે છે ને? શેકે ને શું કહે છે? ઘીમાં. એમ સમ્યગ્દર્શનમાં આત્મા રાગથી ભિન્ન નક્કી કર્યા વિના, અનુભવ કર્યા વિના વ્રત ને નિયમ ને બ્રહ્મચર્ય ને ત્યાગ ને આ લે છે, પેલું લે છે, એ બધું ગોળના પાણીમાં લોટ શેકવા જેવું છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** અજ્ઞાની માને છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને છે ને અજ્ઞાની, ઈ તો વાત ચાલે છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એ શુભ-અશુભ રાગથી રહિત પ્રભુ, એ આસ્રવ છે. શુભાશુભ પરિણામ એ તો આસ્રવ છે. શરીરાદિ અજીવ છે. ભગવાન જ્ઞાયક છે. એ ચિદાનંદ સ્વરૂપનો સ્વયં અંતરમાં દૃષ્ટિ કરીને જ્ઞાન ઉલ્લસે, જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ, શ્રદ્ધાની પર્યાય નિર્મળ થઈ, શાંતિ-ચારિત્રની પર્યાય નિર્મળ થઈ, આનંદની પર્યાય નિર્મળ પ્રગટ થઈ. એમ '**उल्लसन्तम्**' '**પોતાના ગુણ-પર્યાયથી...**' પોતાના ગુણ-પર્યાય ઈ. રાગાદિ વિકલ્પ એ પોતાના ગુણ-પર્યાય નહિ. સમજાય છે કાંઈ? એ વ્રતાદિના પરિણામ એ પોતાના ગુણ-પર્યાય નહિ. આરે..! સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન ચૈતન્યપ્રભુ વસ્તુમાં અનંત શાંતિ અને આનંદ ધ્રુવ પડ્યા છે. એ રાગથી વિવેક નામ ભેદજ્ઞાન કરીને પોતાના જ આત્મામાં દૃષ્ટિ લગાવીને પોતાના આનંદનું વેદન કરવું, એનાથી '**उल्लसन्तम्**' અનંત ગુણ એક સમયની પર્યાયમાં '**उल्लसन्तम्**' નામ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એને આત્મા કહે છે. જેમાં સંવર, નિર્જરા શુદ્ધ પર્યાય આત્મામાંથી ઉત્પન્ન થાય એને આત્મા કહે છે. પુણ્ય-પાપ ઉત્પન્ન થાય એને આત્મા કહેતા નથી. આહા..હા..! એ તો આસ્રવ, બંધ છે. સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે.

'**तत् तु अज्ञानिनः अयं मोहः कथम् अहो नानटीति बत**' '**આમ છે તો મિથ્યાદૃષ્ટિ જીવને...**' અરે..! અજ્ઞાની જીવને આ પુણ્ય-પાપ કેમ નાચે છે? '**એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યો છે...**' શું કહે છે? ભગવાન આત્મા રાગ અને પુણ્યના વિકલ્પ નામ વૃત્તિથી ભિન્ન પ્રભુ એવી દૃષ્ટિ, અનુભવ કરવાથી પોતાની નિર્મળ શક્તિ જે વ્યક્ત શક્તિ પડી છે ધ્રુવ, એની પ્રગટ અવસ્થામાં આનંદના સ્વાદ આદિ પર્યાય પ્રગટ થાય છે. અરે.. અજ્ઞાની! આ રાગનો અનુભવ કેમ કરે છે? અને આવા મોહમાં કેમ પડ્યા છે? પોતાના સ્વભાવ સન્મુખ કેમ નથી થતા? એમ આચાર્ય મહારાજને આશ્ચર્ય પ્રગટ કર્યું છે. આશ્ચર્ય પ્રગટ કર્યું છે. આહા..હા..!

કહે છે કે, અરે..! '**મિથ્યાદૃષ્ટિ જીવને જે પ્રગટ છે એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર...**' એ પુણ્યનો જે વિકલ્પ છે, પંચ મહાવ્રતનો કે દયા, દાનનો અને

આત્મ સ્વભાવ, બેને એકત્વ માનીને વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યા છે? અરે..! અજ્ઞાની આવો આત્મા અનાત્મામાં કેમ પ્રવર્તી રહ્યો છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! તારામાં તો અનંત શાંતિ અને આનંદ છે. રાગથી પૃથક્ થઈને તારા આત્માનો અનુભવ કરવો એ જ આત્મા છે. એવું છોડીને આ રાગાદિ, પુણ્ય આદિ વિકલ્પ રાગ, એની સાથે એકત્વબુદ્ધિ કરીને તું કેમ પ્રવર્તી રહ્યો છે? કેમ પ્રવર્તી રહ્યો છે? એ તો અનાત્મા છે. એમાં આત્મા નથી. આહા..હા..! ..ભાઈ! સમજાણું આમાં? એટલે એમાં સમજાય છે? એ અમારી કાઠિયાવાડી ગુજરાતી ભાષા છે ને.

આચાર્ય કહે છે, '**बत**' આશ્ચર્ય છે, આશ્ચર્ય છે. અરે..! ભગવાન! તારું શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પડ્યો છે ને. અનંત અનંત શાંતિ અને આનંદનો રસ આત્મા પડ્યો છે. એને આત્મા કહે છે. પુણ્ય-પાપના ભાવને આત્મા કહે છે? એ તો આસ્રવતત્ત્વ છે. શરીરની ક્રિયા આત્મા કરે છે? એ તો જડની ક્રિયા છે. પૂજા કરી, આમ કર્યું, આ શરીરથી આમ કર્યું. મૂઢ છો. શેનો તેં આશ્રય કર્યો? આ તો જડની પર્યાય છે. સ્વાહા, સ્વાહા કરે છે કે નહિ? આ પૂજામાં નથી કરતા? સ્વાહા, સ્વાહા. આ જડની ક્રિયા એ મારી અને એમાં રાગ આવ્યો એ મારો. તારો આત્મા એમાં સ્વાહા થઈ ગયો. ધન્નાલાલજી! આ ઈ કહે છે. શું કર્યું તેં? આખો આત્મા રાગમાં અને જડની ક્રિયામાં સ્વાહા કરી નાખ્યો.

**શ્રોતા** :- ભેળવી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભેળવી દીધો. ઈ કહે છે. આહા..હા..! પ્રભુ! એ રાગ પણ આસ્રવ છે. દેહની ક્રિયા અજીવ છે, એનાથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરવાથી આત્મા ઉલ્લસિત થાય છે. એમાં આત્મા શાંતિ.. શાંતિ.. ચારિત્ર, આનંદ સમ્યગ્દર્શન આદિ પર્યાયથી ઉત્પન્ન થાય છે. રાગથી અને પરના લક્ષે કોઈ આત્માની પર્યાય ઉત્પન્ન નથી થતી. એ તો અનાત્મા રાગની પર્યાય ઉત્પન્ન થઈ. અને એમાં તેં માન્યું કે મેં ધર્મ કર્યો. મોટી મિથ્યાત્વની પર્યાય તેં ઉત્પન્ન કરી. અનંતરાજજી! સાંભળવી કઠણ પડે એવી વાત છે. કેટલાક એમ કહે છે ને, સોનગઢમાં વ્યવહારનો લોપ કરે છે. અરે..! સાંભળ તો ખરો. વ્યવહારના કાળે વ્યવહાર હોય છે. હોય છે. તો આ મંદિર-બંદિર શું છે? ભક્તિ નથી થતી?

હમણા રાજકોટમાં હતા ને. સવા લાખનો તો માનસ્તંભ બનાવ્યો. બે લાખનું સમવસરણ બનાવ્યું. હજી પૂરું નથી થયું. બનશે તો... ઘણું બાકી છે ને. બને છે, એ તો જડની ક્રિયા છે, અજીવની. શું આત્મા કરી શકે છે? એમાં ભક્તિભાવનો શુભભાવ આવે છે, હોય છે. પણ એકલા શુભભાવનો અનુભવ કરવો, કહે છે, ભગવાન આત્માનો તેં તિરસ્કાર કર્યો છે. (એ તો) વ્યવહાર પણ નથી. ભક્તિ નથી થાતી? કેટલા કરોડો રૂપિયા, ત્રીસ વર્ષથી અહીંયા લોકો કરોડો રૂપિયા ખર્ચે છે. બહારમાં શુભભાવ પણ કરે છે. નથી કરતા? બે વખત તો અહીંયા ક્લાસ ચાલે છે. અત્યારે ચાલે છે, શ્રાવણ માસમાં ચાલે છે, ઘણા ચાલે છે. એ

ભાવ શુભ હોય. સમજ્યા? બહારની ક્રિયા ક્રિયાથી હો. પણ એને એકાંત માનવું કે આ પણ ધર્મ છે. તો કહે છે કે આશ્ચર્ય છે કે તું રાગને આત્મા માને છે. એ આશ્ચર્ય થાય છે. ભગવાન પિંડ ચિદાનંદ પડ્યો છે, ચૈતન્ય જ્યોત અનંત ગુણની રાશિ પડી છે, એને છોડીને કૃત્રિમ રાગ અને કૃત્રિમ બાહ્યની ક્રિયામાં એકત્વબુદ્ધિ કરે છે! આશ્ચર્ય થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'बत'** **'ભાવાર્થ આમ છે કે સહજ જ જીવ-અજીવ ભિન્ન છે...'** જુઓ! સ્વાભાવિક જ જીવ અને અજીવ ભિન્ન છે. રાગાદિ અજીવ અને શરીરાદિ અજીવની ક્રિયા સહજ જ ભિન્ન છે. સ્વભાવિક ભિન્ન છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય પિંડ છે. **'એવું અુભવતાં તો બરાબર છે,...'** શું કહે છે? ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ અને અશુદ્ધ રાગાદિ અને જડ આદિ ક્રિયા ભિન્ન, એમ ભિન્ન અનુભવ કરતાં તો બરાબર છે. એ સત્ય પણ છે. **'મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે તો આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે.'** મિથ્યાદૃષ્ટિ એક કરીને અનુભવ કરે છે તો એવો અનુભવ કઈ રીતે આવે છે? આવો કેવો તું અનુભવ કરે છે? એકલો શુભભાવનો અનુભવ કરે છે, શું છે? ભગવાન આખો અંદર ચિદાનંદ પ્રભુ પડ્યો છે એની તો તને ખબર નથી. આહા..હા..! પરમાત્મ તત્ત્વ બિરાજે છે, સહજાનંદ પ્રભુ પરમ સ્વરૂપે અખંડાનંદ કારણપ્રભુ, કારણજીવ ધ્રુવ આ આખો પડ્યો છે અને એકલા રાગનો અનુભવ કરે છે, બહુ આશ્ચર્ય થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! મોટો પ્રભુ પડ્યો છે એની સામે તો જોતો નથી અને રાગ ને વિકલ્પ સામે જોઈને અનુભવ કરે છે એ મોટો અચંબો છે તારો તો, અચંબો છે, એમ કહે છે. પોપટભાઈ!

મુમુક્ષુ :- છે ઉપડ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઉપડ છે ઉપડ. અંદરમાંથી ખસ એ તારી ચીજ છે. રાગમાંથી ખસી જા. હો ભલે, રાગ હોય છે. રાગ હોય છે. શું વીતરાગ છે કે રાગ ન થાય? સમજાય છે કાંઈ? પણ રાગથી ખસીને ભગવાન અખંડાનંદ પ્રભુ ચૈતન્ય ધ્રુવ ધાતુ પરમાત્મસ્વરૂપ કારણપરમાત્મા નિજ સ્વરૂપ છે, એનો અનુભવ કરવો એ જ ધર્મ અને આત્મા છે. એને છોડીને એકલા રાગનો અનુભવ કરવો એ મોટો અચંબો છે. આ ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાય છે કાંઈ? મોટો અચંબો છે. આહા..હા..!

**'કેવો છે મોહ?'** **'निरवधिप्रविजृम्भितः'** **'निअवधि'** **'निअवधि'** છે ને? અવધિ રહિત. એટલે **'અનાદિ કાળથી...'** **'निअवधि'** 'ર'નો વિસર્ગ છે ને. **'અનાદિ કાળથી...'** **'प्रविजृम्भितः'** **'સંતાનરૂપે પ્રસરી રહ્યો છે.'** શું? અરે..! ભગવાન! તારી ચીજ પૂર્ણાનંદ શુદ્ધને છોડીને આ રાગ ને પુણ્યના વિકલ્પની એકત્વબુદ્ધિના સંસ્કાર અનાદિથી ચાલ્યા આવે છે. કોઈ દી સંતાન તોડી નથી. અનાદિથી નિગોદમાં પણ શુભભાવ તો થાય છે. શું? શુભભાવ

થાય છે. થાય છે, નથી થતા? ન્યાંથી થયા વિના મનુષ્ય આદિ કેવી રીતે થાય? નિગોદમાંથી નીકળીને...

**શ્રોતા** :- ખબર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લ્યો, ખબર નથી. તો તમે અધ્યાપક કેવા છો? શું છે? છે શુભભાવ. શુભભાવ થાય છે અને મનુષ્ય ન હોય તો પણ શુભ નિરંતર થાય છે. અશુભ-શુભ, અશુભ-શુભ, અશુભ-શુભ નિગોદમાં થયા જ કરે છે. એકલો અશુભ છે જ નહિ. શુભ અને અશુભ એવા પરિણામ નિગોદ, નિત્યનિગોદમાં પણ થાય છે. અને જ્યારે કોઈ નિગોદનો જીવ ન્યાંથી નીકળીને મનુષ્ય થાય તો એને તો શુભભાવ થાય છે. મનુષ્ય થાય. થાય, એમાં શું છે? તો કહે છે કે શુભભાવનો અનુભવ તો નિગોદને પણ છે. સમજાય છે કાંઈ? નિગોદને એવો શુભભાવ થાય છે. વીર્ય છે ને? કરે છે કે નહિ આત્મા સ્ફુરણ છે. ભલે અજ્ઞાન હો. પણ શુભભાવનો કર્તા થઈને શુભભાવ અજ્ઞાનીને ત્યાં નિગોદમાં એકેન્દ્રિયને મન નથી, વાણી નથી, એકલું શરીર છે. અંદરમાં વિપરીત બુદ્ધિ છે અને શુભભાવ થાય છે. ત્યાંથી નીકળીને મોટો રાજા થાય.

સાંભળ્યું નથી? નિગોદમાંથી નીકળીને ભરતના પુત્ર, ભરતના પુત્રનું નથી સાંભળ્યું? કેટલા? બત્રીસ હજાર. નિગોદમાંથી નીકળીને ચક્રવર્તીના પુત્ર થયા. કેટલા પુણ્ય? શુભભાવ. એમાં શું છે? ચક્રવર્તીના પુત્ર બત્રીસ હજાર. બોલે નહિ. બત્રીસ હજાર? કેટલા? દસ હજાર. ૯૨૩. એ તો મમૂલાવાળા. એ નહિ, આ તો નિગોદમાંથી નીકળીને (આવ્યા). બોલતા નથી. નહિ? કેટલા દસ હજાર.. ? આંકડાની ખબર નથી. ન્યાંથી નીકળ્યા ને ભાષા નથી. રાજાના કુંવર સુંદર મૂર્તિ મણિરત્ન જેવી. રાજકુમાર ચરમશરીરી. બોલે નહિ. ભગવાન પાસે દર્શન કરવા ગયા. ભરત પણ ગયા. મહારાજ! આ રાજકુમાર કેમ બોલતા નથી? અમારા કુટુંબમાં જન્મ થયો, ચક્રવર્તીને ત્યાં, બોલતા કેમ નથી? ઘણા સુંદર. પ્રભુની વાણીમાં આવ્યું કે હમણા બોલશે કે અમને દીક્ષિત કરો. એમ બોલશે. ત્યાં સુધી તો કોઈ દી બોલ્યા જ નથી. ભાષા જ નથી. રાજકુમાર. પછી એકદમ ભગવાન પાસે (બોલ્યા), પ્રભુ! અમને ભાવલિંગ અને દ્રવ્યલિંગ આપો. અમે મુનિ થવા માગીએ છીએ. બસ, બોલ્યા. બોલ્યા તે બોલ્યા. અંતરમાં અનુભવ દૃષ્ટિ કરીને ભાવલિંગ ચારિત્ર આનંદનું પ્રગટ કર્યું. એ દેહ છોડીને કેવળજ્ઞાન, કેવળજ્ઞાન પામીને (મોક્ષ ગયા). હો, એમાં શું છે પણ? નિગોદમાં શુભભાવ થયો. પણ અહીંયા ધર્મનો પુરુષાર્થ જુદો કર્યો. એ શુભભાવ કર્યો તો શુદ્ધ ભાવ થયો એમ નથી. મનુષ્યપણું થયું તો તેનાથી શુદ્ધભાવ થયો એમ છે જ નહિ.

પોતાના સ્વભાવમાં તે જ સમયે રાગથી ખસીને ભગવાન પ્રભુ.. ઈ લાયકાત. એટલો પુરુષાર્થ પડ્યો છે. આત્મામાં તો અનંત પુરુષાર્થ ભર્યો છે. જેમ તળાવમાં ઘણું પાણી ભર્યું હોય એમ જરી લીટી કરે, લીટીને શું કહે છે? લકીર. પાણી નીકળે છે ધોધમાર. ભગવાન

આત્મામાં અનંત જ્ઞાન, અનંત વીર્ય આદિ સ્વભાવમાં પૂર્ણ ભર્યા છે. એકાગ્રતાની લીટી માર કે જેથી અંદરથી પ્રવાહ છૂટે. સમજાય છે કાંઈ?

અરે..! ભગવાન તો અહીં કહે છે, અમને અચંબો થાય છે. આવો પ્રભુ આત્મા શુદ્ધ ચિદાનંદને છોડીને તું એકલા રાગનો જ અનુભવ કરે છે, મિથ્યાદૃષ્ટિ! અમને અચંબો થાય છે. સમજાય છે કાંઈ? નવમી ગ્રૈવેયક જૈન દિગંબર સાધુ થઈને ગયો. મુનિવ્રત ધાર. અઠ્યાવીસ મૂળગુણ ધાર્યા મિથ્યાદૃષ્ટિ. રાગને જ ધર્મ માનીને શરીરની ક્રિયા મારાથી થાય છે અને રાગ મારો ધર્મ છે, એમ માનીને મિથ્યાદૃષ્ટિ રહીને આત્મજ્ઞાનનું સુખ પામ્યો નહિ. સમજાય છે કાંઈ? છ ઢાળામાં આવે છે ને? "મુનિવ્રત ધાર અનંત બૈર.." અનંત વાર મુનિપણું ધાર્યું. શું થયું? એ તો રાગ છે, પુણ્ય છે. "મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ના પાયો". પદ્મરાજજી! એમાં છે કે નહિ? અર્થની ખબર નહિ. એમાં તો ઘણા અર્થ ભર્યા છે. ભાઈ! પ્રભુ!

અહીંયા આચાર્ય મહારાજ ઈ કહે છે, ભગવાન! તારું સ્વરૂપ તો શુદ્ધ આનંદ છે ને. એવી દૃષ્ટિ છોડીને તું પુણ્ય પરિણામમાં, પાપના પરિણામ કે રાગમાં એકત્વબુદ્ધિ કેમ કરે છે? સ્વભાવમાં એકત્વ નથી કરતો અને રાગમાં એકત્વ કરે છે, અમને તો અચંબો થાય છે. આચાર્ય કહે છે, '**કેવો છે મોહ?**' '**निरवधि**' અનાદિથી સંતાનરૂપે. બાપનો દીકરો, દીકરાનો દીકરો એમ ચાલ્યું આવે છે ને? એમ અજ્ઞાનમાંથી અજ્ઞાન, અજ્ઞાનમાંથી અજ્ઞાન અનાદિથી ચાલ્યું આવે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો. અજ્ઞાનથી ગયો. પોતાનો આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, આસ્રવથી રહિત, અજીવથી રહિત એવા આત્માનો સમ્યક્ અનુભવ કર્યો નહિ. તો એના જન્મ-મરણનો છેદ થયો નહિ. સમજાય છે કાંઈ? ઠીક છે, સત્ય છે. તો અર્થ કે અઠીક છે અને અસત્ય છે. મિથ્યાદૃષ્ટિ જે રાગનો એકપણે અનુભવ કરે છે... સમજાય છે? એવો અનુભવ કેમ આવે છે? એવો અનુભવ આવે છે? ક્યાંથી આવ્યો? એમ કહે છે. એમાં છે નહિ ને આવ્યો ક્યાંથી આ? એમ કહે છે.

ભગવાન આત્મામાં તો એકલો આનંદ શુદ્ધતા ભરી છે. ઉઠાવગીર, તેં આ રાગને ક્યાંથી ઉઠાવ્યો? ક્યાંથી આવ્યો? અંતરમાં નથી. વસ્તુમાં નથી. રાગ ઉઠાવીને એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ ઉઠાવીને એકલો અનુભવ કર્યો, મિથ્યાદૃષ્ટિપણે રહ્યો, અમને તો અચંબો થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** બહુ કરુણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વચ્ચે કરુણા કીધી. '**बत**' કહ્યું ને? '**तत् कथम् अहो बत**'. આ શું થાય છે? સમજાય છે કાંઈ? સાથે શેરડી પડી હોય. શેરડીને શું કહે છે? ગન્ના. ગન્ના કહે છે ને ગન્ના? એ શેરડી પડી છે એને તું ખાતો નથી અને તું આ થોર ખાય છે? થોરને શું કહે છે? થોર નથી થતા? કાંટવાળા. થોર.. થોર. થોર કહે છે ને? આ વાડ

નથી હોતી? કાંટાવાળા. નામ હશે કાંઈક. અમારે થોર કહે છે. વાડીમાં હોય ને. વાડ વાડ હોય ને. કાંટાવાળા. અરે..! આ શેરડી નહિ ખાઈને આ શું કરે છે?

'સંતાનરૂપે પ્રસરી રહ્યો છે.' અનાદિ અજ્ઞાન તો તેં કર્યું. ભગવાન ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ કદી કરી નહિ અને રાગ ને પુણ્ય ને વ્યવહારના વિકલ્પમાં રોકાઈ ગયો, અમને તો અચંબો થાય છે. એમ આચાર્ય કહે છે. ધન્નાલાલજી!

શ્રોતા :- થોર ખાય છે, શેરડીનો રસ છોડીને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, શેરડીનો રસ છોડીને એ થોર ખાય છે. કાંટા કાંટા.

---

(વસંતતિલકા)

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागदिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।१२-४४।।

ખંડાન્વય સહિત અર્થ :—"अस्मिन् अविवेकनाट्ये पुद्गलः एव नटति" (अस्मिन्) અનંત કાળથી વિદ્યમાન છે એવો જે (अविवेक) જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર તે-રૂપ છે (नाट्ये) ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં (पुद्गलः) પુદ્ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય (एव) નિશ્ચયથી (नटति) અનાદિ કાળથી નાચે છે, "न अन्यः" ચેતનદ્રવ્ય નાચતું નથી. ભાવાર્થ આમ છે કે—ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે, પોતપોતાના સ્વરૂપે છે, પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ પ્રગટપણે સુગમ છે; જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે. એવું કેમ અનુભવે છે? કેમ કે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય—એ રીતે અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી, કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. જેવી રીતે ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે, શ્વેત શંખને પીળો દેખે છે, પણ વસ્તુ વિચારતાં આવી દૃષ્ટિ સહજની તો નથી, દૃષ્ટિદોષ છે, દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે; તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે, મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે, અશુદ્ધપણાના કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે, તે અશુદ્ધ દૃષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે—આવો સંસ્કાર તો વિદ્યમાન છે, પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે. દૃષ્ટિદોષ છે અને દૃષ્ટિદોષને પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ

પણ છે. હવે જેવી રીતે દૃષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે તો પછી દૃષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે, પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી; તેવી રીતે મિથ્યા દૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે તો પછી દૃષ્ટિનો દોષ છે, વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે, એક કરીને અનુભવતાં એક થતી નથી, કેમ કે ઘણું અંતર છે. કેવું છે અવિવેકનાટ્ય (અર્થાત્ જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ વિભાવપરિણામ)? ''अनादिनि'' અનાદિથી એકત્વ-સંસ્કારબુદ્ધિ ચાલી આવે છે-એવું છે. વળી કેવું છે અવિવેકનાટ્ય? ''महति'' જેમાં થોડુંક વિપરીતપણું નથી, ઘણું વિપરીતપણું છે. કેવું છે પુદ્‌ગલ? ''वर्णादिमान'' સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત છે. ''च अयं जीवः रागादिपुद्‌गलविकारविरूद्धशुद्धचैतन्यधातुमयमूर्तिः'' (च अयं जीवः) અને આ જીવવસ્તુ આવી છે; (रागादि) રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ---(पुद्‌गलविकार) અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ—તેમનાથી (विरुद्ध) રહિત છે એવી, (शुद्ध) નિર્વિકાર છે એવી (चैतन्यधातु) શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ (मय) તે-રૂપ છે (मूर्तिः) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી કાદવ મળતાં મેલું છે, ત્યાં તે મેલાપણું રંગ છે, તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે પાણી જ છે; તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે, તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર વસ્તુ છે. આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું, કે જે સમ્યગ્દૃષ્ટિને હોય છે. ૧૨-૪૪.

## કલશ-૪૪ ઉપર પ્રવચન

૧૨મો શ્લોક. બે શ્લોક છે, હોં!

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।१२-४४।।

ખંડાન્વય સહિત અર્થ :—'अस्मिन्' 'અનંત કાળથી વિદ્યમાન છે એવો જે જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...' જુઓ! શું કહે છે? કોઈ એમ કહે કે એમાં અજ્ઞાન અને મિથ્યાત્વ છે જ નહિ. જીવ તો શુદ્ધ જ છે, તો પર્યાયમાં પણ શુદ્ધ જ છે. બ્રહ્મ કહે છે ને? બ્રહ્મ સત્ય, જગત મિથ્યા. એમ છે જ નહિ. બ્રહ્મ સત્ય છે

પણ પર્યાયમાં અસત્ય અજ્ઞાન છે. અજ્ઞાન કોઈ નથી એમ નથી. તેથી કહે છે કે અનંત કાળથી '**अस्मिन्**' વિદ્યમાન. મિથ્યા.. કોણ? '**(अविवेक)**' '**જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...**' ભગવાન જ્ઞાન પ્રભુ એ રાગ અને જ્ઞાનની એકત્વબુદ્ધિના સંસ્કાર અનાદિથી વિદ્યમાન છે, છે. બ્રહ્મ સત્ય, જગત મિથ્યા એમ નથી. જગતમાં અનંત દ્રવ્ય પણ છે, તારો આત્મા પણ છે અને તારી દશામાં મિથ્યાત્વની અશુદ્ધતા પણ છે. સમજાય છે કાંઈ? એને અવિવેક કહ્યો. જુઓ! શું કહ્યું?

પહેલા વિવેચ્ય આવ્યું હતું ને? વિવેક આવ્યું હતું ને? વિવેચક નહોતું આવ્યું? વિવેચક આવ્યું હતું ૧૦મામાં. વિવેક. અહીં અવિવેક લીધો. ભગવાન આત્મા જ્ઞાનના પ્રકાશનું પૂર, ચૈતન્યના પ્રકાશનું પૂર. પૂર કહે છે ને? આ નદીમાં પૂર નથી આવતા? એમ ચૈતન્ય પૂર આત્મા છે. આનંદનું પૂર આત્મા છે. અને આ પુણ્ય-પાપ વિકલ્પ મેલ દુઃખ છે. બેનું એકત્વ કરવું અવિવેક છે. એવા અવિવેકના મિથ્યા સંસ્કાર. એકત્વબુદ્ધિ મિથ્યા સંસ્કાર. જૈન સાધુ થઈને પણ એમ માને કે એ શુભ ક્રિયા મને લાભદાયક છે. મિથ્યા સંસ્કાર તને મિથ્યાદૃષ્ટિના છે. સમજાય છે કાંઈ?

'**જીવ-અજીવની એકત્વબુદ્ધિ...**' અર્થાત્ ભગવાન જ્ઞાનજ્યોત સ્વરૂપ એની સાથે પુણ્ય વિકલ્પ જે દયા, દાન, વ્રતના ઉઠ્યા એ અજીવ છે, આસ્રવ છે. બેની એકત્વબુદ્ધિ અર્થાત્ એ આસ્રવથી આત્માને લાભ થશે, એ આસ્રવથી ધર્મ થશે એમ બેમાં એકત્વબુદ્ધિ એવા '**મિથ્યા સંસ્કાર તે-રૂપ છે ધારાપ્રવાહરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં પુદ્‌ગલ અર્થાત્ અચેતન મૂર્તમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિ કાલથી નાચે છે.**' ભગવાન ચિદાનંદ સ્વરૂપ તો બહાર આવતું જ નથી. એ તો રાગાદિ નાચે છે. એ તો મોહ છે અને પુદ્‌ગલ છે ખરેખર, એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભાશુભ પરિણામ પુદ્‌ગલ છે, અચેતન છે, જડ છે. એનાથી ભિન્ન નહિ માનીને એકત્વ સંસ્કાર રાખીને '**नाट्ये**' ધારાસંતાન, ધારાસંતાન. એકરૂપ અનાદિની પરંપરા. '**વારંવાર વિભાવપરિણામ,...**' પુણ્ય, પુણ્ય, પુણ્ય-પાપ, પુણ્ય-પાપ, પુણ્ય-પાપ. વિકારી પરિણામ '**તેમાં પુદ્‌ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિ કાળથી નાચે છે, ચેતનદ્રવ્ય નાચતું નથી.**' ચેતનદ્રવ્ય તો જ્ઞાનાનંદ એને ચેતનદ્રવ્ય કહે છે. વિકારપણે પરિણમન થવું એ તો પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલ નાચે છે. ભગવાન ચૈતન્ય એમાં આવતો નથી. ચૈતન્ય ભગવાન રાગથી ભિન્ન છે એવી દૃષ્ટિ કરાવવા માટે આ વાત કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ ૨, સોમવાર, તા. ૧૭-૫-૧૯૬૫, કલશ-૪૪, ૪૫ પ્રવચન નં. ૪૨

આ કળશટીકા, અજીવ અધિકાર. જીવ અને અજીવના ભિન્નતાના ભાન વિના અનંત કાળથી આત્મા ચોર્યાસી લાખ યોનિમાં રખડે છે. એનું શું કારણ છે એ બતાવે છે.

(કળશ : ૪૪) '**अस्मिन् अविवेकनाटये पुद्गलः एव नटति**' જુઓ! શું કહે છે? '(**अस्मिन्**)' '**અનંતકાળથી વિદ્યમાન છે એવો જે, જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ આત્મા છે. અને એમાં પુણ્ય-પાપના વિકલ્પ, રાગાદિની એકત્વબુદ્ધિ, અશુદ્ધ પરિણામની એકત્વબુદ્ધિ એ સંસ્કારથી ચાર ગતિમાં અનાદિથી રખડે છે. સમજાણું કાંઈ? '**જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...**' ભગવાન જ્ઞાન ચૈતન્યજ્યોત પરમ આનંદના પ્રકાશનું સ્વરૂપ (છે). એમાં પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ વિકારી, કર્મ બંધનનું નિમિત્ત અને અશુદ્ધ વિકાર એની સાથે એકત્વ માનવું, એ એકત્વ સંસ્કાર એ રૂપ '**ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં પુદ્ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે,...**' શું કહે છે? કે, ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ (છે). એની દૃષ્ટિમાં પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ એકત્વ સંસ્કારબુદ્ધિ હોવાને કારણે અનાદિથી વિકારની અને સ્વભાવના એકત્વ સંસ્કારરૂપી ધારાપ્રવાહ ચાલે છે એમાં પુદ્ગલ જ નાચે છે. આત્માનો સ્વભાવ એમાં આવ્યો નથી. સમજાણું કાંઈ?

'**ધારાસંતાનરૂપ વારંવાર...**' એટલે? પુણ્ય અને પાપની એકતાબુદ્ધિ અનંતકાળથી ચાલી આવે છે. નિગોદથી માંડીને. અનાદિ (કાળમાં) જૈન સાધુ થયો, દિગંબર મુનિ થયો તો પણ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કર્યા વિના એ પંચ મહાવ્રત આદિના શુભ પરિણામ ધારાવાહી (ચાલ્યા આવે છે). એ જ મારી ચીજ છે, એનાથી મને લાભ થશે એવો અનાદિ વારંવાર (પ્રવાહ ચાલ્યો આવે છે). પાછું એમ કીધું ને. વારંવાર. અનંત કાળમાં એક સમયમાત્ર અશુદ્ધ પરિણતિની સ્વભાવમાં એકત્વબુદ્ધિ, બીજે સમયે બીજી, ત્રીજે ત્રીજી (ચાલે જ છે). સમજાણું કાંઈ? એ જ સંસ્કાર એક સમયમાં નથી રહેતા.

**શ્રોતા** :- પુદ્ગલ નથી નાચતો અને જીવ નાચે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુદ્ગલ નાચે છે, જીવ નાચતો નથી એમ કહે છે. ઊંધું છે અહીં. ચૈતન્ય તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એની દૃષ્ટિની ખબર નથી તેથી પુણ્ય-પાપની પરિણતિને એકત્વ માનીને પુદ્ગલ જડ નાચે છે, અજીવનો ખેલ છે. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે.

એની એને ખબર નથી તો અજીવ નાચે છે એમ કહે છે. ઊંધું છે આ, જયચંદભાઈ!

જીવ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ છે એને આત્મા કહે છે. આત્મામાં જે એકત્વબુદ્ધિ થઈ એ તો અજીવભાવ થયો. પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ એવો રાગ એ મને લાભદાયક છે, એ મારી ચીજ છે એવી એકત્વબુદ્ધિ મિથ્યાત્વભાવ છે. એ બધા પુદ્ગલના ભાવ છે. જીવનો સ્વભાવ નથી. મોતીરામજી! સમજાણું કાંઈ? આહા..હા..! એ અચેતન મૂર્તિમાન દ્રવ્ય. એ વિકાર, ચૈતન્ય ભગવાન પ્રકાશની મૂર્તિ એમાં વિકારની એકત્વબુદ્ધિ એ બધા પુદ્ગલના પરિણામ છે. અચેતન છે, એમાં ચેતન નથી. માટે પુદ્ગલ કહ્યા. આહા..હા..! બ્રહ્મચારીજી!

ભગવાન! કહે છે કે તારી દૃષ્ટિમાં ચૈતન્ય શુદ્ધ સ્વરૂપને તેં લીધું જ નથી કદી. જ્યાં ત્યાં પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ અશુદ્ધ પરિણતિ મલિન છે, એને પોતાના સ્વભાવની એકત્વબુદ્ધિ જે મિથ્યાત્વ છે એ મિથ્યાત્વભાવ અચેતન છે. પોપટભાઈ! ચેતન નથી. સમજાણું કાંઈ? એવા અચેતનભાવને મૂર્તિમાન પુદ્ગલ ગણીને પુદ્ગલ જ નાચે છે. ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અંતરમાં એકરૂપ રહે છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે,...**' નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો અનંત વાર. અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવ, ભ્રમભાવ, સંસ્કાર એકત્વબુદ્ધિના ભાવ એ બધા અચેતનભાવ છે. એ ચૈતન્યની જાગૃતિથી વિપરીત ભાવ છે. તો અચેતનનો એ ચોર્યાસીમાં નાચ છે. ચૈતન્યનો નાચ નથી. ભાઈ! એવી વાત છે. સમજાણું કાંઈ? '**न अन्यः**' '**ચેતનદ્રવ્ય નાચતું નથી.**' જુઓ! અનેકાંત કર્યું. ભગવાન ચૈતન્ય તો આનંદકંદ શુદ્ધ છે, એને ચૈતન્ય દ્રવ્ય કહેવું. અનાકુળ શાંત અને જ્ઞાનની મૂર્તિ એને ચૈતન્ય કહેવું. એ ચૈતન્યદ્રવ્યમાં તો અચેતનપણું છે જ નહિ. મિથ્યાત્વના સંસ્કાર વસ્તુમાં નથી. પર્યાયમાં ઊભા કર્યા છે એ તો અચેતનભાવ છે. ભગવાન ચૈતન્યનો સ્વભાવ એ નહિ. વિકારી થયો તો એને અચેતન કહ્યું છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે, ચેતનદ્રવ્ય નાચતું નથી.**' સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કઈ ભૂલ થઈ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ ભૂલ મિથ્યાત્વ છે. આ રાડ નાખે છે. જરી શરીરમાં રોગ થાય અને જરી .. એં.. એં.. થઈ જાય ઈ. જયચંદભાઈ! અહીં તો સૂક્ષ્મ વાત છે. એટલી (જાડી) વાત નથી. એ તો સ્થૂળ બુદ્ધિ છે. પણ અંતરમાં રાગની પરિણતિ અશુદ્ધ શુભની ઉત્પન્ન થાય... એ કહેશે આગળ કે અશુદ્ધપણાને કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. આગળ કહેશે. સમજાય છે? એ આઠમી-દસમી લીટી છે. '**અચંબો પણ નથી, કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.**' પછી આવે છે. હજી અચંબો કહીને પાછો અચંબો ઉડાવશે. એક અપેક્ષાએ અચંબો છે. ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યજ્યોત એમાં આ એકત્વબુદ્ધિ સંસ્કાર આવ્યા ક્યાંથી? અજ્ઞાનપણે અજ્ઞાનીએ અનાદિથી બાહ્ય ત્યાગ કર્યો, મુનિપણું લીધું અનંત

વાર પણ રાગ અને પુણ્ય વિકલ્પ એકત્વબુદ્ધિના સંસ્કાર એને અહીંયાં ભગવાન અચેતન કહે છે. અચેતનને કારણે પુદ્‌ગલ નાચે છે. ભગવાન ચેતનદ્રવ્ય તો શુદ્ધ છે. એ પર્યાયમાં અચેતપણું ઉત્પન્ન કર્યું એને તો આત્મા જ નથી કહ્યો. સમજાણું કાંઈ?

કહે છે, **'ભાવાર્થ આમ છે કે—ચેતનદ્રવ્ય અને અચેતન દ્રવ્ય અનાદિ છે,..'** બેય અનાદિ વસ્તુ છે. ભગવાન અખંડાનંદ પ્રભુ જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય એ અનાદિ છે અને વિકારના સંસ્કાર પણ અનાદિ છે. અનાદિ છે. પુણ્ય-પાપનો વિકલ્પ શુભાશુભ મારો છે, મને લાભદાયક છે, હું કરું છું. હમણા આવશે પાછળ. મારું કાર્ય છે. અહીંયાં અસ્તિત્વની વાત છે. મારા અસ્તિત્વમાં પુણ્ય-પાપ, વિકાર એ મારા અસ્તિત્વમાં છે એવી એકત્વબુદ્ધિ માનીને અજ્ઞાનપણે અજ્ઞાની (પરિણમી રહ્યો છે). ચેતન અને અચેતન દ્રવ્ય અનાદિ છે. **'પોતપોતાના સ્વરૂપે છે,...'** કોઈ પદાર્થ પોતાનું સ્વરૂપ (છોડતો નથી). **'આવો અનુભવ પ્રગટપણે સુગમ છે;...'** આવો અનુભવ પ્રગટપણે સુગમ છે. ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્યપ્રભુ અને એ વિકાર, શરીર, કર્મ આદિ પર અચેતન. એમ ભિન્ન પાડીને પોતાનો અનુભવ કરવો એ તો સહજ સ્વભાવ છે, એ તો સુગમ છે. સમજાણું કાંઈ?

**'જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે.'** શું કહે છે? અહો..! ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદ પ્રભુ એ જ્ઞાનના આનંદનો અનુભવ કરે અને વિકારથી ભિન્ન પડે એ તો વસ્તુનું સ્વરૂપ છે, સુગમ છે. એ તો પોતાનો સ્વભાવ છે એમાં સુગમ છે. એમ કહે છે. શું કહ્યું સમજાણું કાંઈ? **'પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ...'** ભિન્ન છે ને? એમ કહે છે. ભિન્ન છે તો આવો અનુભવ પ્રગટ સુગમ છે. બેય ભિન્ન છે. વિકલ્પ, રાગાદિ પરિણતિ અશુદ્ધ, સ્વભાવ શુદ્ધ ત્રિકાળ એ બેય ભિન્ન છે, તો ભિન્નનો અનુભવ સુગમ જ છે.

**'જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે.'** અરે..! આચાર્ય મહારાજ કહે છે, આ શું અચંબો થયો? વિકાર અને શરીરથી ભિન્ન ભગવાન, એવી ચૈતન્યની જાતનો અનુભવ કરવો એ સહજ સ્વભાવ છે તો સુગમ છે. આ અચંબો શું થયો? **'જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે...'** પણ એ પુણ્ય-પાપના વિકલ્પ, શરીરની ક્રિયા મારી, એવા અસ્તિત્વમાં સંસ્કાર જે પરને પોતાનું માન્યું એવો અનુભવ અચંબો છે. રાગ ને પુણ્ય ને શરીર મારું છે એવી એકત્વબુદ્ધિના સંસ્કાર એ અચંબો છે. કેમ કે એ સ્વરૂપમાં છે નહિ. આમ કરી નાખ્યું.

ભગવાન સહજાનંદ પ્રભુ ચૈતન્ય શુદ્ધ પવિત્ર આનંદકંદ એ તો રાગ, પુણ્ય વિકલ્પ, શરીર, વાણીથી ભિન્ન છે. એવો સહજ ભિન્ન છે. એવો સહજ ભિન્ન છે તો એનો અનુભવ સહજ સુગમ છે. અચંબો. આ એકત્વસંસ્કાર અનુભવ અચંબો છે. અરેરે..! આ શું થયું? આચાર્ય કહે છે. શુભ-અશુભ વિકલ્પ જે અચેતન વિકાર છે. અચેતન છે એમાં ચૈતન્ય સૂર્યના

પ્રકાશનો અંશ નથી. રાગ વ્યવહારરત્નત્રય આદિ જે રાગ છે એ અચેતન છે. એની સાથે એકત્વ સંસ્કાર અચંબો છે. અચંબો છે. આશ્ચર્ય થાય છે એમ કહે છે. દુનિયામાં આશ્ચર્ય કહે છે ને? દુનિયાની ચીજમાં આશ્ચર્ય (થાય છે). આ આશ્ચર્ય થયું તને. આહા..હા..!

ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્યસૂર્ય, પરમ ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ એમાં વિકલ્પ રાગ અશુદ્ધતા છે જ નહિ. એવી અશુદ્ધતાથી શુદ્ધતા ચીજ ભિન્ન છે. અશુદ્ધતા અજીવ છે. એથી શુદ્ધતા ભિન્ન છે. એ તો સુગમ છે, સહજ છે. છે આવી ચીજ તો સુગમ છે અને એમાં નથી એની સાથે એકત્વ સંસ્કાર થયા એ અચંબો છે એમ કહે છે ભાઈ! શું કહ્યું સમજાય છે? છે અંદરમાં શુદ્ધતા પરમાનંદ મૂર્તિ એનો અનુભવ થવો તો સુગમ છે કે છે. અને વિકાર એમાં છે નહિ અને એકત્વસંસ્કાર એમાં છે નહિ એ એકત્વ સંસ્કાર અચંબો છે. પોપટભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તારામાં છે જ નહિ ને? આ શું અચંબો તેં ઉત્પન્ન કર્યો? નાટક. આ નાટક તેં શું કર્યું? એમ કહે છે. આહા..હા..!

સહજ વસ્તુ ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન પવિત્ર આનંદકંદ એ શુદ્ધ છે. એમાં અશુદ્ધતા અંતરમાં આવી નથી. વિકલ્પ દયા, દાન, વ્રતાદિના અશુદ્ધ પરિણામ મિથ્યાત્વ એમાં આવ્યા જ નથી. એવી શુદ્ધ ચીજની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એ તો સહજ વસ્તુ છે તો સુગમ છે. પણ સુગમને છોડી અચંબો ઉત્પન્ન કર્યો. ભગવાન આત્મામાં એ પુણ્ય-પાપ વિકલ્પ, શરીર, કર્મ છે જ નહિ. એણે પોતાની સાથે એકત્વબુદ્ધિ માનીને અચંબો ઉત્પન્ન કર્યો, આશ્ચર્ય ઉત્પન્ન કર્યું રખડવા માટે. સમજાય છે ને ભાઈ? પદ્મનાથજી! સમજાય છે કે નહિ? આહા..હા..!

કહે છે, ભગવાન! તારી ચીજ તો અંદર નિર્લેપ શુદ્ધ અખંડ આનંદ છે ને. અને છે એનો અનુભવ તો સુગમ છે અને વિકલ્પ અને પુણ્ય-પાપ તો તારી ચીજમાં નથી. એના એકત્વસંસ્કાર (ઊભા કર્યા). અહીં તો ભાઈ, જીવ-અજીવને ભિન્ન પાડવું છે ને? અજીવ છે જ નહિ અને તેં સંસ્કારથી ઉત્પન્ન કર્યા તે અચંબો છે. આશ્ચર્ય ઉત્પન્ન કર્યું તેં. મોટી કરીને મૂકી હશે ને એણે? કહેશે. આગળ બધું કહેશે. થોડું વિપરીતપણું નથી. આગળ કહેશે ૪૫ પાને. ઘણું વિપરીતપણું ઊભું કર્યું છે. ૪૫ પાને બીજી લીટીમાં કહેશે. ઘણું વિપરીતપણું ઊભું કર્યું છે. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સૂર્યપ્રકાશમય મૂર્તિ છે. એમાં રાગ-દ્વેષ, દયા-દાનના વિકલ્પ છે જ નહિ અને એકત્વબુદ્ધિ માનીને ઘણું વિપરીતપણું ઊભું કર્યું છે એણે. અજ્ઞાનપણે ચેતનને અચેતન માનીને વિપરીતપણું ઘણું ઊભું કર્યું છે—પ્રગટ કર્યું છે. કહો, સમજાણું?

'**એવું કેમ અનુભવે છે?**' હવે કહે છે કે '**એવું કેમ અનુભવે છે? કેમ કે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય—એ રીતે અંતર તો ઘણું.**' જુઓ! બે વચ્ચે અંતર તો ઘણું છે. ક્યાં ભગવાન જ્ઞાનમૂર્તિ અને ક્યાં રાગાદિ અચેતન જડ દ્રવ્ય આદિ ભિન્ન. અંતર

તો ઘણું, ભેદ તો ઘણું, ફેર તો ઘણો (છે). એકત્વ થવાની લાયકાત એનામાં નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર તો ઘણું. ક્યાં સૂર્ય ચૈતન્ય અને ક્યાં રાગાદિ અંધકાર. શુભાશુભ પરિણામ એ અંધકાર અને ક્યાં ચૈતન્યસૂર્ય પ્રકાશ બેમાં ઘણું અંતર છે. ઘણું અંતર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે, '**અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી,...**' હવે ન્યાય આપે છે.

'**કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.**' પુણ્ય-પાપના મલિન પરિણામ જાણે ચૈતન્યમાં થયા-મારામાં થયા એવો ભ્રમ અજ્ઞાનીને થાય છે. ભારે ભ્રમ છે. સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્યપ્રકાશની મૂર્તિ એમાં અચંબો (ઊભો કર્યો). પહેલા કહ્યું કે એકરૂપ સંસ્કાર તો અચંબો છે, અચંબો છે. પણ અચંબો નથી. કેમ કે એ મલિન પરિણામ શુભ-અશુભ આદિ છે એ મારા છે એવી અશુદ્ધ પરિણતિને કારણે બુદ્ધિને ભ્રમ થઈ ગયો છે. સમજાણું કાંઈ? જુઓ! આ શરીર, વાણી કે કર્મ નથી લીધા. પુણ્ય-પાપની મલિન અશુદ્ધ દશા એની પર્યાયમાં છે તો એને ભ્રમ થયો કે આ મારી ચીજ છે.

**શ્રોતા :-** એને એ જ નજરમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ નજરમાં આવે છે. શુદ્ધ ચિદાનંદ ભગવાન નજરમાં આવતો નથી. સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાત છે.

**શ્રોતા :-** જાણનારને ભૂલી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, જાણનારને ભૂલી ગયો અને અચેતનને પોતાના માન્યા. ભગવાન! સમજ્યા? શુભ-અશુભભાવ એ અચેતન છે. એને પોતાના માન્યા અને જાણનારને ભૂલી ગયો અને અશુદ્ધતામાં તારી ભ્રમબુદ્ધિ થઈ ગઈ કે મારી છે.. મારી છે... મારી છે. ભગવાન! એ તારી ચીજમાં નથી. શુભાશુભ પરિણતિ જે ઉઠે છે-અશુદ્ધ પરણતિ-એ તારી ચીજમાં નથી, તારી ચીજ નથી. ચૈતન્યની મોજૂદગીમાં એ ચીજ છે જ નહિ. એવું ઉત્પન્ન કરીને અશુદ્ધપણાને કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. જુઓ ભાષા! ટીકા પણ એવી ટીકા કરી છે ને. આહા..હા..!

ભગવાન! તારી ચીજ તો પ્રભુ જ્ઞાનસૂર્યનો પ્રકાશ એ ચૈતન્ય. એમાં જે આ અશુદ્ધતા ઉત્પન્ન થઈ એમાં તને ભ્રમ થયો કે એ પણ મારી વસ્તુમાં છે. એ પણ મારી મોજૂદગીમાં છે. એ જ તારો મિથ્યાભ્રમ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધપણાને કારણે ભગવાન શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ છે પણ પોતે પર્યાયમાં જ્યાં અશુદ્ધ થયો તો અશુદ્ધના એકત્વસંસ્કાર એ અચંબો થયો, પણ અશુદ્ધપણું છે ને એની એકત્વબુદ્ધિ કરી અને ભ્રમ થયો કે એ મારી ચીજ છે.

**શ્રોતા :-** એ અજીવ છે એ હું થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અજીવ છે, અચેતન છે. અશુદ્ધ પરિણામ અજીવ છે, અચેતન

છે. ચૈતન્યમાં વિકૃત ચૈતનાભાસ જેવા ઉત્પન્ન થાય છે. પોતાના માને છે એ જ મિથ્યાદૃષ્ટિ છે. પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ ને આ શરીર. આ તો અંદરમાં. અંદર સંસ્કાર અનાદિ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી ગયો. જૈન સાધુ દિગંબર થઈને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી. સમ્યગ્દૃષ્ટિ હોય અને આત્માનું ભાન થયું હોય એને તો ગણવામાં આવ્યા જ નથી. અનાદિ પંચ મહાવ્રત નવમી ગ્રૈવેયક અઠ્યાવીશ મૂળગુણ જે અશુદ્ધ પરિણતિ છે. એ અશુદ્ધ પરિણતિને ચૈતન્યમાં આ મારી છે એવો ભ્રમ થઈ ગયો છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

'જેવી રીતે...' દૃષ્ટાંત આપે છે. '**ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે,...**' વિચલિતતાનું નિમિત્ત ધતૂરો છે. વિચલિત એના ઉપાદાનથી થાય છે. '**શ્વેત શંખને પીળો દેખે છે,...**' જુઓ! શું કહે છે? શંખ તો સફેદ છે. ધતૂરો પીતાં શંખને પીળો જોવે છે. ધોળો છે એને પીળો દેખે છે. ધ્યાન રાખજો! '**પણ વસ્તુ વિચારતાં આવી દૃષ્ટિ સહજની તો નથી,...**' એ દૃષ્ટિ સહજ સ્વભાવની નથી. શંખ ધોળો છે એને પીળો દેખે છે એ દૃષ્ટિ સહજની નથી, સ્વભાવિક નથી. '**દૃષ્ટિદોષ છે,...**' દૃષ્ટિદોષ છે. ધતૂરો નિમિત્ત છે અને પીળાપણાનો ભ્રમ થયો શંખને દેખવામાં એ દૃષ્ટિદોષ છે. સહજભાવ નથી. બરાબર છે? '**દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે;...**' નિમિત્ત છે. અહીં તો સિદ્ધ આ કરવું છે. '**દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે;...**' નિમિત્ત. અને અંદર દૃષ્ટિદોષ થયો એને. શું? એ સહજ દૃષ્ટિ નથી, સ્વભાવિક નથી. ચિદાનંદને ભૂલીને, અશુદ્ધને પકડીને બહિર્બુદ્ધિમાં અશુદ્ધ થયો. બહિર્બુદ્ધિથી પુણ્ય-પાપના ભાવ, દયા-દાન, વ્રત-ભક્તિ, તપ-જપનો વિકલ્પ ઉઠ્યો એ પોતાની અશુદ્ધ પરિણતિને ધતૂરાનું નિમિત્ત અને એવી દૃષ્ટિભ્રમ (થાય છે) એમ અજ્ઞાનીની દૃષ્ટિ ભ્રમ થવામાં કર્મનું નિમિત્ત (છે). સમજાણું કાંઈ? ઓહોહો..!

'**તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી...**' એ દૃષ્ટાંત દીધું. '**કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે;...**' નિમિત્ત છે ને કર્મ? '**મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે,...**' ભગવાન ચિદાનંદ પ્રભુ પોતાની મોજૂદગી ચૈતન્ય પ્રકાશ અનાકુળ આનંદ એની મોજૂદગીને નહિ દેખતાં, નહિ જોતો, નહિ માનતો અને નહિ અનુભવતો '**વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે,...**' કાંઈ કર્મરૂપ પરિણમ્યો નથી આત્મા. શરીરરૂપ થયો નથી, કર્મરૂપ થયો નથી. આ (વિભાવ) રૂપે તો થયો છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભ પરિણામ જે અશુદ્ધ છે એ રૂપે પરિણમી રહ્યો છે.

'**અશુદ્ધપણાને કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે,...**' અશુદ્ધપણાને કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે. શુદ્ધને તો દેખતી નથી. ત્રિકાળ જ્ઞાયક ભગવાન છું એવી દૃષ્ટિથી અજ્ઞાની જોતો નથી. '**તે અશુદ્ધ દૃષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે**' એ અશુદ્ધ દૃષ્ટિ દ્વારા ભગવાન જ્ઞાનમૂર્તિને પુદ્ગલ કર્મની સાથે અથવા રાગાદિની સાથે

એકત્વસંસ્કારરૂપ અનુભવે છે. કર્મ અને હું આત્મા એક થઈ ગયા, રાગ અને આત્મા બેય એક થઈ ગયો. વિકલ્પ તદ્દન અચેતન છે શુભાશુભ પરિણામ. હું એક થઈ ગયો એમ અનુભવે છે. સમજાણું કાંઈ?

**'આવો સંસ્કાર તો વિદ્યમાન છે,...'** હોં પાછું. ભ્રમ છે પણ ભ્રમ છે. જેમ વેદાંત કહે છે કે પર્યાય થઈ એમાં ભ્રમ નથી, અશુદ્ધતા નથી એમ નથી. દૃષ્ટિદોષ છે. વિદ્યમાન છે અજ્ઞાનીમાં. સમજાણું કાંઈ? (આવો) સંસ્કાર વિદ્યમાન છે. **'પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી,...'** ભગવાન ચિદાનંદ ચૈતન્યજ્યોતની દૃષ્ટિથી જોતાં એ અશુદ્ધ પરિણતિના સંસ્કાર એ મારી સહજ દૃષ્ટિ નથી. એ તો વિકારી દૃષ્ટિ છે, વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અશુદ્ધ છે, દૃષ્ટિ દોષ છે. દેખો! એ દૃષ્ટિદોષ છે. કર્મનો દોષ નથી. સ્વભાવમાં નથી. ફક્ત અશુદ્ધ પરિણતિની એક સમયની અવસ્થા જોઈને એ મારી ચીજ છે, મારામાં છે, મારું કાર્ય છે એવો અજ્ઞાનીને ભ્રમ થઈને દૃષ્ટિદોષ થયો છે. કહો, સમજાણું કાંઈ? **'અને દૃષ્ટિદોષને પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ પણ છે.'** એ ધતૂરાનો કેફ હતો ને? એમાં ધતૂરો નિમિત્ત છે. ધોળાને પીળું દેખે એ દૃષ્ટિદોષ (છે). એ એની પોતાની પર્યાય છે અને ધતૂરો નિમિત્ત છે. એમ દૃષ્ટિદોષમાં કર્મ નિમિત્ત છે.

**'હવે જેવી રીતે દૃષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે તો પછી દૃષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે,...'** દૃષ્ટિમાં દોષ છે. શંખ તો શ્વેત જ છે. **'પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી;...'** ધ્યાન રાખજો. **'તેવી રીતે મિથ્યા દૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે...'** જૂઠી દૃષ્ટિથી શુદ્ધ પરમાત્મા પોતાનો નિજ આનંદ અને અચેતન રાગાદિ બેને એક કરીને અનુભવે છે તો પછી દૃષ્ટિનો દોષ છે. વસ્તુ તો જેવી ભિન્ન છે એવી જ છે. એ તો દૃષ્ટિનો દોષ છે. વસ્તુ ફરી જાતી નથી. ચૈતન્યમૂર્તિ આનંદકંદ અનાકુળ રસકંદ જે દ્રવ્ય છે એ તો એવું ને એવું છે.

**'મિથ્યાદૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે તો પછી દૃષ્ટિનો દોષ છે, વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે.'** દૃષ્ટિનો દોષ છે એટલે વસ્તુ ફરી જાય છે? ચૈતન્યસૂર્ય આનંદકંદ ધ્રુવ ધાતુ, અનાદિઅનંત ચૈતન્યચંદ્ર. ચૈતન્યચંદ્ર તો જેવો છે એવો છે. સમજાણું કાંઈ? માત્ર દૃષ્ટિની ભૂલ છે. આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે. વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે. શું કહે છે? આ સમજાવવામાં જીવ-અજીવ અધિકાર છે ને? ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિ એ જ આત્મા છે. અને એ આત્માને આત્મા અનાદિથી નહિ જાણતો કર્મના નિમિત્તના સંયોગમાં અશુદ્ધ પરિણતિ પુણ્ય-પાપ આદિ મિથ્યાભ્રાંતિની ઉત્પન્ન થઈ એ અશુદ્ધ પરિણતિનો ભાસ મારો છે એવી ભ્રમ બુદ્ધિ થઈ, એ ભ્રમબુદ્ધિને કારણે એમાં ભ્રમનો જ અનુભવ કરે છે. વસ્તુ તો ભિન્ન છે. ભ્રમ થયો પણ વસ્તુ તો ભિન્ન છે. **'એક કરીને અનુભવે છે...'** પણ એક નથી થઈ. એ અશુદ્ધ પરિણતિને એક

કરીને અનુભવે છતાં આત્મા અશુદ્ધ થયો નથી. આહા..હા..! એ તો પર્યાયમાં થયો છે. વસ્તુ અશુદ્ધ થઈ નથી. વસ્તુ તો છે ઈ છે. સમજાણું કાંઈ? **'એક કરીને અનુભવતાં એક થતી નથી, કેમ કે ઘણું અંતર છે.'** આહા..હા..! જુઓને! પહેલું કહ્યું હતું કે નહિ?

**શ્રોતા :-** અંતર છે નહિ, અંતર ચાલ્યું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ઘણો આંતરો ને ભગવાન! તું તો ચિદાનંદ શુદ્ધ જ્યોતિ છો અને પુણ્ય-પાપનો વિકાર, વિકાર મેલ અશુદ્ધ રંગ મેલ છે. ઘણું અંતર છે બેમાં. એ અંતર છે પણ સ્વભાવ તરફની દૃષ્ટિ નથી એટલે અંતર દેખાતું નથી એમ કહે છે. ચૈતન્યની દૃષ્ટિ કરાવવી છે ને? અજીવભાવ અચેતન જે ઉત્પન્ન થયો અને તારો ચૈતન્યભાવ બેયમાં ઘણું અંતર છે, ઘણું અંતર છે.

**'કેવું છે અવિવેકનાટ્ય? અનાદિથી એકત્વ સંસ્કારબુદ્ધિ ચાલી આવી છે-'** એ તો અનાદિનું ચાલ્યું આવે છે. સમય... સમય... સમય.. સમય... થઈને નવા નવા થઈને. તદ્દન નવું નથી. એમ. પહેલા પર્યાયમાં સંસ્કાર નહોતા અને નવા ઉત્પન્ન થયા છે એમ નથી. અનાદિથી છે. જેમ શુદ્ધ ચૈતન્ય ભગવાન અનાદિથી છે, એમ ભૂલ પણ અનાદિથી છે એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલા તો પર્યાયમાં શુદ્ધ હતો પછી અશુદ્ધ ભ્રમ થયો. એમ છે જ નહિ. અનાદિથી પુણ્ય-પાપ આદિ અશુદ્ધ પરિણતિ પર્યાયને એકત્વબુદ્ધિથી અનુભવે એ અનાદિની વાત છે. **'ચાલી આવે છે-એવું છે.'**

**'વળી કેવું છે અવિવેકનાટ્ય? જેમાં થોડુંક વિપરીતપણું નથી, ઘણું વિપરીતપણું છે.'** ક્યાં ચૈતન્ય સૂર્યપ્રકાશની મૂર્તિ અને ક્યાં પુણ્ય-પાપના ભાવ અંધકારની મૂર્તિ, અચેતનમૂર્તિ! બેને એક માન્યા. ઘણો વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! અહીં તો વળી શરીર અને વાણી તો ક્યાંય નાખ્યા નથી. એ તો પુણ્ય અને પાપની કૃત્રિમ વૃત્તિ અશુદ્ધતા ઉત્પન્ન થાય છે અને શુદ્ધ ચૈતન્યપ્રભુ આખું દળ ચૈતન્ય છે. (બે વચ્ચે) ઘણું અંતર છે. અને એકપણું માનવું ઘણું વિપરીતપણું છે. ઘણું વિપરીતપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણો મિથ્યાત્વભાવ, ઘણું વિપરીતપણું છે કહે છે. ઓહોહો..! એ શુભ-અશુભ પરિણામ મને લાભ કરશે, મારી ચીજમાં છે, મારી મોજૂદગીમાં એ પણ છે એવી માન્યતાનો ભાવ ઘણો વિપરીત છે. થોડું વિપરીતપણું નથી. 'महति' શબ્દ પડ્યો છે ને? મોટું નાટક તેં ઊભું કર્યું ભાઈ! આહા..હા..!

**'કેવું છે પુદ્‌ગલ? સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત છે.'** એ બધા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિથી સંયુક્ત છે. પુદ્‌ગલ છે ને રાગાદિ બધા. **'અને આ જીવવસ્તુ આવી છેઃ...'** જુઓ! પુદ્‌ગલમાં બધા નાખ્યા હોં અચેતન. ભગવાન તો **'રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ-તેમનાથી રહિત છે...'** જુઓ! એ પુણ્ય અને

પાપના વિકલ્પો અશુદ્ધ પરિણતિ પુદ્‌ગલ છે. અને ભગવાન આત્મા દયા, દાનનો રાગ અથવા દ્વેષ, ક્રોધ, માન, કપટ, લોભ એવા અસંખ્યાત લોક પ્રમાણે **'અશુદ્ધરૂપ જીવના પરિણામ...'** દેખો! શુભાશુભ પરિણામના અસંખ્ય પ્રકાર છે. દયા, દાન, ભક્તિના શુભ પરિણામ, હિંસા, જૂઠાંના અશુભ પરિણામ, એવા અસંખ્ય પ્રકાર છે. શુભ-અશુભ ભેદ અસંખ્ય પ્રકારે છે. **'અશુદ્ધરૂપ જીવના પરિણામ અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ-તેમનાથી રહિત છે...'** એ અસંખ્ય લોક પ્રમાણ શુભ-અશુભ પરિણામની અશુદ્ધ જાતથી શુદ્ધ પ્રભુ ભિન્ન છે એવી દૃષ્ટિ અજ્ઞાની કરતો નથી. અને એકલા પુણ્ય-પાપની ક્રિયા કરે છે ભાવની અને માને છે કે મારું આત્મકલ્યાણ થઈ જશે. મોટો અચંબો છે. તારી ઘણી વિપરીત બુદ્ધિ છે એમ કહે છે. રાગ-દ્વેષમાં બધું આવી ગયું, હોં! રાગ-દ્વેષ એટલે શુભ-અશુભ રાગ બેય. પુદ્‌ગલ વિકાર. એ જીવના પરિણામ પુદ્‌ગલ વિકાર. અનાદિ બંધપર્યાય, કર્મના પર્યાયમાં નિમિત્તમાં વિભાવ પરિણામ છે. એવી પર્યાયથી ભગવાન રહિત છે. શુદ્ધ ચૈતન્ય ભગવાનમાં તો અશુદ્ધ પરિણામ છે જ નહિ.

**'એવી, નિર્વિકાર છે એવી શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ...'** દેખો! એ તો નિર્વિકાર છે શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનરૂપ પડ્યો છે. **'તે-રૂપ છે...'** દેખો! મય શબ્દ પડ્યો છે ને? **'શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ તે-રૂપ છે...'** વિકારરૂપ નથી. **'સર્વસ્વ જેનું...'** એ તો નિર્વિકારી ભગવાન સર્વસ્વ-બધું એનું પવિત્રતા જ્ઞાન, આનંદ ચૈતન્ય ભગવાન અનંત પવિત્ર ગુણ જેના સર્વસ્વ છે. વિકાર-ફિકાર એમાં છે જ નહિ. પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ, પંચ મહાવ્રતના વિકલ્પ પણ એનામાં નથી. ઓહોહો..! અંદરમાં અજ્ઞાનીને સૂક્ષ્મ પ્રેમ અંદર પુણ્ય પરિણામનો રહી જાય છે એ બતાવે છે. એ અચેતનનો પ્રેમ છે, જડનો પ્રેમ છે. ચૈતન્યની રુચિ-દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી કાદવ મળતાં મેલું છે,...'** બીજું દૃષ્ટાંત આપ્યું. પહેલા ધતૂરાનું દૃષ્ટાંત હતું. **'પાણી કાદવ મળતાં...'** કાદવ. **'મેલું છે, ત્યાં તે મેલાપણું રંગ છે,...'** તે મેલાપણું રંગ છે. **'રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે પાણી જ છે;...'** રંગને અંગીકાર ન કરે તો બાકી જે કાંઈ પાણી છે. **'તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે,...'** એ કાદવનો રંગ છે પાણીમાં, એવો પુણ્ય-પાપ, દયા-દાન, ભક્તિ, વ્રત-તપનો વિકલ્પ એ આત્મામાં રંગ છે. રાગાદિ રંગ છે, મેલ છે. ભગવાન નિર્મળાનંદ પ્રભુ છે. પાણી જેવો છે. રંગ કાઢી નાખો તો એકલું પાણી નિર્મળ ચિદાનંદ છે. સમજાણું કાંઈ? રાગાદિ ભાવ રંગ છે. પુણ્ય-પાપના વિકલ્પ છે એ રંગ છે. કાદવનો રંગ જેમ પાણીમાં દેખાય છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના પરિણામ તો કાદવ જેવા, કીચડ જેવો રંગ છે. **'રંગને અંગીકાર નહિ કરતાં...'** એ અશુદ્ધ પરિણામરૂપી રંગને અંગીકાર નહિ કરતાં **'બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર**

**વસ્તુ છે.'** એનાથી રહિત ચેતનધાતુ માત્ર વસ્તુ છે. ચૈતન્યધાતુ જ્ઞાનધાતુ, જેણે જ્ઞાન ધાર્યું છે. જાણપણું સર્વજ્ઞ સ્વભાવને જેણે ધાર્યો છે. સર્વજ્ઞ સ્વભાવ જેમાં પડ્યો છે. ભગવાન સર્વજ્ઞ સ્વભાવ આત્મા છે. સર્વજ્ઞ સ્વભાવ આત્મા એ ચૈતન્યધાતુ છે. વિકાર-ફિકાર અશુદ્ધમાત્ર એ જીવ નથી. એવી જીવની દૃષ્ટિ જેને નથી એ પુણ્ય-પાપને પોતાના માનીને મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડે છે. કહો, સમજાણું કાંઈ?

**'આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું,...'** શું કહે છે? હવે સરવાળો લે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યધાતુ, જેમ સોનું ધાતુ છે તો સોનાપણું એણે ધારી રાખ્યું છે. એમ ભગવાન આત્મા ચૈતન્યધાતુ, જાણન-દેખન સ્વભાવ પરિપૂર્ણથી ભરેલો છે. એવો ભગવાન આત્મા, **'આનું નામ શુદ્ધસ્વરૂપ અનુભવ જાણવું...'** એવા દ્રવ્યની અંતર્મુખ થઈને પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિને લક્ષમાંથી છોડીને એના અસ્તિત્વની મોજૂદગીની રુચિ છોડીને ચૈતન્યદ્રવ્યની મહાન સત્તા મોજૂદગી ઉપર દૃષ્ટિ રાખીને આ અનુભવ જાણવો **'કે જે સમ્યગ્દૃષ્ટિને હોય છે.'** એ વાત મિથ્યાદૃષ્ટિને હોતી નથી. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ તો કોઈપણ પ્રકારે અંદરમાં શુભ-અશુભ પરિણામની પરિણતિ મારી છે એમ માનીને એનો જ અનુભવ કરે છે. અચેતનનો અનુભવ અજ્ઞાનીનો છે અનાદિનો. અચેતનનો અનુભવ છે ચેતનનો નહિ.

ભગવાન આત્મા ચેતનમાત્ર ધાતુ, ચૈતન્યધાતુમાત્ર. માત્ર કેમ કહ્યું? એ રાગાદિ નહિ. એમાં આનંદ આદિ ભલે હોય. પણ એ વિકલ્પ જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ ભાવબંધથી પણ નિરાળી છે. એને ચૈતન્યધાતુ અને આત્મા કહે છે. નવ તત્ત્વમાં ભગવાન આત્મા એકલી ચૈતન્યધાતુ વસ્તુ જ્ઞાનબિંબ સૂર્ય છે. એમાં વિકલ્પ જે આવે છે તીર્થંકરબંધનો કે જે ભાવે આહારક શરીરાદિ (બંધાય) એ બધા અજીવભાવ છે, અચેતનભાવ છે. એ અચેતનભાવથી ભિન્ન એકલી ચૈતન્યધાતુમાત્ર ભગવાન આત્મા છે. એને જાણીને શુદ્ધ સ્વરૂપનો અનુભવ જાણવું. એનો અનુભવ કરવો. આ સમ્યગ્દૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ પરિણતિનો અનુભવ છોડીને શુદ્ધનો અનુભવ હોતો નથી. આહા..હા..!

ભગવાન! તારું પરિભ્રમણ, તારી અશુદ્ધ પરિણામની એકત્વબુદ્ધિથી થયું છે. કર્મથી નહિ. કર્મને તો નિમિત્તમાત્ર કહ્યું. પેલા રાડ નાખે છે કે નહિ, કર્મથી રખડે છે. અરે..! સાંભળ ભગવાન! પરદ્રવ્યથી કોઈ દ્રવ્ય રખડે છે? તારી અશુદ્ધ પરિણતિ તારામાં તેં ઉત્પન્ન કરી એમાં કર્મ નિમિત્ત હોય. એ અશુદ્ધ પરિણતિમાં એકત્વબુદ્ધિ કરી જે ચૈતન્ય સ્વભાવમાં નથી. એની સાથે એકત્વબુદ્ધિ માનીને એ પુદ્ગલ અચેતન નાચે છે. ચોર્યાસીના પરિભ્રમણ અચેતન નાચે છે. ભગવાન ચૈતન્ય નાચે? ભગવાન તો બધાને દેખવા-જાણવાના સ્વભાવમાં રહે. સમજાણું કાંઈ?

ચૈતન્ય પ્રભુ, ચૈતન્યમાત્ર ધાતુ એના સ્વરૂપની દૃષ્ટિ કરીને, એનો અનુભવ થવો કે આ ચેતન છે. અશુદ્ધ પરિણતિ નહિ, પુણ્ય-પાપ અશુદ્ધ પરિણતિ પર્યાય મારામાં નથી અને હું શુદ્ધ આનંદ જ્ઞાયકધાતુ છું એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિને થાય છે. મિથ્યાદૃષ્ટિને એવો અનુભવ થતો નથી. કેમ કે એની અશુદ્ધ પરિણતિ ઉપર એકત્વબુદ્ધિ અનાદિથી પડી છે. તો એનાથી ભિન્ન થઈને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થતો નથી. અને અનુભવ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિના ધર્મની પહેલી શ્રેણી પણ પ્રગટ થતી નથી. ઓહોહો..! કેટલી વાત કરી જુઓ! કેટલા પ્રકારથી! આહા..હા..!

**શ્રોતા** :- ઠોસ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઠોસ વાત છે.

હવે છેલ્લો ૧૩મો. આ અજીવનો છેલ્લો કળશ છે. જીવના ૩૨ હતા અને અજીવના ૧૩. કુલ ૪૫. કર્તાકર્મ ત્યાં આપણે રાજકોટથી ચાલ્યું છે પણ અહીંયાં ફરીથી લેવું છે. હિંમતભાઈ નહોતા ને ત્યારે હિંમતભાઈ. હોય તો પણ ફરીને લેવું જોઈએ.

---

(મંદાક્રાન્તા)

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।१३-४५।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे'' (ज्ञातृद्रव्यं) ચેતનવસ્તુ (तावत्) વર્તમાન કાળે (स्वयं) પોતાની મેળે (अतिरसात्) અત્યંત પોતાના સ્વાદ સહિત (उच्चैः) સર્વ પ્રકારે (चकाशे) પ્રગટ થઈ. શું કરીને? ''विश्वं व्याप्य' (विश्वं) સમસ્ત જ્ઞેયોને (व्याप्य) પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને અર્થાત્ જાણીને. ત્રણ લોકને કોના વડે જાણે છે? ''प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या'' (प्रसभ) બલાત્કારથી (विकसत्) પ્રકાશમાન છે (व्यक्त) પ્રગટપણે એવો છે જે (चिन्मात्रशक्त्या) જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે ત્રણ લોક જેણે એવી છે. વળી શું કરીને? ''इत्थं ज्ञानक्रकचकलनात् पाटनं नाटयित्वा '' (इत्थं) પૂર્વોક્ત વિધિથી (ज्ञान) ભેદબુદ્ધિરૂપી (क्रकच) કરવતના (कलनात्) વારંવાર અભ્યાસથી (पाटनं) જીવ-અજીવની ભિન્નરૂપ બે ફાડ (વિભાગ) (नाटयित्वा) કરીને. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ-અજીવની બે ફાડ તો જ્ઞાનરૂપી કરવત વડે કરી, તે પહેલાં તેઓ કેવા રૂપે હતાં? ઉત્તર—''यावत् जीवाजीवौ स्फुटविघटनं न एव प्रयातः'' (यावत्) અનંત કાળથી માંડીને (जीवाजीवौ) જીવ અને કર્મનો એકપિંડરૂપ પર્યાય (स्फुटविघटनं)

પ્રગટપણે ભિન્નભિન્ન (न एव प्रयातः) થયો નહોતો. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્નભિન્નરૂપ છે તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી, અગ્નિનો સંયોગ જ્યારે પામે ત્યારે જ તત્કાળ ભિન્નભિન્ન થાય છે; તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે, અને જીવ-કર્મ ભિન્ન ભિન્ન છે તોપણ શુદ્ધસ્વરૂપ-અુભવ વિના પ્રગટપણે ભિન્નભિન્ન થતાં નથી; જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે તે કાળે ભિન્નભિન્ન થાય છે. ૧૩-૪૫.

## કલશ-૪૫ ઉપર પ્રવચન

૧૩મો કળશ, સળંગ ૪૫મો. અજીવ અધિકારનો છેલ્લો કળશ.

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।१३-४५।।

છેલ્લો પૂર્ણ આત્માનો પ્રકાશ અસ્તિપણે સિદ્ધ કર્યો. "ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे" હવે અજીવના અભાવસ્વરૂપ ચૈતન્યદ્રવ્ય સમ્યગ્દર્શનમાં પ્રગટ થયું. એ કેવી ચીજ છે? 'ચેતનવસ્તુ...' એ તો જ્ઞાતૃદ્રવ્ય છે. જાણક... જાણક... જાણક પદાર્થ છે. જાણક ચૈતન્યસૂર્ય સ્વભાવ ચૈતન્યદ્રવ્ય છે. 'વર્તમાનકાળે પોતાની મેળે...' દેખો! ભગવાન આત્મા એ શુભ પરિણામ કે વિકલ્પને કારણે પ્રગટ નથી થયો. એમ કહે છે. શું જીવ સ્વભાવ અજીવ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે? સમજાણું કાંઈ?

'વર્તમાનકાળે પોતાની મેળે અત્યંત પોતાના સ્વાદસહિત...' વિકલ્પ દયા, દાન આદિ અશુદ્ધ પરિણતિ છે એનો સ્વાદ તો મેલો છે. એને આશ્રયે આત્માની દૃષ્ટિ અનુભવ થતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાની મેળે. 'स्वयमतिरसात्' 'अतिरसात्' જુઓ! જે અશુદ્ધ પરિણતિ મેલનો અનુભવ, કલુષિત અનુભવ, ક્લેશનો અનુભવ હતો. ચૈતન્ય ભગવાન પોતાના નિજ સ્વરૂપમાં અંતર દૃષ્ટિ કરતાં પોતાની મેળે, કોઈના આધાર વિના, પોતાના આનંદનો સ્વાદ લેવામાં કોઈનો આધાર નહિ. ઓહોહો..! ભગવાન પોતાનું નિજ સ્વરૂપ પ્રગટ કરવામાં આનંદનો અનુભવ કરતાં વિકલ્પ નામ એ વ્યવહાર વિકલ્પાદિ અચેતન છે એનો બિલકુલ આધાર નથી. સમજાણું કાંઈ?

ચોથું ગુણસ્થાન પ્રગટ્યું પછી કેવળજ્ઞાન સુધી લઈ જશે. 'अतिरसात्' શબ્દ પડ્યો છે ને. 'અત્યંત પોતાના સ્વાદ સહિત...' એટલે ખાસ અતીન્દ્રિય આનંદનો ભગવાન પ્રગટ

થયો. અંતર્મુખ અશુદ્ધ પરિણતિનો પ્રેમ છોડીને, એકત્વબુદ્ધિ છોડીને ભગવાન શુદ્ધ ચિદાનંદ આત્મા, એનાથી એકત્વ થઈને અતિરસાળ, અત્યંત પોતાના આનંદ સ્વાદ સહિત '**उच्चैः**' '**સર્વ પ્રકારે પ્રગટ થઈ.**' જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનેક પર્યાયથી પ્રગટ્યો. સમજાણું કાંઈ? એકલો આનંદ નહિ પણ આનંદ સાથે અને જ્ઞાન, દર્શન, વીર્ય આદિની પર્યાય પ્રગટ (થઈ), શુદ્ધ કરીને પ્રગટ થયો. કહો, સમજાણું કાંઈ?

'**સર્વ પ્રકારે પ્રગટ થઈ.**' અનંત જેટલા શુદ્ધ ગુણ છે (તે બધા પ્રગટ થયા). સમ્યગ્દર્શનમાં પણ ''સર્વગુણાંશ તે સમકિત.'' સમ્યગ્દર્શનમાં અનંત જેટલા શુદ્ધ ગુણ છે, એની દૃષ્ટિ અને અનુભવ થયો તો જેટલા શુદ્ધ છે તે બધાનો નિર્મળ અંશ પ્રગટ થયો. સર્વ ગુણની નિર્મળ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ પ્રગટ થઈ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં. ચૈતન્યધાતુ પૂર્ણ જ્ઞાયકપ્રભુ. જ્યાં શરીર, વાણી, મનની ક્રિયા એ તો ક્યાંય રહી, અશુભ પરિણામ તો નહિ, શુભ પરિણામનો ભેદ, આ ગુણી આત્મા અને આ ગુણ એવો વિકલ્પ ઉઠે એ પણ અચેતન છે. એવો વિકલ્પનો પણ આધાર નહિ અને એકલો સીધો જ્ઞાયક ભગવાન સ્વયં પોતાના અંતરમાં, પોતાના અવલંબને અતિ આનંદનો રસ લઈને સર્વ પ્રકારે એ આત્મા અનંત શક્તિનો ભંડાર, સર્વ પ્રકારે પર્યાયમાં પ્રગટ થયો. સમજાણું કાંઈ? '**अतिरसात् उच्चैः चकाशे**'

'**શું કરીને?**' '**विश्वं व्याप्य**' '**સમસ્તજ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.**' એ તો સમ્યગ્જ્ઞાન થયું તો આખું વિશ્વ જ્ઞેયરૂપ થઈ ગયું જ્ઞાનમાં. કેવળજ્ઞાનમાં તો થાય જ છે. સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ (ત્યાં) આખું વિશ્વ જ્ઞેયરૂપ થઈ ગયું. સ્વજ્ઞેય અને પરજ્ઞેય બેયનું સર્વ જ્ઞાન પ્રગટ્યું. સમજાણું કાંઈ? '**व्याप्य**' '**સમસ્ત જ્ઞેયોને...**' જુઓ! સમસ્ત જ્ઞેય. પોતાનું અને પર બધું '**પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.**' ત્રણ લોકને જેના દ્વારા જાણીને પ્રકાશમાન છે. '**ત્રણ લોકને કોના વડે જાણે છે? બલાત્કારથી પ્રકાશમાન છે...**' આહા..હા..! જોરથી જ્ઞાયક પ્રગટ્યો અંદરમાં. એકાકાર ચિદાનંદ છું. વિકલ્પમાત્ર મારામાં નથી, વ્યવહારમાત્ર મારી ચીજમાં નથી. એવા જ્ઞાયકસ્વરૂપ ઉપર અંતર અનુભવ દૃષ્ટિ કરતાં બળાત્કાર-જોરથી જ્ઞેયને જાણે છે, કહે છે.

'**પ્રકાશમાન છે પ્રગટપણે એવો છે જે...**' ચૈતન્યમાત્ર સત્તા. '**જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે...**' શક્તિ છે ને? જ્ઞાનગુણની શક્તિ પ્રકાશ ચૈતન્યજ્યોત પોતાને જાણે અને પરને જાણે એવો ચૈતન્ય ભગવાનનો અનુભવ કરતાં વિકારની પરિણતિનો પ્રેમ છોડ, ભગવાન ચિદાનંદની અંતર રુચિમાં પરિણમન થયું (તો) અનંત શક્તિ પર્યાયમાં વિકાસમાન થઈ. ઓહોહો..! સમજાણું કાંઈ? '**(चिन्मात्रशक्त्या)**' જ્ઞાનગુણસ્વભાવ. શક્તિનો અર્થ એ કર્યો. એ સ્વભાવ જ જ્ઞાનગુણ જેનો પ્રકાશમય સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ પોતાના નિજ સ્વભાવમાં પડ્યો છે. ભગવાન આત્મામાં અંતરમાં સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ અંતરનો અનુભવ કરતાં અનંત ગુણની પર્યાય વિકાસમાન થઈ ગઈ અને પોતાની શક્તિ દ્વારા

જાણ્યા છે ત્રણ લોક. ત્રણ લોક જેણે જાણ્યા છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

**'વળી શું કરીને?' 'इत्थं ज्ञानक्रकचकलनात् पाटनं नाटयित्वा' 'પૂર્વોક્ત વિધિથી ભેદબુદ્ધિરૂપી કરવતના વારંવાર અભ્યાસથી...'** લ્યો! ભેદબુદ્ધિ. ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ છે, વિકલ્પથી પર છે એવી ભેદબુદ્ધિ દ્વારા. એ કરવત-કરવત-આરી. કરવત મૂકતાં બે ટૂકડા થઈ જાય, એમ ભગવાન ચિદાનંદ પ્રભુ અને રાગ ભિન્ન છે, વિકલ્પ ભિન્ન છે, નિમિત્ત ભિન્ન છે અને સ્વભાવમાં પોતાની નિર્મળ પર્યાય આત્મા સાથે અભિન્ન (છે) એવો વારંવાર અભ્યાસ કરવાથી. આ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી. કોઈ દયા, દાનનો વિકલ્પ કરવાથી આ થાય છે એમ નથી. એનાથી ભેદજ્ઞાન કરતાં થાય છે એમ કહ્યું. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ના. ના. એ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... કરતાં નિશ્ચય થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય એની ના પાડે છે. એ વ્યવહાર અચેતન વિકલ્પ છે. એનાથી તો ભેદ પાડવો છે. જેનાથી ભેદ પાડવો છે એનાથી લાભ થાય? સમજાણું કાંઈ? પહેલી ભૂમિકા શું છે એને સમજી તો લે, નિર્ણય તો કરે. એ વિના એને સમ્યગ્દર્શન ક્યાંથી થશે? અને સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં, ત્રણ લોકમાં થતી નથી. વ્રત કરે, ક્રિયાકાંડ કરે, સૂકાં બ્રહ્મચર્ય પાળે શરીરે એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કરવતના વારંવાર અભ્યાસથી જીવ-અજીવની ભિન્ન બે ફાડ કરીને.'** બે ફાડ કરીને. એક કોર જ્ઞાયક ભગવાન, એક કોર અશુદ્ધ પરિણતિ અચેતન. (બેનું) ભેદજ્ઞાન કરીને. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા એમાં રાગાદિ નથી, એવી ભેદજ્ઞાનની કરવત દ્વારા બે ફાડ કરીને, ફાડ એટલે ભાગ પાડીને. ફાડી નાખ્યું. આમ બે લાકડા નથી ફાડી નાખતા? ચીરી નાખ્યું ચીરી. લાકડું ફાડી નાખે છે ને. લાકડાના બે ફાડીયા. કુહાડો મારે. બે ફાડ પડી જાય. એમ કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘનની જ્યાં દૃષ્ટિ થઈ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભેદજ્ઞાનનો અભ્યાસ વારંવાર કર્યો તો બે ફાડ થઈ ગઈ. એક કોર ચૈતન્ય ભગવાન રહી ગયો, એક કોર રાગ રહી ગયો. સમ્યગ્દૃષ્ટિ રાગથી મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે.

**શ્રોતા :-** વ્યવહારથી મુક્ત થયો. વ્યવહારને જાણતો જ નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વ્યવહારથી મુક્ત થઈ ગયો. ફાડ થઈ ગઈ ને? સમજાણું કાંઈ? લોકોએ સમ્યગ્દર્શનને તો એવી મૂળા અને ભાજી જેવી ચીજ બનાવી દીધી છે. ભાઈ, આ માનો, આ માનો થઈ ગયું. અરે.. ભગવાન! તને ખબર નથી સમ્યક્ શું છે? કેમ? ઓમપ્રકાશજી!

**'કરવતના વારંવાર અભ્યાસથી...'** ભેદજ્ઞાન. ભાષા શું છે જુઓ. ભેદબુદ્ધિરૂપી કરવત. રાગ અને ભગવાન એકબુદ્ધિથી અથવા રાગથી લાભ થાય એમ છે જ નહિ. એ વિકલ્પ ઉઠે છે એ અચેતનભાવ છે, ભગવાન ચૈતન્ય છે. એ તરફ વારંવાર ઢળવાથી, જ્ઞાયકભાવ

તરફ વારંવાર ઢળવાથી, વારંવાર રાગથી ભિન્ન પાડવાથી એવી બે ફાડ થઈ ગઈ. ચેતન એક બાજુ રહી ગયો, એક કોર રાગ રહી ગયો. ભિન્ન છે. સમજાણું કાંઈ? પર્વત ઉપર પત્થર હોય છે ને પત્થર? મોટો પત્થર હોય એમાં સાંધ હોય છે, રગ-રગ. એમાં સુરંગ નાખે છે ને સુરંગ? નહિ? દારૂ નાખે છે. દારૂ નાખે. લાખો પત્થર નીકળી જાય લાખો મણ. એવો મોટો પત્થર હોય ને ડુંગરમાં, પર્વતમાં. એમાં રગ હોય છે જીણી. એ રગ હોય છે જીણી દોરા જેવી. એમાં સુરંગ નાખે. પત્થરની વચ્ચે ન નાખે. સાંધમાં નાખે. નીચેનું જુદું, ઉપરનું જુદું. સંધિ છે. સંધિ, નિઃસંધિ નથી થઈ. પહેલા આવી ગયું છે ક્યાંક. રાગ અને આત્માની સંધિ છે. નિઃસંધિ એકરૂપ નથી થયા કોઈ દી. એ આવ્યું ને? કર્તાકર્મમાં આવ્યું છે ક્યાંક આવ્યું છે. ક્યાંક આવી ગયું છે એ. સંધિ નિઃસંધિ નથી થઈ. જીવમાં હશે. ત્યાં વાંચ્યુંને હમણાં. સમજ્યા?

જેમ મોટો પત્થર હોય ને લાખો મણનો, કરોડો મણનો. એમાં એવી ઝીણી રગ હોય છે. એમાં સુરંગ-દારૂ નાખે દારૂ. પછી અગ્નિ લગાવે તો લાખો મણ ઊડી જાય. એમ ભગવાન આત્મા ચૈતન્ય અને પુણ્ય-પાપના વિકલ્પ વચ્ચે સંધિ છે. સમજાણું કાંઈ? નિઃસંધિ થયા નથી. એક થયા જ નથી કોઈ દી. એમાં એકાકાર થઈને બે ફાડ કરીને, બેને જુદાં કરે.

‘કોઈ **પ્રશ્ન કરે છે કે જીવ-અજીવની બે ફાડ તો જ્ઞાનરૂપી કરવત વડે કરી, તે પહેલાં તેઓ કેવા રૂપે હતા?**’ સમજાણું કાંઈ? ભગવાન ચિદાનંદ પ્રભુ ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ, એમ રાગ અને વિકલ્પથી ભિન્ન પાડીને બે ભાગ તો કર્યા. તે પહેલા કેવા હતા? ‘**અનંતકાળથી માંડીને જીવ અને કર્મનો એકપિંડરૂપ પર્યાય પ્રગટપણે ભિન્ન ભિન્ન થયો નહોતો.**’ સંધિ છે પણ પ્રગટ રૂપે ભિન્ન થયા નથી. જુદા પ્રગટરૂપે નથી. છે ભિન્ન. પ્રગટરૂપે નથી થયા.

‘**ભાવાર્થ આમ છે કે જેવી રીતે સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્નભિન્નરૂપ છે...**’ ખાણમાં, ખાણમાં. ‘**તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી,...**’ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી. ‘**અગ્નિનો સંયોગ જ્યારે પામે ત્યારે જ તત્કાળ ભિન્નભિન્ન થાય છે; તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે, અને જીવ-કર્મ ભિન્નભિન્ન છે તોપણ શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના...**’ ઓલી અગ્નિ હતી. ‘**શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના...**’ ચિદાનંદ ભગવાન પૂર્ણ શુદ્ધના અનુભવ વિના ‘**પ્રગટપણે ભિન્નભિન્ન થતાં નથી;...**’ ભિન્ન હોવા છતાં અંતરમાં ભગવાન જ્ઞાયકમૂર્તિ શુદ્ધ એનો અનુભવ સમ્યગ્દર્શન વિના ભિન્ન થતાં નથી. ‘**જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે તે કાળે ભિન્નભિન્ન થાય છે.**’ લ્યો! ખલાસ થઈ ગયું. જીવ-અજીવ બે ભિન્ન પડી ગયા. ‘**જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે...**’ દૃષ્ટિ લગાવીને થયો તે કાળે શુદ્ધ થાય છે. બે ભિન્ન થઈ ગયા અને મુક્તિ થઈ ગઈ. સમ્યગ્દર્શનમાં

મુક્તિ થઈ તો ક્રમે ક્રમે સ્થિર થઈને કેવળજ્ઞાન પામશે. એકલો જીવ રહ્યો. એકલો જીવ રહી ગયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)


ॐ
આત્માનું બળ એટલે કે વીર્ય એમાં
એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના
કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર
ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી.
પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓ-
નું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં
દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ
એક વીર્ય શકિત છે કે જેનું શકિતવાન એવા
આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણ પર્યાય
એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

# પાઠકોની નોંધ માટે